પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


મે ૨૦૦૪, અંક ક્રમાંક : ૫

વર્ષ : ૭૭મું , સળંગ અંક : ૯૧૭

કુમાર

સંસ્થાપક : ર.મ.રા.

તંત્રી
ધીરુ પરીખ



તસવીર :] વૃક્ષિકા : કોણાર્ક [ડૉ.આર.બી.બલર



ચિત્રકાર] પ્રતીક્ષા [ખોડીદાસ પરમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું | અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

મે ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૫

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૧૭

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' એપ્રિલ ૨૦૦૩ના અંકમાં 'ભારતીય અંકપદ્ધતિની ભવ્યતા' નામનો લેખ છપાએલો. તેમાં અમુક સંખ્યાઓનું મૂલ્યાંકન જાણવા માટે મેં 'વાચકો લખે છે' વિભાગમાં મારો પત્ર 'કુમાર' ડિસેમ્બર ૨૦૦૩ના અંકમાં છાપવામાં આવેલ.

અમુક સમયે કોઈ વસ્તુનું નિરાકરણ એકાદ-બે માસમાં 'વાચકો લખે છે' દ્વારા પ્રત્યુત્તર મળી જાય છે, પરંતુ આજ તા.૨૩-૩-૦૪ના રોજ 'કુમાર'નો માર્ચ ૨૦૦૪નો અંક મળ્યો. ડિસેમ્બર ૨૦૦૩ પછી ત્રણ માસ થયા છતાં મારા ઉપરોક્ત લેખના જવાબરૂપે મેં માગેલી અમુક સંખ્યાઓનાં મૂલ્યાંકન અંગે વિશાળ વાચકવર્ગમાંથી કોઈએ પ્રયત્ન કર્યો હોય તેમ લાગતું નથી.

એટલે ફરીથી હું આ સંખ્યોઓ : ખર્વ, નિખર્વ, મહાપદ્મ, પદ્મ, શંકુ અને મહાશંકુ... એ છ સંખ્યાઓમાં એક પછી કેટલાં શૂન્ય મૂકવાથી સાચેસાચી સંખ્યા કહી શકાય? આશા છે કે હવે કોઈ ને કોઈ ગણિતજ્ઞ ઉપરોક્ત સંખ્યાઓનું સ્પષ્ટીકરણ કરશે.

- માધવજી દેવળીઆ (યુ.કે.)

*

જોઈએ છે : 'ભગવદ્ગોમંડલ' ભાગ ૧થી ૯ અને 'કુમાર' અંક ક્રમાંક ૧થી ૩૦૦, ૩૧૬થી ૩૨૪, ૩૯૮, ૪૦૨, ૪૧૦, ૪૧૪, ૪૫૫. લખો : *જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ, (૧૮ કૈલાસ અપાર્ટમેન્ટ્સ, પ્લૉટ નં. ૯, ધનલક્ષ્મી સોસાયટી, મણિનગર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮)*

*

'કુમાર' ડિસેમ્બર ૨૦૦૩નો અંક મળ્યો. કલાત્મક 'કુમાર' શીર્ષક જોઈ અને અંદર વાર્તાને પ્રકટ થયેલી જોઈ હર્ષ અનુભવ્યો, જેમ કોઈ નવોદિત એની વાર્તા 'કુમાર'માં પ્રથમ વાર પ્રકટ થયેલી જોઈને અનુભવે તેમ. ચાર દસકાએ તો નવી પેઢીમાં જ પ્રવેશી ગયા કહેવાયને.

'કુમાર'ને સળંગ જોઈ ગયો. લાગ્યું કે પહેલાં સમાવાતું હતું એ બધું તો છે, પણ બીજું ઘણું ઉમેરાયું છે જે અદ્યતન સમાજ અને ખાસ યુવાન પેઢીને રુચે ને આકર્ષે. સાફ વાત દેખાય છે કે તમે ખૂબ પરિશ્રમ કરો છો. સરહદો વટાવવાની કોશિશ કરો છો. તે માટે શુભેચ્છાઓ. - *પ્રા. પ્રફુલ્લ દવે (૭૬, ક્ષિતિજ, પ્રીતમ સોસાયટી નં. ૧, ભરૂચ - ૩૯૨૦૦૧)*

*

'કુમાર'નો ફેબ્રુઆરી ૦૪નો અંક તેની સુંદર, કલાત્મક મુખપૃષ્ઠની ભાવભંગિમા, વિશેષ કરીને ગ્રામસુંદરીની આંખમાં રહેલો વિરહની તીવ્રતાનો તેજલિસોટો ખૂબ જ ગમ્યાં.

ટૂંકી વાર્તામાં 'ગાંઠ'માં કથાવસ્તુ, આલેખન અને પ્રસંગની ગૂંથણી ખૂબ જ રસપ્રદ અને હૃદયસ્પર્શી બની રહે છે. ભાઈશ્રી કંદર્પ દેસાઈને અભિનંદન. રિદ્ધિ દેસાઈની 'આપણી જીવનસંગિણી' પણ હાસ્ય માટે ધ્યાનાર્હ છે. કલ્પના જિતેન્દ્રની વાર્તા 'વાત વેલિયો ગુલાબની' ખૂબ જ મર્મસ્પર્શી અને કરુણરસથી છલકતી છે તો વાત્સલ્ય પણ એટલું જ ઊભરાય છે. પણ મને તેનો અંત વાર્તા માટે ઉપકૃત લાગતો નથી. પ્રા. સ્નેહા અત્યંત જતનથી પોતાના પેટનાં સંતાન કરતાં અધિક સ્નેહથી જેને ઉછેરે તેનાં ગુલાબ બે બાળકો પૂછ્યા વિના તોડી લે તેમાં વેલીનો શો દોષ છે તે વેલીને નિર્મૂળ કરીને પોતાનો રોષ ઠંડો કરે છે? પોતાનાં સંતાન જેવી વેલીને સજા કરતાં સ્નેહાનું હૈયું ધબકતું હશે ખરું? તેને બદલે પેલાં બે બાળકોને ગુસ્સે થઈને મારે તે પહેલાં જ એક જણ ગુલદસ્તો આપે તો અંત સુચારુ અને ગ્રાહ્ય બને એમ મને લાગે છે. *- ભગવત સુથાર (સ્વામિનારાયણ મંદિર પાછળ, કડી-૩૮૨૭૧૫, જી. મહેસાણા)*

*

કાલિન્દી પરીખની લઘુકથા 'કુમાર' જાન્યુઆરી ૨૦૦૪ના અંકમાં છે તે હૃદયગમ્ય છે. તેને અંતે આવતો પલટો ભાવકને થંભાવી દે છે. એ ખોંખારો ખૂંચે છે. એ જ્ઞાનશંકરનું જ્ઞાન જડશંકરની જેમ ખટકે છે. કલ્પના તો જ્ઞાનની જનેતા છે. કલ્પના વિના જ્ઞાન-વિજ્ઞાનનો ફાલ ઊતરે જ નહિ. હોંશેહોંશે ઉદ્ગાર કરતાં એ બાળકો પાસે કલ્પનાશક્તિ તો સહજસિદ્ધ છે. એ હોંશભર્યા ઉદ્ગારને જ્ઞાનનો ડોળ જે ઠેસ પહોંચાડે છે તેની ઠોકર ભાવકને પણ લાગે છે. આ લઘુકથાનું શિલ્પ યોગ્ય રીતે કંડારાયું છે.

એ જ પાને પ્રકટ થયેલ અંજના ભગવતીની 'અડકો દડકો' વિભાગની વાર્તા 'ગિલુભાઈની પૂંછડી' કલ્પનામઢ્યા જ્ઞાનની લ્હાણી કરે છે. જ્ઞાનનું વિતરણ કરવા કલ્પનાનું આવરણ બાલચિત્તગમ્ય હોય તે જ વધુ યોગ્ય. તેમાં આવતાં માનવેતર પાત્રો માનવચિત્તના વાતાવરણને ઉચિત રીતે વ્યક્ત કરે છે. ગરોળી, વાછરડું, વાંદરું કે માછલી તે વળી કંઈ બોલતાં હોય? એવા તર્ક વડે વાર્તાની સુંદરતા અને રોચકતાને હાનિ પહોંચાડવામાં નર્યું અજ્ઞાન છે. - *લલિત શાહ (જલબિંદુ, ૫૪, સર્વોદય સોસાયટી, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧)*

વર્ષો ગયાં/*રામચન્દ્ર પટેલ*

(વસંત•મૃદંગ-સૉનેટ)

વર્ષો ગયાં : પકડીને વય, કાળ ઊડ્યો...
ઊભો હું દક્ષિણ, તું ઉત્તર, પીઠ પીઠ
વચ્ચે સજાઈ ગયું ઝાંઝવું કાચ છાયું -
પાછું પ્રવેશ્યું રણ દાહક, તાપ આકરો
પીડે : હશે તપતી મેઘ વિના તું માટી
શી ! આપણે કદી મુખોમુખ ના થયાં, મળ્યાં,
ખંડેર વાવ સરિખાં ચિતરાય બિંબ.

દેખું વહેણ જલનું જતું ક્યાંક... તારું
સ્પર્શી રહું વસન તારકદીપ ગૂંથ્યું,
ને નાસિકા, જયમ કપાસનું ફૂલ ફૂટે...
છૂટે સમીર હળવોક રચાય ચહેરો.
- આવું તનેય તહીં થાતું હશે કદાચ !

વીતી ગયો સમય, હોય સદાય સૂકો,
લંબાયલો પથ, ન થાય જરાય ટૂંકો.

આપણો સંબંધ/*ડાહ્યાભાઈ પટેલ 'માસૂમ'*

(અભ્યસ્ત મનહર)

ચાંદનીની છૉળ મહીં
ઉદધિના વિરહનું ગાન,
ભાન ભૂલી રાન મહીં ગૂંજ્યા કરે,
(દૂરતાનો ઉન્મેષ કે
સાયુજ્યના વાસુકિની
જીભકેરા લબકાર ?!!)
કિનારા છે સળવળ : ગતિશીલ
ગતિહીન મઝધાર... !!
દૂર...દૂર ક્ષિતિજના
તરંગ વલય ગ્રહી
પીગળતી લહેરના
ઊઘડતાં નેણ મહીં
પીળચટ્ટી ગંધ,
પીળચટ્ટી ગંધ,
નાખી સ્કંધ પરે
પાણી પર દોડ્યો આવે
આપણો સંબંધ...!!

ડરે/*ધીરુ પરીખ*

પદાવલી તું શાને મુજરો કરે ?
ઋષિવર લટકે ચળ્યા ભલેને,
ચળે ન કવિવર ખરે !
ખોખર શબ્દજહાજ લાંગરે
અનુભવશૂન્ય કિનારે,
પાયો પાકો ચણ્યો નહીં ને
કવિ પહોંચ્યા મિનારે;
કડડભૂસ બધું તૂટવા માંડે
કોણ તારે કે તરે ?
ફુત્કારે ફણિધર યમુનામાં
જળચર સઘળાં ભડકે,
હુંપદ-ધર કવિવર ડોલે જ્યાં
લયનાગણીઓ અડકે;
ધબાક ડૂબકી કોણે મારી ?
કવિ દમનથી ડરે !

મા/*અશોક ચાવડા 'બેદિલ'*

(ગઝલ)

થઈ અજાણી શ્હેરમાં આવ્યા પછીથી મા,
આઠ આનાની ચબરખીમાં જ મળતી મા.

હાથને ચૂમી ભર્યાનો થઈ ગયો અનુભવ,
સાવ કોરી પાટીમાં જ્યાં સ્હેજ ઘૂંટી મા.

શ્વાસ મારા એમ કૈં અમથા વધ્યા છે ક્યાં ?
રોજ ખરચાતી રહી છે થોડી થોડી મા !

આ વખત વરસો પછી હું જઈ રહ્યો છું ગામ,
આ વખત થાકી જવાનો હું ય શોધી મા.

આજ હું 'બેદિલ' રડ્યો ત્યારે થઈ છે જાણ,
ખૂબ ભીંજાતી હતી મારામાં કોરી મા.

મેલ બધા ઉત્પાત/*લાલજી કાનપરિયા*

(ગાન)

મન ! તું મેલ બધા ઉત્પાત
કે નાહક તારે સહેવા પડશે પળપળના આઘાત.

તારી ઇચ્છા કામ ન આવે, ધાર્યું થાય ધણીનું
કંચન થાય એની મરજીથી, નિમિત્ત પારસમણિનું !

કેમ નથી સમજાતી તને આ સાદી-સીધી વાત ?
મન ! તું મેલ બધા ઉત્પાત.

જે કેડી પર ચરણ માંડશે, કાંટા તો હોવાના
એમ જ તારે ફૂલનાં શમણાં સમૂળગાં ખોવાનાં !

ધરાર ધાર્યું કરવાની તું મેલ બધી પંચાત !
મન ! તું મેલ બધા ઉત્પાત.

ગઝલરાગ/*મનસુખવન ગોસ્વામી*

(ગઝલ)

જગતમાં પ્રથમથી જેમની છે મલક ઓળખ.
સખા, આપણી તો છેક છે ત્યાં તલક ઓળખ.

પ્રજ્ઞ કોઈ કંડારે, પછી લોક પૂજે છે,
નકર હોય છે પાષાણ જેવી ક્ષુલ્લક ઓળખ.

ઉલઝ મા જરા પણ એષણા કે ઉમેદોમાં,
કરે જે પળે તકદીર બસ એ તિલક ઓળખ.

પરખ પ્રેમની ખાતાવહીનાં પરમ પૃષ્ઠો,
સતત આપતાં વધતી રહે એ સિલક ઓળખ.

રહેશે ફરક ના, તો રહેશે ફિકર ક્યાંથી ?
ફલિત જે થયું છે એ અલૌકિક ફલક ઓળખ.

શબદની જ છે આ આદિથી અંત લગ લીલા.
કહેનારની કેવળ બને છે હલક ઓળખ.

ગઝલરાગ ગાવો કૈં સરળ ના ગુસાંઈજી,
વલોવાઈ જૈ અંતર, મળે તૈં ઝલક ઓળખ.

વર્ષો ગયાં : બે પ્રણયી પાત્રોની દૂરતા કાવ્યનાયક ભાવવાહી રીતે અને શબ્દચિત્ર-કલ્પનાચિત્રથી તાદૃશ કરે છે. પછી કલ્પનાથી પ્રિય પાત્રના વસનના સ્પર્શનો અનુભવ કરે છે અને સામેની વ્યક્તિ પણ એવો અનુભવ-કરતી હશે તેવું અનુમાન કરે છે. અને આમ છતાં વાસ્તવમાં તો બંને પાત્રો વચ્ચેની દૂરતા હરી શકતી નથી એ અંતિમ વેદના છે. *આપણો સંબંધ :* જેમ ચાંદનીમાં સમુદ્ર ઊછળે-ગાજે તેમ કલ્પન દ્વારા બે પાત્રોના પ્રણયભાવનું ઊછળતું હૃદયસ્પંદન સરસ રીતે અભિવ્યક્ત થયું છે. એમાં મનહરની અભ્યસ્ત ચાલ હાલકડોલક ગતિભાવ ઉમેરે છે. *મા :* માતા વિશે ગુજરાતી છંદોબદ્ધ રચનાઓ કે ગીતોમાં અનેક વાર મહિમાગાન થયું છે. પરંતુ ગઝલમાં આ ભાવ અહીં સચોટતાથી અને કારુણ્યસભર રીતે ઊતરી આવ્યો છે તેવું ઓછું બન્યું છે. છેલ્લા ત્રણ શેઅર કાવ્યનાયકની માતૃઝંખના અને તેમાંથી નીતરતી વેદના નવીન સચોટ અભિવ્યક્તિને કારણે હૃદયસ્પર્શી બને છે. *મેલ બધા ઉત્પાત :* મનને સંસારની માયાના ઉત્પાતો છોડવાની પરંપરાગત ભાવવિચાર-સામગ્રીનું અહીં લય અને કલ્પનાને સહારે કલામાં રૂપાંતર થયેલું અનુભવાય છે. *ગઝલરાગ :* જીવ અને શિવના સનાતન તત્ત્વચિંતનને નિરૂપી અહીં ગઝલિયતથી મનને બધા ઉધામા પડતા મૂકવાનો અનુરોધ કર્યો છે. - ધી.પ.



હીરાલાલ હરિલાલ ભગવતી

કાન્તિલાલ વ. રામી

સરળ સ્વભાવ, નિખાલસ અને નિર્દંભ વ્યક્તિત્વ, સમાજમાં ક્યાંય પણ આપત્તિ આવી પડી હોય તો તરત પોતાનાં તન-મન-ધનથી મદદરૂપ થવા ત્યાં સદાયે પહોંચી જનાર, સમાજનાં પીડિતો માટે અવારનવાર દાન માગનાર 'રૉયલ ભિક્ષુક' શ્રી હીરાલાલ હરિલાલ ભગવતીનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણા નગરમાં તા. ૧૪મે, ઈ. ૧૯૧૦ના રોજ વૈષ્ણવ-વણિક જ્ઞાતિમાં થયો હતો. વૈષ્ણવ સંપ્રદાયનું કુટુંબ એટલે ભજનકીર્તન અને ભક્તિમય વાતાવરણના ઉચ્ચ સંસ્કાર શ્રી હીરાભાઈને નાનપણથી મળ્યા હતા. તેમના પિતા હરિલાલ મહેસાણાની હાઈ સ્કૂલમાં શિક્ષક હતા. માતાનું નામ સંતોકબા હતું. શિક્ષકના વ્યવસાયમાં પિતાશ્રીની આવક ઘણી ઓછી હતી પણ ગૌરવપૂર્વક સંતોષી જીવન જીવ્યા હતા. પ્રામાણિકતા, સંસ્કારિતા અને નીતિપરાયણતાના પાઠ કુટુંબમાં પઢાવ્યા હતા. હીરાભાઈએ પ્રાથમિક શિક્ષણ મહેસાણામાં લીધું અને માધ્યમિક શિક્ષણ ફર્સ્ટ-સેકન્ડ-થર્ડ સ્ટૅન્ડર્ડ સુધી મહેસાણામાં અને ચોથું-પાંચમું ધોરણ અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈ સ્કૂલ (હાલની દીવાન બલ્લુભાઈ હાઈ સ્કૂલ)માં અને છઠ્ઠું-સાતમું ધોરણ ટ્યૂટોરિયલ હાઈ સ્કૂલ - કાળુપુર ટંકશાળમાં પૂરું કરી મૅટ્રિકની પરીક્ષા ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ કરી. ઉચ્ચ અભ્યાસાર્થે અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ઈ.સ. ૧૯૩૦માં ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. શિક્ષણક્ષેત્રની વાત નીકળતાં તરત જ અહોભાવ અને લાગણીસભર વાણીમાં શ્રી હીરાભાઈ કહે છે : 'અમારા શિક્ષકો - પ્રોફેસરો વિદ્યામય હતા. વિદ્યાર્થીઓના હિતચિંતક હતા. થોડી આમદાનીમાં ગૌરવભેર જીવતા. પોતાના વિદ્યાર્થીઓ ઊંચો દરજ્જો પામે એવી એમની તાલાવેલી. અમે વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં તલ્લીન રહેતા. શાળામાં અને શાળાબહાર પણ શિક્ષકોનો આદર કરતા. તેમની આજ્ઞાને અનુસરતા... અમારું શૈક્ષણિક જીવન સમાપ્ત થયા પછી પણ અમારા શિક્ષકોનો એટલો જ આદર કરતા. મારાં પત્ની પ્રભાબહેનના વિદ્યાગુરુ શિવશંકર ઠાકર હતા. એમનાં પછી મારાં સંતાનોએ પણ તેમની નિશ્રામાં શિક્ષણ લીધું. પણ એ પછી ઘણાં વર્ષો સુધી એ જ્યારે આવે ત્યારે અમારાં માન-સન્માનના અધિકારી બની રહેતા. આ અમારા શિક્ષણની નીપજ. આચાર્ય દેવો ભવઃ - એ અમારા મનની માત્ર પોથીમાંની બાબત ન હતી, આચરણની ભાવનાભરી રૂડી રીતભાત હતી.'

કૉલેજકાળ દરમિયાન શ્રી હીરાભાઈએ નાટ્યપ્રવૃત્તિમાં ઘણો જ સક્રિય ભાગ ભજવ્યો હતો. એમણે ઘણાં નાટકોમાં એમના રસને કારણે અજવાળાં પાથર્યાં હતાં. રંગભૂમિ પર હીરાભાઈને લાવવાનું શ્રેય શ્રી જયંતિ દલાલના ફાળે જાય છે. એમણે ઘણાં નાટકોમાં અગ્ર ભૂમિકાઓ ભજવેલી. ખાસ કરીને એમને હાસ્યપ્રધાન કે વિલનની ભૂમિકા જ મળતી. 'વસંતસેના' નાટકમાંનું 'શકાર'નું પાત્ર એમને ભજવવાનું આવ્યું એમાં 'સ' ને બદલે 'શ' બોલવાનો. 'હું રાજાનો શગ્ગો શાળો. જો વશંત શેણીકા... તને આ શકાર મીઠાંમીઠાં જાંબુ ખવડાવે છે.' વગેરે વાક્યોની પ્રેક્ષકોમાં એવી અસર થઈ કે બજારમાં વેપારીઓ, અરે લેખકો સુધ્ધાં 'સ' ને બદલે 'શ' બોલતા થઈ ગયા. શ્રી હીરાભાઈ એમને ભજવવાની ભૂમિકા બરાબર સમજી લેતા અને તે બરાબર તાદૃશ્ય થાય તેની સભાનતા રાખતા. 'મોંઘેરા મહેમાન', 'ગાંધીજી એક રાત અહીં રહ્યા હતા' વગેરે નાટકો સરસ ભજવેલાં. તેઓએ અવેતન રંગભૂમિને સજીવ રાખવા ખૂબ ખૂબ મથામણ-મહેનત કરેલી. 'વીણાવેલી' નાટકમાં એમણે એક ગીત પણ ગાયેલું : 'અમદાવાદી અમે વાણિયા, કાયર સૌ કજિયાના, લઢવાનું તો નામ ન લઈએ, ખાનાર અમે ભજિયાંના.' રંગત તો એવી જામે કે એમની સાથે સમગ્ર પ્રેક્ષકો પણ ગાવા માંડે. હીરાભાઈ કહે છેઃ 'હવે એ બધું ગયું. સા દિવસાઃ ગતાઃ - એ સોનેરી દિવસો ગયા.'

વૈષ્ણવ પરિવારમાં જન્મેલા હીરાલાલે એમના ચોરાણુ વર્ષના આયુમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ આમ તો એમના પરિવાર



યુવાનવયે શ્રી હીરાભાઈ

અને અભ્યાસના વાતાવરણને ટપી ગયેલી છે. અમદાવાદમાં કાળુપુર વિસ્તારની છીપા પોળમાં વસેલા હરિલાલ ભગવતી (મૂળ અટક શાહ)નાં આઠ સંતાનોમાં ત્રણ દીકરાઓ - નટવરલાલ, શ્યામલાલ અને કૃષ્ણલાલ ઉર્ફે હીરાલાલ. આમ જુઓ તો આ ચારેય બાપ-દીકરાઓનાં નામનો અર્થ પણ ભગવાનનું સ્વરૂપ દર્શાવે છે. ત્રણેય ભાઈઓમાં કૃષ્ણલાલ (હીરાલાલ) સૌથી ઓછું ભણ્યા - માત્ર બી.એ. સુધી. એલએલ.બી.નો અભ્યાસ કર્યો. પણ શિક્ષક પિતાએ અને ઉચ્ચ હોદ્દે પહોંચેલા વડીલ મધ્યમવર્ગીય પરિવારના સંતાન હોવાને લીધે મોટી મૂડી રોકાણ કરીને ધંધો કરવાનું સ્વપ્નું એ વખતે સફળ થાય એમ લાગતું નહોતું એટલે કૃષ્ણલાલ (હીરાભાઈ) ઈ. ૧૯૩૨માં અમદાવાદમાં એક કાપડ-મિલના દલાલના પ્રતિનિધિ તરીકે જોડાયા.

હીરાભાઈને નાનપણમાં નાટકો પ્રત્યે ઘણો લગાવ હતો અને કૉલેજકાળમાં તે શૉખ ઘણો ફૂલ્યોફાલ્યો. નાટકોમાં એમના રસને કારણે જ એલિસબ્રિજ 'રંગમંડળ'માં તેઓ સક્રિય સભ્ય હતા. એમનું મૂળ નામ કૃષ્ણકાન્ત હતું તે કદાચ નાટકોમાં 'હીરો'નું પાત્ર ભજવતા હોવાથી તેઓ 'હીરાલાલ' તરીકે ખ્યાતિ પામ્યા હતા. 'એલિસબ્રિજ આરોગ્ય સમિતિ'ના સ્થાપનાકાળથી આજ દિન સુધી તેઓ સંચાલન સમિતિના અધ્યક્ષપદે કાર્ય કરી રહ્યા હતા. ઈ. ૧૯૩૩ના ગાળામાં 'રંગમંડળ'ની અવેતન રંગભૂમિના સ્થાપનાકાળથી તેની સાથે હતા અને અનેક નાટકોમાં ચં. ચી. મહેતા, વિનોદિની નીલકંઠ વગેરે નાટ્ય કલાકારો સાથે પ્રશંસનીય અભિનય પણ કર્યો હતો.

હીરાભાઈએ કાપડ-ઉદ્યોગમાં મિલવણાટના કાપડ ખાતાનો અભ્યાસ અને જાતઅનુભવ મેળવવા માંડ્યો. કોરા માલથી માંડી પ્રોસેસિંગ-મૅચિંગ સુધીનો સંપૂર્ણ અનુભવ તેમણે મેળવ્યો. કલોલની નવજીવન મિલમાં પણ જતા. અમદાવાદની મિલોમાં અનુભવ મેળવવા જતા. એ પછી કેરાલામાં કિવલોનમાં એ.ડી.કૉટન મિલમાં જવાનું થયું. એમાં એમને બહારગામનાં બજારોનો અભ્યાસ કરવાનો હતો. ઉત્પાદન અને વેચાણ સુધીનો જુદાં જુદાં ખાતાંઓનો અનુભવ લેવાનો હતો. અતિ મહેનત અને સતત અભ્યાસ-ચીવટ માગતી પડકારભરી એ કામગીરી હતી. એક વર્ષ સુધી કેરાલામાં રહીને અમદાવાદ પાછા આવ્યા અને પોતાનો વ્યવસાય-વ્યાપાર કરવાનું શરૂ કર્યું. કાપડના જથ્થાબંધ વ્યાપાર ઉપર એમની નજર ઠરી. એમને સંપર્કો ઘણા થયા હતા. પૂરતો અનુભવ પણ હતો અને ખાસ તો બીજી ચીલાચાલુ કરતાં જુદી ઊપસી આવતી પ્રભુદીધી દૃષ્ટિ! આમ, તેઓ કાપડના જથ્થાબંધ વ્યાપારમાં દોરાયા. ધીરે ધીરે એમને નગરી મિલ, મહાલક્ષ્મી મિલ, ભરુચની મિલ, અમદાવાદની જહાંગીર મિલ વગેરે મિલોનાં કાપડ-વેચાણની દલાલી મળી. વખત જતાં સારંગપુર મિલ અને અંબિકા વગેરે મિલોનાં કાપડ-વેચાણની દલાલી મળી.



'વીણાવેલી' નાટકમાં એક વાણિયાની ભૂમિકામાં

હીરાભાઈને તૈયાર માલ વેચવા કરતાં ગ્રાહકના ઑર્ડર પ્રમાણે બનાવરાવી એના વેચાણમાં વધુ રસ હતો. પરદેશના કાપડના નમૂના અને કટિંગો સાચવી રાખતા અને વિદેશોનાં ફૅશનને લગતાં મૅગેઝીનોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી આપણા સમાજને અનુકૂળ થાય એવી પ્રિન્ટો તૈયાર કરાવતા. માલ વેચવા માટે ખાસ તકેદારી રાખવી પડતી. કોઈ પણ સંજોગોમાં માલ ગોડાઉનોમાં લાંબો વખત પડી રહેવો ન જોઈએ. કલકત્તા, મદ્રાસ અને પંજાબમાં પ્રિન્ટના માલનું સારું વેચાણ થતું. આગળ જતાં વધારે નફો આપે, બહોળા સમાજમાં વપરાય તેવા ફેન્સી માલનું ઉત્પાદન કરવાનું તેમણે નક્કી કર્યું. માલનો પ્રમાણમાં ઓછો પ્રિન્ટ-ઑર્ડર આપવો, જેથી નવી નવી જાતને કારણે માલનું વેચાણ જલદી થઈ જાય અને વ્યાજ-ખાધ સહન કરવાનો વારો ન આવે. ટૂંકમાં, કાપડના વેચાણ પ્રમાણે તેઓ ઉત્પાદનનો ઑર્ડર મૂકતા. આટલી ચોકસાઈ, અભ્યાસ અને ઈશ્વરકૃપાથી તેઓએ આજ સુધીમાં કદી નુકસાન સહન કર્યું નથી. કાપડ-ઉદ્યોગની ભયંકર મંદીમાં પણ તેઓ નુકસાનીથી બચી ગયા છે. વળી, મફતલાલ ગ્રૂપમાં વહેપાર વધારવાની તેમની ઇચ્છા હતી પણ મેળ મળે નહિ. એમણે ગ્રાહકોને તરત જ પસંદ પડી જાય તેવી નવી ફૅશન સૂચવી અને તે તેમને ગમી ગઈ. આમ, મફતલાલ ગ્રૂપ સાથે હીરાભાઈનો વેપાર-વ્યવહાર શરૂ થઈ ગયો. હીરાભાઈએ કાપડઉદ્યોગમાં પોતાનો પગપેસારો જમાવવા માંડ્યો.

તેમના પિતાશ્રી હરિભાઈ તેમની આ બધી ગતિવિધિઓ તરફ સતત નજર રાખતા હતા અને દીકરાને ઠીક ઠીક કમાતો જોઈને પિતાશ્રીએ અમદાવાદના જાણીતા વકીલ શ્રી મૂળચંદ આશારામની દીકરી પ્રભાવતી સાથે ઈ. ૧૯૩૧માં તેમનાં લગ્ન કરાવી દીધાં. એ વખતે હીરાલાલની ઉંમર એકવીસ વર્ષની હતી.

શ્રી હીરાભાઈએ કેરાલા-ત્રિવેન્દ્રમની એ.ડી.કૉટન



પત્ની સાથે શ્રી હીરાભાઈ

મિલમાં નવું વિવિંગ ખાતું શરૂ કરાવ્યું. નવો મુલક અને મલયાલી ભાષાના અજાણ્યા માહોલમાં એમણે સારી પેઠે કામ કર્યું ને યોગ્ય વ્યક્તિના હાથમાં સંચાલન સોંપીને અમદાવાદ પરત આવ્યા. હવે અમદાવાદની મસ્કતી કાપડ માર્કેટમાં એક પરિચિત સાથે ભાગીદારીમાં કાપડની દુકાન શરૂ કરી, અને આમ તેઓ મસ્કતી કાપડ માર્કેટ મહાજનની જાહેર કાર્યલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાયા. બૅંગલોરની એક પેઢી કાચી પડી હતી એની માલમિલકત વેચીને વસૂલાત કરી લાવવાની કામગીરી મસ્કતી મહાજને શ્રી હીરાભાઈને સોંપી. તેઓ બૅંગલોર જઈને એકાદ મહિનો ત્યાં રહીને બધી માલમિલકત વેચીને વસૂલાતની સઘળી રકમ મહાજનને સોંપી અને મહાજને એમાંથી અહીંના દેણદારોને રૂપિયે અગિયાર આનીનું વળતર ચૂકવી આપ્યું. શ્રી હીરાભાઈની મહેનત અને પ્રામાણિકતાની સર્વને પ્રતીતિ થઈ.

થોડાક મહિના પછી મહાજનની ચૂંટણી આવી એમાં પેલા વેપારી મિત્રોએ આગ્રહ કરીને હીરાલાલને ચૂંટણીમાં ઉમેદવારી કરાવી. ઈ. ૧૯૪૬માં તેઓ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. એ પછીથી નવ વર્ષ માટે માનદ્ મંત્રી બન્યા અને ત્યાર બાદ ત્રણ વર્ષની એક એવી સતત ત્રણ ટર્મ સુધી (નવ વર્ષ સુધી) પ્રમુખ તરીકે ચૂંટાઈને મસ્કતી કાપડ માર્કેટ મહાજનને પોતાની અમૂલ્ય સેવાઓ શ્રી હીરાભાઈએ આપી છે. એના મૂળમાં બૅંગલોરનો કિસ્સો યાદ કરીને તેઓ કહે છે કે, 'પબ્લિક લાઈફમાં પ્રવેશવાનો એ મારો પહેલો પ્રસંગ હતો. બસ, એ સીડી ચઢવા પછી મેં ક્યારેય પાછું વળીને જોયું નથી.' આમ, મહાજનને એમની સતત રાહબરી મળતી રહી. આ જ પરંપરામાં ન્યૂ ક્લૉથ માર્કેટની સ્થાપનામાં તથા તેના નિર્માણ-કાર્યમાં શ્રી હીરાભાઈનો ઘણો મોટો ફાળો રહેલો છે. તેના પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકેની અમૂલ્ય કામગીરીમાં એમની ભૂમિકા સતત માર્ગદર્શક રહી છે. વળી, સમગ્ર વેપારી આલમના વ્યાપક હિતની દિશામાં એક કુશળ નેતા અને સંયોજક તરીકે તેઓ સદા સક્રિય રહ્યા હતા. વેપારનાં જતન અને સંવર્ધન ઉપરાંત વેપારીઓને પ્રજાહિતનાં કાર્યોમાં રસ લેતા કરવામાં અને કોઈ પણ જાતનો અન્યાય થતો હોય ત્યાં સરકાર પર મસ્કતી કાપડ માર્કેટ મહાજનનો પ્રભાવ પાડવામાં શ્રી હીરાભાઈએ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. ફેડરેશન ઑફ ઑલ ઇન્ડિયા ટેક્ષટાઈલ એસોસીએશનના પ્રમુખ પદે તેઓ રહ્યા હતા તે દરમ્યાન કાપડ, ખાંડ અને લોખંડ પર વેચાણવેરો ઉત્પાદનના સ્તરે લેવાય તે માટે એમણે લડત ઉપાડેલી અને દેશભરના વેપારીઓનું સંગઠન સાધીને એમણે સરકાર સમક્ષ સમર્થ રજૂઆત કરીને વેચાણવેરા બાબતની મંજૂરી મેળવી હતી.



લૉ-ગાર્ડનમાં મૉર્નિંગ વૉક સમયે

શ્રી હીરાભાઈ ઈ.૧૯૬૬માં ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખ તરીકે હતા ત્યારે પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગને લગતી પ્રથમ કૉન્ફરન્સ યોજાઈ હતી. આજે ગુજરાતમાં પેટ્રોકેમિકલ્સના ઉદ્યોગો જે રીતે વધી રહ્યા છે તેની પશ્ચાત્ ભૂમિકા ઓઢવમાં સહકારી ઔદ્યોગિક વસાહત સ્થાપવામાં તેઓ સફળ થયા. આ વસાહતમાં પર્યાવરણ શુદ્ધિનો પ્લાન્ટ નાખ્યો. ઉપરાંત એમાં બૅન્ક, પૉસ્ટ ઑફિસ, ટ્રાન્સપોર્ટ, પાકા રસ્તા અને વિપુલ પ્રમાણમાં પાણી વગેરેની ઘણી સવલતો હતી. સમગ્ર રાજ્યમાં આ આદર્શ ઔદ્યોગિક વસાહત ગણાય છે અને એનો વહીવટી ખર્ચ માત્ર બે-ત્રણ ટકા જેટલો જ છે.

હવે એમની સામાજિક ક્ષેત્રની સેવાઓ વિષે જોઈએ તો સમાજને જ્યારે જે રીતની જરૂર પડી તેમાં તેમનાથી બનતો સહયોગ સંસ્થાઓ દ્વારા પોતાનાં તન-મન-ધનથી આપ્યા જ કર્યો છે. સમાજની અનેક પ્રકારની વિટંબણાઓ-સમસ્યાઓમાં સહભાગી થવા એમણે એમનાથી બનતા બધા પ્રયાસો કર્યા છે. આ બધામાં કુદરતી અને માનવીય સંકટો-આપત્તિઓ, શિક્ષણ અને દવાખાના-હૉસ્પિટલમાં ગરીબ, આજારી તમામને માફકસરની સેવાશુશ્રૂષા મળી રહે એ દિશામાં એમણે ઘણું કામ કર્યું છે.

બદલાતા સમયની જેમ એમણે સેવા-પ્રવૃત્તિનાં વિવિધ ક્ષેત્રો સાથે પણ સુપેરે સંધાન કર્યું છે. શિક્ષણ, આરોગ્ય, ધર્મ, સંસ્કૃતિ તથા સામાજિક-આર્થિક મહત્ત્વ ધરાવતી બધી જ પ્રવૃત્તિઓમાં એમણે દાનવીર કે શ્રેષ્ઠી તરીકેની ખ્યાતિ મેળવી છે. પણ એના મૂળમાં ધનવૈભવના પ્રદર્શન કરતાંય સાચા અર્થમાં સેવા-સમર્પણની ભાવના જ જોવા મળે છે. થોડાક દાયકાઓ અગાઉ બિહારમાં દુકાળ પડ્યો એ સમયે લોકસેવક રવિશંકર મહારાજે અમદાવાદ સહિત ગુજરાતભરનાં વેપારી



માતા સંતોકબા

મહાજનો પાસે આર્થિક મદદની ઝોળી ફેલાવેલી અને પીડિતોને સારી પેઠે સહાય આપવામાં આવી. અમદાવાદમાં શ્રી હીરાભાઈએ આર્થિક મદદ મેળવવાનો મોટો પ્રયાસ હાથ ધર્યો, એને કારણે પીડિતોને સહાય આપ્યા પછી રકમ વધી પડી. એમાંથી 'સંકટ નિવારણ સોસાયટી'નો જન્મ થયો. આ સોસાયટીએ કુદરતી કે કૃત્રિમ આપત્તિ સહિત લાભાર્થીઓને આવાસ-અન્ન કે શિક્ષણ માટે સહાય આપવાનું શરૂ કર્યું. સંકટ નિવારણ સોસાયટીના મંત્રી શ્રી હીરાભાઈ કહે છે : 'અમે ફૂડ ફૉર વર્ક (અર્થાત્ કામ કરે એને પેટ પૂરતું મળવું જ જોઈએ)ના કુદરતી સિદ્ધાંતના ધોરણે સહાય આપીએ છીએ.' ગુજરાત-ભરમાં જાણીતી આ સંસ્થાએ આપત્તિના ઘણા પ્રસંગોએ માનવો સહિત અબોલ જીવોની રક્ષાનું મહામૂલું કાર્ય કર્યું છે. ખોડા અને બીમાર ઢોરોનો નિભાવ કરતી અમદાવાદની પાંજરાપોળ સંસ્થાને પણ શ્રી હીરાભાઈએ વ્યક્તિગતરૂપે આર્થિક સહાય કરી છે. આમ, સમાજમાં આવતાં સંકટ અને આપત્તિ સમયે સમાજના પીડિતો માટે અવારનવાર દાન માગનાર આ મહા-શ્રેષ્ઠી 'રૉયલ ભિક્ષુક'નું બિરુદ પામ્યા હતા.

શિક્ષણક્ષેત્રે અમદાવાદની નામાંકિત ગુજરાત લૉ સોસાયટી (જી.એલ.એસ.) સાથે સતત સંકળાયેલા રહ્યા હતા અને તેના ચૅરમૅન પદે રહ્યા હતા. જી.એલ.એસ. પરિવારે શ્રી હીરાભાઈના સાર્ધ-હીરક મહોત્સવ પ્રસંગે તેમને વંદનપત્ર આપ્યું હતું, એમાં લખ્યું હતું : 'હીર સાથે જ જન્મેલા અને સંસ્કારના પહેલ પડતાં હીરા જેવી તેજસ્વિતા પામેલા મહામાનવ.' ઉપરાંત ક. મા. મુનશી સ્થાપિત ભારતીય વિદ્યા ભવન સંચાલિત અમદાવાદની એચ. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્યુનિકેશન (ભવન્સ કૉલેજ) સાથે પણ તેઓ સક્રિય રીતે સંકળાયેલા હતા.

હવે થોડી વાત સૌ. પ્રભાવતીબહેનની - 'વાત્સલ્ય'નાં ગૃહમાતાની : શ્રી હીરાભાઈ એમના વિશે કહે છે : 'એની શી વાત કરું ? ક્યાંથી શરૂ કરું એ કેમ સૂઝે ? મારા દરેક સદ્કાર્યમાં એની સંમતિ હોય જ. સાત્ત્વિક અતિશ્રદ્ધાળુ પ્રોત્સાહક પ્રેરણામૂર્તિ ! સંકટ નિવારણ સોસાયટીના ઉપક્રમે ગયે વર્ષે જ્યારે અમે પૂ. ડોંગરેજી મહારાજની પારાયણ કરી ત્યારે જાણે પોતાના ઘરે જ પારાયણ થતી હોય એવો અને એટલો એનો ઉત્સાહ. મારે માટે તો 'ભાજ્યેષુ માતા, કાર્યેષુ મંત્રી...' મારું વિશાળ કુટુંબ - એને એક સાંકળે સાંકળી લેવાની અજબ કામગીરી તેમણે બજાવી છે. એનામાં સતત અને સૌના માટે જીવતો આશીર્વાદ છે - માતૃવાત્સલ્યથી ભરપૂર. અતિ સંપન્ન કુટુંબનાં એ ફરજંદ હતાં. તેમના દાદા આશારામ દલીચંદ લાઠી દરબારના કારભારી હતા. તેમના મોટા પુત્ર મૂળચંદ આશારામનાં એ દીકરી. એ સમયે આપણે ત્યાં મોટર વસાવનારામાં તેમનો નંબર પાંચમો !... અમે તો જીવન-માંગલ્યના હમસફર છડીદાર છીએ, પ્રભુતામાં પગલાં માંડ્યાં ત્યારથી...' પોતાના જીવનમાં જીવનસંગિની તરીકેનું પ્રભાબહેનનું અદકેરું મૂલ્યાંકન તેઓ કરતા.

આરોગ્યક્ષેત્રે માતા સંતોકબહેનના નામાભિધાનથી ધોળકામાં સાર્વજનિક હૉસ્પિટલ બનાવી છે અને તેમાં દરેક નાનામોટા દરદીને આરોગ્યને લગતી મફત સેવાઓ આપવામાં આવે છે. બીજી હૉસ્પિટલ જાસલપુર (તા. કડી, જિ. મહેસાણા) મુકામે પત્ની પ્રભાવતીબહેનના નામે બનાવરાવી છે. ત્યાં પણ દરદીઓને મફત સેવાઓ આપવામાં આવે છે. અમદાવાદ નજીકના માંડલ ખાતે અન્નક્ષેત્ર પણ તેમણે શરૂ કરાવ્યું છે. અંધ કન્યા પ્રકાશગૃહ, બહેરા-મૂંગાની શાળા, અપંગ માનવ મંડળ વગેરે જેવી અનેક સંસ્થાઓમાં પોતાનો દાનપ્રવાહ વહેવડાવીને કુદરતની ક્રૂર મજાકનો ભોગ બનેલાંઓને મદદ કરી છે. જીવલેણ રોગ ગણાતા કૅન્સરના દર્દીઓની સારવાર માટે ગુજરાતભરમાં જાણીતી 'ગુજરાત કૅન્સર સોસાયટી' (કૅન્સર હૉસ્પિટલ)ના બે દાયકાથી મંત્રીપદે રહીને કૅન્સરનાં દર્દીઓની સેવાની મહત્ત્વની કામગીરી અદા કરી હતી. ગુજરાત કૅન્સર સોસાયટી અને ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ.પી.શાહ કૅન્સર હૉસ્પિટલ)માં સતત નિઃસ્વાર્થ અને સર્વલોકહિતાય સેવા આપીને શ્રી હીરાભાઈએ સમગ્ર ભદ્ર અને દાનવીર સમાજને માટે દીવાદાંડી સમું જીવન વિતાવ્યું છે. તેમની જીવનસંપદામાંનાં ૩૭ વર્ષો (ઈ.સ. ૧૯૬૫થી ૨૦૦૨)ના લાંબા સમયફલક માટે કૅન્સર સોસાયટીને ઘણી અમૂલ્ય સેવાઓ આપી છે અને દાનનો પ્રવાહ સતત વહાવ્યો છે.

શ્રી હીરાભાઈની રાહબરી નીચે અમદાવાદની ટેક્સટાઇલ ટ્રેડર્સ કો.ઑ.બૅન્ક લિમિટેડે ઘણી પ્રગતિ કરીને એક સદ્ધર બૅન્ક તરીકે ઘણી ખ્યાતિ મેળવી છે. બૅન્કના પ્રથમ ચૅરમૅનપદે રહી શ્રી હીરાભાઈએ બૅન્કના સ્થાપનાકાળ (ઈ.૧૯૭૦)થી તે છેક ઈ. ૨૦૦૨ સુધી બૅન્કને ઘણા ઊંચા સ્તરે લાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(અનુસંધાન પૃ. ૩૮૩ પર)

વાર્તા એક વસ્તીની

મૂ. ઉર્દૂ લેખક : યુનુસ જાવેદ અનુ. : પ્રફુલ્લ રાવલ

ગામની આ અગિયારમી હત્યા હતી. આગલી દસ હત્યાની જેમ આ વખતે પણ લોકો લાશની નજીક જવાને બદલે પોતાનાં ઘરમાં ઘૂસી ગયાં હતાં. અને આ વ્યાકુળતાથી બચવા માટે, જે પ્રત્યેક ક્ષણે અંધારાની સાથે સાથે વધતી જતી હતી, પોતપોતાનાં બારણા બંધ કરીને પોતાનાં કાચાં ઘરમાં એમ જ છુપાઈ ગયાં હતાં. જાણે કે હત્યારાઓ અને મૃતક સાથે એમને નફરત અથવા હમદર્દીનો કોઈ પણ સંબંધ ન હોય! એ રાત્રે પણ પ્રત્યેક ઘરમાં ધીમીધીમી વાતો થતી રહી અને લાલ ટેનની જ્યોત ઓછી કરી નાખવામાં આવી. અંધારું એમનાં માટે શાંતિનું કારણ અને તે સિવાયનું વાતાવરણ દરેક વખતની, દરેક હત્યા જેવું હતું. વર્ષોથી જે ચૌધરીઓની બેઠકમાં દરરોજ રાતે મંડળી જામતી હતી તે આજે નહોતી મળી. આમે ય જ્યારથી કેટલાંક લોકો બહારથી આવીને અહીં વસ્યાં હતાં, ત્યારથી ગામનાં લોકો વિભિન્ન જૂથોમાં વહેંચાઈ ગયાં હતાં. પછી નાનાંનાનાં જૂથ એકબીજાંમાં એવી રીતે સમાઈ ગયાં કે માત્ર બે જૂથ જ રહી ગયાં. આ બંને જૂથો વચ્ચે માત્ર એટલા માટે જ જામી ગઈ હતી કે તે બે હતાં અને પ્રત્યેકને પોતાના અસ્તિત્વ અને પોતાની શક્તિમાં વિશ્વાસ હતો.

આ ઉપરાંત ઘણાં બધાં લોકો એવાં હતાં, જે જૂથબંધી પસંદ નહોતાં કરતાં અથવા જવાબદારી હતી, જેનાથી ભાગીને તે જૂથમાં સામેલ થઈ શકતાં નહોતાં. પછી જ્યારે હિંસાનો દોર શરૂ થયો તો આ બધાં લોકો વધુ તંગ થઈ ગયાં. જૂથબંધીથી ગામની સામૂહિક શક્તિ એટલી હદ સુધી ક્ષીણ થઈ ગઈ હતી કે નાના-નાના ચોરોએ ગામનાં છેવાડાનાં મકાનોમાં કેટલી વાર ચોરી કરી હતી, પરંતુ કોઈ યુવાને એ વિષે વિચાર્યું સુધ્ધાં નહોતું. બીજાંની આગમાં કૂદી પડનાર કેટલાક જેલમાં કેદ હતા. મૃત્યુની સજા કોઈને પણ થઈ નહોતી. પછી ધોળા દિવસે ગામનો પાક કપાવા માંડ્યો. બહારવાળા ઘોડીઓ છોડીને લઈ જતા હતા. ગભરાટ હતો, છિન્નભિન્નતા હતી, બેચેની હતી, જે ગામમાં ચારેબાજુ ફેલાયેલી હતી. આ દરમિયાન ગામમાં આ અગિયારમી હત્યા હતી. જે કહેવા પૂરતી તો એક હત્યા જ હતી. પરંતુ જેરે જેવા બળવાન યુવકની હત્યા હતી, એટલે મામૂલી વાત પણ નહોતી. એનો વાંક પણ એટલો જ હતો કે તે જૂથબંધીની વિરુદ્ધ હતો અને જૂથો વચ્ચે સુમેળ કરવાનો પ્રયત્ન જ તેની હત્યાનું કારણ બન્યું.

બીજે દિવસે પોલીસ આવી અને કાર્યવાહી કરીને ચાલી ગઈ. તે પછી બપોરે જ મ્હેંદી લગાડેલી દાઢીઓવાળા ચૌધરીઓની બેઠક થઈ અને કદાચ પહેલી વાર એ વાત પર વિચાર થયો કે આ તોફાનને કેવી રીતે રોકી શકાય, જે ખૂબ ત્વરાથી આ ગામને રણમાં પરિવર્તિત કરવા ઇચ્છે છે.

બધા લોકો માથું નીચું રાખીને ચૂપ બેઠા હતા. એમ લાગતું હતું કે બધા લોકો કોઈ ઉપાય મળે તેની પ્રતીક્ષામાં છે. પછી નૂરદીન લચ્છી બોલ્યો : 'મારા ખયાલે ગામની સુરક્ષા માટે દાઢીઓ અને લાકડીઓ બેકાર છે. નાના-નાના છોકરાઓ પિસ્તોલ લઈને ફરે છે. એમને નથી અમારી લાઠીઓનો ડર કે નથી દાઢીની શેહશરમ...' તે એક ક્ષણ થોભીને લોકો તરફ જોતો રહ્યો. પછી જ્યારે એણે અનુભવ્યું કે બધાનું ધ્યાન તેની તરફ છે તો એણે વાત આગળ ચલાવી - '... હળીમળીને બંદૂકો મંગાવાય અને ગામની સુરક્ષા કરાય. વ્યક્તિ ભલે આ ગામની હોય કે ભલે બહારની હોય. અત્યાચાર કરે તો એને ફૂંકી દેવાય.'

'પરંતુ આ બધું કરશે કોણ?' ભીડમાંથી કોઈએ પૂછ્યું.

'માણસ હું તમને બતાવું છું પરંતુ તમે મારી વાત તો સાંભળો'. થોડીક વાર ખામોશી છવાઈ ગઈ એટલે નૂરદીન બોલ્યો, 'સાંભળ્યું છે કે જામિનશાહને ફોજવાળાએ ખૂનામરકી થવાથી રજા આપી દીધી છે. શા માટે આ કામ એને ન સોંપી દેવાય? એનું નિશાન ખૂબ સારું છે. બસ, તેના માટે બંદૂક આદિનો પ્રબંધ કરવો પડશે. અને વળી આપણે એને એક નોકરની જેમ રાખીશું. આપવા-લેવાનું શું થાય એ તમે વિચારી લો.' પછી જ્યારે કોઈ ન બોલ્યું તો નૂરદીને વાત આગળ ચલાવી, 'બહારની ચોરીઓથી છૂટકારો થઈ જશે અને તોફાનની પરંપરા પૂરી... રહી મોટા સરકારની અનુમતિ, તો એ પણ લઈ લઈશું.' જાણે એ કેવી ક્ષણ હતી જ્યારે નાના-મોટા સહજ જ એ વાત પર સહમત થઈ ગયા, જાણે પહેલેથી જ આ પ્રસ્તાવની પ્રતીક્ષા હોય! મસ્તક અને હાથ હલાવાયા અને કોઈએ પણ એનો વિરોધ ન કર્યો.

નૂરદીનની વાતને આટલું મોટું સમર્થન મળશે એવો એને સ્વયંને પણ વિશ્વાસ નહોતો. અને આવો અવસર કે જ્યારે આખું ગામ આ પહેલાં ક્યારેય એક વાત પર સહમત થયું નહોતું. નવાઈની વાત તો એ હતી કે નંબરદાર સુધીના સહુએ માત્ર જામિનશાહને નોકર રાખવાની તરફેણ જ નહોતી કરી, પરંતુ તેના ખર્ચની અધિકતર જવાબદારી પણ પોતાના માથે લઈ લીધી હતી. એ પછી તરત જ લોકોએ મુનશી ચિરાગદીનને મણ-શેરનો હિસાબ લખાવવાનો શરૂ કરી દીધો હતો.

પળવારમાં જ જાણવા મળ્યું કે વર્ષ માટે સો મણ ઉપર ઘઉં, અઢીમણ ઘી, બેહિસાબ લાકડાં, દરરોજ પાંચ શેર દૂધ, શાકભાજી-દાળ મફત અને થોડાક રોકડા જુદા. આ થયો

જામિનશાહનો પગાર. બધા સંતુષ્ટ હતા અને ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા, જાણે વર્ષોનો ભાર માથા પરથી હળવો થઈ ગયો હોય ! એ રાત્રે બધાએ ગાઢ, મધુર નિદ્રા લીધી. વર્ષોની બેચેની પછી કદાચ એમની આ પહેલી વારની પૂર્ણ ઊંઘ હતી !

બરાબર એ દિવસથી આઠમા દિવસે જામિનશાહ લીલા કપડાંમાં રાજવી રૂપે ગામમાં દાખલ થયો કે લોકો ચકિત્ત થઈ ગયાં. અને આખો દિવસ ચોકમાં અને ચબૂતરે એની જ ચર્ચા થતી રહી. આ નૂરપુર હતું. બે ભાગમાં વહેંચાયેલ નૂરપુરની વચ્ચે એક વરસાદી નદી હતી, જે વિફરતી તો દરિયો બની જતી, સંકોચાતી તો રેત. બંને પરિસ્થિતિમાં દોરડાનો એક ઝૂલતો પુલ જ હતો, જે આ બંને ભાગને અંદરોઅંદર મેળવતો હતો.

પશ્ચિમી ભાગના કિનારા પર દ્રાક્ષનો લાંબો-પહોળો બગીચો હતો, જે આ ગામની ગલીથી શરૂ થઈને નવાબપુર સુધી પહોંચતો હતો. આથી વારંવાર નવાબપુરવાળા ફળ તોડીને લઈ જતા હતા. અત્યાર સુધી ગામમાં તોફાન-હુલ્લડના કારણે કોઈએ એ તરફ ધ્યાન દીધું નહોતું. પરંતુ જામિનશાહની નિયુક્તિ પછી બધાનો વિશ્વાસ બુલંદ હતો. કેમ કે ગામ ઉપરાંત દ્રાક્ષની રખેવાળી પણ એની ફરજમાં આવતી હતી.

જામિનશાહે પોતાને રહેવાની જગ્યા ગામના પશ્ચિમ ભાગમાં દ્રાક્ષના બગીચાથી સહેજ દૂર પસંદ કરી હતી. એ ફેલાયેલું મોટું મેદાન હતું, જેમાં પાણીથી ભરપૂર નહેરો, તળાવો, હરિયાળી અને ઊંચાં વૃક્ષો હતાં. ક્યાંક ક્યાંક માટીના ઢગલાઓ હતા, જે કિનારે કિનારે હોવાના કારણે મેદાનની સુંદરતા વધારતા હતા.

થોડાક જ દિવસોમાં આ મોટા વિસ્તારમાં એક મોટી અને થોડીક નાની હવેલીઓ જમીન પર ઊભી થવા માંડી. વળી, થોડાક જ દિવસોમાં એટલા માટે તૈયાર થઈ ગઈ કે ગામના પ્રત્યેક નાના અને મોટા માણસે એના નિર્માણમાં ભાગ લીધો હતો. એક હવેલી એવી પણ બનાવી હતી કે જે જામિનશાહના બેસુમાર પાળેલા કૂતરાઓ માટે હતી અને એનું હોવું નિશ્ચિત જામિનશાહ માટે, આ ગામની રખેવાળી માટે બેહદ જરૂરી હતું. આમ, તો એને કૂતરાનો શૉખ નહોતો, તે એને પસંદ પણ નહોતા. પરંતુ એ એની વફાદારીને બેહદ માનતો હતો.

પહેલી વાર જ્યારે જામિનશાહ નાહી-ધોઈને , કપડાં પહેરીને, મૂછો ચમકાવીને કૂતરાઓ તથા સાથીઓની ફોજની સાથે ગામ આખાની ગલીઓમાં બંદૂક સહિત ફર્યો તો ચાકુઓ, છરીઓથી લડનાર નાના-મોટા બદમાશો જંગલ બાજુ નીકળી પડ્યા. તે દિવસથી જામિનશાહની ધાક કંઈક એવી બેસી ગઈ કે જ્યારે પણ એનો સંદર્ભ ઊભો થયો, દરેકે કોઈ ને કોઈ પ્રકારે તેની સાથે પોતાનો ખાનદાની સંબંધ જોડવાનો શરૂ કરી દીધો.

થોડાક જ દિવસમાં જામિનશાહે કંઈક એવું લોકોનાં હૃદયમાં સ્થાન લઈ લીધું કે મૌલવી સાલેહ મોહમ્મદનો ચબૂતરો, નવાબદીનની બેઠક અને વડની નીચે ભેગી થનાર મંડળી વીંખાઈને તેની હવેલીમાં ભેગી થઈ ગઈ. નવાબદીનની બેઠકમાં માત્ર મોટેરા રહી ગયા. વૃક્ષોની નીચે કાયમ તાજા હોકાની આગ સળગતી થઈ અને મૌલવી સાલેહ મોહમ્મદના તંબુ પર જતું છાપું સીધું હવેલી પર પહોંચવા માંડ્યું. હવેલીમાં એક બંદૂક હતી. એકમાંથી બે અને બેમાંથી ચાર થતાં વાર ન લાગી. જામિનશાહના સાથીઓની શક્તિ પણ કંઈક એ રીતે વૃદ્ધિ પામી કે હવેલીએ એક કિલ્લાનું રૂપ ધારણ કરી લીધું.

નદાબદીન કેટલાય દિવસો પછી ઘરેથી નીકળ્યા તો એમણે જોયું કે ગલીથી ખજૂરવાળી મસ્જિદ સુધી જ્યાં જાવ ત્યાં બંદૂકવાળા બબ્બે, ચાર-ચારની ટોળીમાં ફરે છે અને જામિનશાહના ગુણ ગાય છે. ગામના નાના-મોટા એની ચમકદાર બંદૂકોથી પ્રભાવિત દેખાય છે. દિલમાં ડર અને ચહેરા પર હાસ્ય હતું. કોઈએ એમને નવાબચાચા કહીને ન બોલાવ્યા - એ ક્યાંય સુધી ઊભા રહ્યા, જોતા રહ્યા અને જમીલને યાદ કરતા રહ્યા, જે એમનો એકનો એક પુત્ર હતો અને દસમું ધોરણ પાસ કરીને ગામ છોડીને ચાલ્યો ગયો હતો. નવાબદીન ઘરે આવ્યા તો જામિનશાહનો માણસ એમને બોલાવવા આવેલો તે બેઠો હતો. આ આમંત્રણ માટે એ થોડા પરેશાન થયા અને ક્યાંય સુધી વિચાર્યા પછી પૂછ્યું -

'મને બોલાવ્યો છે ?'

'હા, ચાચા તમને... નવાબ...'

નવાબદીનને હજુ વિશ્વાસ ન બેઠો. વર્ષોથી એ આ ગામના દરેક દર્દની દવા હતા. જેને જે કહેવું હોય, સાંભળવું હોય અથવા વિચારવિમર્શ કરવો હોય તે એમના ઘરે આવતા હતા. ઘરેથી કચેરી સુધીની બધી સલાહ અને કામ પોતાને ખર્ચે કરતા. આ અચાનક શું થઈ ગયું ? તેમણે વિચાર્યું - 'કોઈ ઘાસ પણ નથી નાખતા ત્યાં સુધી કે જામિનશાહ જેવો પહેરો ભરનાર અને ગામનો નોકર મને એના ઘરે બોલાવી રહ્યો છે ! મને એટલે નવાબદીનને - મોટા રુઆબથી બંદૂકવાળો મોકલ્યો છે મારે ત્યાં...' બધી વાત મનમાં દાબીને એમણે દુલ્લે માછીને કહ્યું, 'બંદૂક તારા હાથમાં બરાબર શોભે છે.' દુલ્લો હસ્યો.. તો નવાબદીને કહ્યું, 'તું જા. હું પછી આવીશ.'

'જરૂર આવજો.'

'હા... હા... જરૂર આવીશ.'

આખી રાત કોઈ અજાણ વ્યગ્રતાના કારણે તે સૂઈ ન શક્યા. પરંતુ બીજે દિવસે સાંજે મસ્જિદમાં નમાજ અદા કર્યા પછી મૌલવી સાલેહ મોહમ્મદે જામિનશાહની વ્યવહાર-

કુશળતાની કંઈક એવી રીતે પ્રશંસા કરી કે નવાબદીનની વ્યગ્રતા થોડીક ઓછી થઈ ગઈ. તેમણે વિચાર્યું, 'જવામાં વાંધો પણ શું છે? તે આજે જ એને મળી લેશે.'

મસ્જિદમાંથી નીકળતાં જ કમરદીન સફેદપોશ સાથે મુલાકાત થઈ. એંશી વર્ષનો વૃદ્ધ. આખા ગામના પંચ. દુઆ-સલામ પછી નવાબદીને કુશળ સમાચાર પૂછ્યા. કમરદીન બોલ્યા, 'હવેલીએ જઉં છું. તમારા જામિનશાહની પાસે. સાંભળ્યું છે કે હવે પંચાયત પણ ત્યાં જ ભેગી થશે?'

'જઈ તો હું પણ ત્યાં જ રહ્યો છું.' નવાબદીન બોલ્યા, 'પરંતુ ચાચા, આ શું થઈ રહ્યું છે?'

'અલ્લાહ જાણે, અમે તો એટલું જાણીએ છીએ કે જે વ્યક્તિની લોકો વચ્ચે ચર્ચા થવા માંડી છે તેની પાછળ જરૂર કાંઈ રહસ્ય હોય છે. પેગંબર પણ આટલા પ્રખ્યાત નહીં થયા હોય જેટલો તારો જામિનશાહ.'

'મારો જામિનશાહ?' નવાબદીને વાત કાપી. પરંતુ કમરદીન સફેદપોશે તેનું કશું ચાલવા ન દીધું અને બોલ્યા, 'તારો, મારો, આખા ગામનો જામિનશાહ... બસ?'

પછીના માર્ગે બંને ચૂપ રહ્યા. નેહર પાર કરીને હવેલીમાં દાખલ થઈ ગયા. પાઘડીઓનો એક સમુદ્ર હતો, જે દરેક બાજુ પથરાઈને હોકો ગગડાવી રહ્યો હતો. એક મિનિટ સુધી બંને પ્રતીક્ષામાં રહ્યા કે હમણાં કોઈ આગળ આવીને હાથ પકડશે. પરંતુ જ્યારે ઘણો સમય પસાર થયો અને કોઈએ નજર ફેરવીને પણ તેમની તરફ ના જોયું, તો તેઓ થોડાક શરમાઈને અંધારામાં મૂકેલા ખાટલા પર બેસી ગયા. સામેના ઊંચા, લાંબા મંચ પર જામિનશાહ પોતાની ખૂબસૂરત મૂછો અને લાલ ચહેરા સાથે બિરાજમાન હતો. જે કંઈ તે કહી રહ્યો હતો, તે તો ઘણું હતું. પરંતુ નવાબદીન અને કમરદીનની સમજમાં આવું જ કંઈક આવ્યું, 'હું બધા ભાઈઓનો સેવક છું. મારા માટે આ ગામની માટી માના દૂધથી પણ વધુ પવિત્ર છે. ઝઘડો કરનારનાં મૂળિયાં કાપી નાખવામાં આવશે અને દ્રાક્ષના બગીચાની રક્ષા કરાશે અને એ પણ કે આપ સહુ મને આપનો સહયોગ આપો.'

આ વાત બીજાની જેમ એ બંનેને પણ કંઈક એવી રીતે પસંદ આવી કે બધી ફરિયાદો, બધી રાવ પાણીના પરપોટાની જેમ બેસી ગઈ. લાંબા સમય પછી જ્યારે મહેફિલ પૂરી થઈ તો એ એટલા બધા ખુશ હતા કે એમણે જામિનશાહને ગળે લગાવી દીધો, તેનું માથું ચૂમી આશીર્વાદ દીધા અને બોલાવવાનું કારણ પૂછ્યું, 'બસ, તમારા આશીર્વાદ અને સહયોગ માટે તમને તકલીફ આપી છે.'

જામિનશાહે કંઈક એવા સૂરમાં વાત કરી કે નવાબદીનને લાગ્યું કે જાણે એનો જમીલ પાછો આવ્યો છે. તેને પોતાના અસ્તિત્વની અલગ હેસિયત ફરી ઊભી થતી નજરે પડી. 'શું આ સારું નથી' જામિનશાહ ફરી બોલ્યો, 'કે ગામને છ ભાગમાં વહેંચી દેવામાં આવે. દરેક ભાગની દેખરેખ આપ જેવા કોઈ બુદ્ધિશાળી વૃદ્ધના ભાગે હોય.'

એક પળ થોભીને એ બંને ઉપર પોતાની વાતના પ્રભાવને જાણવાનો પ્રયત્ન કરતો રહ્યો. પછી બોલ્યો, 'આમ મારા માટે કામ સરળ થઈ જશે. રહી તમારી કઠિનતા, તો એ મને સોંપી દો.'

એ વખતે ન નવાબદીન કંઈ બોલ્યા ન કમરદીન સફેદપોશ. એમણે તો એવું અનુભવ્યું કે જાણે એમની કિંમત પહેલાં કરતાં પણ ખૂબ વધી ગઈ હોય! પછી કમરદીન સફેદપોશે કહ્યું, 'તો પછી એમ કરો કે શુક્રવારે ગામનાં બાકીનાં લોકોને પણ બોલાવી લો, બેસીને નક્કી કરી લઈશું.'

'મને ક્યાં ઈન્કાર છે.' જામિનશાહે વાત પૂરી કરવાની રીતે કહ્યું, 'શુક્રવારની સાંજની નમાજ પછી બેસીશું.'

'સારું' કહીને બંને પાછા ફર્યા.

જે શુક્રવારની સાંજે ગામના દરેક નાના-મોટાએ તે વાતનું સમર્થન આપી દીધું, એ જ રાતે ઈશાની નમાજની ઘણી વાર પછી જામિનશાહે ઘરમાં સૂતેલા લોકોમાંથી પસંદ કરી કરીને કેટલાકને ફરી ભેગા કર્યા અને એમની પોતાની હવેલીના ઓરડામાં અવિધિસરનું જમવાનું આમંત્રણ આપ્યું. જમ્યા પછી હુક્કાના ગડગડાટ દરમિયાન જામિનશાહ ઊભો થયો. એણે બારીમાંથી બહાર જોયું. બહાર અષાઢની ચાંદની હવેલીથી દ્રાક્ષના બગીચા સુધીના રસ્તા પર ધુમાડાની જેમ પથરાયેલી હતી. રસ્તા અને ખેતરોનો રંગ એકસરખો થઈ રહ્યો હતો. એ હવેલીના આ ખંડમાં પથરાયેલી ખામોશી વચ્ચે ખૂબ સમય ઊભો રહીને કશુંક વિચારતો રહ્યો. પછી એણે કેટલાક લોકોને બૂમ પાડીને બોલાવ્યા. એ બધા એક હારમાં ઊભા રહી ગયા, તો એણે પહેલી વ્યક્તિને પૂછ્યું -

'તું ગામના ફાયદા માટે શું કરી શકે છે?'

'હું?' તે માણસ પોતાના હૃદય પર હાથ મૂકીને બોલ્યો, 'ફાયદો અને નુકસાનનો તો મને ખયાલ નથી, પરંતુ શાહજી મારી પાસે જ્યારે ઈચ્છો, જ્યાં ઈચ્છો ત્યાં માણસોમાં ભાગલા પડાવી શકો.'

'બસ, બસ' જામિનશાહ બોલ્યો, 'હજુ તારો સમય નથી આવ્યો. તું મારા સિંહાસનની પાછળની બાજુએ બેસી જા.'

પછી એણે બીજાને પૂછ્યું, 'તમારી પાસે શું છે?'

'મારી પાસે... મારી પાસે શબ્દ છે જનાબ.'

'શબ્દ!' તે પરેશાન થઈને બોલ્યો, 'શબ્દ શું હોય છે?'

'ભરમ.' તે થોડોક પરેશાન થઈ ગયો.

'જી હા, ભરમ. આ એ બારી છે જેના દ્વારા આપણે

બીજાંના હૃદયમાં જોઈ શકીએ છીએ. ખરેખર આ એક તાકાત છે, જે દરેક પાસે હોતી નથી.'

'પરંતુ હું પૂછી રહ્યો છું કે તું શું કરી શકે ?' જામિનશાહે ટૂંકી વાત પૂછી.

'હું આ તાકાતનો ઉપયોગ કરવાની કળા જાણું છું.'

'મારી સમજમાં તારી વાતો આવતી નથી.'

જામિનશાહે રોકાઈને વાત આગળ વધારી - 'પરંતુ તારી વાત પરથી એમ લાગે છે કે તું ખતરનાક માણસ છે.' તે ખામોશ રહ્યો. ઘણી વાર સુધી વિચારતો રહ્યો. પછી એણે નિર્ણય સંભળાવતા કહ્યું, 'તું ખજૂરવાળા તબેલામાં રહે અને શબ્દને માંજતો રહે.'

ત્રીજા અને ચોથા માણસે કહ્યું, 'અમે માત્ર પત્ર લખી શકીએ છીએ.'

'તો પછી જ્યાં સુધી હું તમને ના બોલાવું, ત્યાં સુધી તમે પણ એની સાથે જ રહો. અને એને સાથ આપો.'

એ બધા જ્યારે હવેલીની બહાર નીકળીને રસ્તા પર ભળી ગયા તો છેલ્લી વ્યક્તિએ અચકાતા અચકાતા કહ્યું, 'હું તમારા માટે દુઆ કરી શકું છું. આ ગામના અધિકતર માણસો મારા શિષ્યો છે. જ્યારે પણ ક્યાંય વરસાદ નથી પડતો ત્યારે હું વરસાદ માટે દુઆ અદા કરું છું.'

જામિનશાહે એને હવેલીની અંદર મોકલી દીધો. જામિનશાહ દરરોજ સવારે પોતાના વફાદાર કુતરાઓની ફોજ સાથે હવેલીથી નીકળતો. દરરોજ નવાં વસ્ત્રો, મૂછો સહેજ ઊંચી, હાથમાં બંદૂક, સાથમાં બંદૂકવાળા સાથે ગામમાં ફર્યા કરતો. ખેતર કે ખળામાં જે વસ્તુ પસંદ આવી જતી તે હવેલી પહોંચી જતી અને પછી વસ્તુઓનું પહોંચવું ક્રમ બની જતો.

*

વૈ રસ પૂરું થયું. મેળા પછી નવા પાકની કાપણી થઈ ગઈ, ભાગ વહેંચાઈ ગયા, તો લોકોએ પોતાનાં મકાનમાં મૂકી દીધા. એ રાત્રે જામિનશાહને ત્યાં તો ધાંધલ મચી રહી. એ જ્યારે આવ્યો હતો ત્યારે એના ભાગના ઘઉં, ઘી અને રોકડ રકમ ઇત્યાદિ નિશ્ચિત કરી દીધું હતું. પરંતુ આખા વર્ષમાં ગામમાં કોઈ હત્યા ન થવાને લીધે લોકો તેનો અસલ ભાગ ભૂલી ગયા હતા. પછી જ્યારે વરસાદ શરૂ થયો, ત્યારે જામિનશાહે ગામના યુવાનોને ભેગા કર્યા હતા અને વરસાદી નદીના બંને કિનારા પર માટી નાખીને એટલો ઊંચો બંધ બનાવ્યો કે નદીના વિફરવાનો ભય હૃદયમાંથી નીકળી ગયો. ખૂબ વાહ વાહ થઈ અને જામિનશાહની આ દૂરંદેશીની ચર્ચા કેટલાય દિવસો સુધી ચાલતી રહી. પરંતુ એક રાતે ભયંકર તોફાની વરસાદમાં ગામના બધા જ મૂંગા વૃદ્ધોએ જોયું કે જામિનશાહ પોતાના બધા જ સાથીઓ સહિત હવેલીમાંથી નીકળ્યો અને સવાર પડે તે પહેલાં પાણીથી તરબર પાછો ફર્યો. સવારે લોકો જાગ્યાં ત્યારે એમને ખબર પડી કે પાણી ગલીઓમાં ઘૂંટણ સુધી ભર્યું છે. વરસાદ થંભી ગયો હતો, પરંતુ પાણી જોરથી આવતું હતું. કેટલાક સમય પછી ખબર પડી કે વિફરેલી નદીનો બંધ ત્રણ જુદી જુદી જગ્યાએથી તૂટ્યો છે. બંધનું સમારકામ થયાં પહેલાં જ ગામનાં અડધાથી વધુ મકાનો પતાસાંની જેમ પાણીમાં બેસી ગયાં હતાં. બીજી રાતે જામિનશાહની હવેલીમાંથી ક્યાંય સુધી અજાનના અવાજ ગૂંજતા રહ્યા, ઉભરાતા રહ્યા કે આ ખુદાનો ખોપ છે.

બે દિવસ પછી ગામના પોતપોતાના વિભાગના રક્ષકો હવેલીમાં જમા થયા. બીજા મહત્ત્વના નિર્ણયો સાથે આ બેઠકમાં એ પણ નક્કી થયું કે જામિનશાહની હવેલીની નજીકની ટેકરી પર એક મોટી હવેલી બનાવાય, જેમાં આખા ગામના ઘઉં સુરક્ષિત રાખી શકાય. એવું લાગતું હતું કે જાણે ગામની પ્રત્યેક વ્યક્તિનો છુટકારો આ એક મીટિંગમાં નિહિત હતો. બધાએ બધાં કામ મૂકીને હવેલીના નિર્માણનું કામ પૂર્ણ કર્યું અને અનાજ પોતાની જાતે જ એમાં ફેરવી નાખ્યું. અને ગામની કઈ વ્યક્તિ હતી જે શુક્રવારની નમાજ પછી પોતાના ભાગના અઠવાડિક ઘઉં લેવા લાઈનમાં ઊભેલી જોવા ન મળી હોય !

પાંચ વર્ષ લાંબો સમય હોય છે; પરંતુ એટલો નહીં કે ગામવાળા જામિનશાહનો ગામમાં આવવાનો ઈરાદો પણ ભૂલી ગયા. તે ઉપરાંત જામિનશાહની હાલત દરરોજ બદલાતી ગઈ. હવેલી મહેલના રૂપમાં બદલાઈ ગઈ હતી અને એ સાથે ઘઉંનાં ગોદામ, બે તબેલા - એક ગામની ખૂબસૂરત ઘોડીઓ માટે અને બીજો ગાય-ભેંસો માટે નિર્મિત કરાયો. આ તબેલા, એક નિર્ણય રૂપે ગામની સફાઈ માટે નિર્મિત કરાયા હતા કે જેમાં ગામની ગાયો-ભેંસો અને ઘોડીઓ બાંધવામાં આવે. ચારાના પ્રબંધની જવાબદારી જામિનશાહે પોતે ઉપાડી લીધી હતી. દરેક વ્યક્તિ નિશ્ચિત સમયે આવતી, પોતાની ગાય દોહતી. બે સ્તન પોતાના માટે, એક જામિનશાહ અને તેના કૂતરાઓ માટે. અને ચોથું એ ચારા માટે જે જામિનશાહની જવાબદારી હતી.

બહુ જ થોડા સમયમાં લગભગ બધાએ જાણી લીધું કે ગાયો સૂકલકડી થઈને કાંટા જેવી થઈ રહી છે. ગાયો વાસ્તવમાં સુકાતી જતી હતી અને કૂતરાઓના ગાલ લટકી રહ્યા હતા, પરંતુ અવાજ કરવાની તાકાત કોની હતી ! જામિનશાહ હવે તે જામિનશાહ તો હતો નહીં, જે સાદાં કપડાંમાં, મૂછોને તેલમાં પલાળીને એક બંદૂક લઈને, રક્ષક અને ચોકીદારરૂપે આ ગામમાં દાખલ થયો હતો. હવે એ કોઈ બીજો જ હતો. ગામના એ લોકો જે પહેલાં પોતાનો ખાનદાની સંબંધ જોડ્યાં કરતાં હતાં હવે એમનો સંબંધ પયગંબરો સાથે જોડતા હતા.

પછી જે વર્ષે જામિનશાહે પોતાની હવેલીની નજીક નવો ટ્યૂબવેલ કર્યો તેના બીજા દિવસે ગામમાં એવી હવા ફેલાઈ કે ઘણાંખરાં ઘરો સૂમસામ થઈ ગયાં. ઘણાને શક હતો કે એમના કૂવાઓનું પાણી ઝેરીલું થઈ ગયું છે, પરંતુ કોઈ કશું જ ન બોલ્યું. અને જામિનશાહના કહેવાથી જ તમામ કૂવાઓ બંધ કરાવી દેવાયા. એક જ કૂવો બચ્યો હતો જે ગામની એક બાજુ ખાસ્સો દૂર હતો. અડધાથી વધુ ગામવાળાં આશ્રિત હતાં. અચાનક એક વાર સરદારખાંએ કમરદીન સફેદપોશને આવીને કહ્યું કે મોટા કૂવાનું પાણી ખૂબ ઊંડું ગયું છે.

'કેટલું ઊંડું ?' એણે મેલી આંખો ચોળતાં આશ્ચર્યથી પૂછ્યું.

'ચાચા' સરદારખાં બોલ્યો, 'આખા ખાટલાની કાથી અસલ ડોલની સાથે બાંધીને પણ નાખો તો ડોલ માત્ર ભીની થઈને રહી જાય છે.'

'અલ્લાહ, મારા પર અને મારા ગામવાળાં પર મહેર કરે.' કમરદીન સફેદપોશ બબડ્યો. અને પછી તે વડનાં વૃક્ષ પર લટકતાં ચામાચીડિયાંને ક્યાંય સુધી તાકીને જોતો રહ્યો. તેની નજર દૂર એટલા માટે નહોતી જઈ શકતી કારણ કે વીતેલો જમાનો ખૂબ સુંદર બેહદ દૂર હતો. તે ધીમેથી બોલ્યો, 'હું સાત વર્ષનો હતો તે વખતે આ કૂવાનું પાણી સુકાઈ ગયું હતું ત્યારે તો ગામમાં આ વરસાદી નદી પણ નહોતી, જે હવે રેત બનીને ભરેલી છે. લોકો ટીપું પાણી માટે તલસતાં હતાં. બધી નમાજો, બધી દુઆ વ્યર્થ ગઈ, તો પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિને શંકાની નજરે જોવા લાગી. પછી વાવનું પાણી પીવાથી કમળો ફાટી નીકળ્યો. તો આખું ગામ ઉજ્જડ થઈ ગયું હતું. પછી એક દિવસ અચાનક કૂવાનું પાણી ઊંચે આવી ગયું. લોકોની માન્યતા હતી કે ખરાબ દાનતવાળી વ્યક્તિ જેના કારણે પ્રકોપ આવ્યો હતો, કમળાનો શિકાર થઈ ગયો છે.' કમરદીન સફેદપોશ હોકાની નળીને મુઠ્ઠીમાં દબાવીને ચોળતો રહ્યો. એણે હજુ સુધી એક પણ દમ લીધો નહોતો. પછી એણે ધીમો શ્વાસ લઈને વાત આગળ વધારી : 'હવે પાછો એ જ કૂવો છે. એવો જ દિવસ છે, જાણે કશુંક થવાનું છે.' એણે રોકાઈને સરદારખાંને પૂછ્યું, 'શું એક ટ્યૂબવેલમાં એટલું પાણી હોય છે કે આખા ગામને માટે પૂરતું થાય ?'

સરદારખાં ખામોશ રહ્યો તો કમરદીન તેની સાથે ઊઠીને બહાર નીકળી આવ્યો. બંને ચાલતા ચાલતા નદીના પુલ પર આવી ગયા. રેતની એક રેખા લહેરાતી ગામના બે ભાગ પાડતી હતી. ઝૂકેલાં મૌન વૃક્ષ એવાં લાગતાં હતાં જાણે ફાંસી પર ચડ્યાં હોય ! કમરદીને નદીમાં ઊતરીને આકાશિયા રંગની માટીને હાથમાં લીધી અને મુઠ્ઠીને એવી દબાવી જાણે એમાંથી પાણી નીચોવી રહ્યો હોય ! સરદારખાં ચાલ્યો ગયો તો તે ક્યાંય લગી નદીના કિનારે બેસી રહ્યો અને વિચારતો રહ્યો. દૂર ક્ષિતિજ પર એણે એવી જ પહેલાં જેવી તસવીર - ગાઢ અને ઉજ્જવળ રંગોયુક્ત - જોવાની ઈચ્છા કરી. પરંતુ તેને શ્યામ ધાબા અને રેખાઓ સિવાય કશું જ નજરે ન પડ્યું.

કાચાંકોરાં વાસણો અને શરીરમાંથી ઊભી થતી મહેક, ચમક, ખૂશ્બુ અને રોશની, દૂધની સુવાસ અને છાશની મીઠાશ, લહેરાતાં ખેતરોના ઝુમર અને સરસવનો પીળો સમુદ્ર બધું એમ જ ગાયબ થઈ ગયું હતું. જાણે સામેની પગદંડી ઉજ્જડ જમીનમાં દફન થઈ ગઈ હોય ! દિવસ આથમતાં જ એ ઘરે આવી ગયો. નમાજ કરી, દુઆ કરી અને સૂઈ ગયો, જાણે મૃત્યુની પ્રતીક્ષા કરી રહ્યો હોય... !

નવાબદીન વડવાળા ડેરા પર બેઠા હતા, જ્યારે એ બંને સમાચાર એક સાથે મળ્યા, એટલે કે કૂવાનું પાણી ઊતરી ગયું છે અને તેમનો જમીલ પંદર વર્ષ પછી ગામ પાછો આવ્યો છે. બંને સમાચાર એમના માટે એટલા અચાનક હતા કે તેને સમજ નહોતી પડતી કે તે ખુશ થાય કે રડે... પરંતુ તેઓ રડી પડ્યા. કદાચ એટલા માટે કે પુત્રનો મિજાજ પાણી થયો તો પાણી સાથ છોડી ગયું.

તે તરત ઊભા થયા અને પહેલાં મોટા કૂવા પર આવ્યા. વાંકા વળીને - ઝૂકીને તેમણે અનેક લોકોની જેમ આંખો ફાડીને નીચે અંધ કૂવામાં જોયું. તેમની નજર કીચડમાં લથપથ થઈ ગઈ. પીપળાના વૃક્ષ પરથી કાગડાનું ટોળું કા...કા... કરતું ઊડ્યું અને કૂવાની આસપાસ ચક્કર મારવા માંડ્યું. એવું લાગતું હતું કે જાણે એ કૂવાનું રહસ્ય મનુષ્યોથી વધુ જાણતા ન હોય !

એક આતંક હતો, જે ચારેબાજુ મચી ગયો હતો. તેઓ પાછા ફરીને ઘરે પહોંચ્યા તો જમીલ ઊભો હતો. તેમનો મોટો છોકરો. પંદર વર્ષ પહેલાં તે એવો જ હતો, જ્યારે છાનોમાનો ઘર છોડીને ચાલ્યો ગયો હતો. થોડીક વાર નવાબદીન તેને એમ જ જોતા રહ્યા, જાણે પારખતા હોય ! પછી આગળ વધ્યા. ભીની આંખોથી તેને ચૂમ્યો. ચૂમીને પલક આંખો પર મૂકીને ખામોશીથી અંદર આવી ગયા.

'બાબા...' જમીલ કહેવા માંડ્યો, 'તમે હજુ સુધી નારાજ છો. પરંતુ હું મારા કાર્યથી શર્મિન્દો નથી. જ્યારે હું ગયો હતો ત્યારે કશું જ નહોતું. પાછો આવ્યો તો ઘણું બધું છે. હું ઘણાં કામો શીખ્યો છું, ભણ્યો છું. હું અહીં સ્કૂલ શરૂ કરીશ. અને સામાન્ય લોકો સુધી ફેલાવો કરીશ. હા... બાબા કેમ ?'

'હવે તો તું ટ્યૂબવેલ પણ નાખી શકતો હોઈશ ? નાખી શકે છે ને ?'

'હા... હા...' પરંતુ આ કામ તો કોઈ બીજું પણ કરી શકે છે. હું જે સ્કૂલ શરૂ કરીશ તેમાં...

(અનુસંધાન પૃ. ૩૮૩ પર)

સાહસિક ભારતીયોનો અમેરિકા યાત્રારંભ

સંજય ભટ્ટ

વિશ્વની ધરતી ઉપર નાના-મોટા લગભગ ૧૯૨ દેશો હસ્તી ધરાવે છે. એમાંના ગણ્યાગાંઠ્યા દસબાર દેશો સિવાય બધા જ દેશોમાં વર્ષો પહેલાં ભારતીયોએ નોકરી, ધંધા અને વ્યાપાર અર્થે જઈને ત્યાં જ કાયમી વસવાટ કર્યો છે. ગૌરવની વાત તો એ છે કે, આમ છતાં પોતાનો ધર્મ નિભાવી ત્યાંની સ્થાનિક પ્રજા સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયાં છે. આજે હવે ત્યાં તેઓની પરદેશીઓ તરીકે ગણના કરવામાં આવતી નથી કે નથી તેમને કાંઈ કનડગત કરવામાં આવતી.

વર્ષો પહેલાં જ્યારે જળ, વાયુ કે સ્થલમાર્ગે પરદેશ મુસાફરી કરવા આજના જેટલી સુલભ વ્યવસ્થા ઉપલબ્ધ હતી નહીં ત્યારે સાહસિક ભારતીયો નાની હોડીઓ યા મછવા જેવાં સાધનોનો ઉપયોગ કરી, અનેક પ્રકારની કુદરતી મુશ્કેલીઓનો સામનો કરી, ભારે જોખમ ખેડી દૂર દૂરના દેશોમાં જતાં હતાં. આમ કરીને તેઓએ આયાત-નિકાસના વ્યાપારના શ્રીગણેશ કર્યા હતા. જે કાળે બૌદ્ધધર્મના પ્રચારનો આરંભ થયો ત્યારે તેના ધર્મપ્રચારકો ચીન, થાઈલૅન્ડ, કંબોડિયા, વિયેટનામ, જાવા વગેરે અનેક દૂર દૂરનાં દેશો અને દ્વીપો ઉપર ભારે વિટંબણાઓ અને જોખમનો સામનો કરીને ગયાં હતાં. તેમાંના ઘણાંબધાંએ ત્યાં જ સ્થાઈ થઈ ધર્મપ્રચારનું કાર્ય જારી રાખ્યું હતું. જે જે દેશમાં ગયા તેને જ પોતાની માતૃભૂમિનું સ્થાન આપી દીધું હતું. પ્રાપ્ત ઈતિહાસનાં પાનાં ઉપર નજર નાંખતા એવી માહિતી જાણવા મળે છે કે, મુસલમાનો અને હુણોના આક્રમક હુમલાઓ જે સમયમાં ભારત ઉપર શરૂ થવા પામ્યા ત્યારે પરદેશમાં જઈને વસવાનો અને ધંધોવેપાર કરવાનો દોર હળવો પડી જવા પામ્યો હતો. તે સમયમાં આવા પ્રકારની લાંબી અને જોખમકારક સફર કરવામાં જાનનું ભારે જોખમ રહેતું હોઈ, હિન્દુ સનાતન ધર્મના સંતોને આમ 'ભારત છોડીને પરદેશ જઈ રહેવું' ધર્મવિરુદ્ધ છે એવી એક ભાવના ફેલાવવાની ફરજ પડી હતી. પરંતુ જ્યારે ભારત ઉપર અંગ્રેજોનું શાસન શરૂ થયું ત્યારે ફરી પરદેશગમનનો દોર શરૂ થઈ જવા પામ્યો હતો.

આજે જે માહિતી ઉપલબ્ધ છે તે અનુસાર અમેરિકા એટલે કે આજના ઉત્તર અમેરિકા જવાનો આરંભ ભારતીયોએ ઈ.સ. ૧૬૭૦થી શરૂ કર્યો હતો. ત્યારે સૌપ્રથમ એક ભારતીય જવાન મેસાચ્યુસેટ્સ વિસ્તારમાં આવેલ સેલમ ગામમાં કોઈ એક જહાજના કપ્તાનનો સાથ લઈને પહોંચ્યો હતો. આજ સમય દરમિયાન ભારત-અમેરિકા વચ્ચે આયાત-નિકાસનો વ્યાપારી સંબંધ પણ શરૂ થવા પામ્યો હતો.

ઈ.સ. ૧૭૮૮માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અમેરિકાને પોતાના વ્યાપાર માટેનું મુખ્ય સ્થળ પ્રસ્થાપિત કર્યું ત્યારે તેના પૂર્વ કિનારાના પ્રદેશોમાંથી, ત્યાં બનાવવામાં આવતી ચીજવસ્તુઓ તથા ચાંદીના સિક્કા ઉપરાંત બરફ વગેરે ભારત ખાતે લાવવામાં આવતાં હતાં. તેની સામે ભારતમાંથી રૂ, રેશમ, ખાંડ, દ્રાક્ષ, જ્યૂટ (શણ), ગળી વગેરે અમેરિકા લઈ જઈ વેચવામાં આવતાં હતાં. જ્યારે ભારત ઉપર અંગ્રેજોનું શાસન શરૂ થયું ત્યારે તેમના નાના પ્રકારનાં જહાજોમાં ભારતના નાવિકોને તેમના નોકરો અને ગુલામોરૂપે લઈ જવાની પ્રથાનો આરંભ થયો હતો.

ઈ.સ. ૧૭૭૬ પહેલાં અમેરિકા ૧૩ જુદીજુદી સ્વતંત્ર કૉલોનીઓ ધરાવતું હતું. પરંતુ ૪થી જુલાઈ ૧૭૭૬ના રોજ, આ ૧૩ કૉલોનીઓએ સર્વસંમતિ સાધીને, 'યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા'ની સ્થાપના કરી હતી. જ્યારે આ સંગઠન બન્યું ત્યારે તેઓએ બ્રિટન સાથેના સંબંધો કાપી નાખવાનો આરંભ કર્યો હતો. આમ જ્યારે ૪થી જુલાઈ ૧૭૭૬ના રોજ અમેરિકાએ એક સ્વતંત્ર દેશનું નિર્માણ કર્યું ત્યારે તેના પ્રથમ પ્રેસિડન્ટ જ્યૉર્જ વૉશિંગ્ટનને બનાવવામાં આવ્યા હતા. તેમણે તેમના એક પ્રતિનિધિને ભારતમાં સ્થાયીરૂપે રાખવાનું નક્કી કરી, પ્રથમ બેન્જામીનને એ પદે નિયુક્ત કર્યા હતા. તેમને ભારત ઉપરાંત એશિયામાંના અન્ય કિનારાના વિસ્તારોનો હવાલો પણ સોંપવામાં આવ્યો હતો.

ઈ.સ. ૧૮૫૧માં સેલમ શહેરમાં જ્યારે 'ઈસ્ટ ઈન્ડિયન મરિન સોસાયટી'ના ધ્વજ સાથે સ્વતંત્રતા દિન નિમિત્તે પરેડ કાઢવામાં આવી ત્યારે તેમાં છ ભારતીયોએ પણ ભાગ લીધો હતો. એવું જાણવા મળે છે કે આ ભારતીયોએ ત્યારે આફ્રિકામાંથી ગુલામ તરીકે આવેલ નિગ્રો સ્ત્રીઓ સાથે લગ્ન કરીને, પછી ત્યાં જ કાયમ માટે સ્થાયી નિવાસ કર્યો હતો. આ અગાઉ ૧૮૪૯ની સાલમાં જૂજ સંખ્યામાં ભારતીયો અમેરિકાના પશ્ચિમ કિનારાના કેલિફોર્નિયા વિસ્તારમાં પહોંચી જઈને સ્થાયી થયાં હતાં. જે માહિતી ઉપલબ્ધ છે તે આધારે, ભારતના કેટલાક ખેડૂત પ્રવાસીઓએ પશ્ચિમ કિનારાના પ્રદેશમાં જઈને વસવાટ કર્યો હતો. પરંતુ અમેરિકા આવીને કાયમ માટેનો નિવાસ કરનાર સૌપ્રથમ ટુકડી તો જ્યારે કેનેડાનો રેલમાર્ગ, ગોદામો તથા ખાણોમાં કામ કરવા માટે

ભારતમાંથી જેમને મજૂરો તરીકે લાવવામાં આવ્યા હતા, તેઓ હતા. આજ સમયગાળામાં કેટલાક ભારતીય મજૂરો વેસ્ટઈન્ડીઝમાંના અંગ્રેજોના ઉપનિવેશોમાં કામ અર્થે જોડાયા હતા. ત્યારે ગુલામપ્રથા સામે ઊભા થયેલા વિરોધને કારણે મજૂરોની તંગી પ્રવર્તતી હતી. અંગ્રેજ વ્યાપારીઓએ તેઓની પાંચ યા સાત વર્ષના કરારનામા ઉપર ભરતી કરી હતી. અંગ્રેજ શાસનના કાયદાકાનુનને કારણે, ભારતની હસ્તકારીગરીની ચીજવસ્તુઓનો વ્યાપાર મંદ પડી જવા પામ્યો હતો. ખેડૂતો ઉપર પણ ભારે કરવેરાનો બોજો ઝીંકવામાં આવ્યો હતો. આમ કરી તેઓને ગળીનું ઉત્પાદન કરવા તરફ વાળ્યા હતા, જેથી તેનો નિકાસ કરી સારું હૂંડિયામણ પ્રાપ્ત કરી શકાય. જ્યારે આવી પરિસ્થિતિ સર્જાઈ ત્યારે ઉત્તર ભારતમાં ભૂખમરો અને દક્ષિણ ભારતમાં બેકારીની પરિસ્થિતિ સર્જાઈ હતી. આમાંથી રાહત પામવાના ઈરાદે, જીવનનિર્વાહ સરળ બનાવવા નીચલા સ્તરની જનતાને અન્ય દેશમાં જવાની ફરજ પડી હતી. એમને એવી આશા હતી કે, થોડાં વર્ષ પરદેશ ખેડી, સારું એવું ધન કમાઈને પાછા દેશમાં આવી, સુખેથી જીવન ગુજારીશું. આવા ખયાલવાળાં લોકો અમુક વર્ષનો કરાર કરીને પરદેશ ગયાં હતાં. પરંતુ જ્યારે તેઓના કરારની મુદત પૂરી થઈ, ત્યારે તેઓએ દેશમાં પાછા આવવાને બદલે ત્યાં જ રહી જવાનો નિર્ણય કર્યો હતો. ઓગણીસમી સદીના પ્રથમ દસકાને અંતે, કૅનેડામાં જઈને વસેલા મજૂરો, ત્યાંના અધિકારીઓના વર્તનથી ત્રાસીને અમેરિકામાં આવી વસ્યાં હતાં. એક માહિતીના આધારે ઈ.સ. ૧૯૦૭માં અમેરિકાના વૉશિંગ્ટન અને કૅલિફોર્નિયા વિસ્તારમાં ત્યારે કુલ ૧૦૭૫ ભારતીયો આવીને વસ્યાં હતાં. પરંતુ જ્યારે કૅનેડામાંથી સ્થળાંતર થવાનું શરૂ થયું ત્યારે ઈ.સ. ૧૯૦૮માં આ સંખ્યા વધીને ૧૭૧૦ જેવી થવા પામી હતી. આમ, જ્યારે ભારતીય મજૂરોની સંખ્યામાં વૃદ્ધિ થવા પામી ત્યારે ગોરા મજૂરોને ચિંતા અને ઈર્ષા પેદા થતાં, તેમણે ભારતીયોને હેરાન-પરેશાન કરવાનું શરૂ કરી દીધું હતું. આથી ત્રાસીને લગભગ ૨૦૦ જેટલાં ભારતીય મજૂરો પાછા કૅનેડા જતા રહ્યાં હતાં.

આ જ સમયગાળામાં વૉશિંગ્ટન સ્ટેટ વિસ્તારમાંથી પણ ભારતીય મજૂરોની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. રંગભેદના ભાવે ત્યારે ભારે તોફાન મચાવી દીધું હતું. ગોરી પ્રજાએ ભારતીયો અને નિગ્રોને મકાન યા જમીન નહીં વેચાવાનો નિર્ણય કર્યો હતો. તેમણે 'એશિયાટિક એક્સક્લુશન લીગ' નામની સંસ્થાની રચના કરી હતી. તેમનો એકમાત્ર ઉદ્દેશ એ હતો કે ભારતીયોને અમેરિકા આવતાં રોકવાં. સાથેસાથે બીજા અનેક હલકા પ્રકારના આક્ષેપો પણ મૂકવાનું શરૂ કરી દીધું હતું. ખાસ કરીને સાનફ્રાન્સિસ્કોના પ્રવાસન વિભાગે યેનકેન પ્રકારે ભારતીયોને અમેરિકા આવતાં રોકવા ભારે પ્રયત્નો આદર્યા હતા. આમ થતાં ભારતીયોની જનસંખ્યામાં ઘટાડો થઈ જવા પામ્યો હતો. સદ્‌ભાગ્યે જ્યારે વેસ્ટર્ન પૅસિફિક રેલ રોડ બનાવવાનું કાર્ય ઈ.સ. ૧૯૧૦માં શરૂ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં મજૂરોની માંગ ઊભી થતાં, લગભગ ૧૭૮૨ ભારતીયો મજૂરોને આવવાની તક ઊભી થઈ હતી. જોકે, ત્યારે પણ ગોરાકાળાના ભેદભાવની નીતિ તો ચાલુ જ હતી. આગળ જણાવ્યું તેમ જે 'એશિયાટિક એક્સક્લુશન લીગ' સ્થપાયું ત્યારે તેણે પોતાના કૉંગ્રેસમેન ઉપર એવું ભારે દબાણ કર્યું હતું કે એશિયામાંથી આવીને વસેલી વ્યક્તિઓને ક્યારેય અમેરિકાનું નાગરિકત્વ આપવું નહીં. કાળા રંગના માનવી આ દેશ માટે શાપરૂપ અને ખતરનાક છે એવી માન્યતા પ્રચલિત કરવામાં આવી હતી. એમની સામેનું આંદોલન ચાલતું જ રાખવામાં આવી રહ્યું હતું એટલું જ નહિ, પણ ઈ.સ. ૧૯૧૭માં તો પાર્લમેન્ટમાં એક ખરડો પસાર કરીને એશિયનો અને જપાનીઓને અમેરિકામાં પ્રવેશની અનુમતિ ના આપવાનો નિર્ણય કર્યો હતો.

આવાં આંદોલનો અને વર્તાવથી તંગ આવી જતા ભારતીય ખેડૂતો મધ્ય કૅલિફોર્નિયા, હોયકુપન અને ઇમ્પિરીઅલ વેલી તથા સેક્રામેન્ટો વગેરે વિસ્તારમાં સ્થળાંતર કરી ગયાં હતાં. એમની પાસે જે કાંઈ નાની બચત હતી તેનાંથી પડતર અને નિરૂપયોગી જેવી બિનખેતીલાયક જમીન ખરીદ કરીને ભારે શ્રમ ઉઠાવીને, તેને ફળદ્રુપ બનાવી દીધી હતી. ઈ.સ. ૧૯૧૯માં આમ થતાં કૅલિફોર્નિયા વિસ્તારમાં જ ભારતીય ખેડૂતો લગભગ ૮૮૦૦૦ એકર જેટલી જમીન ધરાવતા થઈ ગયાં હતાં. એમની આવી ઉન્નતિ અને પ્રગતિ પણ ગોરી પ્રજાને ઈર્ષારૂપ થતાં, જૂના કાયદાનો આશરો લઈ તેમની પાસેથી ઘણીબધી જમીન છીનવી લેવામાં આવી હતી. કેટલાક માથાભારે અને હિંમતવાન ખેડૂતોએ ત્યાંની મૅક્સીકન અમેરિકન સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં, તેઓના નામે તેમની જમીન ચડાવી દીધી હતી. આમ કરી જેટલી જમીન બચાવી શકાય તેટલી બચાવી લીધી હતી. કેટલાંકોએ પોતે મિશ્ર અમેરિકન હોવાનો દાવો રજૂ કરીને અમેરિકન નાગરિકત્વનો પોતાને હક્ક હોવા અંગેના દાવા કોર્ટમાં કરવાનો રાહ ચીંધ્યો હતો. આમાં તેઓને સારી એવી સફળતા મળી હતી. જ્યારે ઈ.સ. ૧૯૧૦માં અમેરિકાની વસ્તીગણતરી કરવામાં આવેલી ત્યારે ભારતીયોને મિશ્રજાતિ જ માનવામાં આવ્યાં હતાં. આ મુદ્દા ઉપર ત્યારે વારંવાર વિવાદ અને વિરોધના વંટોળ પેદા

થતા જ રહેતા હતા. તેઓ એવો મુદ્દો રજૂ કરતા હતા કે ઈ.સ. ૧૮૭૦માં કૉંગ્રેસે જ્યારે ગોરાઓની સંતતિને નાગરિકત્વ આપવાનું ઠરાવ્યું હતું ત્યારે ભારતના હિન્દુઓને તેમાં આવરી લેવામાં આવ્યા ન હતા. એમના આ મુદ્દાને સુદરલૅન્ડ નામના એક ન્યાયાધિશે વાજબી ગણીને, અગાઉ મિશ્ર અમેરિકનોના હક્કના ચુકાદાને ગેરકાનૂની ઠેરવતા, ઘણાં ભારતીયો મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ જવા પામ્યાં હતાં. આ સમયે ૫૦ જેટલા ભારતીયોનું અમેરિકન નાગરિકત્વ રદ કરી દેવામાં આવ્યું હતું. આમાં ઘણાં તો અમેરિકામાં જ જન્મ લઈને ૧૫ વર્ષ જેટલી ઉંમરના પણ થઈ ગયેલાં હતાં. આ બનાવ બન્યો પછી અન્ય રાજ્યોમાં ઘણાં ભારતીયોએ ત્યાંની સ્થાનિક કોર્ટમાં કાયદાની કાર્યવાહીનો આશરો લેવાનું શરૂ કરી દીધું હતું.

આમાં એક સુખરામ ગણેશ પંડિતનો કિસ્સો સૌનું ધ્યાન ખેંચે તેવો રહ્યો હતો. તેઓ પોતે જ એક સારા નિષ્ણાત વકીલ હતા અને સ્થાનિક ગોરી મહિલા સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. ઈ.સ. ૧૯૧૪માં એમને અમેરિકાનું નાગરિકત્વ આપવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૯૨૨માં જ્યારે એમનું આ નાગરિકત્વ છીનવી લેવામાં આવી રહ્યું હતું ત્યારે એમણે એવી દલીલ કરી હતી કે જો એમનું નાગરિકત્વ રદ કરવામાં આવશે એમની ગોરી પત્નીના નાગરિકત્વ માટે પણ ખતરો પેદા થવા પામશે. નીચલી કોર્ટે એમની વિરુદ્ધ જે ચુકાદો આપ્યો હતો તે અપીલ કોર્ટે રદ કરીને તેમનું નાગરિકત્વ ચાલુ રાખવાનો ચુકાદો આપ્યો હતો. જો કે આવા પાંચ-સાત ગણતરીના કેસોને બાદ કરતાં, મોટી સંખ્યામાં ભારતીયોના જીવન મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યાં હતાં. જે માહિતી ઉપલબ્ધ છે તેના આધારે ઈ.સ. ૧૯૨૦થી '૪૦ના સમયગાળામાં લગભગ ૩૦૦૦ જેટલા ભારતીયો સ્વદેશ પાછા આવી ગયાં હતાં. આ સમયગાળામાં ભારતીયોને અમેરિકા આવીને રહેવા માટેની પરવાનગી આપવામાં આવતી ન હોવા છતાં, વિદ્યાભ્યાસ માટે યાતો પ્રવાસ અંગે આવવાની માન્યતા આપવામાં આવતી હતી. ઈ.સ. ૧૯૦૮માં આ નિયમના આધારે તારકનાથ દાસ નામનો વિદ્યાર્થી વૉશિંગ્ટન વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ અર્થે આવ્યો હતો. એણે ત્યારે ભારતમાં જે સ્વાતંત્ર્યની ઝુંબેશ ચાલતી હતી તેમાં સક્રિય ભાગ લીધો હતો અને અંગ્રેજોએ ત્યારે આદરેલા દમનથી બચવાના આશયથી જ તે અમેરિકા અભ્યાસના બહાના હેઠળ આવ્યો હતો. આ સમયે બીજા પણ કેટલાક ભારતીય યુવાનો અભ્યાસનું કારણ દર્શાવી અમેરિકા આવ્યા હતા. તારકનાથ દાસે અહીં આવી 'ફ્રી ઇન્ડિયા' નામની પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું. પછી તો ઈ.સ. ૧૯૧૧માં શ્રી હરદયાલ જે સ્ટેન્ફોર્ડ વિશ્વવિદ્યાલયમાં અતિથિ અધ્યાપકપદે આવ્યા હતા તેઓ પણ તારકનાથ અને અન્ય વિદ્યાર્થીઓએ શરૂ કરેલી ચળવળમાં સામેલ થઈ ગયા હતા. આમ, ૧૯૧૩ સુધીમાં તો સારી એવી મોટી સંખ્યામાં ભારતીયો ભારતને સ્વતંત્ર કરવાના ઈરાદે ભેગા થઈ જવા પામ્યા હતા. લાલા હરદયાલે ત્યારે 'ગદર પાર્ટી' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. અને એ જ નામની એક પત્રિકાનું સંપાદન પણ શરૂ કરી દીધું હતું. ઘણા લાંબા સમય સુધી, તેમની આ પ્રવૃત્તિ ચાલુ રહી હતી. પણ એક વાર કમનસીબે એમના કાર્યાલયના મકાનને આગ લાગતાં, પાર્ટીના અને સ્વાતંત્ર્યતા અંગેના ઘણા અમૂલ્ય લેખો અને દસ્તાવેજોનો નાશ થઈ જવા પામ્યો હતો. ગદલ પાર્ટીના સક્રિય સભ્યો માટે એવું કહેવાતું કે તેઓ ભારતમાંના આંદોલનકારો કરતા ઘણાં જ ઉમદા કાર્ય કરી રહ્યા હતા. આ બધામાં શ્રી હરદયાલ ઉપરાંત ગોવિન્દ બિહારીલાલ તથા શ્રી રામચંદ્રે ભારે જોખમ ખેડીને આંદોલન જારી રાખીને ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢીને ભારતમાં અમેરિકા જેવું લોકતંત્ર ઊભું કરવા જરૂર પડે યુદ્ધ પણ ખેલી લેવાનો પડકાર ફેંક્યો હતો. ભારતમાં અનેક ભાષાઓ બોલાતી હોઈ તેઓએ જુદીજુદી ભાષામાં લેખો પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું હતું. સાથેસાથે અમેરિકાની સ્થાનિક પ્રજાની પણ સહાનુભૂતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નો પણ જારી રાખ્યા હતા. એક તરફ ગદર પાર્ટીના નેતાઓ આઝાદ ભારત અંગેનું કાર્ય કરી રહ્યા હતા, ત્યારે સાથેસાથે જ અન્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓ અને પ્રવાસી ભારતીયો અમેરિકાની વિચારધારાનો પ્રચાર કરી રહ્યા હતા. શ્રી લાલા લજપતરાય જેઓ ઈ.સ. ૧૯૦૬માં અમેરિકા આવ્યા હતા, તેઓએ ૧૯૧૪માં ભારત પાછા ફર્યા બાદ 'હોમ રૂલ લીગ'ની સ્થાપના કરી, લેખો પ્રકટ કરીને તથા ભાષણો કરીને, વિદ્વાન વર્ગની જનતા અને ઉદાર રાજનીતિજ્ઞોનું સમર્થન મેળવવાના પ્રયત્નો આદરી દીધા હતા. આમ થતાં અંગ્રેજ હકૂમતને એમની આ પ્રવૃત્તિ પસંદ ના પડતાં તેઓએ અમેરિકાની સરકાર ઉપર દબાણ લાવીને ત્યાં પણ ચાલતી આવી પ્રવૃત્તિને ડામી દેવાનો અનુરોધ કર્યો હતો. આમ થતાં અમેરિકાની સરકારે આવા આંદોલનમાં સક્રિય ભાગ લઈ રહેલા ભારતીય યુવાનોને સ્વદેશ પાછા જવાની ફરજ પાડી હતી. આમ, જેઓ પાછા ફર્યા હતા તેઓને ભારતમાં સજા ફટકારવામાં આવી હતી.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે અમેરિકાએ જર્મનીની સામે ઇંગ્લૅન્ડ સાથે જોડાણ કર્યું ત્યારે બ્રિટિશ સરકારને અમેરિકામાં તે સમયે ચાલી રહેલ ભારતના સ્વાતંત્ર્ય માટેના આંદોલનને કચડી નાખવાની એક મહત્ત્વની તક પ્રાપ્ત થવા પામી હતી. 'દુશ્મનનો દુશ્મન આપણો મિત્ર' એ કહેવત અનુસાર કેટલાક ભારતીયોએ જર્મનીની મદદ માગી હતી. પરંતુ બ્રિટનના

જાસૂસી તંત્રને એની જાણ થઈ જતાં, એમણે અમેરિકાની સરકાર દ્વારા એ બધાને પકડાવી દઈને સજા કરાવી હતી.

ઈ.સ. ૧૯૧૭ સુધીના ગદર આંદોલનને કચડી નાખવામાં આવ્યું હતું. પરંતુ કેટલાંક મૂળ ભારતીયોના શિક્ષિત વર્ગે 'અખિલ ભારતીય કૉંગ્રેસ પાર્ટી'ના સંદેશાને ફેલાવવાનું અને ઉત્તેજન આપવાનું કાર્ય જારી રાખ્યું હતું. આવા બધાંમાં 'ઇન્ડિયા લીગ ઑફ અમેરિકા'ના સ્થાપક શ્રી જે.જે.સિંહ અને બીજા શ્રી અનૂપસિંહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, કુમાર ઘોષાલ, શિવરાવ, સૈયદહુસેન અને હરિદાસ મજુમદાર વગેરેએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. તેઓના આ કાર્યને સારા પ્રમાણમાં સહાનુભૂતિ પ્રાપ્ત થવા પામી હતી એટલું જ નહીં, પણ અમેરિકાના સ્થાનિક આગેવાન નેતાઓએ પણ ભારતની સ્વાતંત્ર્યની માગ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનું શરૂ કર્યું હતું. આ સમય દરમિયાન અમેરિકાના પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે પણ ઈંગ્લન્ડના મુખ્યમંત્રી ચર્ચિલને ભારતને સ્વશાસન બક્ષવાની સલાહ આપી હતી. પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે ઈ.સ. ૧૯૨૪ અગાઉ અમેરિકામાં આવેલા ભારતીયોને અમેરિકાનું નાગરિકત્વ આપવાના ઠરાવને પોતાનું સમર્થન આપ્યું હતું. આ ઠરાવને ૧૯૪૩માં સેનેટર વિલિયમ લેંગરે સેનેટમાં રજૂ કર્યો હતો.

ઈ.સ. ૧૯૪૦ સુધીમાં અમેરિકામાં ભારતીયોની વસ્તી ઘટી જઈને માત્ર ૨૪૦૬ના આંક સુધી પહોંચી ગઈ હતી. ભારતથી પણ આ સમયગાળામાં આવનારની સંખ્યા ઘણી જ ઘટી જવા પામી હતી. આવી પરિસ્થિતિ લગભગ ૧૯૪૬ સુધી ચાલુ રહેવા પામી હતી. પરંતુ ઇલિનોય સ્ટેટના સેનેટર ડિર્કસને ભારતને વર્જિત દેશોની યાદીમાંથી હટાવીને ભારતવાસીઓને અમેરિકાનું નાગરિકત્વ આપવાનો જે પ્રતિબંધ હતો તેને રદબાતલ કરવાનો સ્વીકાર કરાવડાવ્યો હતો. આમ છતાં જોકે ભારતમાંથી અમેરિકા આવનારની સંખ્યામાં વધારો થવા પામ્યો ન હતો. આનું એક કારણ એ પણ હતું કે દર વર્ષે અમુક નિશ્ચિત સંખ્યામાં જ વિઝા આપવાનો નિયમ અમલમાં હતો. આ સંખ્યા ઘણી જ નાની રાખવામાં આવેલ હતી. આમ લાંબા સમય સુધી ચાલ્યા બાદ અંતે ઈ.સ. ૧૯૬૫માં ક્વૉટા પદ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો હતો. આમ થતાં પ્રતિવર્ષ તેમાં વધારો કરવામાં આવતાં ઈ.સ. ૧૯૭૦-૮૦ના સમયગાળામાં તો એ સંખ્યામાં ઝડપી વધારો થઈને પ્રતિવર્ષ ૧૫૦૦૦ જેટલી થઈ જવા પામી હતી. એક વધુ સવલત ઈ.સ. ૧૯૬૫માં એ પણ આપવાનું શરૂ થયું હતું કે ભારતીય અમેરિકનોને ભારતમાં રહેતાં પોતાનાં કુટુંબીજનોને સ્પૉંસર કરવાની છૂટ આપવામાં આવી હતી. આનો લાભ લઈને, ત્યાર બાદ ભારતના ઘણાબધા પ્રાંતોમાંથી મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકામાં આવવા માંડ્યાં હતાં.

આમ જે ભારતીયો અમેરિકા આવ્યાં, તેઓ જુદીજુદી નોકરી અને ધંધામાં જોડાઈ ગયાં હતાં. આમ આવનારાઓમાં ઉચ્ચ શિક્ષણ ધરાવનારાઓની સંખ્યા પણ ઠીકઠીક પ્રમાણમાં હતી. તેઓને અંગ્રેજી ભાષા ઉપર સારો એવો કાબૂ હોવાને કારણે, તેઓ અમેરિકાના સમાજ અને વાતાવરણમાં સહેલાઈથી ભળી જવા પામ્યાં હતાં. આજે તો હવે તેઓ બધાંએ ભારતની એક સુંદર છાપ ઊભી કરી છે. સાથેસાથે પોતાની ભારતીય સંસ્કૃતિને પણ જાળવી રાખી છે.

અમેરિકામાં અનેક ક્ષેત્રોમાં આજે ભારતીયોએ મેળવેલ સફળતા અને સિદ્ધિઓના ઘણા બધા કિસ્સા અદ્ભુત અને આદરણીય છે. શ્રી દલીપસિંહ સૌંધ જે ઈ.સ. ૧૯૨૦માં અમેરિકા આવ્યા હતા, અને જેઓએ ૧૯૪૯માં અમેરિકાનું નાગરિકત્વ ગ્રહણ કર્યું હતું, તેઓની ૧૯૫૩માં વેસ્ટમેરિલૅન્ડના ન્યાયાલયમાં ન્યાયાધીશના પદે વરણી કરવામાં આવી હતી. ઉપરાંત કૅલિફોર્નિયાની ૨૯મા કૉંગ્રેસ જિલ્લામાંથી ચૂંટણીમાં ઝંપલાવીને જીત પણ હાંસલ કરી હતી. પછી તો ૧૯૫૮ અને ૧૯૬૦માં પણ ફરી તેઓ બે વાર ચૂંટાઈને આવ્યા હતા.

આજે તો હવે સારાય અમેરિકામાં ઘણી મોટી સંખ્યામાં ભારતીયો ઉચ્ચ પદ ધરાવી રહ્યાં છે. કાળક્રમે અમેરિકામાં ભારતીયોની સંખ્યા ઈ.સ. ૧૯૯૭માં વસ્તીગણતરી કરવામાં આવેલી ત્યારે ૧૩ લાખ જેટલી હતી. આજે એટલે કે પાંચ વર્ષ બાદ એ સંખ્યામાં ભારે વધારો થઈ જવા પામ્યો છે. પોતાની બુદ્ધિ અને સંનિષ્ઠા સાથે જાતમહેનત કરવામાં માનનારી ભારતીય પ્રજાએ નોંધનીય પ્રગતિ સાધી છે. અમેરિકામાંના ડૉક્ટરોની કુલ સંખ્યાના ૪%થી પણ વધુ ભારતીય ડૉક્ટરો છે. ગૌરવપ્રદ અને આશ્ચર્યની વાત તો એ છે કે અમેરિકાની કૉલેજોમાં ૫૦૦૦થી પણ વધુ સંખ્યામાં ભારતીય અધ્યાપકો કાર્ય કરી રહ્યા છે એટલું જ નહીં, પણ ભારતમાંથી જે વિદ્યાર્થીગણ અભ્યાસઅર્થે અમેરિકા આવે છે તે બધા જ સ્થાનિક અન્ય પ્રજાના વિદ્યાર્થીઓની સરખામણીમાં ઘણું ઉચ્ચ સ્તર જાળવી રાખતા હોય છે. આ એમનાં ખંત, આત્મવિશ્વાસ અને બુદ્ધિનું પરિણામ છે.


લગભગ ૨૦૦ વર્ષ અગાઉ અમેરિકામાં રેલરોડ બનાવવાના કામ અંગે ભારતમાંથી મજૂર તરીકે આવેલા બેરોજગાર લોકોએ આગળ જતાં અનેકવિધ ક્ષેત્રોમાં પ્રગતિનાં સોપના સર કરી ભારતને ગૌરવ પ્રદાન કર્યું છે. તેનો પૂર્વઇતિહાસ સાચે જ રસપ્રદ, આશ્ચર્યકારક છે. ભારતનાં એ સૌ સંતાનો અભિનંદનને પાત્ર છે. □

એક સદીથી પણ અધિક સમય બાદ જૂન ૮, ૨૦૦૪માં દેખાનારું

શુક્રનું અધિક્રમણ

પ્રો. સુરેશ ર. શાહ


શુક્રને પૃથ્વીનો ભગિની ગ્રહ માનવામાં આવે છે. કેટલીક વાર પરોઢિયે પૂર્વાકાશમાં તો કેટલીક વાર સંધ્યાટાણે પશ્ચિમાકાશમાં હિરા-કણીની જેમ ચમકતા શુક્રના ગ્રહે તો ઘણાં બધાંનું ધ્યાન ખેંચ્યું હશે. સૂર્ય અને ચંદ્રને બાદ કરીએ તો તેજસ્વી આકાશીય જ્યોતિઓમાં શુક્ર પ્રથમ ક્રમે આવે છે. ત્રણસો-ચારસો વર્ષે સર્જાતી પરમ સ્ફોટક - સુપરનોવા - જેવી ઘટના પણ શુક્ર કરતાં વધુ તેજસ્વી જણાય પણ આ તો અલ્પજીવી ઘટનાઓ છે.



સૂર્યમંડળના ગ્રહોની પરિભ્રમણ કક્ષાઓ


શુક્રને કેટલાંક સૌંદર્યની દેવી તરીકે ઓળખાવે છે. તેને ઉપાદૂત - morning glory કે સાંધ્ય તારો - Evening star પણ કહેવામાં આવે છે. ક્ષિતિજ નજીક આ ગ્રહ જ્યારે ચમકતો હોય ત્યારે ઘણી વાર લોકોએ તેને ઊડતી રકાબી જેવો પદાર્થ પણ માની લીધો છે. એક પુરાણ કથા પ્રમાણે ભારતીય સંસ્કૃતિમાં દાનવોના ગુરુ 'શુક્રાચાર્ય'ના નામ ઉપરથી આ તેજસ્વી ગ્રહનું નામ અપાયું હોવાનું મનાય છે. પહેલાંના ગ્રીક લોકો Hesperus એટલે સંધ્યાનો તારો અને phosphorus એટલે ઉષાનો તારો એમ તેને બે જુદા તારા માનતાં હતાં.

હવે આપણે જાણીએ છીએ કે સૂર્યમંડળમાં કેન્દ્રમાં સૂર્ય છે અને તેની આસપાસ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ તથા પાછળથી નવા શોધાયેલાં યુરેનસ, નેપ્ચ્યૂન અને પ્લૂટો તેમની નિશ્ચિત કક્ષામાં પરિભ્રમણ કરે છે. બુધ અને શુક્ર બંને પૃથ્વીની ભ્રમણકક્ષાની અંદરના વિસ્તારમાં આવેલા છે. તેમને આંતરિક ગ્રહો-અંતર્ગ્રહો (Inferior planets) કહે છે. આપણો ચંદ્ર જેમ કળાઓ કરે છે તેવી જ કળાઓ બુધ અને શુક્ર પણ કરે છે. ફેબ્રુઆરી ૧૫, ૧૫૬૪ના રોજ ઇટલીના પિસા નામના નગરમાં જન્મેલા મહાન વિજ્ઞાની ગેલીલિયોએ પોતે બનાવેલા દૂરબીન વડે સૌપ્રથમ ૧૬૧૦માં આકાશદર્શન કર્યું હતું. દૂરબીન વડે આકાશદર્શન કરનાર તેઓ પ્રથમ માનવી હતા. તેમણે દૂરબીન વડે શુક્રની કળાઓ જોઈ હતી.




શુક્રની કળાઓ

સૂર્યમંડળાં પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ પાંગરી છે તેવી રીતે તેની આગળની અને પાછળની કક્ષાઓમાં ઘૂમતા શુક્ર અને મંગળ ઉપર પણ જીવનના અસ્તિત્વ માટે સાનુકૂળતા હોઈ શકે તેવી માન્યતા કેટલાક વિચારકો ધરાવે છે. આધુનિક ખગોળ-વિજ્ઞાનની શરૂઆતથી જ પૃથ્વીબહાર સજીવસૃષ્ટિના પ્રાદૂર્ભાવની શકયતા શુક્ર અને મંગળ ઉપર મનાઈ છે. આથી જ શુક્રનો ઘનિષ્ટ અભ્યાસ વૈજ્ઞાનિકો માટે મહત્ત્વનો બની રહ્યો છે.



ગ્રહનો દીર્ઘ વર્તુલાકાર ગતિપથ

શુક્ર અને બુધ આ બંને ગ્રહો પૃથ્વીની કક્ષાની અંદરના વિસ્તારમાં ઘૂમે છે. આના પરિણામ સ્વરૂપે સૂર્ય અને પૃથ્વીને જોડતી રેખાને અનુલક્ષીને આ ગ્રહો દ્વારા સર્જાતા ખૂણા અનુસાર તેમની પ્રકાશિત સપાટી આપણે પૂરેપૂરી જોઈ શકતા નથી પણ અંશતઃ જોઈ શકીએ છીએ. જ્યારે પૂરેપૂરી પ્રકાશિત સપાટી આપણી તરફ હોય ત્યારે તે ગ્રહ સૂર્યની દિશામાં જ હોય. આમ, જ્યારે આ ગ્રહો સૂર્યથી દૂર અને દૃશ્યમાન હોય ત્યારે તેની સપાટી ગોળાકાર નહીં પણ તેની પ્રકાશિત સપાટીના જોઈ



શકતા વિસ્તાર અનુસાર શુક્લ પક્ષની બીજના આપણાં ચંદ્રથી માંડીને શુક્લપક્ષની બારસ-તેરસ જેવા ચંદ્ર, આકાશી જણાય છે.

શુક્રના વાતાવરણના ઘટકોનો અભ્યાસ તો જ્યારે ખગોળવિજ્ઞાનમાં મોટા દૂરબીનો સાથે પ્રયોજાતાં વર્ણપટમાપક સાધનો વપરાતાં થયાં ત્યારે જ શક્ય બન્યો. પરંતુ આ પહેલાં નરી આંખે લેવાયેલા શુક્રના અવલોકનોમાં પણ બે વિશિષ્ટ ઘટનાઓ નોંધાઈ હતી. જેને આધારે શુક્ર ફરતું વીંટળાયેલ ગાઢ વાતાવરણ હોવું જોઈએ એમ તારવી શકાયું હતું.

અધિક્રમણ : ઈ.સ. ૧૭૬૧માં સૂર્યનાં બિંબ પરથી અધિક્રમણની ઘટના સર્જાઈ હતી. આ અધિક્રમણ શું છે તે સમજવા પ્રયત્ન કરીએ. જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્રમા આવી જાય છે ત્યારે સૂર્યગ્રહણ થતું હોય છે. આમ છતાં પણ બુધ કે શુક્ર જેવા આંતરિક ગ્રહો, સૂર્ય અને પૃથ્વી વચ્ચે આવી જાય ત્યારે જે ઘટના બને છે તેને અધિક્રમણ કહેવામાં આવે છે. કેમ કે બુધ અને શુક્ર ગ્રહ, પૃથ્વીથી ઘણા દૂર આવેલા છે તેથી કરીને અધિક્રમણ દરમિયાન તે એક નાના ટપકા જેવું દેખાય છે. જે સૂર્યની પ્રકાશિત તકતી-ડિસ્ક ને પાર કરવા થોડાક કલાક લે છે.

વૈજ્ઞાનિક કૅપ્લરે, પોતાના પ્રસિદ્ધ ગ્રહીય ગતિના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યા પછી તે અંગેની સારણીઓ - કોષ્ટકોમાં ગ્રહોનાં સ્થાનો ગોઠવ્યાં. આના પરથી તેમને અધિક્રમણની ઘટના થતી જણાઈ. તેમણે અધિક્રમણ થવાનાં સમયોગી આગાહી - પૂર્વકથનો કર્યાં. સૂર્યની ડિસ્કની સામેથી શુક્રનું અધિક્રમણ ગ્રહોની એકરેખીય બનવાની દુર્લભ ઘટનાઓમાંની એક છે અને આ ઘટના અતિમહત્ત્વપૂર્ણ પણ છે. દૂરબીન ટેલિસ્કોપની શોધ પછી સને ૧૬૩૧, ૧૬૩૯,





શુક્રનું અધિક્રમણ

૧૭૬૧, ૧૭૬૯, ૧૮૭૪ અને ૧૮૮૨ એમ શુક્રનાં ફક્ત છ અધિક્રમણો થયાં છે. શુક્રના અધિક્રમણની આવી દુર્લભ ઘટનાનું કારણ ક્રાન્તિવૃતની સાથે કક્ષીય માર્ગના ૩.૫ ડિગ્રી નમન-વળાંક છે. આ મુખ્ય માર્ગમાં સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ ત્યારે થાય છે જ્યારે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એકરેખામાં હોય. શુક્રનું અધિક્રમણ ૮ વર્ષના સમયગાળે યુગલોમાં થાય છે. કારણ કે પૃથ્વીને સૂર્યની આસપાસ ૮ પ્રદક્ષિણાઓ કરતાં જેટલો સમય લાગે છે તેટલો જ સમય શુક્રના ૧૩ યુતિકાળ બરાબર થાય છે. યુતિકાળ એ સમયગાળો છે જેટલાં સમયમાં શુક્ર, સૂર્ય અને પૃથ્વીની સાપેક્ષ ફરી સમાન સ્થાને આવે છે.

આગાહી કરાયેલું ૧૬૩૧નું શુક્રનું અધિક્રમણ તે અંગેની ગણતરીઓમાં ભૂલ થવાથી દેખી શકાયું નહોતું. પણ જાગૃત યુવા બ્રિટિશ ખગોળવિજ્ઞાની, જેરોમિયા હૉર્રોક્સને ૧૬૩૯ના શુક્રનાં અધિક્રમણનાં અવલોકનો લેવામાં સફળતા મળી હતી.

અધિક્રમણની અગત્ય શાથી ? : હેલીના ધૂમકેતુનું જેમની સ્મૃતિમાં નામ અપાયું છે તે ખગોળવિજ્ઞાની એડમંડ હેલીને ખયાલ આવી ગયો હતો કે અધિક્રમણનો ઉપયોગ કરીને સૂર્યથી પૃથ્વીનું અંતર જેને આપણે ખગોલીય એકમ પણ કહીએ છીએ તે નિરપેક્ષ એકમો જેવાં કે કિલોમીટરમાં માપી શકીએ છીએ. ૧૮મી સદીમાં પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર કિલોમીટરમાં ચોકસાઈપૂર્વક મેળવવું એ એક અગત્યનો વિજ્ઞાની કોયડો હતો. જોકે અત્યારે તો આ ખગોળીય એકમને ચોકસાઈપૂર્વક મેળવવા માટે શુક્ર ઉપર રડાર તરંગો મોકલીને મેળવાય છે.

૧૭મી અને ૧૮મી સદીમાં શુક્રનાં અધિક્રમણો જોવા માટે સમગ્ર વિશ્વમાં ચલાવાયેલાં અભિયાનોની વાતો તો અત્યંત રોમાંચક અને પ્રેરણાદાયી છે. ૧૭૬૧માં ચાર્લ્સ મૅસન તથા જેરેમિયમ ડિક્સને દક્ષિણ આફ્રિકાથી અધિક્રમણ જોયું હતું. વિલ્સન વેલ્સે કૅનેડાથી, જીન બાપ્ટિસ્ટ ચાપ્પે ડિએટ્રોશે એ સાઈબેરિયાથી અને એલેક્ઝેન્ડરે - ગુઈ પિંગરેએ માડાગાસ્કરથી શુક્રના અધિક્રમણની ઘટનાનાં અવલોકનો લીધાં હતાં. કૅપ્ટન કુકે જૂન ૧૭૬૯માં તાહિતીથી શુક્રના અધિક્રમણનાં અવલોકનો લીધાં હતાં. એ જ વર્ષે ન્યૂઝિલૅન્ડની મર્ક્યુરી ખાડીથી બુધના અધિક્રમણની એક ઘટનાનું અવલોકન કર્યું હતું. ભારતમાંથી પણ અધિક્રમણની ઘટનાઓનાં કેટલાંક અવલોકનો માટે પ્રયાસ

થયા હતા પણ કમનસીબે કોઈ ખાસ વૈજ્ઞાનિક મહત્ત્વના નહોતા. પોંડિચેરીથી અધિક્રમણનાં અવલોકનો લેવાનું આયોજન કરાયું હતું. સને ૧૭૬૧માં થનાર શુક્રના અધિક્રમણ માટે ફ્રાંસનાં લ જેન્તિલે પોંડિચેરી પહોંચવા યોજના બનાવી હતી. તે માટે એક લાંબા દરિયાઈ માર્ગે વેળાસર ત્યાંથી નીકળ્યા પણ હતા પણ કમનસીબે તે વેળા બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. જેન્તિલ પોન્ડિચેરી ઊતરે તે પહેલાં જ અંગ્રેજ સૈનિકોએ તેમને પકડી લીધા. ત્યાર પછી થનાર ૧૭૬૮નું અધિક્રમણ જોવા માટે તે પોંડિચેરી રોકાઈ પણ ગયા. પણ ખરાબ મોસમને કારણે તેમનું આ સ્વપ્ન પૂરું ના થયું. વિલિયમ ક્રાફોર્ડે ૧૮૭૪માં મૉરેશિયસથી આવા અધિક્રમણનાં અવલોકનો લીધાં હતાં. બર્લિન વેધશાળામાંથી પણ ૧૮૭૪ના અધિક્રમણનાં અવલોકનો લેવાયાં હતાં. શુક્રના અધિક્રમણનું સૌપ્રથમ વૈજ્ઞાનિક અવલોકન યેલ હેલિયોમીટર, જે તે સમયનું મોટું ઉપકરણ હતું તેના દ્વારા ૧૮૮૨માં લેવાયું હતું.

આ વેળાનું અધિક્રમણ ક્યાંથી કેવી રીતે જોવું : જૂન ૦૮, ૨૦૦૪ના રોજ થનાર શુક્રનું અધિક્રમણ યુરોપ, આફ્રિકા (પશ્ચિમી ભાગ સિવાય) મધ્યપૂર્વ તથા એશિયાના મોટા ભાગના વિસ્તારોમાંથી દેખાશે. ભારતમાં તે લગભગ સવારે ૧૦.૪૫ના અરસામાં શરૂ થશે. બપોરે ૧૩.૪૭ કલાકે મહત્તમ અધિક્રમણ હશે અને સાંજે ૧૬.૫૦ની આસપાસ પૂરું થશે. અમદાવાદમાં તેનો પ્રથમ સ્પર્શ ૧૦ કલાક ૪૬ મિનિટ ૨૪ સેકન્ડે થશે. મહત્તમ બપોરે ૧૩:૪૮:૩૭ થશે અને તેનો અંતિમ સ્પર્શ (મોક્ષ)સાંજે ૧૬:૫૧:૨૨ સેકન્ડે થશે.

ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, જપાન, ફિલિપિન્સ જેવા દેશોમાં અધિક્રમણ ચાલતું હશે તે દરમિયાનમાં જ ત્યાં સૂર્યાસ્ત થઈ જશે. જ્યારે પશ્ચિમ આફ્રિકા, પૂર્વોત્તર અમેરિકા, કેરેબિયન તથા દક્ષિણ અમેરિકાના મોટા ભાગમાં અધિક્રમણ શરૂ થયા પછી ત્યાં સૂર્યોદય થશે.

આટલું કરજો અને આટલું ના કરશો :

(✔) સૂર્યની ચકતીનું પડદા ઉપર લેવાયેલું ચિત્ર જ જોવું. કોઈ છાયાદાર દીવાલ પર પિનહોલ કૅમેરા કે દૂરબીન દ્વારા સૂર્યનું પ્રતિબિંબ પ્રક્ષિપ્ત કરવું. વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કે પ્રમાણિત કરેલાં સૌર ફિલ્ટરનો જ ઉપયોગ કરવો. લગભગ છ કલાકના અધિક્રમણ દરમિયાન આવું કાળું ટપકું સૌર ચકતીના દક્ષિણભાગમાં પૂર્વથી પશ્ચિમ તરફ પસાર થતું દેખાશે.

(✕) ખુલ્લી આંખે અધિક્રમણનો કોઈ પણ તબક્કો જોવા પ્રયાસ ના કરવો. દૂરબીન કે બીજા સાધન વડે બારોબાર સીધું કદી ના જોશો, કાળા કાચ, રંગીન ફિલ્મ, ગૉગલ્સ, ફોટોગ્રાફિક ન્યૂટ્રલ ડેન્સિટી ફિલ્ટર તથા થોલરાઈસિંગ ફિલ્ટરોનો ઉપયોગ ના કરશો તે બધા અસલામત છે.

સલામત સૌર ફિલ્ટરો વડે પણ સૂર્ય સામે સતત ના જુઓ. થોડી થોડી સેકન્ડો માટે જ સમયાંતરે જુઓ.

શુક્ર અંગેની કેટલીક જાણકારી : કદની દૃષ્ટિએ શુક્ર, પૃથ્વી કરતાં સહેજ નાનો છે. તેની ત્રિજ્યા ૬૦૫૨ કિલોમીટર છે. તેનું દળ પૃથ્વીના ૮૦% જેટલું ૪.૮૬૯ x ૧૬^{૨૪} કિલોગ્રામ છે. સૂર્યથી શુક્રનું અંતર શુક્રથી પૃથ્વીના અંતરના આશરે પોણા ભાગ જેટલું એટલે કે ૦.૭૨૩ A.U. છે. ત્યાંના વાતાવરણનું દબાણ, પૃથ્વીના વાતાવરણના દબાણ કરતાં ૯૦ ગણું છે. આપણાં તો ત્યાં ફેફસાં જ કચડાઈ જાય! વાતાવરણનો ૯૬ ટકા જેટલો ભાગ કાર્બન ડાયોક્સાઈડ છે. ૩.૫ ટકા જેટલો નાઈટ્રોજન છે. વાતાવરણના ઉપરના સ્તરોમાં આશરે ૪૦ કિલોમીટર જેવી ઊંચાઈ પર સલ્ફ્યુરિક ઍસિડનાં ટીપાંનાં બનેલાં વાદળોનું દસેક કિલોમીટરનું સ્તર છે. શુક્રની સપાટીનું તાપમાન લગભગ ૪૭૦° સે. જેટલું ઊંચું રહે છે. પણ ઊંચાઈ સાથે પ્રતિકિલોમીટર દીઠ ૭.૭° સે. જેટલું ઘટતું જઈ ૬૦ કિલોમીટર ઊંચાઈએ તે -૪૦° સે. જેટલું નીચું જાય છે.

શુક્રનો ગ્રહ સૂર્યની આસપાસ એક પરિભ્રમણ પૂરું કરતા ૨૨૫ દિવસ લે છે. તેને આપણે શુક્રના વર્ષ તરીકે ગણીએ. તેની ભ્રમણકક્ષા ઘણી જ અલ્પ માત્રામાં લંબગોળાકાર છે. તેની ઉત્કેન્દ્રતા ૦.૦૦૭ જેટલી છે. શુક્રનો પોતાની ધરી ફરતો ધરીભ્રમણકાળ ૨૪૩ દિવસોનો છે. પણ આ ભ્રમણ તેની કક્ષાભ્રમણની વિરુદ્ધ દિશાનું છે. તેને પ્રતિગામી કહેવાય છે. શુક્રની ધરતી ઉપરથી જોનારને ત્યાં સૂર્યોદય પશ્ચિમમાં અને સૂર્યાસ્ત પૂર્વમાં થતો દેખાશે.

અંતરિક્ષયાનો દ્વારા શુક્રની જાણકારી : લગભગ ૨૧ જેટલાં અંતરિક્ષ યાનોએ શુક્રની મુલાકાત લીધી છે કે તેની નજીકથી પસાર થઈ અવલોકનો મેળવ્યાં છે. તત્કાલીન સોવિયેટ સંઘે શુક્ર તરફ વેનેરા યાનોની એક શ્રેણી મોકલી, પણ સૌપ્રથમ સફળ પ્રયત્ન તો ઑક્ટોબર ૧૮, ૧૯૬૭માં મોકલાયેલા વેનેરા-૪થી થયો. તેનું ઉતરાણ કરનાર ઘટક લેન્ડર - તેની ધરતી સુધી પહોંચે તે દરમિયાન જ તે જ્યારે ૩૪ કિલોમીટર ઊંચાઈએ હતું ત્યારે જ કચડાઈ ગયું અને શાંત થઈ ગયું. આ સ્તરે વાતાવરણનું દબાણ પૃથ્વીના દબાણ કરતાં ૭૫ ગણું નોંધાયું. વેનેરા-૪નું લેન્ડર ત્યાંના વાતાવરણમાં દાખલ થયું તેના એક દિવસ પછી અમેરિકાના મરિનર-પાંચે શુક્રથી ૩૩૯૧ કિલોમીટરના અંતરે રહીને કેટલીક જાણકારી મોકલી હતી.

જુલાઈ-૧૭, ૧૯૭૦ના રોજ રશિયન વેનેરા-૭ શુક્ર પર મોકલાયું. તેના લૅન્ડરે શુક્રની ધરતી ઉપર ઉતરાણ કર્યું અને ૨૮ મિનિટ સુધી ત્યાંથી પૃથ્વી ઉપર સફળતાપૂર્વક માહિતીઓ

લઘુકથા

લાજ

રાજુ કાનાણી

સ્ત્રી સ્વાતંત્ર્યના હિમાયતી રઘુકાકાને હવે કોઈ ઓળખતું નથી. એવું કેમ બને ? એમણે સ્ત્રીઓને કુરિવાજોના ભાર તળે દબાવી દેતા આ સમાજ સામે હંમેશાં વિરોધ પ્રકટ કર્યો છે. એમનાં ચોટદાર ભાષણોને કારણે મોટાં શહેરો તો ઠીક પણ ગામડાંઓમાં પણ ભાષણોનું આયોજન થવા લાગ્યું હતું. રઘુકાકા એટલે સ્ત્રીજાગૃતિના રાહબર !

રઘુકાકા જ્યારે ભાષણ શરૂ કરે ત્યારે પહેલી વાત સ્ત્રીઓના ઘૂમટાની જ હોય. રૂઢિચુસ્ત પરિવારોમાં આજે પણ સ્ત્રીઓને સાડીના છેડાથી મોં ઢાંકી લાજ કાઢવી પડે છે. આ બાબતે રઘુકાકા હંમેશાં વિરોધમાં હોય, 'જૂના રિવોજો છોડીને નવા જમાના પ્રમાણે સ્ત્રીઓને મુક્ત કરાવવા મથતા રહેવું. એ મારું જીવન છે.' એવું સતત કહ્યા કરે.

એક વખત રઘુકાકા મહેમાન તરીકે સંદીપભાઈના ઘેર ગયેલા. રાત્રિરોકાણ દરમિયાન અનેક વાતો થયેલી. વહેલી સવારે સંદીપભાઈનાં પત્ની સાડીનો ઘૂમટો તાણીને ચાનો પ્યાલો આપવા આવ્યાં, ત્યારે રઘુકાકા બોલ્યા, 'તમે પણ ખરાં છો ! હું જેનો વિરોધ કરવા અહીં આવ્યો છું. તે જ બાબત તમારા ઘરમાં ? તમે સાડીનો છેડો માથેથી હટાવી દો, મને ખૂબ ગમશે. સ્ત્રીને પોતાના સૌંદર્યને બતાવવાના અધિકાર છે. હવે તમે નવા જમાનાનાં છો. એ કેમ ભૂલ્યાં... ?' પરંતુ આ વાત સાંભળવા સંદીપભાઈનાં પત્ની નહોતાં ઊભાં રહ્યાં. એ રસોડામાં દોડી ગયાં, ત્યારે સંદીપભાઈ બાજુના રૂમના બારણે ઊભા રહીને સાંભળતા હતા. એ વખતે સંદીપભાઈના કાને શબ્દો પડ્યા...'ચિબાવલી, ન જોઈ હોય તો ! પોતાના રૂપને આમ ઢાંકીને રાખવું એ સ્ત્રી માટે કેટલું વાજબી ? મારા જેવા 'રસિક'નું શું થશે ? છટ્...'

સહજ નીકળેલા ઉદ્ગાર સાંભળીને સંદીપભાઈએ રઘુકાકાની સામે આવી કહ્યું, 'કાકા, સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો ભલે કરો, પરંતુ આપણા પૂર્વજોને દોષ ન દેશો, કદાચ એમણે બહુ વિચારીને વહુને લાજ કઢાવી હશે ને ! શક્ય છે, એમના જમાનામાં પણ અનેક રઘુકાકાઓ હતા... !!' ❐

મોકલી. ત્યાર બાદ જૂન ૧૯૭૫માં મોકલાયેલા વેનેરા-૯ અને વેનેરા-૧૦માં બબ્બે ભાગ હતા. ત્યાંની ધરતી ઉપર ઊતરનાર લૅન્ડર અને તેની આસપાસ ભ્રમણ કરનાર ઑર્બિટર. એવી ધારણા હતી કે ઘેરાં વાદળોને લીધે ત્યાં અંધારુંઘોર હશે અને તેથી તેની ધરતીના ફોટા લેવા લૅન્ડર ઉપર સર્ચલાઈટો ગોઠવી હતી. પણ પછી જાણકારી મળી કે આશરે ૩ ટકા જેટલો સૂર્યપ્રકાશ તેની ધરતી પર પહોંચે છે.

અમેરિકાએ તેનું મરિનર-૧૦ નવેમ્બર ૩, ૧૯૭૩નાં રોજ બુધના અભ્યાસ માટે મોકલ્યું હતું. તે યાને ફેબ્રુઆરી ૫, ૧૯૭૪ના રોજ શુક્રથી ૫૭૯૩ કિલોમીટરના અંતરે રહીને સૌપ્રથમ વાર શુક્રનાં વાદળોના અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં ૪૦૦૦ જેટલી તસ્વીરો લીધી હતી. શુક્રના સર્વગ્રાહી અભ્યાસ માટે અમેરિકાએ થાયોમિયર વિનસ મિશન ૧૯૭૮માં મોકલ્યું. તેમાં પાયોનિયર-૧૨ અને પાયોનિયર-૧૩ (જે પાયોનિયર-વિનસ-૧ અને પાયોનિયર વિનસ-૨ નામે પણ ઓળખાય છે.) મોકલ્યાં હતાં. આમાંનું એક શુક્રને લંબગોળાકાર રહીને ભ્રમણ કરતું. તે જ્યારે શુક્રથી નજીક હોય - સપાટીથી ૨૦૦ કિલોમીટરના અંતરે હોય તે વાતાવરણના નમૂના લઈ તેનો અભ્યાસ કરતું અને પછી બાકીના સમયમાં દૂર હોય ત્યારે તે રેડિયો સાઉન્ડિંગથી શુક્રની સપાટીના મૅપિંગ-ચિત્રણ કરતું હતું. આ પાયોનિયર-૧૨ને ઑર્બિટર તરીકે પણ ઓળખાવાતું. તેમાં અલ્ટ્રાવાયોલેટ સ્પેક્ટ્રોમીટર રાખવામાં આવ્યો હતો. પાયોનિયર-૧૩એ શુક્રના વાતાવરણમાં ૪ અન્વેષણના પ્રોબ તરીકે ઓળખાતાં ઉપકરણો સફળતાપૂર્વક ઉતાર્યાં હતાં. આની દ્વારા ગૅસ ક્રોમેટ્રોગ્રાફ અને માસ એક્ટ્રોગ્રાફ જેવાં ઉપકરણો વડે વાદળોના ટોપચાંથી સપાટી સુધીના વાતાવરણની સંરચનાનો અભ્યાસ કરાયો હતો. પાયોનિયર-વિનસ ઑર્બિટરે ૧૪ વર્ષ જેવા લાંબા ગાળા માટેનાં અવલોકનો લીધાં હતાં.

છેલ્લો જ્યારે હેલીનો ધૂમકેતુ દેખાયો ત્યારે રશિયાએ બે અંતરિક્ષ યાનો વેગા-૧ અને વેગા-૨ ધૂમકેતુના પ્લાઝમાના અભ્યાસ માટે મોકલ્યાં હતાં. તેની કક્ષાઓ એવી રીતે ગોઠવાઈ હતી કે જ્યારે તે શુક્રની નજીકથી પસાર થાય ત્યારે બે બલૂનો-છત્રીઓ - શુક્રના વાતાવરણમાં ફંગોળ્યાં હતાં. આ બલૂનોમાં શુક્રના અભ્યાસ માટેનાં ઉપકરણો હતાં. તેમજ શુક્રની ધરતી ઉપર ઊતરવા માટેનું એક પ્રોબ પણ હતું. આ બલૂનો શુક્રના વાતાવરણમાં ૪૮ કલાક તરતાં રહ્યાં અને તે દરમિયાન તેમનાં સ્થાનો પૃથ્વી પરના કેન્દ્ર પરથી Very long Baseline Interferometry - VLSI નામની રેડિયો પ્રણાલી દ્વારા નોંધાયાં હતાં. આ પ્રયોગોએ શુક્રના વાતાવરણના ભ્રમણ અંગેની અગત્યની જાણકારી પૂરી પાડી હતી. બલૂનોમાં રખાયેલાં ઉપકરણોએ શુક્રની ધરતી ઉપર સફળ ઉતરાણ કરી સપાટીના નમૂનાઓનું પણ અન્વેષણ કર્યું હતું.

(અનુસંધાન પૃ. ૩૮૪ પર)

વિમોચન એટલે વિમુંડન

વાલ્મીક મહેતા

'વિમોચન' અને 'વીમો', આ બે શબ્દો વચ્ચે, જુઓ કેટલી નજીકની વર્ણસગાઈ છે !

બંન્નેના શબ્દાર્થમાં પણ કાકી-ભત્રીજામાં જોવા મળતું સામ્ય છે ! વિમોચન એટલે મુક્તિ, અને વીમો - એટલે મુક્તિ થવાથી થતા નુકસાનને ભરપાઈ કરવાનો કરાર !!

મૃત્યુ પછી થતી શ્વાસની મુક્તિ એક દૈહિક મુક્તિ છે... એમ માથાના વાળનું વિમોચન... કે નવા-પ્રકાશિત થતાં પુસ્તકની 'રિબીન'નું વિમોચનકારની કાતરે કપાવું... (વહેતું મુકાવું ?) એ ભૌતિક ઘટના ઘટી કહેવાય; પણ મૃત્યુ પછી થતી આત્માની ગતિ - સદ્ગતિ કે દુર્ગતિ, જેમ કોઈ નરી આંખે જોઈ શક્યું નથી, તેમ માથાના વાળ કે વિમુંડિત પુસ્તક ક્યાં ક્યાં જાય છે... એ અનુમાન જ બાંધવાનાં રહે છે ! એટલે પુસ્તકનું વિમોચન એ વીમો છે. પુસ્તક-વિમોચનની અગાઉની જૂની પ્રથામાં તો પુસ્તકનો જન્મ થયાની જાણ ત્યારે જ થતી કે જ્યારે કોઈ સામયિકમાં એનો 'સાભાર-સ્વીકાર' છપાય. પુસ્તક મોકલનાર પ્રકાશક અથવા લેખક પહેલા પાને - 'અવલોકનાર્થે' લખે, પણ પુસ્તકનો સાભાર-સ્વીકાર તો 'અનકંડિશનલ' જ થતો હોય છે. આ અવલોકનાર્થે મોકલાયેલાં તેમજ સાદર-સપ્રેમ ભેટ અપાતાં પુસ્તકો લૉટરીની ટિકિટો મફતમાં વહેંચવા જેવું નિઃશુલ્ક રોકાણ છે. આશાભિલાષી લેખક બિચારો નિર્વ્યાજ એવું આ દાક્ષિણ્ય દર્શાવે, પણ પ્રકાશક તો આને ગોપીચંદન જ ગણે છે ! મહાદેવજીના મંદિરમાં ચોખાની ઢગલી કરી, ઉપર સોપારી મૂકો તો પૂજારીના પેટમાં તો જાય... પણ મહાદેવજીને માથે બીલીપત્ર ચડાવો કે દૂધ ચઢાવો... એમાં પૂજારીને શું ઉપાર્જન.. ?! આ કારણસર હવે પુસ્તકનું વિમોચન તેમજ આઇસ્ક્રિમનો ખર્ચ પણ પ્રકાશક કરતા હોય છે. એમને પૂછો તો કહેશે...'યાર... સો... ભેગા સવા લાખ !'

'વિમોચન' આટોપી લીધા પછી વિમુંડિત પુસ્તકના દર્શન કરાવવાની વિધિ જ્યારે હું જોઉં છું ત્યારે મને બોચીના વાળનું કાતરકામ કર્યા પછી પાછળ તકતો ધરી ઊભો રહેતો વાળંદ યાદ આવે છે ! આપણે ઓ.કે. ના કહીએ ત્યાં સુધી એ તકતો સંપૂર્ણ દર્શન કરાવવા આડો-અવળો ફેરવ્યા કરે !

આમંત્રિત દર્શાનાર્થીઓ પુસ્તકનું 'દર્શન લાધ્યાનો આનંદ' તાળીઓ બજાવી વ્યક્ત કરે... પુસ્તકનું જેટલું સારું-આકર્ષક 'ફોર-કલર-ટાઇટલ'નું તેટલું જ કિંમતની દૃષ્ટિએ અનાકર્ષક.. ! મનમાં એમ બબડે... સવા-સો રૂપિયા મૂલ્ય હશે. ભેટમાં મળે તો અહીં સુધી લાંબા થયા એ કામે લાગ્યું કહેવાય !' ઇચ્છા-ખરીદવાની હશે, તેને વીસ-ટકા વટાવેય મળશે.. જોઈએ છીએ હવે... લાઈબ્રેરીમાં તો આવવાનું જ છે પછી..' !!

'ખરીદીને પુસ્તક વાંચનાર વર્ગ પણ છે.' આવું પાછું કોઈ કહે છે ! પણ જ્યારે આવું સાંભળું ત્યારે મને તો... 'મંગળ ઉપર જીવસૃષ્ટિ છે.' સાંભળ્યા જેવું સાનંદાશ્ચર્ય થાય છે ! રસ્તે જતાં કોઈ વાર 'ધ્વજદિન'ના દિવસે હું મોટરકારવાળાઓને પાંચ-દસ રૂપિયા ખર્ચી, રાષ્ટ્રધ્વજની પતાકડી ખરીદતા પણ જોઉં ત્યારે મને જે સંવેદન થાય છે એવું જ પુસ્તક ખરીદારને જોઈને થાય છે ! રાષ્ટ્રના સંરક્ષણ ખાતે કે શહીદોનાં કુટુંબ પાછળ ખર્ચાતી પાઈપાઈનો ફાળો જેમ સૂચવે છે કે હજુ રાષ્ટ્રપ્રેમની ભાવના ટકી રહી છે. તેમ સાહિત્યિક એકએક પુસ્તકના 'વિમોચન' પછી કાઉન્ટર ઉપરની ખરીદી, એ સાહિત્યની જ જીવાદોરી સમાન નથી પણ ખુદ સાહિત્યકાર કે જે હજુ જીવી રહ્યો છે તેને ઝાલી રાખવા સમાન છે ! 'ગુજરાતી સાહિત્યનો જય હો', 'સાહિત્યકાર અમર રહો'ના 'ગર્જના' નહિ, પણ ક્યાંક... કોઈ ખૂણેથી 'ગુંજારવ' કાને પડે છે !

પુસ્તક-વિમોચન દરમિયાન, વિમોચનકાર દ્વારા અપાયેલાં કેટલાંક વક્તવ્યોની તો વ્યાખ્યાનમાળા સંગૃહીત કરવા જેવી પણ છે. ક્યારેક શ્રોતાઓને હસાવવા, માની-સન્માની-વ્યસ્ત વક્તા ભાંગરો વાટી નાખે છે. એક ખ્યાત વિવેચકે એક કાવ્યસંગ્રહનું વિમુંડન કર્યા પછી કહ્યું હતું..., 'હું આ પુસ્તિકાનાં બધાં પાનાં ફેરવી ગયો છું; હું કશું સમજી શક્યો નથી. હા... આખી રાત ટ્રેનમાં મુસાફરી કરવાની હતી. જાગવાનું હતું, એટલે એમ હતું કે પુસ્તક વંચાઈ જશે; અને એના અંશો સંબંધી, હું તમને કંઈક કહીશ. પણ પાનાં ફેરવતાં... મને કવિની અભિવ્યક્તિ સમજાઈ નહિ ને હું ઊંઘી ગયો.' બસ પછી, યશવંતભાઈને અન્યત્ર પણ પ્રવચન આપવાનું હતું ત્યાં જતા રહ્યા હતા !

એક પુસ્તક-વિમોચન પ્રસંગે લેખકે સન્માનીય વિમોચનકાર અને રાજ્યસરકારના ઉચ્ચ સ્થાને બિરાજેલ મહાનુભાવનો પરિચય આપતા કહ્યું : 'અમે બેઉ નિશાળમાં સાથે ભણતા હતા. આજે એ મોટા રાજકીય નેતા છે. (સ્વગત : ને હું સંઘર્ષ કરું છું.)'

લેખકે જૂની ઘનિષ્ઠતાની અસર નીચે મોવડીને ખપતું માન એમનાં પરાક્રમોનો કોઈ ઉલ્લેખ ના કર્યો. ઊલટાંનું મોવડીની સાહિત્યશૂન્યતાનો અણસાર આવે એવો ઘસરકો માર્યો ! પુસ્તક-વિમોચન કર્યા બાદ મોવડીએ જે પ્રવચન કર્યું, તે સાંભળી લેખકનું મોં રાખોડિયું પડી ગયું ! લેખક અને એ રાજકારણી, નિશાળ છોડ્યા પછી પિસ્તાળીસ વર્ષોમાં એકેય વાર મળ્યા નહોતા ! થઈને રેવડી દાણાદાર !

તાજેતરમાં એક લેખિકાએ એમનાં બે પુસ્તકોનાં 'વિમુંડન' માટે બે વિમુંડનકારને રોકેલા. (કૌંસમાં જણાવવાનું

(અનુસંધાન પૃ. ૩૩૮ પર)

ગદાધર માહાત્મ્ય આધારિત ઉપસંહાર : ૮



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

એક પુરાણકથા પ્રમાણે ભૂલોક (પૃથ્વી) પર જીવન વ્યવસ્થિત ચાલે તે માટે બ્રહ્માજીએ માનવો પેદા કર્યા, તો નારદજી તેમ જ અન્ય ઋષિ-મુનિ-સંતોની ભલામણથી તેમને મુક્તિ મળી જાય એવું પણ ગોઠવાયું. પરિણામે જગત ઉત્પન્ન કરવાની બ્રહ્માજીની મહેનત વ્યર્થ ગઈ. આ કાર્યનો પશ્ચાત્તાપ કરવા ભૂલોક પર જઈ તપ કરવાનો બ્રહ્માજીએ નિર્ણય કર્યો. તેઓ કાશી, પ્રયાગ, કાંચી, તુંગભદ્રા, પ્રભાસ જેવાં પવિત્ર યાત્રાધામો પર અવકાશી સફર કરી, પરંતુ આ બધાં સ્થળો તેમને સંતોષકારક જણાયાં નહિ; વધુ આગળ જતાં તેઓ ગુજરાતમાંના ત્રિશૃંગ પર્વત પર આવી પહોંચ્યા. તેમને આ સ્થળ પવિત્ર અનુકૂળ અને શ્રેષ્ઠ જણાયું. આથી તેઓએ અહીં શામળાજીના સ્થળને પસંદ કર્યું. કહેવાય છે કે અહીંનાં વૃક્ષો તેમને આદરભાવથી નમ્યાં તથા ફૂલો અને ફળો ભેટ ધર્યાં. બ્રહ્માજી પ્રસન્ન થયા. તેમણે આ સ્થળને આશીર્વાદ આપતા કહ્યું કે, 'શામળાજીનું આ સ્થળ ક્યારેય તેની રમણીયતા ગુમાવશે નહિ.' બ્રહ્માજીએ અહીં એક આશ્રમ સ્થાપ્યો, સાવિત્રીસહ તેઓ અહીં રહ્યા એક હજાર વર્ષ સુધી તપ કર્યું. ભગવાન શિવ પ્રસન્ન થયા અને કહ્યું, 'આ તપથી તમારા તમામ દોષ નાશ પામ્યા છે, તો હવે તમે આ પવિત્ર સ્થાન પર યજ્ઞ કરો.'

ભગવાન શિવનો આવો કલ્યાણકારી આદેશ થયો એટલે બ્રહ્માજીએ અહીં આદિત્યપ્રવર મહાયજ્ઞ કરવાનો નિર્ધાર કર્યો. આ માટે તેમણે બ્રાહ્મણો, ઋષિઓ, દેવો, સન્યાસીઓ, વિદ્વાનો વગેરેને નિમંત્રણો પાઠવ્યાં. અનેક નિમંત્રિતોનાં મંગળ હસ્તકમળોનું પ્રક્ષાલન કરવા માટે એક જળાશય રચાયું. તેનાં જળ પાપનિવારણની ક્ષમતા ધરાવતાં બની રહ્યાં. અહીં આવેલા દેવોએ આ નૂતન સરોવરને 'કરામ્બુજ' સરોવર અને સ્થળને કરામ્બુતીર્થક્ષેત્ર તરીકે નવાજ્યું.

યજ્ઞ આરંભાયો. ભગવાન વિષ્ણુ સ્વયં તેમાં શ્યામ સ્વરૂપે પ્રકટ થયા. બ્રહ્માજીની પ્રાર્થનાથી તેઓ પ્રસન્ન થયા અને તેમની જે કાંઈ ઇચ્છા હોય તે જણાવવા કહ્યું. બ્રહ્માજી બોલ્યા, 'પ્રભુ ! મને એવું વરદાન આપો કે અહીં આવી જે કોઈ આપની પૂજા કરે, તેને કોઈ નુકસાન ન થાય. જે કોઈ અહીં આવી મોક્ષની ઇચ્છા કરે અને કરામ્બુતીર્થમાં સ્નાન કરે, તેને આપ આપનાં શ્યામસ્વરૂપનાં દર્શન આપો.' ભગવાન વિષ્ણુએ તેમની ઇચ્છા પૂર્ણ કરી અને કહ્યું કે, 'હવે હું આ કરામ્બુતીર્થમાં સદાસર્વદા વાસ કરીશ; પાપીઓનાં પાપ અહીં નાશ પામશે અને તેમને મુક્તિ મળશે. સંતાનવિહોણાં દંપતી આ તીર્થમાં સ્નાન કરશે તો તેઓ સંતાનને પામશે.' ત્યારથી ભગવાન વિષ્ણુ હાથમાં ગદા રાખીને અહીં વસેલા છે. આ કારણે તે ગદાધર કહેવાયા છે.

કરામ્બુતીર્થ : યજ્ઞ સંપન્ન થવાની સંધ્યાએ બધાં જ તીર્થોના અધિષ્ઠાતા દેવો હાજર હતા. મોટામાં મોટા તીર્થને અર્ઘ્ય આપવાનો સમય થઈ ગયો હતો. તે વખતે કરામ્બુતીર્થના સ્થળેથી અવાજ આવ્યો કે આ તીર્થ પર ગદાધર ભગવાનની કૃપા ઊતરેલી છે અને બ્રહ્માજીના આશીર્વાદ મળેલા છે, માટે બધાં તીર્થોમાં કરામ્બુતીર્થ જ પ્રથમ સ્થાને ગણાય. આવાં અભિમાનભર્યાં વચનોથી ધર્મરાજાએ તેને શાપ આપ્યો કે તેનું મહત્ત્વ જળવાશે નહિ. બ્રહ્માજી વચ્ચે પડ્યા, ધર્મરાજાએ શાપનું નિવારણ બતાવ્યું, 'ત્રેતાયુગના પ્રારંભે ભગવાન વિષ્ણુના ભક્ત રાજા હરિશ્ચન્દ્ર જ્યારે આ ક્ષેત્રની મુલાકાત લેશે તે પછી જ તે ફરીથી ખ્યાતિ પામશે, તથા જેઓ તેમાં સ્નાન કરીને કાર્તિકી પૂર્ણિમાને દિવસે ભગવાન ગદાધરને નમશે, તેઓ બીજાં સો તીર્થોનું પુણ્ય આ એક જ તીર્થમાંથી મેળવશે.'

રાજા હરિશ્ચન્દ્ર : અયોધ્યાના રાજા હરિશ્ચન્દ્ર અને રાણી તારામતી પાસે અઢળક વૈભવ હતો, પરંતુ સંતાનસુખ ન હતું. તેમણે કુળગુરુ બ્રહ્મર્ષિ વસિષ્ઠને પ્રાર્થનાસહ પોતાની વ્યથા વ્યક્ત કરી. વસિષ્ઠ ઋષિએ કહ્યું, 'રાજન, ગુજરાતમાં ત્રિશૃંગ પર્વતની તળેટીમાં આવેલા કરામ્બુજતીર્થ ક્ષેત્રમાં વસતા બ્રહ્મજ્ઞાની ઔદુમ્બર ઋષિના આશીર્વાદ મેળવો.' રાજા અને ઋષિ વસિષ્ઠ ઔદુમ્બર ઋષિ પાસે આવ્યા. ઔદુમ્બર ઋષિ ત્યારે ધ્યાનસ્થ હતા. ધ્યાન પૂરું થતાં તેમણે તેમનો અતિથિ-સત્કાર કર્યો. રાજાએ પોતાની વ્યથા વર્ણવી. ઔદુમ્બર ઋષિએ જણાવ્યું, 'રાજન, વસિષ્ઠ ઋષિના આશીર્વાદથી જરૂર પુત્રપ્રાપ્તિ થશે. પુત્ર થયા પછી તમારે અહીં રાજસૂય યજ્ઞ કરવો પડશે.' રાજાએ એ માટે સંકલ્પ કર્યો. ઔદુમ્બર ઋષિની આજ્ઞા લઈ રાજા અને ઋષિ વસિષ્ઠ પાછા અયોધ્યા ગયા. સમય વીતતાં રાણી તારામતીને પુત્રરત્ન પ્રાપ્ત થયું. ત્યાર બાદ યથાસમયે મહર્ષિ વસિષ્ઠ સાથે રાજા, રાણી અને પુત્ર રોહિત કરામ્બુજ તીર્થક્ષેત્રમાં આવ્યાં. સાથે પ્રધાનો, સૈનિકો અને કેટલાંક પ્રજાજનો પણ આવેલાં.

ઔદુમ્બર ઋષિના આદેશથી ભગવાન ગદાધરના મંદિરની સામેના ચોકમાં કિલ્લેબંધી કરાવવાનું શરૂ થયું. કિલ્લાનો જેટલો ભાગ દિવસ દરમિયાન ચણાતો તે રાત્રિ દરમિયાન પડી જતો. સર્વ કોઈ ચિંતાતુર રહેતાં હોવાથી મા

(આથમતાં અજવાળાં - ૨૫)

બસસ્ટૅન્ડ : મુસાફરીનું ખોડીબારું

ભગીરથ બ્રહ્મભટ્ટ

લોકો તો જાણે છે કે પ્રકૃતિ માત્ર ઋતુઓના રંગરાગ ઝીલતી હોય છે, નહિ તો વસંત-પાનખરની શોભા એના અંગ ઉપર આવે ક્યાંથી ? કોઈ વૃક્ષ પાનખરની લોકથી ડરી ગયાનું સાંભળ્યું નથી. પણ બસસ્ટૅન્ડ એક એવી જગ્યા છે કે ત્યાં બધી મોસમ એકસાથે આવે છે. ઋતુઓના વારાફેરા પ્રકૃતિમાં હોય, બસ સ્ટૅન્ડમાં નહિ. બસસ્ટૅન્ડમાં તો તમને બધીયે ઋતુઓના રાગદ્વેષ એકસાથે જોવાજાણવા મળે. હસવું-રડવું, મળવું-જુદા થવું, આવવું-જવું વગેરે.

બસસ્ટૅન્ડ એ પ્રવાસનું એક ખોડીબારું છે. એ ખોડીબારામાં પ્રવેશી પછી જિંદગીની સફરે માનવી નીકળી પડતો હોય છે ! બસસ્ટૅન્ડમાં અવર-જવર કરતી બસો એ ઊડતાં પંખી જેવી હોય છે. બસો દોડે છે ત્યારે મુસાફરોની અદમ્ય ઇચ્છાઓની પાંખો વિહાર કરવા માંડે છે !!

બસસ્ટૅન્ડમાં ઝભ્ભાવાળા શેઠ હોય, તો ઝભ્ભાવાળા મુફલિસ પણ હોય. લેંઘાવાળા ફેરિયા હોય તો લેંઘાવાળા લે-ભાગુ પણ હોય. ધોતીવાળા વેપારી હોય તો ધોતીવાળા ભિખારી ન હોય એવું થોડું છે ? કોઈ પંજાબી ડ્રેસવાળી વૃદ્ધા હોય તો કોઈ ઓઢણીવાળી પ્રૌઢા પણ હોય ને સાડીવાળી કન્યા કે તરુણી ન હોય એવું થોડું છે ? કોઈના સૌભાગ્યનો ચાંદલો અન્ય કોઈ જણને પોકારતો હોય... 'એ આજા રે' કોઈની બંગડીનો રણકાર કોઈ ભાનભૂલેલાને ભાન પણ કરાવતો હોય ! ખાખી ડગલામાં ડ્રાઈવરો-કંડક્ટરો મુસાફરીનો માંડવો રોપનારા ગણેશિયા થયા હોય, એ બસના માંડવિયા મહારાજાઓ જ કોઈના 'ઇન્ટર્વ્યૂ કૉલ'નો આધાર હોય, તો કોઈના જીવનનો આધાર હોય, કોઈની પ્રતીક્ષાનો દોર એમના હાથમાં તો કોઈના અરમાનોને ચગદી નાખવાની ગુંજાશ હોય એમની બહોમાં.

શહેર અને ગામડાં બસસ્ટૅન્ડની બાબતે નોખાં પડે છે. શહેરના બસસ્ટૅન્ડમાં અજાણ્યા ચહેરાઓની ચમક વધારે હોય છે જ્યારે ગામડાના બસસ્ટૅન્ડે પરિચિત ચહેરાઓની ચિંતાઓની ભાગ્યરેખાઓ પરિચિતતાની અડખે-પડખે વીંટળાય છે. જ્યારે પરિચિતતા ઓગળી જાય ત્યારે તો બસમાંથી ઊતરી જવાનું હોય છે. પરિચિતતાઓને ભીંજવવા માટે જ બસમાં બેસવું જરૂરી હોય છે. ગામડાનું બસસ્ટૅન્ડ કીડીનું દર છે અને શહેરનું બસસ્ટૅન્ડ કિડિયારું છે. બંને મુસાફરીની માયાજાળ !! ક્યાંક્યાંની માયાના છેડાઓ બસસ્ટૅન્ડમાં આવીને ક્યાંના ક્યાં અટવાતા હોય છે !

બસસ્ટૅન્ડ એ દૃશ્યોનો મેળો છે. ઈશ્વરની લીલાનો દસ્તાવેજી નમૂનો છે. ઘોંઘાટથી રગદોળાયેલું સંગીત સાંભળવા માટે બસસ્ટૅન્ડો જાણીતાં છે. ચોર, ગુંડા, ખિસ્સાકાતરુઓની એ પરબ છે. બસસ્ટૅન્ડની મધ્યમાં કોઈ પ્રતીક્ષા નામની સુંદરી નિવાસ કરતી હોવી જોઈએ. એ સુંદરીના પ્રલોભને જ બસસ્ટૅન્ડ જીવે છે. બસસ્ટૅન્ડના સ્વાસ્થ્ય વિશે જો અંદેશો પડે તો સમજી લેવું કે પેલી પ્રતીક્ષાને કંઈક થયું હોવું જોઈએ. મેળામાં માંગનારા હોય, તો આવનારા પણ હોય, ચગડોળ હોય તો એમાં બેસનારા પણ હોય. સીટ હોય તો મુસાફરો બેસનારા પણ હોય... રાવણહથ્થાવાળો હોય કે કાંસકીઓવાળી હોય... વાળો-વાળીનો ફરક બસને પડતો નથી. કોઈને 'અ' કામે જવું છે તો કોઈને 'બ' કામે. સૌને પહોંચવું છે. પહોંચવું જ છે. બસસ્ટૅન્ડ એ રીતે ક્યાંક પહોંચવા માટે પ્રારંભાયેલી ઇચ્છાઓને ઉકેલવા મથે છે. એટલે જ તો બસસ્ટૅન્ડના દરિયામાં ઓટ અને ભરતી બંને એકસાથે જોવા મળે છે.

બસના કપાળ ઉપર એના સદ્‌ભાગ્યના લેખ લખાતા હોય છે. એટલે કે બોર્ડ લગાવતાં હોય છે. ગામેગામનાં પતરાનાં બોર્ડ એના અવાજો, કોઈક બોર્ડ ખવાઈ ગયું હોય તો કોઈ ઝાંખું પડ્યું હોય. કોઈક ખોટી બસને લગાડી દીધું હોય. કોઈકના અક્ષરો જ ઊકલતા ન હોય ! કોઈ લાલ અક્ષરે હોય તો કોઈ કાળા !! બસો તો કોઈ કંકુના થાપા લઈને, કોઈ કાળના ઉધામા લઈને, ઇચ્છા-અનિચ્છાના પોટકાં સીટ ઉપર બેસાડી ફરતી જ રહે છે.

વયનું અને વસ્ત્રોનું વૈવિધ્ય, વૃત્તિ અને પ્રવૃત્તિનું વૈવિધ્ય વિવિધ પ્લેટફૉર્મ ઉપર વિવિધ દૃશ્યો ! ક્યાંક નૃત્ય તો ક્યાંક બેસૂરું સંગીત ! ક્યાંક બગાસાં તો ક્યાંક નાસ્તા ! ક્યાંક ભજિયાં નો ક્યાંક કજિયા ! એ બધાની વચ્ચેય ક્યાંક એકધારી ખણકતી હોય બંગડી, ક્યાંક શરમાળું ઝણકતાં હોય ઝાંઝર, ઝીણી ઝીણી આંખ અને લીસી લીસી નજરો એ ભીડ વચ્ચેય મોકળા માર્ગ કરતી હોય... ન હોય અકસ્માત કે નડે નહિ કોઈ સ્પીડ-બ્રેકરો !! દૃશ્યોનું અંતર તૂટી જાય પણ એમાંની કોઈ મહત્ત્વની પળ યાદ રહી જાય.

મા-દીકરી, દીકરો-બાપ, ભાઈ બહેન, ભાઈ-ભાણી, મા-બાપ, કાકા-કાકી, મામા-મામી, કાળા-ધોળા, ઘાટીલા-ઊંચા, મોટી આંખોવાળા, નાની આંખોવાળા, મોટા-નાના જેવી સંજ્ઞાઓનો ઢગલો જ ઢગલો !! દુર્ગંધો વચ્ચેય ક્યાંય સેન્ટની ઝીણી ઝીણી માદક મ્હેંક લોભાવેય ખરી. બેઠકો બગડેલી હોય ક્યાંક બેસવાલાયક પણ હોય, સૂર્ય બસસ્ટૅન્ડનું સિગ્નલ બને, ધૂળિયું વાતાવરણ બસસ્ટૅન્ડને વધારે માફક આવે છે. એના પાચનતંત્રને ધૂળની ફાવટ છે. પોલીસ પોતીકા ખાખીપણાના અંચળા ઉપર ખુશ જણાય છે. ભીતર તો એનુંય કોણ જાણે ?

ટાઈમ, દોડાદોડ, સમયપત્રકનું ભૂંસાઈ જવું, લપસવું, 'પાણી', 'પાણી'ની બૂમો. સળગતો કોલસો પાણીમાં ઝંબોળાય એમ પાણીના ઘૂંટ ગળામાં છમકોરો લે... 'બસ આવી', 'મોટર આવી'ની બૂમરાણો પણ પ્રતીક્ષિત ચહેરાઓ ઉપર ચમક લાવી દે. સજ્જનો અને દુર્જનોની વૃત્તિઓ અહીંથી પ્રવાસે નીકળે છે ત્યારે પ્રત્યેક વૃત્તિના ભાલે પ્રતીક્ષાચક્ર ફરતું હોય છે. અહીં વાતો મળે ભાલની, નળકાંઠાની, કાઠિયાવાડની, ઉત્તર ગુજરાતની, સૂરતની, મુંબઈની, દેશની, દુનિયાની, અનાજની, કઠોળની, દાળની, ભાતની સુવાસ મળે અને ફાફડાચટણીના ચટકાય સંભળાય !!

ગજવા ભરાઈ જાય - લચી પડે એટલી ઉતાવળો અહીંયાં વહેંચાય છે. કોઈના અધૂરા ઈનસર્ટમાં, કોઈની લબડતી સાડીની કિનારમાં, કોઈની ખુલ્લી રહી ગયેલી બૅગ-બિસ્ત્રા અને પેન્ટની ચેનમાં અને ભાગદોડમાં એનાં દર્શન થયા વગર રહે નહિ. એ ઉતાવળોની વચ્ચેય તમે ઈચ્છો તો તમારી ફાંટમાં કોઈ કોયલનો કે કોઈ મયૂરનો ટહુકો ભરી શકો. કોક ભ્રમરનો ગુંજારવ, નિર્ધારિત પુષ્પને પ્લાવિત અને પાવન કરે... પવનની ધરાર 'ના' હોવા છતાં સુગંધ ખુલ્લેઆમ નીકળી પડે તો ક્યું નાક એની 'ના' પાડવાનું છે ? પડછાયાઓ પડછાયાઓને ચાહે અને પથ્થરોના ચાસમાંય ફણગા ફૂટે એમાં બસસ્ટૅન્ડનું હવામાન ઓછું જવાબદાર નથી હોતું.

બસસ્ટૅન્ડ સાથે માનવજાતને નાતો છે. સૂરજના જેવું વૃંદનું વૈવિધ્ય એક કોલાજ રચે છે. કોકના મનની ભરતી અને બસસ્ટૅન્ડની પૂનમ છે. અને કોકના મનની ઓટ એ બસસ્ટૅન્ડની અમાસ છે. બસસ્ટૅન્ડમાં પૂનમ અને અમાસ એકસાથે ઊગે છે અને આથમે છે. બસ છે એટલે માણસ છે, પછી પવન છે અને પાવક છે. ક્યાંક જ્યોતિ થશે ને ક્યાંક ધુમાડો !!

પ્લેટફૉર્મ ઉપર આવીઆવીને ઊપડી જતી બસો એક અર્થ આપે છે : આવતાં આવડે એને જતાંય આવડવું જોઈએ. બધી બસો જન્મની જેમ ચીસ પાડીને આવે છે અને ખબર ન પડે એમ ચાલી જાય છે. મનુષ્યે પણ એમાંથી કંઈક બોધપાઠ જેવું લેવું જોઈએ. બસ જ્યારે થોભે છે ત્યારે એટલો સમય એ મૃત્યુ પામે છે : એની ગતિ જ એનું જીવન છે. થોભવાનું એ પણ ગતિ માટે હોય છે.

હવે તો હું સ્પષ્ટ પણે એમ જ માનું છું કે માનવીનું પ્રત્યેક સંવેદન મુસાફરી કરાવનારી બસોથી સ્હેજેય ઊતરતું નથી. ભવાટવિમાં અટવાઈ જનારાં સૌ જનોને બસસ્ટૅન્ડો બૂમો પાડી પાડીને કહે છે કે પહોંચવા માટે પહેલ કરતાં શીખી લેવું ખૂબ જરૂરી છે. □

અનુસંધાન] વિમોચન એટલે વિમુંડન [પૃ. ૩૩૪થી

કે એ દિવસે ત્રીજું પુસ્તક સમયસર બાઈન્ડિંગમાંથી આવી શક્યું નહિ. નહિતર એ ત્રીજા પુસ્તકનું વિમુંડન મારે કરવું પડત; કારણ કે ત્રીજા પુસ્તકની મળવાની અનિશ્ચિતતામાં કોઈનો બંદોબસ્ત થઈ શક્યો નહોતો અને હૉલમાં મારા કરતા મોટો સાહિત્યકાર કોઈ હાજર નહોતો !

પહેલા કાવ્યસંગ્રહના વિમુંડનકારનો પરિચય આપતાં કવયિત્રીએ છબરડો કર્યો ! કહ્યું, 'મૈં ઉનકોં સાલોં સે જાનતી હૂઁ.'; એટલે વિમોચનકારને અપમાન મહેસૂસ થયું. એમણે એમના પ્રવચનમાં આડકતરી રીતે કહ્યું, 'મુજે તો તુમ્હારે અલાવા બહુત લોગ જાનતે હૈં...હાઁ, તુમ્હે મૈંને થોડે દિનોં સે જાના હૈ !'

બીજું પુસ્તક અમેરિકા સંબંધી હતું. એ પુસ્તકના વિમુંડનકાર નીડર, સ્પષ્ટ અને કંઈક અંશે આખાબોલા પણ કહી શકાય. અમેરિકા-વિષયક એ પુસ્તકનું વિમોચન એમણે કરતાં તો કર્યું, પણ લેખિકાના વાળનું પણ જાણે વિમોચન એમણે પ્રવચન કરતાં કરતાં કરી નાખ્યું ! એ બોલ્યા, 'આ પુસ્તક મારા તો રસનો વિષય નથી, કારણ કે હું અમેરિકા કદી ગયો નથી, અને જવા માગતો પણ નથી.' !!

પુસ્તક-વિમોચન સમારંભોની મારા ઉપર ઘણી કંકોતરીઓ આવે છે. અને પાછાં, આગલે દિવસે ટેલિફોન-રિમાઈન્ડર્સ પણ ખરાં.. વળી કોઈ તો એમ પણ કહે, 'અને જુઓ.. મિત્રોને, જો કોઈ તમારો મિત્ર કે પડોશીને પણ રસ (સાહિત્યમાં ?) હોય તો તેમને પણ તેડતા આવજો.' આવું પોતાના દીકરા કે દીકરીનાં લગ્નનાં 'બૂફે-ડીનર'નું આમંત્રણ આપતાં કોઈ નથી કહેતું કે પડોશીને ય તેડતા આવજો ! ત્યારે તો 'શ્રીમાન અને શ્રીમતી' એટલે કે 'બે વ્યક્તિ માટે !' અને હવે રિવાજ છે કે 'સહકુટુંબ' છપાવાય નહિ, જરૂર લાગે તો લાલશાહીથી ઉમેરી દેવાય !

વિમોચન પછીનો 'આઈસક્રીમ' બહુ સ્વાદિષ્ટ હોય છે. આમંત્રિતોની હાજરી પણ ધાર્યા કરતાં ત્રીજાભાગની થતી હોવાથી, યજમાનો મોકળા મને સારી જાતનો આઈસ્ક્રીમ પીરસે છે !


વિમોચનના કાર્યક્રમો સમયની દૃષ્ટિએ જ્યારે બહુ લંબાઈ જાય ત્યારે સહેજે એમ થાય કે પુસ્તકની રિબીન કાપ્યા પછી તરત જ જો આઈસ્ક્રીમથી મોં મીઠું કરાવવાનું આયોજન કરવામાં આવે તો ખોટું નહિ ! પણ પાછો એમ પણ વિચાર આવે કે પ્રવચનોના શ્રવણથી થાકેલા શ્રોતાઓને આઈસ્ક્રીમની ખરી જરૂર તો કાર્યક્રમના અંતે જ હોય ! આ સમસ્યા હલ કરવાનો એક રસ્તો એ છે કે વિમોચનની પટ્ટીઓ કાપ્યાં પછી તરત ખુરશીઓમાં બેઠેબેઠે આઈસ્ક્રીમ પીરસવામાં આવે ને પ્રવચનોની પૂર્ણાહુતિ બાદ 'ફર્સ્ટ-એઈડ ટ્રિટમેન્ટ' તરીકે એક પ્યાલો ચા અને બે બે ગોળી 'પેઈનકીલર'ની !! □

ખજુરાહોનાં મંદિરો

ડૉ. પ્રિયબાળા શાહ

ચંદેલા રાજ્યની ઈમારતો આપણને કેટલાંક શિલ્પીઓનાં નામ આપે છે. વળી, કેટલાંક શિલ્પોમાં તેમનાં નામો કોતરેલાં જણાયાં છે. એક સુંદર યુવતી બંસરી બજાવે છે. તે શિલ્પમાં 'શ્રી કણ' નામનો લેખ છે. ચંદેલાના શિલ્પીઓમાં શ્રેષ્ઠ નામ ચિત્રકાર શ્રી સાતન છે. તેના પુત્ર ચિતનકે બોધિસત્ત્વ સિંહનાદની પ્રતિમા કંડારી હતી તે મહોબામાંથી મળી આવી છે. તેમાં સુંદર અક્ષરોમાં લેખ કંડારેલો છે. તેમાં જણાવ્યું છે કે તેના વર્ણ પ્રમાણે ચિત્રકાર હતો અને તે બધી લલિત કલાનો જાણકાર હતો. - ચિત્રકાર 'શ્રી સાતનસ્તસ્ય પુત્રઃ સકલશિલ્પ-વિદ્યાકુશલ...' ચિત્રકાર શ્રી સાતનને આ કલાની ભેટ સૌકોઈને આપી છે. તેનાં સગાંઓએ પણ સુંદર રીતે શિલ્પાંકન કરીને તારાનું સુંદર શિલ્પ તૈયાર કર્યું છે. તેના લેખમાં જણાવ્યું છે કે પોતે ખ્યાતનામ ચિત્રકાર સાતનની પુત્રવધૂ છે પણ તેણે નમ્રતાપૂર્વક પોતાનું નામ જણાવ્યું નથી. પણ તેણે ચિત્રકાર 'શ્રી સાતનસ્તસ્ય વધૂકસ્ય ઇયમ્'. ખજુરાહોમાં એક શિલ્પ છે તેમાં શિલ્પી પોતાની સાથે શીખાઉ ઉમેદવારને સાથે રાખે છે. કલા અને કારીગરીમાં એક નિયમ હતો કે મુખ્ય કલાકાર તેના શિષ્યો સાથે રાખીને તેઓને તે કાર્યમાં નિપુણ બનાવતો માટે જ કલાકાર જે શિલ્પી - ગુરુ પાસેથી શિલ્પકલા શીખ્યો હોય તેનું નામ અભિમાનથી પોતે ઘણા લેખોમાં લખે છે તે આપણે ઘણી વાર જોઈ ગયા છીએ. તેને શીખવા માટે હથોડા, ટાંકણાં ઉપરાંત બીજાં જરૂરી સાધનો સાથે રાખતાં. રેખાચિત્રો દોરવાં માટેના વર્ગો પણ સારી રીતે ચાલતાં તે પણ ખજુરાહોનાં શિલ્પમાં જોઈ શકાય છે તેમજ સુંદર રજૂઆત તે તેના કારીગરની કીર્તિ ગણાય છે. ચિત્રકામ માટેની ઘોડી ઉપર પાટિયું મૂકીને સૌપ્રથમ રેખાચિત્ર તૈયાર કરાતું. આ ચિત્રમાં શીખાઉ કારીગરોનો એક સમૂહ આ ચિત્રકામ શીખી રહ્યો છે. પ્રારંભમાં જે રેખાચિત્ર દોર્યું હોય તેને સંસ્કૃતમાં 'હસ્તલેખ' કહેવામાં આવે છે. બ્રહ્માએ સૌ-પ્રથમ સ્ત્રીસૌંદર્ય માટેનો હસ્તલેખ દમયંતીના સૌંદર્યને રજૂ કરવા કર્યો હતો.

મધ્યભારતના ખજુરાહોની જૂની ચંદેલા રાજધાનીમાં હિંદુ અને જૈન મંદિરોનો સમૂહ છે. આ મંદિરો ઓરિસ્સાના મંદિરો કરતાં અગત્યની અને ભવ્યતાની દૃષ્ટિએ બીજે નંબરે આવે છે. આ બધાં મંદિરો ઈ.સ. ૯૫૦ અને ૧૦૫૦ના ગાળામાં તૈયાર થયાં હતાં. આ મંદિરોમાં ગર્ભગૃહ, અંતરાલ ઓરડા, પ્રવેશમંડપ અને કેટલીક વખત બીજા જરૂરી ખંડો હોય છે.



જગદંબા અને મહાદેવ મંદિર - ખજુરાહો

ખજુરાહોનાં વિશિષ્ટ પ્રકારનાં મંદિરોમાં ચોક્કસ લક્ષણો હોય છે. આ મંદિર ઊંચા ઓટલા ઉપર કરેલું હોય છે. તેના પ્રાકારને ફરતી દીવાલ હોતી નથી. મંદિરનો આકાર સામાન્ય રીતે સ્વસ્તિક જેવો અને તેની પૂર્વ-પશ્ચિમ લાંબી હોય છે. મંદિરના મુખ્ય ત્રણ વિભાગો ગર્ભગૃહ, મંડપ અને અર્ધમંડપ તેમાં ખાસ કરીને હોય છે. ગર્ભગૃહ અને મંડપની વચમાં અંતરાલ હોય છે. તેનાં મોટાં વિકસિત મંદિરોમાં મહામંડપ અને પ્રદક્ષિણાપથ ઉમેરવામાં આવે છે. આ જુદા જુદા ભાગો સ્વતંત્ર મકાન નથી બનતાં પણ તેનું સુગ્રથિત સ્થાપત્યમય સંકલન બને છે.

આ મંદિરોમાં ઉન્નત શિલ્પાકૃતિઓ સંખ્યાબંધ છે. તેની દીવાલની બહારની બાજુએ શિલ્પોના ત્રણ થરો સમાંતર છે. તેના ઉપરના ભાગમાં મંદિરનો આવરણનો (છાપરાનો) ભાગ છે. તેમાં રળિયામણું શિખર શોભે છે. આ શિખરને આમલક કહેવાય છે. તેના ઉપર કલશયુક્ત સ્તૂપિકા છે. તેની ફરતી પડાળોમાં નાનીનાની બારીઓ છે તેમાંથી ખૂબ ઓછો પ્રકાશ દાખલ થાય છે. આને કારણે સ્થૂળ પથ્થરની ભવ્ય ઈમારતનું અર્ધપ્રકાશ અને અર્ધઅંધકારથી જુદું જ વાતાવરણ ઊભું થાય છે. પર્સી બ્રાઉન કહે છે કે ભારતીય સ્થાપત્યકળામાં કેટલાંક અંગો આકર્ષક છે; જેમ કે પડાળીમાંથી પ્રવેશતો પ્રકાશ ઘણો રળિયામણો લાગે છે. આ અર્ધપ્રકાશ સ્થાપત્ય તેમજ સૌંદર્યને ઘણો અનુરૂપ છે. ચાર જુદા જુદા પિરામિડ આકારનું શિખર ખૂબ વ્યવસ્થિત કરી ઊંચું વધતું જણાય છે; જેમકે અર્ધમંડપના ઉપર સૌથી નીચું અને ગર્ભમંડપ ઉપર સૌથી ઊંચું શિખર. શિખરનો આકાર ખૂબ લાલિત્યમય જણાય છે. તેમાં સંવાદી મુખ્ય વક્રાકાર પંક્તિઓ અને સૂક્ષ્મ ઉરુશૃંગોનું વિભાગીકરણ મુખ્ય શિખરના ફરતા સ્તબકમાં જણાય છે. તેથી એક ઘનપદાર્થની લાગણી ન રહેતાં ઊર્ધ્વાગમનની સુંદર અસર ઉપજાવે છે.

મંદિરનો અંદરનો ભાગ મંદિરની પૂજાવિધિની જરૂરિયાત પ્રમાણે બનાવવામાં આવેલો છે. પૂર્વ દિશામાં માત્ર એક પ્રવેશદ્વાર છે. તેને ઊંચી સોપાનશ્રેણી છે. દરવાજાને કોતરકામવાળું સુંદર તોરણ છે, જેમાંથી અર્ધમંડપમાં થઈને મંડપમાં જઈ શકાય છે. અર્ધમંડપ ચારે બાજુએથી ખુલ્લો હોય


શૃંગારરત યુગલ. વિશ્વનાથ મંદિર (ખજુરાહો)

છે. તેની છત સ્તંભોને આધારે રહેલી હોય છે. છતનો ઉપરનો ભાગ ઢળતો અર્થાત્ ઢાળવાળો હોય છે. તેના ઉપર ધારવાળું કે કોરવાળું છજું કરવામાં આવે છે. મહામંડપની વચમાં ચાર થાંભલા હોય છે. તેનાં છત કે છાપરાને મોભ કે પાટડો ટેકવેલો હોય છે. છાપરાની બેઉ બાજુએ આડખંડ હોય છે. આ આડખંડ ખુલ્લી અગાસીથી જોડાયેલો હોય છે.

મંદિરમાં અંદરના પ્રદક્ષિણાપથની સાથે બીજા બે આડખંડ હોય છે. આ આડખંડમાં નાની બારીઓ હોય છે. આ બારીઓ સામાન્ય રીતે ગર્ભગૃહ ફરતી હોય છે. પાછળની બાજુએથી ખુલ્લો ભાગ આખા પથને પ્રકાશિત કરે છે. નાના અંતરાલની સાથે મહાન ચંદ્રશિલા છે. તેના વાટે અલંકૃત તોરણદ્વારમાં થઈને ગર્ભગૃહમાં પ્રવેશી શકાય છે.

ખજુરાહોનાં કેટલાંક મંદિરો પંચાયતન પદ્ધતિનાં છે. એમાં પાંચ મંદિરો અર્થાત્ પ્રાકારના ચાર કોણમાં ચાર ગૌણ મંદિરો અને મધ્યમાં મુખ્ય મંદિર બનાવવામાં આવે છે. મંદિરની ઝૂલતી અણિયાળી છત બહુ વિચક્ષણ અને કલાત્મક ચતુરાઈ વગર સંભવી ન શકે. મંદિરની બહારની દીવાલ અને ગર્ભગૃહની બહારની દીવાલમાં શિલ્પાકૃતિઓથી ભરેલા બેથી ત્રણ થરો છે. આ દીવાલોમાં રથ કંડારેલા છે. તેમાં મુખ્ય દેવ અને દેવીઓની મૂર્તિઓ, અષ્ટદિકપાલો, અપ્સરાઓ અને સુર-સુંદરીઓ કે નાયિકાઓ, મિથુનો, વિદ્યાધરો, નાગો, શાર્દૂલો વગેરે શિલ્પોથી રથો શોભાયમાન છે.

આંતરભાગના સ્તંભની ટોચ પરના કાટખૂણીઆ અથવા પૂતળીઓમાં મુખ્યત્વે અપ્સરાઓ કે શાલભંજિકાઓ (વૃક્ષની સાથે ક્રીડા કરતી પૂતળીઓ) અનેક પ્રકારની શૃંગારાવસ્થામાં જણાય છે. તેની સાથે ગણોની આકૃતિઓ કે વામનાકૃતિઓ ઉપર અને નીચે કોરેલી છે. આ ઘાટ આપવાની કલાને મળતું ભાગ્યે જ ભારતીય કલામાં બીજું કાંઈ જણાય છે. આ મંદિરોમાં કલ્પનાશક્તિની સમૃદ્ધિ જોવી હોય તો તે કંદરીઆ મંદિરમાં છે. તેમાં ઓછામાં ઓછી ૮૭૨ આકૃતિઓ છે.

ખજુરાહોનાં શિલ્પો લૌકિક છે પણ તેજોહીન નથી. ઓરિસ્સાના શિલ્પો વધારે પડતા કાલ્પનિક છે. ખજુરાહોની પાર્શ્વગત (એકચશમી) આકૃતિઓ વધારે સંકીર્ણ અને લાગણીથી ભરપૂર છે.

નવમાથી તેરમા સૈકાના ઓરિસ્સાનાં કેટલાંક મંદિરોમાં તેમજ નેપાળ અને તિબેટનાં કેટલાંક મંદિરોમાં ભોગાસનો બતાવેલાં છે. આવાં જ દામ્પત્ય-મિથુનો ખજુરાહોના મંદિરની દીવાલોમાં તદ્દન સ્વાભાવિક શૈલીએ આલેખેલાં છે. આવાં શિલ્પો કરવાના કારણમાં ઓરિસ્સાની પ્રચલિત માન્યતા છે કે વિજયી જેવી આપત્તિઓમાંથી મંદિરનું રક્ષણ થાય. આવી જ માન્યતા ખજુરાહોમાં પણ પ્રવર્તે છે. કેટલાંક આ પ્રકારનાં શિલ્પોને ફળદ્રુપતાનું પ્રતીક ગણે છે. ત્યારે બીજાં શિલ્પોની ઈચ્છા જગતનાં બધાં સ્વરૂપો આલેખવાની હોઈ આ પણ આલેખવા-યોગ્ય છે એમ માને છે. આ પ્રથાના મૂળમાં તાંત્રિક માન્યતા પ્રવર્તતી હોય એમ માનવું જરા પણ અસંભવિત નથી. મંદિરોની દીવાલો પર ખુલ્લી રીતે બતાવેલાં શિલ્પોમાં અશ્લીલતા કે શારીરિક ચેષ્ટા કરતાં આધ્યાત્મિક કાર્યોનું પ્રભુત્વ છે. તે શીખવવા માટે જ જાણીબૂજીને આવાં શિલ્પોને ખુલ્લામાં અગ્રસ્થાન આપવામાં આવ્યું હશે એમ કેટલાક માને છે.

ખજુરાહોનાં હિંદુ મંદિરોમાં સૌથી શ્રેષ્ઠ મંદિર કંદર્યા મહાદેવનું છે. આ મંદિર તેના સમકાલીન લિંગરાજ મંદિર ભુવનેશ્વર કરતાં પણ ચઢિયાતું છે. આમાં ખાસ કરીને તેના શિખરનો લાલિત્યમય આકાર મંદિરની ઉત્તમત્તામાં વૃદ્ધિ કરે છે. શિખરના ઊર્ધ્વારોહણમાંથી આગળ પડતી ઊભી રેખાઓ જાણે કે શિખરની જ પ્રતિકૃતિ હોય એમ લાગ્યા વગર રહેતું નથી. મંદિરના અંદરના ભાગમાં પ્રદક્ષિણાપથ છે. આ પથની પરસાળમાં બારીઓ મૂકેલી છે. આ બારીઓ મંદિરના ઉન્નત સ્થાન ઉપર મનોરમ્ય પ્રતિછાયા ફેંકે છે. શિખરના અપવાદ સિવાય મંદિરના બધા ભાગો - અંતરભાગ તેમજ બહિર્ભાગ - કામુક દૃશ્યો, શિલ્પની વિવિધ આકૃતિઓ અને વેલબુટ્ટાની ડિઝાઈનોથી વિપુલ પ્રમાણમાં અલંકૃત કરેલા છે. આ સિવાયનાં બીજાં મંદિરોમાં નોંધપાત્ર ચતુર્ભુજનું વૈષ્ણવમંદિર અને આદિનાથનું જૈન મંદિર છે. આ બંને મંદિરોની રચના અને શૈલી એક જ સરખાં છે. તેમાં ફરક માત્ર અધિષ્ઠાતા દેવની પ્રતિમામાં તેમજ બહારની દીવાલના ગોળમાં મૂકેલી કેટલીક મૂર્તિઓ નજરે પડે છે તે છે.

લોકકથા પ્રમાણે ખજુરાહોમાં સૌપ્રથમ ૮૫ મંદિરો હતાં પણ હાલમાં માત્ર વીસેક મંદિરો અસ્તિત્વ ધરાવે છે. આ અસ્તિત્વ ધરાવતાં મંદિરોને સહેલાઈથી ત્રણ ભાગમાં વહેંચી શકાય એમ છે. જેમકે પશ્ચિમનાં, પૂર્વનાં અને દક્ષિણનાં મંદિરો. આ બધાં મંદિરો એક જ પ્રકારની શૈલીનાં છે. આ મંદિરોનો રચનાકાળ દસમો અને અગિયારમો સૈકો મનાય છે. આ બધાં મંદિરોનું વર્ણન કરવાની જરૂર નથી. પરંતુ આ શૈલીનું પ્રતિનિધિત્વ ધરાવતા પશ્ચિમ વિભાગના કંદર્યા મંદિરનું બયાન

કરવું જરૂરી છે.

કંદર્યા મહાદેવનું મંદિર ચોસઠ જોગણીના મંદિરની ઉત્તરે આવેલું છે. આ મંદિર ખજુરાહોનાં મંદિરોમાં સૌથી મોટું છે. તેમજ સ્થાનિક સ્થાપત્યની વિશિષ્ટ શૈલીથી તૈયાર થયેલું છે. આ મંદિરની લંબાઈ ૧૦૨ ફૂટ અને ૩ ઈંચ તેમજ પહોળાઈ ૬૬ ફૂટ અને ૧૦ ઈંચ અને ઊંચાઈ ૧૦૧ ફૂટ અને ૯ ઈંચ છે. આ મંદિરમાં શિખર સિવાયના તમામ અંગો વિવિધ આકૃતિઓ અને પુષ્પોથી શણગારેલાં છે. આ મંદિર વાસ્તવમાં પંચાયતન પદ્ધતિનું હતું. પરંતુ મંદિરના ઊંચા ઓટલા પર રહેલા ચાર ખૂણા પરનાં ચાર ગૌણ મંદિરો નષ્ટ પામ્યાં છે. રચના પ્રમાણે આ મંદિર સ્વસ્તિકાકારનું કહી શકાય. આ રીતે તેમાં આડખંડ મૂકીને સ્વસ્તિક કે ચોકડી કરવામાં આવેલી છે. આવી ચોકડી માત્ર મહામંડપમાં નથી થતી પણ બારીઓની બે પંક્તિઓની સાથે પણ થઈ શકે છે. આ ખુલ્લી બારીઓ પ્રદક્ષિણાપથને પ્રકાશ આપે છે. આવી જ બીજી હરોળની બારીઓ મંદિરના પાછળના ભાગના પથને અજવાળે છે. પૂરેપૂરા વિકસિત સ્વરૂપનાં ખજુરાહો મંદિરનાં મુખ્ય છ વિભાગો જેવા કે અર્ધમંડપ, મંડપ, મહામંડપ, અંતરાલ, ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથ એકબીજાની સાથે એવી રીતે સંકળાયેલા કે જોડાયેલા છે જેથી સમગ્ર રચના એક જ ભાગની હોય એમ લાગે છે. મંદિરનું આ આયોજન મંદિરના ઘાટ અને સ્થાપત્યના દેખાવ પર અસર કરે છે. આ બધા વિભાગોમાં વધારે પડતા બહિર્વર્તી ભાગો અને ખાલી ભાગોનું અસરકારક જોડાણ છે. આ સમગ્ર વિભાગો કોતરકામની આડી પટ્ટીઓથી જોડાયેલા છે. આ મંદિરનો ભદ્રપીઠ બીજાં મંદિરો કરતાં જુદો તરી આવે છે. બીજાં મંદિરોમાં ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમમાં બહિર્વર્તી ભાગો છે. જે ઝઝૂમતી બારીઓની આગળ સુંદર તોરણ છે. તે દેવોની આકૃતિઓ, સંગીતજ્ઞો, કીર્તિમુખો, મકરો, મિથુનો વગેરે શિલ્પાંકનોથી ભરપૂર છે. સામાન્ય રીતે શૃંગારિક દશ્યો શિવમંદિરોમાં સામાન્ય હોય છે. અર્ધમંડપ અને મંડપમાં વિપુલ શિલ્પો છે. છતમાં અતિવ્યાસ સમાન કે કેન્દ્રિત વર્તુલાકૃતિઓ છે. મંદિરની બારસાખ અને મોભનો ભાગ, પત્રરચના, મિથુનો અને તપ કરતાં સાધુઓની પ્રતિમાથી કંડારેલો છે. હિંદુ, જૈન અને બૌદ્ધ ઈમારતો આ સમયના કલાવૈભવ તેમજ મૂર્તિશાસ્ત્રનો વિગતે અભ્યાસ કરવા મહત્ત્વની છે. કંદર્યા મહાદેવ અને બીજાં મંદિરો પણ આ જ વંશના સમયના છે. ગંગા-યમુનાની તેમના વાહનો - મગર અને કાચબા સાથેની આકૃતિઓ બારસાખના તળભાગ પર દેખાય છે. ગર્ભગૃહની અંદર સાદા ચતુરસ્ર ઓરડામાં શિવના પ્રતીક સમું સંગેમરમરનું લિંગ છે.

મહામંડપના કાટખૂણિઆ પરની સ્ત્રીઓની આકૃતિઓ તેની કારીગરી, દેહાવસ્થા અને લાગણીના ભાવો વ્યક્ત કરતી હોઈ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. સૂક્ષ્મ રીતે કોરેલો દેહ ભરપૂર લાવણ્ય બતાવે છે. તેના મુખારવિંદમાંથી પ્રબળ આંતરભાવની લાગણી વ્યક્ત થાય છે.

ગર્ભગૃહની બહારની દીવાલ, પ્રદક્ષિણાપથની અંદરની બાજુએ આવે છે. આ દીવાલમાંની પ્લિન્થ કે ઓટલી બે સળંગ આકૃતિઓની હરોળથી શોભે છે. નીચલી હરોળ અષ્ટકોણની આકૃતિઓ - આઠ દિશાના અષ્ટ દિક્પાલો વ્યક્ત કરે છે.

મંદિરનો ઓટલો બહારની બાજુએથી ઊંચો છે. તેમાં ગર્ભગૃહની ફરતાં બીબામાંથી કરેલી શિલ્પાકૃતિઓ છે. તેના ઉપર મૂર્તિઓનો ત્રીજો થર છે. આ થર ગર્ભગૃહ અને આડખંડના ફરતો પસાર થાય છે અર્થાત્ તેને વીંટળાયેલો છે. આ થરમાં મુખ્યત્વે દેવદેવતાઓ નાગ-નાગિણીઓ, અપ્સરાઓ, સુર-સુંદરીઓ, મિથુનો, શાર્દૂલો વગેરેની આકૃતિઓનું વૃંદ કંડારેલું છે. મંદિરના ઉપરના ભાગનાં થાંભલાઓના ગોખમાં જુદાં જુદાં દેવદેવીઓ તેમના વિવિધ સ્વરૂપે રજૂ કરેલાં છે.

અહીંનાં આદિનાથનાં તથા ચતુર્ભુજ મંદિરો પણ તેના મંદિરને તેના શિલ્પાંકનોથી જુદાં તરી આવે છે. આદિનાથ મંદિરને ત્રણ ખંડો છે. તેમાં અર્ધમંડપ પાછળથી ઉમેરાયેલો લાગે છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર ઉપર ચતુર્ભુજ જૈન દેવીની પ્રતિમા છે. તેની જમણી અને ડાબી બાજુએ બીજી દેવીઓ છે. દ્વારશાખની ઉપરની પટ્ટી ઉપર જૈનોનાં સોળ માંગલિક ચિહ્નો છે. મંદિરની અંદરની મૂળ જૈન પ્રતિમા અત્યારે અસ્તિત્વ ધરાવતી નથી પણ તેને સ્થાને નવી આદિનાથની પ્રતિમા મૂકેલી છે. મંદિરને ફરતી બહારની બાજુએ શિલ્પાકૃતિઓથી ભરપૂર ત્રણ પેટીઓ કંડારેલી છે. થાંભલાના ગોખમાંની મૂર્તિઓ મુખ્યત્વે જૈનદેવીઓ, તેમનાં આયુધો અને વાહનો સાથે નજરે પડે છે. ટોચ ઉપરના વિદ્યાધરની આકૃતિઓમાં રહેલી ગતિ ધ્યાન ખેંચે તેવી છે. અંતરાલ ઉપર શિખરની બેસણીના ભાગમાં થાંભલાઓ અને તેમાં ગોખ કરેલા છે. આ હરોળમાં ચૈત્યકમાનો છે. તેમાં કીર્તિમુખો, મકરનાં મસ્તકો અને બીજાં પ્રતીકો છે. ટોચ ઉપર અને ત્રિકોણાકારની બેઉ બાજુઓ પૌરાણિક સિંહો અને હાથીઓની આકૃતિઓની હરોળથી શોભે છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ખજુરાહોનાં તમામ મંદિરો તેની શિલ્પાકૃતિઓ બધાં એકસરખાં છે. તેથી બહારથી ક્યું મંદિર ક્યા ધર્મનું છે તે સમજાતું નથી. પરંતુ મંદિરના ગર્ભગૃહમાં જે મુખ્ય દેવની મૂર્તિ છે તે જોવાથી આ મંદિર ક્યા સંપ્રદાયનું હશે તે સમજી શકાય છે.

જોગણી મંદિર લંબચોરસ છે. તેનું માપ ૧૦૨ x ૫૯$^{૧}/_{૨}$ છે; જેમાં ૬૪ નાની નાની દહેરીઓ છે, પણ તેમાંની એક સૌથી

પ્રસંગકથા

ગુરુજીના ઉપવાસ

કરસનદાસ લુહાર

જેમને આપણે 'શ્યામચી આઈ'ના સર્જક તરીકે ઓળખીએ છીએ, એ પાંડુરંગ સદાશિવ સાને ઉર્ફે સાને ગુરુજી સાહિત્યકાર ઉપરાંત શિક્ષક, સમાજસેવક અને સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક પણ હતા. ગાંધીજી અને વિનોબા એમના ઈષ્ટદેવ. વિનોબાનાં ગીતા-પ્રવચનોની હસ્તપ્રત તેમણે તૈયાર કરેલી. ગાંધીજીની હત્યા પછી તેમનું મન સાવ ઉદાસ થઈ ગયેલું. બદલાતાં મૂલ્યો સાથે તેમનો મેળ ન મળ્યો. દિન-પ્રતિદિન તેમની હતાશા વધતી ચાલી. 'મારો સૂરજ આથમી ગયો. હવે હું જીવીને શું કરું ?' ગાંધીજીના ગયા બાદ તેમનું આવું વલણ રહ્યું. છેવટે ૧૯૫૦ની ૧૧મી જૂને ઊંઘની ગોળીઓ ખાઈને તેઓ સૂતા તે સૂતા; ફરી જાગ્યા જ નહિ. સાને ગુરુજીના 'ભારતીય સંસ્કૃતિ' નામના ગ્રંથમાં જે ચિન્તન અભિવ્યક્તિ પામ્યું છે તે રૂઢિચુસ્તો અને વર્ણાશ્રમના હિમાયતીઓને ભારે આંચકા આપનારું છે. તેઓ માનતા હતા કે જે સમાજ અસ્પૃશ્યતા પાળે તેને અદ્વૈતની વાત કરવાનો કશો અધિકાર નથી. તેમણે કહ્યું હતું, 'ભારતીય સંસ્કૃતિના ઉપાસકો, થયું તેટલું પાપ બસ થયું. ઊઠો, અને હરિજનોને અપનાવો. પદદલિત પ્રજાને પ્રેમથી ભેટો. એક જ શુભ્ર સ્વચ્છ ચૈતન્યનાં આપણે બધા રૂપો છીએ.'

તે સમયની આ ઘટના છે જ્યારે મંદિરોનાં દ્વાર હજુ હરિજનો માટે બંધ હતાં. દેશ સ્વતંત્ર થાય તે પૂર્વે તમામ મંદિરો સર્વજનો માટે ખૂલી જવાં જોઈએ. મહારાષ્ટ્રના પ્રખ્યાત પંઢરપુરના વિઠોબામંદિરના ધર્માચાર્યોને એમણે છ માસની મુદત આપી, 'છ માસમાં હરિજનો માટે મંદિરનાં બારણાં નહીં ઊઘડે તો હું આમરણ ઉપવાસ કરીશ.' આ મુદતના ગાળામાં સાને ગુરુજી મહારાષ્ટ્રમાં જનજાગરણ માટે પદયાત્રા કરતા રહ્યા. તેમની સાથે ઘણા લેખકો, કલાકારો, કર્મશીલો અને સમાજસેવકો પણ જોડાયા હતા. આ અભિયાનથી અનેક સવર્ણોનાં મનનું પરિવર્તન થયું. મહારાષ્ટ્રનાં ઘણાં મંદિરો હરિજનો માટે ખૂલી ગયાં.

છ માસ પૂરા થયા, પણ પંઢરપુરના મંદિરનાં બારણાં હરિજનો માટે ખૂલ્યાં નહિ. મંદિરના પરિસરમાં સાને ગુરુજીએ ઉપવાસનો આરંભ કર્યો. તેમની સાથે ઠક્કરબાપા અને અન્ય કાર્યકરો પણ જોડાયા હતા. ગાંધીજીને આ વાતની જાણ કરતાં કોઈકે કહેલું, 'સાને ગુરુજી નાહક ઉતાવળ કરે છે. દેશ સ્વતંત્ર થાય પછી આપણે 'સર્વ માટે મંદિરપ્રવેશ'નો કાયદો લાવવાના છીએ. બાપુ, તમે ગુરુજીને ઉપવાસ ન કરવા સમજાવો.'

ગાંધીજીએ ઉપવાસ છોડવા સાને ગુરુજીને તાર કર્યો. જવાબમાં સાને ગુરુજીએ પત્ર લખીને જણાવ્યું : 'બાપુ, હું તો તમારો બાળક છું. આ નિર્ણય એ કદાચ મારી ભૂલ હોઈ શકે. પણ મારો આત્મા મને કહે છે કે આ ઉપવાસ જરૂરી છે.' અને આ વાત હું તમારી પાસેથી જ શીખ્યો છું... ' અને તેમણે ઉપવાસ છોડ્યા નહિ. પંઢરપુરના મંદિરાધીશો પણ મચક આપતા ન હતા. એક પછી એક દિવસ પસાર થતો રહ્યો. ગુરુજીનું દૂબળું શરીર અનશનના કારણે વધારે કૃશ થતું ગયું. સૌ ચિંતામાં પડી ગયા હતા. ત્યારે દેશભરમાં આની ચર્ચા ચાલતી હતી. ગુરુજીના ઉપવાસનો અગિયારમો દિવસ હતો. તે દિવસે સાને ગુરુજીનું સ્વાસ્થ્ય વધારે કથળ્યું હતું. આખરે તે જ દિવસે મંદિરનાં બારણાં સર્વજનો માટે ઊઘડી ગયાં. અને સાને ગુરુજીએ ઉપવાસ છોડ્યા. આ ઘટનાથી ગાંધીજી સૌથી વિશેષ પ્રસન્ન થયા હતા. ❒

મોટી છે. આ બધી દેરીઓને શિખરો છે. બધાં મંદિરોની જેમ તેનો વંડો તદ્દન ખુલ્લો છે છતાં નાની દેરીઓને માથે છત્ર-છાપરું છે. અર્થાત્ તે છત ઉપરથી ઢંકાયેલી છે.

અહીંનાં બીજાં મંદિરો લક્ષ્મણ, દેવી જગદમ્બા, ચિત્રગુપ્ત અને જૈનમંદિરો આદિનાથ અને પાર્શ્વનાથ તેમના કલાસૌંદર્ય ઉપરાંત શિલ્પનાં વૈવિધ્ય તેમજ ઘણા દેવોનાં મૂર્તિનાં વિધાનો ઉપરાંત આહ્લાદક ડિઝાઈનો, સંગીતજ્ઞો અને સુરસુંદરીઓ વિવિધ મોહક દેહાવસ્થામાં ધ્યાન ખેંચે છે. કાટખૂણિયાની સ્તંભ ઉપરની આકૃતિઓ અને ક્યારેક છતની વધારે નજીક પ્રતિમાઓ બંસી બજાવતી સ્ત્રીની દેહાવસ્થા અને વિચારમગ્ન દડાથી રમતી, તો પોતાના વાળને સમારતી અરીસામાં જોઈને આંખમાં કાજળ આંજતી અથવા પગમાંથી કાંટો કાઢવાના નિમિત્તે પાછું વાળીને જોતી વગેરે સ્ત્રીઆકૃતિઓ આપણને કવિ કાલિદાસની શકુન્તલાની યાદ આપે છે, જેમાં દુષ્યન્તને જોવા માટે શકુન્તલા પાછું વાળીને જોયાં કરે છે. આ ઉપરાંત મિથુનનાં દૃશ્યો, વળી પ્રેમ વ્યક્ત કરતી આકૃતિઓ વગેરે ચંદેલાના શિલ્પીની કલાત્મક સિદ્ધિનો ખયાલ આપે છે.

પ્રાણીજગતને રજૂ કરતું વરાહ મંદિરનું વરાહ તેની કલાકૃતિ માટે નોંધપાત્ર છે. તેને આપણે ગુપ્ત સમયના શિલ્પ કે મધ્યભારતમાં એરણમાં તેની સાથે સરખાવી શકાય.

મહાદેવ મંદિર પાસેનું કુતૂહલ ઉપજાવે તેવું શિલ્પ, જેમાં રાજકુમાર વાઘની સાથે યુદ્ધ કરે છે તેને પણ શ્રેષ્ઠ શિલ્પ તરીકે ગણાવી શકાય. આ જ વંશમાં હેમાવતીનો પુત્ર કે જે માત્ર ૧૬ વર્ષનો હતો તેણે વાઘને મારી નાખ્યો હતો. ❒

બાંધછોડ

જયંત ભૂમેલિયા

મ સમોટા મંકોડા એકબીજાને અથડાતા દોડાદોડી કરી રહ્યા હોય એમ મુંબઈના રેલવે પ્લેટફૉર્મ પર માણસો હાંફળાં-ફાંફળાં થઈ આમથી તેમ દોડી રહ્યાં હતાં. હજી ટ્રેન ઊપડવાને કલાકેકની વાર હતી. પ્લેટફૉર્મ પર ટ્રેન પણ મુકાઈ ન હતી. કેટલાંક મુસાફરો કુલીઓ સાથે બેસવાની જગ્યાના ભાવ-તાલની રકઝકમાં પડ્યાં હતાં. 'વેઈટિંગ'વાળાં હાથમાં ટિકિટ લઈ ધક્કામુક્કી કરતાં બોર્ડ પર ટીંગાવેલા રિઝર્વેશન ચાર્ટમાં નજર સ્થિર કરવા મથી રહ્યાં હતાં. 'જનરલ'વાળાં લાંબી, વાંકીચૂકી લાઇન જોઈ નિસાસો નાખ્યા પછી લાઇનમાં જોડાઈ જતાં હતાં. થાકીને લોથ થઈ ગયેલાંઓની એ લાઇન ખપ પૂરતી હલનચલન સિવાય નિષ્ક્રિય હતી, જાણે અજગર વાંકોચૂકો ન પડ્યો હોય! કશો સળવળાટ થતો તો તે પાછળ - જ્યારે કોઈ નવું હાફળું-ફાંફળું લાઇનમાં જોડાતું ત્યારે.

લાઇનમાં તેની આગળ ઊભેલી સ્ત્રી નાનકડો હાથરૂમાલ ફરકાવતી હવા લેવાની કોશિશ કરી રહી હતી ને બબડતી હતી : 'બાપ રે! તમ્મર આવી જાય એટલી લાંબી લાઇન છે. રિઝર્વેશન ટિકિટ કન્ફર્મ થઈ નહિ ને હવે કેવી રીતે પહોંચાશે? પહોંચતાં પહોંચતાં તો દમ નીકળી જશે.' આવા તો કંઈક કેટલાય નિસાસા-ગણગણાટ-બણબણાટ થઈ રહ્યા હતા. પાકી કેરીમાં ફાટુ ફાટુ થતો રસ ભરાયો હોય એમ દરેકના શરીરનો થાક નીતરી નીતરીને ઢીંચણથી નીચેના ભાગમાં પીંડીના ગોટલાની આજુબાજુ એકઠો થયો હતો.

એટલામાં ટ્રેન આવી પ્લેટફૉર્મ પર. ઊંધી ગતિએ ટ્રેનનો છેલ્લો ડબ્બો હળવી ચાલે આવી રહ્યો હતો. ડબ્બાની પાછળ ચોકડીનું મોટું નિશાન તેણે જોયું. આગળ ઊભેલી સ્ત્રીને જોઈને તે હસ્યો. 'જનરલ'વાળાંનાં તો નસીબ જ આવાં. બાદશાહી છટાથી આવતા ડબ્બાને જોઈને આખેઆખી લાઇન સળવળી. કાચી ઊંઘમાંથી બાળક જાગીને બબડે/રડે/ભાગે એમ લોકોનાં બૂમબરાડા-ઓયવોય-નાસભાગ શરૂ થયાં. નામપોથી જ જાણે ખૂલી ગઈ. આઘીપાછી થઈ ગયેલી વ્યક્તિઓનાં નામની બૂમો પડવા લાગી.

સ્વર્ગનું સોનાનું દ્વાર ખૂલતું હોય એમ - લોખંડી કિચૂડાટ કરતો 'સામાન્ય' ડબ્બાનો દરવાજો ખૂલ્યો. બરફની પાટ પીગળીને પાણી થઈ વિસ્તરે એમ લાઇન પીગળીને ટોળામાં રૂપાંતરિત થઈ. લોકો કિકિયારી કરતાં, શરીરને વાંકાંચૂકાં કરી અંદર ધકેલતાં હતાં. અમુક જણાંએ તો 'સામાન્ય' ડબ્બામાં પ્રવેશવા 'અસામાન્ય' શબ્દો સાથે બળ અજમાવ્યું. તેની આગળ ઊભેલી સ્ત્રી ઘડી ડાબે તો ઘડી જમણી બાજુ સ્હેજ નીકળી પરસેવાથી ભીની ડોક લંબાવી આગળ જવાની તક શોધી રહી હતી.

'બાપ રે, ચાર-પાંચ ડબ્બાનાં પેસેન્જર આ બે ડબ્બામાં કેવી રીતે ગોઠવાશે? જગ્યા મળશે કે નહિ?' વલોપાત કરતી સ્ત્રીએ રૂમાલથી મુખ પર એક લસરકો માર્યો ને એ લસરકામાં બચી ગયેલાં પ્રસ્વેદબિંદુઓ સ્ટેશનિયા પ્રકાશમાં ચમકતાં હસી પડ્યાં.

ડબ્બાની અંદર -

આવી સૃષ્ટિ તો ક્યાંય દીઠી નથી - શાકમાર્કેટ, રવિવારી, શુક્રવારી, થીએટરમાં કે ક્યાંય નહિ. ડબ્બાના લંબચોરસ આકારના લોબીમાં માણસો ઢળી ગયાં હતાં. અહીં બાળકો-સ્ત્રી-પુરુષ એવું વર્ગીકરણ રહ્યું ન હતું. જ્યાં જેમ આવી ઊભું એમ ને એમ ઊભું. એક પગ સ્હેજ ઊંચો તો ઊંચો, વાંકો તો વાંકો. અનેક ભાવભંગિની મુદ્રામાં ઊભેલાં શિલ્પોની જેમ એકબીજાંની ચપોચપ. હવાની નાજુક લ્હેરખીય બારી આગળ આવીને અસમંજસમાં પડી જતી હતી અને બારી આગળ જ સળિયા પકડીને ઝૂલતી હતી. માથાની જટામાંથી નીકળેલા રેલાને લૂછવા હાથ ઊંચો થાય એટલીય મોકળાશ નહિ. પરસેવાથી લદબદાયેલી, ગિરદીના અણગમાથી બિચારીનો ચહેરો તરડાઈ ગયો હતો. આખરે બધા કકળાટિયા જીવોને સુખદ આંચકો આપી ટ્રેન ઊપડી.

જગ્યા ના મળવાનો અફસોસ ભૂલી હવાનો ઠંડો સ્પર્શ થતાં સ્ત્રી બોલી ઊઠી, 'હાશ! હવે જરા સારું લાગ્યું.' પાંપણો ઢાળી નિરાંતે તે શ્વસી રહી. ટ્રેન તેના એક્સપ્રેસિયા મિજાજમાં સફ્ળ્-પફ્ળ્ કરતી દોડી રહી.

એક નાનું સ્ટેશન આવ્યું. ટ્રેન ઝડપથી પાટા બદલી રહી હતી. પાટા બદલાવાનો અનોખો અવાજ આવ્યો. સ્ત્રીએ ય ડોક ફેરવાય એટલી ફેરવીને પાછળ ચપોચપ ઊભેલા તેના પ્રતિ અણગમો વ્યક્ત કર્યો, 'ભાઈ, જરા આઘા ઊભા રહો.'

તે ના હાલ્યો કે ચાલ્યો/ના હલાયું કે ચલાયું. તેણે સ્ત્રીના મુખ પર નજર કરી. સ્ત્રીની ત્રાંસી નજર તેની નજરને મળી ના મળી ત્યાં તેણે નજર ફેરવી બારીબહાર જોયું. બારીબહાર એકાએક ભેગા થતા ને પળમાં જ છૂટા પડી જતા પાટાઓની માયાજાળમાં નજર ચકિત થઈ જતી હતી.

આગળ ઊભેલી સ્ત્રીનું શરીર સ્હેજ આઘુંપાછું થયું, પણ જગ્યામાં ફેર પડ્યો નહિ. એટલે મોં બગાડીને બાજુમાં ઊભેલી સ્ત્રીને કહેવા લાગી, 'ખરા છે આ લોકો. આમ અડીને ચપોચપ ઊભા રહે છે. મને તો બિલકુલ ના ગમે. આપણે હોઈએ તો ઠીક પણ આ લોકો...' સ્ત્રીએ ફરીથી ડોક ફેરવીને તેને કહ્યું, 'ભાઈ, જરા આઘા ઊભા રહો, એક તો આવી ગરમી ને પાછા તમે...'

તેણે સહેજ ખસવા પ્રયત્ન કર્યો તો ડાબા ખભે એક કોણી અથડાઈ, જમણો ખભો તો ક્યારનોય ગીરવે મૂક્યો હતો. છતાંય એક પગ વાંકોચૂકો કર્યો, પીઠને પરાણે વાંકી કરી, જોરથી પાછળ ધક્કો દીધો. માંડ પવનની પાતળી લ્હેરખી ફરી વળી.

ટ્રેન તો બધાંને હલબલાવતી એની મસ્તીમાં દોડી રહી હતી. પૃથ્વી એની પરનો ભાર ગણતરીમાં લીધા વિના અવિરત ફર્યા કરે છે એમ. બે-ત્રણ સ્ટેશને ટ્રેન ઊભી રહી, પણ જગ્યા થઈ નહિ. તેણે થાકેલા પગને સ્હેજ ઊંચો કર્યો. ઢીંચણથી થોડો વાળ્યો. સારું લાગ્યું. પણ નજીકમાં સીટ પર બેઠેલી વ્યક્તિની કાંખમાં ઢીંચણ વાગ્યો. બેઠેલાની ને તેની નજર મળી, હસી. સીટ પર બેઠેલાએ ઈશારાથી કહી દીધું - હવે મારે ઊતરવાનું છે. લઈ લેજો આ જગ્યા. તે મહામુસીબતે શરીરને ખેંચી સીટની નજીક આવ્યો. જગ્યા ખાલી થશે એમ જાણી બીજાં બે-ત્રણ જણાં ઝઝૂમતાં આગળ આવ્યાં. એક સીટ માટે ઝઝૂમતાં ચાર-પાંચ જણાં. જાણે રોટલીના એક ટુકડા માટે પૂંછડી પટપટાવતાં, ઊંચી ડોકે લાંબી જીભ કાઢી ઝઝૂમતાં કૂતરાંઓ. તેને હસવું આવી ગયું. તેણે હાથના બાવડામાં મોં દબાવી હસતા હોઠોને છુપાવ્યા. તેના ખભા પર આંગળાંનો સ્પર્શ... તેણે નજર ફેરવી. પેલી સ્ત્રીએ તેને પૂછ્યું, 'આ સીટ ખાલી થવાની છે?' તેણે ધરતીકંપમાં હાલી હોય એમ બે-ચાર વાર હકારમાં ડોક હલાવી અને બારીબહાર નજર કરી. લ્યો, આ સ્ત્રીય પેલા કૂતરાંવાળા દૃશ્યમાં...

સ્ટેશન નજીક આવ્યું.

સીટ પર બેઠેલી વ્યક્તિએ તેને એક ટપલી મારીને પોતે ઊભો થવાનો છે એવો સંકેત કર્યો. પણ બેઠેલો એય બિચારો ઊઠે કેવી રીતે ?એ ત્રણ-ચાર જણાં રસ્તો રોકી ઉપર ઝઝૂમતાં હતાં. બેઠેલી વ્યક્તિએ વાંકાચૂકાં થઈ ઊઠવા પ્રયત્ન કર્યો. મુશ્કેલી તો તેને ય પડી. જો જરા મોડો પડ્યો તો જગ્યા ગઈ જ સમજો. બેઠેલી વ્યક્તિ અડધી ઊભી થઈ ત્યાં તો તેણે બુદ્ધિપૂર્વક જાતને ફંગોળી સીટ પર. તે હજી બરાબર ગોઠવાયો ન હતો ત્યાં તો મૃદુ આંગળીઓનો તેના ખભા પર મુલાયમ સ્પર્શ ! તેણે ઊંચે જોયું. પેલી સ્ત્રીના રંગીન હોઠો પર સ્મિત દોડી રહ્યું હતું. 'થોડી જગ્યા, પ્લીઝ...'

'કેવી રીતે બેસી શકાય...?' તેણે પ્રશ્ન કર્યો.

'થોડું ખસો તો...'

'તમને બેસતાં નહિ ફાવે.'

'ફાવશે, સાંકડે-માંકડે બેસાશે.' બેસવાની અધીરાઈમાં સ્ત્રી તેની પર અડધી ઝૂકી ગઈ.

તેણે હાથની હથેળીને ઘુમાવીને આશ્ચર્ય વ્યક્ત કર્યું. થોડું સંકોચાયો, પાટલીના છેડે નજર કરી. માંડ હથેળી ગોઠવાય એટલી જગ્યા. તો ય સ્ત્રીએ પડતું મૂક્યું. થોડી ક્ષણો પછી સ્ત્રીએ શરીરને આઘુંપાછું કર્યું અને તેની તરફ ખસી. તેણે અણગમાથી સ્ત્રીની પીઠ તરફ નજર કરી.

ટ્રેન તો તેની નિર્ધારિત ગતિએ દોડી રહી હતી.

વધુ બે જગ્યા થઈ અને સ્ત્રી આરામથી તેની બાજુમાં ગોઠવાઈ. તેને રાહત થઈ. તેણે બારીના ટેકે માથું ગોઠવ્યું. પોપચાં આપોઆપ ઢળી પડ્યાં.

ટ્રેન ખળખળળ્ ખટ્ટ ખટ્ટ કરતી પાટા બદલી રહી હતી. તે જાગી ગયો. ડાબા ખભા પર વજન અનુભવ્યું. તેણે જોયું. સ્ત્રી આરામથી તેના ખભે માથું ટેકવી ઊંઘી ગઈ હતી ! તેણે ખભો ઉછાળ્યો. નિદ્રાભર્યાં સ્ત્રીનાં પોપચાં હળવેથી ખૂલ્યાં. માથું સીધું કર્યું. થોડી વાર સ્ત્રીની પાંપણો હળવે હળવે આંખો પર ઢળી. અને સ્ત્રીની નાજુક ડોક હળવે હળવે વળી. માથું ફરીથી ગોઠવાઈ ગયું તેના ખભા પર. તેણે ત્રાંસી નજરે સ્ત્રી સામે જોયું. પછી બારી બહાર નજર કરી. ટ્રેન પાટા બદલીને દોડી રહી હતી. ❐

તા. ૭-૩-૨૦૦૪થી તા. ૨૩-૪-૨૦૦૪ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. હીરાબેન ચૅરિટી ફાઉન્ડેશન (મુંબઈ)	રૂ. ૧,૦૭,૦૦૦
૨. ચંદ્રકાન્ત જી. પંડ્યા (મોરબી)	રૂ. ૧,૧૧૧
૩. જયાબહેન દાસાણી (મુંબઈ)	રૂ. ૧,૦૦૦
૪. હર્ષિદા પંડિત	રૂ. ૧,૦૦૦
૫. મનહર કે. દેસાઈ (દાહોદ)	રૂ. ૬૨૫
	રૂ. ૧,૧૦,૭૩૬

સહુ દાતાઓના આભારી છીએ.

ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ

કેન્દ્રશાસિત પ્રદેશ

ચંડીગઢ

ડૉ. જયકુમાર ર. શુકલ

પંજાબ અને હરિયાણા બંને રાજ્યોનું સંયુક્ત પાટનગર ચંડીગઢ છે. તેની ઉત્તર અને પશ્ચિમે પંજાબ તથા પૂર્વ અને દક્ષિણે હરિયાણાં રાજ્યો આવેલાં છે. તેની વસતી ૮,૭૬,૦૦૦ છે. તેમાં ૯૦ ટકા શહેરી વસ્તી તથા ૧૬.૫૧ ટકા લોકો શીડ્યુલ્ડ કાસ્ટનાં છે. દર ચોરસ કિ.મી. દીઠ વસતીની ગીચતા ૫૬૩૨ માણસોની છે અને ત્યાં ૮૦ ટકા લોકોમાં સાક્ષરતા છે. કુલ વસતીનાં ૭૬ ટકા હિંદુ, ૨૧ ટકા પંજાબી તથા ૩ ટકા મુસ્લિમો વસે છે. વસતીનાં ૫૪ ટકા લોકો હિંદી ભાષા તથા ૪૧ ટકા લોકો પંજાબી ભાષા બોલે છે. ખેતીનાં મજૂરોનો દૈનિક લઘુતમ વેતન દર રૂ.૪૪ છે. ચંડીગઢનો વિસ્તાર ૧૧૪ ચોરસ કિ.મી. છે તેમાંથી ૩૧ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં જંગલો છે. ત્યાંની માન્ય ભાષાઓ હિંદી, પંજાબી અને અંગ્રેજી છે.

ઈતિહાસ : શિવાલિક પર્વતની તળેટીમાં પંજાબ અને હરિયાણાનું પાટનગર ચંડીગઢ બાંધવામાં આવ્યું. આધુનિક નગરસ્થાપત્યનો તે આદર્શ નમૂનો છે. પ્રસિદ્ધ ફ્રેન્ચ સ્થપતિ લ કાર્બુઝિયરનું તે સર્જન છે. ચંડીગઢના પ્રથમ નકશા ન્યૂ યૉર્કના જાણીતા સ્થપતિ આલ્બર્ટ મેયર તથા મૅથ્યૂ નોવિકીએ બનાવ્યા હતાં. પરંતુ ૧૯૫૦માં મૅથ્યૂ હવાઈ અકસ્માતમાં મરણ પામ્યો. ત્યાર બાદ તે કામ લ કાર્બુઝિયરને સોંપવામાં આવ્યું. આ કાર્યમાં તેના પિતરાઈ ભાઈ પિયર જિનરેત, ઈ. મૅકવેલ, જેન ડ્રયુ તથા ભારતીય સ્થપતિઓએ તેને મદદ કરી હતી. ચંડીદેવીના નામ ઉપરથી ચંડીગઢ નામ આપવામાં આવ્યું હતું. તેનું સફેદ ઘુમ્મટવાળું મંદિર, ચંડીગઢની ઉત્તર-પૂર્વે (ઈશાન) શિવાલિક પર્વતના છેડે ઢાળ ઉપર આવેલું છે.

ચંડીગઢના વહીવટની અવગણના કરવામાં આવી. તેથી ૧ નવેમ્બર, ૧૯૬૬ના રોજ તેને સંઘ શાસિતપ્રદેશ તરીકે કેન્દ્ર સરકાર હેઠળ મૂકવામાં આવ્યું. હરિયાણા રાજ્યની રચના પણ પંજાબનું વિભાજન કરીને તે દિવસથી કરવામાં આવી હતી.

સરકાર : ચંડીગઢની વિધાનસભા નથી. પરંતુ આ પ્રદેશમાંથી લોકસભામાં એક સાંસદ ચૂંટીને મોકલવામાં આવે છે. તે નગરના વહીવટ વાસ્તે એક વહીવટદારની નિમણૂક કરવામાં આવે છે.

ઉત્સવો : વૈશાખીનો તહેવાર અહીં ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે; ત્યારે ભાંગડા નૃત્ય કરવામાં આવે છે. આ ઉપરાંત હોળી, રક્ષાબંધન જેવા હિંદુ તહેવારો પણ વિધિપૂર્વક ઉજવાય છે.

ઉદ્યોગો : ચંડીગઢમાં મોટાં તથા મધ્યમ કક્ષાનાં ૧૫ ને ૩૦૨૬ નાના પાયાનાં ઔદ્યોગિક એકમો આવેલાં છે. તેમાં આશરે ત્રીસ હજાર લોકોને રોજી મળે છે. તેમાં હળવાં પીણાં, ઈલેક્ટ્રિક મીટર, ઍન્ટિબાયોટિક્સ, ઈલેક્ટ્રોનિક ઘટકો અને સાધનો, બાયો-મેડિકલ સાધનો, ટ્રૅક્ટરના ભાગો, સિમેન્ટની પાઈપો, ટાઇલ્સ તથા વૉશિંગ મશીનનું ઉત્પાદન કરવામાં આવે છે. ચંડીગઢથી રૂપિયા ૬૦ કરોડનો માલ પ્રતિવર્ષ નિકાસ થાય છે. તેનાં પડોશી રાજ્યોએ શહેરની પાસે ઔદ્યોગિક વસાહતો વિકસાવી છે. તેના ફલસ્વરૂપે પરવાનુ, બડ્ડી, ડેરાબસી, મોહાલી તથા પંચકુલામાં અનેક ઉદ્યોગો સ્થપાયાં છે.

ખેતી : ખેતી હેઠળનો પ્રદેશ માત્ર ૧૫૧૫ હૅક્ટર તથા સિંચાઈનો વિસ્તાર ૧૪૫૦ હૅક્ટર છે. ત્યાં ઘઉં, ચોખા, મકાઈ, શાકભાજી તથા ઢોરોનો ખોરાક પાકે છે.

ઊર્જા : ચંડીગઢને પડોશી રાજ્યોમાંથી તથા કેન્દ્રનાં પાવર સ્ટેશનોમાંથી પણ ઊર્જા પૂરી પાડવામાં આવે છે. ભાકરા સંકુલના કુલ ઊર્જા-ઉત્પાદનનો ૩.૫ ટકા હિસ્સો ચંડીગઢને મળે છે. વળી કેન્દ્ર સરકારની થર્મલ, ન્યૂક્લિઅર અને ગૅસ આધારિત ઊર્જા-ઉત્પાદનમાંથી ૮૩ મેઘાવૉટ ઊર્જા ચંડીગઢને આપવામાં આવે છે. ચંડીગઢ શહેરની પાસેનાં બધાં ગામોમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે.

પ્રવાસન : રૉક ગાર્ડન પ્રવાસીઓના આકર્ષણનું સ્થળ છે. ત્યાં કોલસો, પથ્થર, ભાંગેલાં ચીનાઈ વાસણો ઇત્યાદિમાંથી મૂર્તિવિધાન કરવામાં આવ્યું છે. નેકચંદ નામના એક સજ્જનની બુદ્ધિ અને પરિશ્રમના પરિણામે આ સિદ્ધિ શક્ય બની છે. સુખના જળાશય કૃત્રિમ છે. તે ત્રણ ચોરસ કિ.મી.માં વિસ્તરેલું છે. અહીં નૌકાવિહારની સુવિધા ઉપલબ્ધ થઈ છે. તેની આસપાસ ફરવાનો પણ એક આહ્લાદક અનુભવ છે. મ્યૂઝીઅમ કમ આર્ટ-ગૅલરિમાં આધુનિક ભારતીય કલાકારોનાં ચિત્રો તથા શિલ્પો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. તેમાં મુઘલ, કાંગડા અને રાજસ્થાની શૈલીનાં ભારતીય લઘુચિત્રો પણ છે. અહીં સેક્ટર-૧૬માં આવેલ ઝાકીર ગુલાબબાગ - એશિયાનો સૌથી મોટો ગુલાબબાગ છે. ત્રીસ એકર ભૂમિમાં પથરાયેલા આ બાગમાં ૧૬૦૦ પ્રકારના ગુલાબના ૫૦,૦૦૦ છોડ છે. સેક્ટર-૧માં આવેલ સચિવાલય તથા હાઈકોર્ટની ઈમારતો લ કાર્બુઝિયરની સ્થાપત્યને લગતી વિલક્ષણ બુદ્ધિના સ્મારક સમાન છે. સચિવાલયના ધાબા ઉપરથી સમગ્ર શહેરનું શ્રેષ્ઠ દૃશ્યનું વિહંગાવલોકન કરી શકાય છે.

વિશિષ્ટતાઓ : ચંડીગઢમાં એક જ ઈમારતમાં પંજાબ તથા હરિયાણા એમ બે રાજ્યોનાં સચિવાલય આવેલાં છે. અહીં એક જ શહેરમાં બે રાજ્યપાલો અને બે વડી અદાલતો છે. □

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૫મી મે ૧૯૪૪
પ્રિય કિટી,

પપ્પા મારાથી નાખુશ છે. રવિવારની અમારી ચર્ચા પછી એમને હતું કે હું રોજ સાંજના ઉપર જવાનું બંધ કરી દઈશ. એમને 'ગલેમિલના' જરાય પસંદ નથી. મને એ શબ્દ જ પસંદ નથી. એની વાત કરી એનાથી ખાસ આનંદ નહોતો થયો તો પછી મને દુઃખ થાય એમ એનો ઉલ્લેખ શા માટે કરતા હશે ? આજે હું એમની સાથે આ વિષય પર વાત કરવાની છું. એ માટે માર્ગોટે મને સારી સલાહ આપી પત્ર લખવાની. મારે એમને આ પ્રમાણે કહેવું છે :

'પપ્પા, મને લાગે છે કે તમે મારી પાસેથી ખુલાસાની અપેક્ષા રાખો છો અને માટે હું ખુલાસો કરું છું. મેં તમારો અપેક્ષાભંગ કર્યો છે. તમે મારી પાસેથી વધારે સંયમની આશા રાખી હતી. મને જરાય પસંદ નથી કે તમારી અપેક્ષા છે કે એક ચૌદ વર્ષની છોકરીને માટે યોગ્ય એવું વર્તન મારું હોવું જોઈએ. પણ પપ્પા, ત્યાં જ તમારી ભૂલ થાય છે !

આપણે ૧૯૪૨ના જુલાઈ માસમાં અહીંયાં રહેવા આવ્યાં, ત્યારથી માંડીને હમણાં હમણાં સુધીનો કાળ મારા માટે સરળ નહોતો. એ કાળ દરમ્યાન રાતે મેં સારેલાં આંસુ, મારું દુઃખ, મારી એકલતા, મારી નિરાશાની જો તમને જાણ હોત તો તમે સમજી શક્યા હોત કે મને ઉપર જવાનું મન કેમ થાય છે ! હવે હું એવા તબક્કે પહોંચી છું કે જ્યાં મને મમ્મીની કે કોઈની મદદની જરૂર નથી. પણ આ બધું કાંઈ એક રાતમાં નથી બની ગયું. અત્યારની મારી આઝાદી મેળવવા ખાતર મેં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. ઘણી મહેનત કરી છે ને કેટલાંય આંસુ વહાવ્યાં છે. તમારે હસવું હોય તો હસો અને ન માનવું હોય તો ન માનો. મને એની પરવા નથી. મને ખબર છે કે હું એક સ્વતંત્ર વ્યક્તિ છું અને મારા દરેક પગલાની યોગ્યતા મારે તમારી સામે સિદ્ધ કરવી જ જોઈએ એવું મને લાગતું નથી. તમને આ બધું કહેવાનું કારણ એક જ છે કે તમને ક્યારેય એમ ન લાગે કે હું બધું તમારી પીઠ પાછળ કરું છું. પરંતુ હું તો કેવળ એક જ વ્યક્તિને જવાબ આપવા બંધાયેલી છું અને એ વ્યક્તિ હું પોતે જ છું.

જ્યારે હું મુશ્કેલીઓનો સામનો કરતી હતી ત્યારે બધાંએ - એમાં તમે પણ આવી ગયા - એની તરફ આંખમીંચામણાં કર્યાં. કોઈ મારી મદદે આવ્યું નહિ. ઊલટાનું હું બહુ બડબડ કરું છું એવા ટોણા માર્યા. ખરેખર મારી જાતને દુઃખમાં ડૂબતી બચાવવા ખાતર હું બડબડ કરતી હતી. હું વધારે પડતા આત્મવિશ્વાસનો આવ આણતી હતી જેથી મારો અંદરનો અવાજ મારા કાન સુધી ન પહોંચે. ગયા દોઢ વરસથી રોજ રોજ હું નાટક કરતી હતી, ન મેં ત્યારે કોઈ ફરિયાદ કરી કે ન મેં મારું મહોરું ઉતાર્યું. અને હવે... હવે એ જંગ પૂરો થયો છે. હું વિજયી બની છું ! હવે મને મમ્મીની પણ જરૂર નથી. આ સંઘર્ષને અંતે મારું દૃઢ વ્યક્તિત્વ ઊપસી આવ્યું છે.

હવે, આ સર્વને અંતે, સંઘર્ષમાં વિજયી થયા પછી મારે મારા રસ્તે, મને યોગ્ય લાગે એ રસ્તે આગળ જવું છે. મને કેવળ ચૌદ વર્ષની સમજો મા, કારણ કે મુશ્કેલીઓએ મને મોટી કરી દીધી છે. મેં લીધેલાં પગલાંનો હું પસ્તાવો નહિ કરું. અને મને જેમ ગમશે એમ જ કરીશ.

તમારી હળવી સમજાવટ મને ઉપર જતી રોકશે નહિ. ક્યાં તો તમારે એનો ખુલ્લેખુલ્લો વિરોધ કરવો પડશે અથવા તો ગમે તેવી પરિસ્થિતિમાં તમારે મારો વિશ્વાસ કરવો જોઈશે. પણ તમે ગમે તે કરો મને એકલી છોડી દો.'

લિ. ઍન.મે.ફ્રેંક

શનિવાર, ૬ઠ્ઠી મે ૧૯૪૪
પ્રિયતમ કિટી,

ગઈ કાલે રાત્રે જમતાં પહેલાં પપ્પા પર લખેલો પત્ર મેં એમના ખિસ્સામાં સેરવી દીધો. માર્ગટના કહેવા પ્રમાણે પત્ર વાંચીને પપ્પા ઘણા અસ્વસ્થ થઈ ગયા હતા.(ત્યારે હું ઉપર સાફસફાઈમાં વ્યસ્ત હતી !) બિચારા પીમ, ખરેખર તો આવા પત્રની એમની ઉપર કેવી અસર થશે એનો વિચાર મને આવવો જોઈતો હતો. પપ્પા ખૂબ સંવેદનશીલ છે ! તરત મેં પીટરને આ વિષય પર કોઈ જ પ્રશ્ન પૂછવાની કે કાંઈ જ બોલવાની ના પાડી

પ્રસંગ

ભરવાડણ બાઈની ઝિંદાદીલી

નટુ મિસ્ત્રી

ઘણી વખતે જંગલમાં કે રસ્તા પર તંબુમાં રહેતા ગરીબની દિલની ઉદારતા આપણને સ્પર્શી જાય છે. ત્યારે આપણું મન પ્રફુલ્લિત થઈ જાય છે. આવા જ એક પ્રસંગની વાત છે. અમે બંને કલાકારો, એટલે હું અને કાન્તિભાઈ સોની, લગભગ દર રવિવારે લૅન્ડસ્કેપ કરવા અમદાવાદની આજુબાજુમાં ઊપડી જઈએ. આખો દિવસ કામ કરી સાંજે પરત આવીએ, એટલે સાથે ચા-પાણી નાસ્તો પણ ગાડીમાં લઈ જઈએ.

એક રવિવારે બંને મિત્રોએ તલોદ જવાના રસ્તે ઘડકણથી આગળ નદીકિનારાની ભેખડો અને બાવળની ઝાડીના લૅન્ડસ્કેપ કરવાનું નક્કી કર્યું. તલોદ મારું વતન હોઈ અવારનવાર તલોદ જતાં રસ્તામાં આવતી આ જગા ખૂબ જ આકર્ષક લાગતી અને મનને ખેંચતી. સવારે સાત વાગે નીકળી, બંને મિત્રો આઠ વાગે સાઈટ પર પહોંચી, રોડની બાજુમાં ગાડી પાર્ક કરી ચિત્રનો સામાન લીધો અને સ્પૉટ સિલેક્ટ કરી કામે લાગી ગયા. મોટા ભાગે અમે કલાકારો જ્યારે લૅન્ડસ્કેપ કરવા જઈએ ત્યારે ભલે નજીક બેઠા હોઈએ પણ કદાચ કલાકો સુધી એકબીજા સાથે બોલ્યા વગર કામમાં જ તન્મય થઈ કામ કરતા. કામ શરૂ થયું. દોઢ-બે કલાકમાં એક લૅન્ડસ્કેપ પૂરો થયો. પણ સ્થળ સુંદર હતું. તરત જ બીજો લૅન્ડસ્કેપ શરૂ કર્યો. બંને મિત્રો કામમાં મગ્ન!

અમે આ વેરાનવગડામાં ચિત્ર કરીએ. દૂર એક ખેતરમાં ઝાડી પાછળ ભરવાડ કુટુંબો ઘેટાં-બકરાં સાથે પડેલાં. એક ભરવાડણ બાઈ દૂરથી અમારા પર નજર નાખ્યા કરે. કુતૂહલવશ વચ્ચે અમારી પાસે આવી અમે જે ચિત્ર કરતા હતા તે જોઈ પણ ગયેલી. પણ અમે તો કામમાં મગ્ન હતા. લગભગ બપોરના બાર વાગવા આવ્યા. પેલા ભરવાડ કુટુંબને જમવાનો સમય થયો. પેલી બાઈ બેચેન હતી. તેની નજર અમારી તરફ જ હતી. તેને ચટપટી થઈ. ફરી અમે કામ કરતા હતા ત્યાં આવી વિનયથી અમને કહ્યું, 'સાહેબ, હું જોઉં છું કે વહેલી સવારથી તમે બંને અહીં આવી બેઠા છો. કંઈ ખાધું નથી. બપોરા થઈ ગયા છે. તમે તરસ્યા હશો, ભૂખ્યા હશો. અમારે બપોરાનો સમય થયો છે. તમારા માટે દૂધ, રોટલા, શાક અમે લાવીએ. કારણ તમે જમશો તો જ અમને પણ ગળે કોળિયો ઊતરશે. આવા જંગલમાં પડોશી તમે... તમને ભૂખ્યા મૂકી અમને અન્નનો કોળિયો ગળે શીદ ઊતરે?'

અમે બંને મિત્રો તો આ ખાનદાની અને ઉદારતા જોઈને દંગ જ થઈ ગયા! કોઈ ઓળખાણ કે પરિચય વગર કેટલી બધી લાગણી! આ તે કેવી મહાન ખાનદાની! અમે બંને મિત્રોએ એ બહેનને સમજાવ્યું કે અમારી પાસે ગાડીમાં જમવાનું છે અને પાણી, ચા વગેરે પણ છે. પણ કામની ધૂનમાં અમને કંઈ જ યાદ ન આવ્યું. તો માફ કરશો. પણ એ ભરવાડણ બાઈએ અમને આગ્રહપૂર્વક એક એક ગ્લાસ તાજું બકરીનું દૂધ પાઈને જ છોડ્યા. પછી જ એમણે બપોરનું જમણ પતાવ્યું. કેવી દિલેરી મહેમાનગતિ! ▢

દીધી. પીમ એ પછી મારી સાથે કાંઈ જ બોલ્યા નથી. શું, બોલશે ક્યારેય?

અહીં બધું રાબેતા મુજબ ચાલુ થઈ ગયું છે. જૅન, કુગ્લરસાહેબ ને ક્લાઈમનસાહેબ ચીજવસ્તુના ભાવની જે કાંઈ વાતો કરે છે કે બહારનાં લોકો વિશે જે કાંઈ કહે છે એ માન્યામાં આવતું નથી. અડધો શેર ચાના ૩૫૦ ગિલ્ડર, અડધો શેર કૉફીના ૮૦ ગિલ્ડર, શેર માખણના ૩૫ ગિલ્ડર, એક ઈંડું ૧.૪૫ ગિલ્ડરનું. એક ઔંસ બલ્ગેરિયન તમાકુ માટે લોકો ૧૪ ગિલ્ડર ખર્ચે છે! બધો જ વેપાર કાળાબજારમાં ચાલે છે. અને દુકાનનો નોકર-વાણોતર કોઈ ને કોઈ આડધંધો કરતો હોય. જેમ કે બૅકરીનો વાણોતર રફૂકામ માટેનું ઊન વેચે છે. એક નાના અમથા ગૂંછળાના ૯૦ સેન્ટ, દૂધવાળો રેશનકાર્ડ પણ વેચે, તો જમાદાર વેચે ચીઝ. ચોરી, ધાડ ને ખૂન તો રોજનાં થયાં. એમાં પોલીસ અને રાતપાળીના ચોકીદારનો પણ હાથ હોય. બધાંને પેટની ચિંતા છે. પગાર વધારો રોકી દીધો છે એટલે લોકોએ આ રસ્તો લીધો છે. રોજ રોજ સોળ-સત્તર વર્ષની છોકરીઓ ખોવાઈ જાય છે એટલે પોલીસને કામ ઘણું વધી ગયું છે.

હવે મારે ખાસ પ્રયત્ન કરીને ઈલન-પરીની વાર્તા પૂરી કરવી છે. અને ગમ્મત ખાતર હું પપ્પાના જન્મદિવસે એમને ભેટ આપવાની છું, એના બધા જ હક્કો સાથે.

ચાલો ત્યારે ફરી મળીએ ત્યાં સુધી (આ શબ્દપ્રયોગ બરોબર નથી. અહીં આવતા જર્મન આકાશવાણીમાં કહે છે ફરી વાતો કરીએ ત્યાં સુધી 'Auf wiederhören' એ પ્રમાણે થાય... ચાલો ફરી લખીએ ત્યાં સુધી) આવજો.

લિ. ઍન.મે.ફ્રૅંક (ક્રમશઃ)

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

ફ્રાન્સ : સીન નદી પરનાં બે અર્થસૂચક પ્રતીકો

ફ્રાન્સ વિશે બીજી કેટલીક બાબતો પણ નોંધવા જેવી છે. અઢી દાયકા પહેલાં પૅરિસમાં ભાગ્યે જ કોઈ અંગ્રેજીમાં વાત કરતું. જો કે હવે અમે ઊતર્યાં હતાં, તેવી મોટી સારી હોટેલોમાં, મોટાં રેસ્તુરાંમાં તેમ જ મોટા સ્ટોરોમાં રિસેપ્શન કાઉન્ટર ઉપર અંગ્રેજીમાં ઉત્તર આપનાર અને તેની વિગતો સમજાવનાર મળી રહે છે.

પૅરિસમાં ફરવાનાં અને પ્રવાસીઓ માટે જોવા ઉપયોગી થાય તેવાં (પગમાં જોર હોય તો ચાલીને જોવા-ફરવા ઉપરાંત) બે સાધનો છે. એક, અહીંની 'રેર' ટ્રેન. તે ન્યૂ યૉર્કની મેટ્રો નૉર્થ, ન્યૂ જર્સીની ટ્રાન્ઝિટ ટ્રેન અને લંડનની વિક્ટોરિયા તથા બીજી ટ્રેનોના નેટવર્કની યાદ આપે. ચાર્લ્સ દ'ગોલ ઍરપોર્ટથી આ એક્સપ્રેસ ટ્રેન અડધો કલાકમાં ચેટલેટ લા રાલીસ સ્ટેશન પર લાવી દે છે. આ સ્ટેશન ન્યૂ યૉર્કના પૅન સ્ટેશન કે ગ્રાન્ડ સેન્ટ્રલ અને મુંબઈના વી.ટી.ની યાદ આપે. (અલબત્ત, વી.ટી. - બોરીબંદર જેવી મુસાફરોની ભીડ કે કુલીની ધાંધલ-ધમાલ નહિ.) આ સ્ટેશનથી બીજી ટ્રેન નં. ૪ લઈને ફ્રાન્સના પ્રમુખના મહેલ શામ્સ-એલિસીસ પાસે પહોંચી જવાય. વચ્ચે ઈલ દ્ લા સાઈસ પાસે ઊતરી જઈને નોત્રેદેમ કથિડ્રલ જોઈ શકાય.

બીજો માર્ગ છે, સીન નદીમાં બોટ રાઈડ લઈને, તેના બંને કિનારે આવેલા આ ઐતિહાસિક સંસ્કૃતિનગરના 'લૅન્ડ માર્ક્સ' જેવી ઈમારતો બોટની ઝડપે જોઈ લેવાની. સીન નદીના આઠ માઈલ લાંબા પ્રવાહપટ પર ૩૬ પુલ આવેલા છે. સીનના ડાબે કાંઠે પોન્ત દુ કરૂસેલ પુલ આગળથી નદીને પાર કરીને દ'ઓરસે મ્યૂઝીઅમમાં જાઓ તો 'ઈમ્પ્રેસનિસ્ટ પેઈન્ટિંગ'નો વિશ્વનો સૌથી મોટો એવો સંગ્રહ જોવા મળે. તેની પાછળ જમણે કાંઠે ક્વેઈ દેસ તુલેરીઝથી પ્લેસ દ' લા કોન્કાર્ડ તરફ જઈએ તો પૅરિસનો સૌથી કામગરો વિસ્તાર જોવા મળે છે. ત્યાંથી દરેક દિશામાં ફંટાતો ટ્રાફિક જોવા જેવો છે. તેની વચ્ચે જ 'ઓબલિસ્ક'નું ઊંચું પૂતળું, સ્થાપત્ય ધ્યાન ખેંચે છે. આ સ્થાપત્ય ૩,૩૦૦ વર્ષ જૂનું છે, પણ તે પશ્ચિમના બ્રિટન જેવા સંસ્થાનવાદી દેશો પૂર્વના કલા-સંસ્કૃતિનાં સ્મારકો જોર વાપરીને પોતાના દેશમાં લાવ્યા છે, તે પ્રકારનું નથી. તે ઈજિપ્તના રાજદ્વારી પ્રતિનિધિએ ફ્રાન્સને આપેલી એક ભેટ છે. પેલેસ કોન્કાર્ડથી પ્રમુખીય નિવાસસ્થાન શામ્સ-એલિસીસથી આર્ક દ' ત્રિયોમ્ફ સુધી જઈએ તો લગભગ દોઢેક માઈલનું અંતર છે. આર્ક દ' ત્રિયોમ્ફ એ વિજયસ્તંભ મોટી કમાનાકારના ભવ્ય દરવાજાનું સ્થાપત્ય, અમેરિકાના વૉશિંગ્ટન સ્કવૅર પાર્કની કમાન (આર્ક), નવી દિલ્હીના ગેટ ઑફ ઈન્ડિયા, મુંબઈના ગેટ વે ઑફ ઈન્ડિયા અને રોમના વિજયસ્તંભની યાદ આપે. ઉત્તર કોરિયાના પ્યોંગયાંગમાં તેની રાષ્ટ્રિય ચળવળનું આવું સ્થાપત્ય ખૂબ વિરાટ છે, પણ તે સાદું લાગે. ફ્રાન્સનું આ સ્થાપત્ય આ બધાં કરતાં ઘણા મોટા કદનું ભાસે છે, અને સુંદર શિલ્પ પણ ધરાવે છે. શામ્સ-એલિસીસ માર્ગ એટલો તો વિશાળ છે કે તે અમેરિકાના ફીફ્થ ઍવન્યૂ, મિશિગન ઍવન્યૂ અને રોમના રોડીઓ ડ્રાઈવ - એ ત્રણે વિખ્યાત ભવ્ય વિસ્તારોને ભેગા કરો એવો, અને પ્રવાસીઓથી ભરચક રહેતો વિસ્તાર છે. એની પાસેના કેફેઓ (નાસ્તાકેન્દ્રો)ના સાઈડવૉક પર લન્ચ લેવા આવતાં લોકોને કારણે ક્યાંય ખાલી નહિ લાગે. વૉશિંગ્ટન - ડી.સી., લંડન અને રોમની જેમ આ શહેર એટલું પ્રવાસીપ્રિય છે કે જેમને અહીં રહેવાનો સમય નહિ હોય તેમને તો જે તે મ્યૂઝીઅમ જેવાં સ્થળોએ મોટી લાઈનમાં ઊભા રહેવું પડે. લાઈનમાં આગળ પહોંચવા માટે સારી એવી ઝડપી વ્યવસ્થા છે. છતાંય ઘણા કલારસિક પ્રવાસીઓ લુવ્ર મ્યૂઝીઅમ જોવાનું ચૂકતાં નથી. અહીં 'મોનાલીસા' નામનું, વિશ્વનું સૌથી પ્રસિદ્ધ ચિત્ર-પોર્ટ્રેટ જોવાં લોકો એકત્રિત થતાં રહે છે. બુલેટપ્રુફ કાચથી સુરક્ષિત કરાયેલા એક મોટા ઓરડામાં આ એક માત્ર ચિત્ર રાખ્યું છે. જો કે, ઘણાં પ્રવાસીઓ આ મૂળ ચિત્રની પ્રતિકૃતિઓ કે પ્રતિછબીઓ બીજે ક્યાંક જુએ છે. તેના પ્રમાણમાં આ મૂળ અને સાચું ચિત્ર ઘણું શ્યામ ને ઘેરું લાગે છે, તેથી તેઓ થોડાં નિરાશ પણ થાય છે.

લુવ્ર કેફેના કાઉન્ટર પાછળનો માણસ દેશી હતો. તેનાં મા-બાપ ભારતથી આવ્યાં હતાં, પણ તે પોતે પૅરિસમાં જન્મ્યો હતો. અરે, ત્યાં કેટલાક દેખરેખ રાખનાર ગાર્ડ્ઝ તરીકેના સ્ટાફમાં પણ આપણા ભારતીયો હતા.

સીન નદી પરની બોટ રાઈડમાં તેના બંને કિનારે આવેલાં સ્મારકો અને સ્થાપત્યો જોતાં જોતાં જ્યારે પાછાં વળવાનું બિન્દુ આવે ત્યારે સાંજે એક દૃશ્ય સતર્ક હોય તેવા પ્રવાસીઓનું ધ્યાન ખેંચ્યા વિના રહેશે નહિ. આ વળાંકબિન્દુ પર એક વૃક્ષાચ્છાદિત ખડક પર ઊંચો હાથ કરીને મશાલ ધરતી પ્રતિમા ઊભી છે. ન્યૂ યૉર્કમાં સ્વાતંત્ર્યદેવીની જે ભવ્ય પ્રતિમા છે, તે પ્રતિમાની આ નાની પ્રતિકૃતિ છે. ફ્રાન્સે જ અમેરિકાને સ્વાતંત્ર્ય-દેવીની પ્રતિમા ભેટ આપી હતી. આ જ સ્થળેથી બોટમાંથી જોઈએ ત્યારે સીન નદી પરની આ પ્રતિમાની પાછળ જે, દૂર પૅરિસનો એફિલ ટાવર ઊભો દેખાય છે, તે સાંજે પ્રકાશિત રેખાઓથી વધુ ભવ્ય રીતે ઊપસી આવે છે.

(અનુસંધાન પૃ. ૩૮૪ પર)

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

મને આમ, એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં જ્ઞાનથી સભર એવા પ્રોફેસરોના હાથ નીચે વિદ્યા પ્રાપ્ત કરવાનો સરસ મોકો મળ્યો. તેમને યાદ કરતાં આજે પણ મનોમન વંદન કરી લઉં છું. (અંગ્રેજીમાં) પ્રો. દાવરસાહેબ, પ્રો. રણધીરભાઈ (હિન્દીમાં), પ્રો. એ.જી.ભટ્ટ (સંસ્કૃતમાં), પ્રો. વી.એમ.શાહ (અર્ધમાગધીમાં), પ્રો. રામપ્રસાદ શુક્લ (ગુજરાતીમાં), પ્રો. કે.સી.દેસાઈ (ઇતિહાસમાં). આજે પણ આ ગુરુઓ માનસપટ પર છવાઈ જાય છે. આ સહુ આજે તો સદ્‌ગત થઈ ગયા છે પણ સદાને માટે યાદ મૂકતા ગયા છે.

આપણે આમાંથી થોડાક પ્રોફેસરોનો પરિચય પામીએ. પ્રો. દાવરસાહેબ, પારસીશાઈ લાંબો કોટ, પેન્ટ તથા માથે પારસીશાઈ ટોપી પહેરતા અને બોલે ત્યારે સાક્ષાત સરસ્વતીની વાણી હોય તેવો પ્રભાવ પડતો. તેઓ ફરજિયાત અંગ્રેજીનો વર્ગ લેતા ત્યારે વર્ગ ભરેલો હોય તો વિદ્યાર્થીઓ બારીઓમાં બેસતા ! એક વખત ફરજિયાત અંગ્રેજીનો વર્ગ લેતા હતા. આખો વર્ગ ભરેલો હતો. હું સૌથી આગળની બેન્ચ પર બેસતી ત્યારે તેમણે મને પૂછ્યું કે સમય શું થયો છે ? મને આશ્ચર્ય થયું કે સાહેબ આજે સમય માટે કેમ પૂછે છે ? પણ હું જવાબ આપું તે પહેલાં ટેબલની આગળ ઊભા રહી લેક્ચર લેતા તેઓ એકાએક ટેબલ પર પાછળની બાજુ ઢળી પડ્યા. હું તો રડવા લાગી કે મારા પૂજ્ય ગુરુને શું થયું? આચાર્યશ્રી આવ્યા. દાવરસાહેબ ભાનમાં આવ્યા, તેમને શિક્ષકખંડમાં લઈ ગયા, પાણી તથા ચા પિવડાવી અને તેઓ ફરીથી સ્વસ્થ થયા. ત્યાર બાદ અમારે તેમનો મુખ્ય અંગ્રેજીનો વર્ગ હતો. તેથી અને ધારેલું કે આજે તેઓ હવે વર્ગ લેશે નહીં, પણ તેઓ વર્ગમાં જવા માટે તૈયાર થયા. અમે બધાં વિદ્યાર્થીઓએ તેમને વિનવ્યા કે આજે તેમની તબિયત બરાબર નથી તેથી તેઓ વર્ગ ના લે તો સારું; પણ તેઓ એમ માને ખરા ? તેમણે જવાબ આપ્યો કે શરદીને લીધે ચક્કર આવવાથી તેઓ પડી ગયા હતા અને હવે સ્વસ્થ થઈ ગયા છે તેથી વર્ગ લઈ શકશે. આજે આવા શિક્ષક મળવા દુર્લભ છે એવું નથી લાગતું શું ? અમે નિશ્ચય કર્યો કે આપણે બધાંએ વર્ગમાં જવું જ નહીં. આખરે અમારી યુક્તિ તેમણે માન્ય રાખી અને એક બીજા પ્રોફેસરની મોટરમાં તેમને ઘરે પહોંચાડ્યા. આખો દિવસ હું આ બનાવથી ચિંતાયુક્ત રહી અને સાંજે પ્રથમ વાર ખાનપુરમાં આવેલા તેમના નિવાસસ્થાને પહોંચી ગઈ. તેમને સ્વસ્થ જોઈ આનંદ પામી. તેમનાં પત્ની તથા પુત્રીને મળવાનો સંજોગ થયો. ત્યારથી દરેક પતેતીને દિવસે તેમને મળવા અને વંદન કરવા જતી. તેમના કુટુંબ સાથે મારે ગાઢ સંબંધ બંધાયો. તેઓનું જ્યારે અવસાન થયું ત્યારે કૉલેજમાં રજા મૂકી તેમના મૃતદેહની વંદના કરવા પહોંચી ગઈ હતી. પ્રો. એ.જી.ભટ્ટસાહેબ અમને સંસ્કૃતમાં 'વિક્રમોર્વશીય' ભણાવતા હતા અને તેના લેખક કાલિદાસ વિષે એટલી સરસ માહિતી આપી હતી કે અમારે કાલિદાસ વિષે પુસ્તક વાંચવું જ ના પડે ! મારી એક ટેવ હતી કે પ્રોફેસર વ્યાખ્યાન આપતા હોય ત્યારે અગત્યના મુદ્દા હું તરત જ લખી લેતી. પ્રો. રણધીરભાઈ હિંદી લેતા હતા. એક વાર દુઃખ વિષે તેઓ બોલી રહ્યા હતા તે સાંભળતાં સાંભળતાં હું રડતી હતી, કારણ કે તે સમયે હું દુઃખમય પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. મારાં આંસુ બેન્ચ પર મૂકેલાં મારા પુસ્તક પર પડતાં હતાં. અચાનક રણધીરભાઈની નજર મારી પર પડી કે તરત જ તેમણે વ્યાખ્યાનને જુદો મોડ આપ્યો કે દુઃખ લાંબો સમય ટકતું નથી. જેમ સૂર્યાસ્ત પછી સૂર્યોદય થાય છે તેમ દુઃખ પછી સુખ આવે છે તેવો કુદરતનો નિયમ છે, માટે દુઃખથી ગભરાવું જોઈએ નહીં. તેમણે મારી પરિસ્થિતિની જાણ મેળવી અને તેમને ઘેર મને બોલાવી તથા આશ્વાસન આપ્યું. મને જાણે દુઃખ જીરવવાની શક્તિ પ્રાપ્ત થઈ હોય તેવો અનુભવ થયો. ત્યાર બાદ રણધીરભાઈ અને તેમનાં પત્ની ગુણવંતીબહેન સાથે મારો અતૂટ સંબંધ બંધાયો. આજે રણધીરભાઈ સદ્‌ગત થયા છે પણ ગુણવંતીબહેન સાથે મારો સંબંધ એવો જ રહ્યો છે. બીજા મારા ગુરુ હતા રામપ્રસાદ શુક્લ જેઓ ગુજરાતી વિષય ભણાવતા. મને તેઓ તેમની પુત્રી જેવી ગણતાં. તેઓ નિવૃત્ત થયા પછી તેમનાં પત્નીનું અવસાન થયું. મને ખબર પડતાં હું તેમને મળવા તેમના ઘેર પહોંચી ગઈ. તેઓ થોડા અસ્વસ્થ દેખાતા હતા. તેમના પુત્રને તેમણે મારી ઓળખાણ કેવી રીતે આપી તે જાણવા જેવું છે. તેમણે કહ્યું કે 'આ મારી દીકરી છે'; અને આ શબ્દો સાંભળતાં હું ધ્રુસકે ધ્રુસકે રડી પડી. આવા મારા પિતાસમ ગુરુ પણ આજે આ દુનિયામાં હયાત નથી. બીજા એક પ્રોફેસરની વાત કરું છું. પ્રો. એસ. આર. ભટ્ટ જેઓ તે સમયે બી. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્યપદે હતા. તેઓ એમ. એ.માં અમારી કૉલેજમાં વર્ગ લેવા આવતા. તેઓ શેક્સ્પીઅરના દરેક નાટકના પૂર્ણ અભ્યાસી એટલે કે શેક્સ્પીઅરની mastery તેઓ ધરાવતા. તેમના હાથ નીચે મને શેક્સ્પીઅર વિષે જાણવાની અને એ નાટ્યકારે લખેલાં કેટલાંક નાટકો ભણવાનો લ્હાવો પણ મળેલો.

પ્રો. દાવરસાહેબનો એક પ્રસંગ યાદ આવે છે. હું વ્યાખ્યાતા થયા પછી એક વાર એક નવલકથા ભણાવતી હતી ત્યારે તેમાં એક પ્રકરણનું મથાળું હતું 'Savia Indignatia'. મને આ મથાળાનો અર્થ સમજ ના પડે, તેથી હું દાવરસાહેબ પાસે પહોંચી ગઈ અને આ શબ્દોનો શું અર્થ થાય તે પૂછ્યું. દાવરસાહેબ તરત જ બોલ્યા કે આ શબ્દોનું અંગ્રેજી થાય 'Savage Indignation' અને એનું ગુજરાતી થાય 'પુણ્યપ્રકોપ'. 'Guliver's Travel'ના લેખક જોનેથન સ્વીફ્ટે કહેલું કે તેમના મૃત્યુ બાદ આ શબ્દો તેમની કબર પર લખાવવા. વાહ ગુરુદેવ, કેવું વ્યાપક

જ્ઞાન હતું! હું તેમને વંદન કરી ન્યાલ થઈ ગઈ. એક વાર શેક્સ્પીઅરનું સૉનેટ ' Shall I Compare Thee' ભણાવતાં ભણાવતાં વર્ગમાં મેં કહ્યું કે આ સૉનેટ કવિએ પોતાના મિત્રને અર્પણ કરેલું છે. વિદ્યાર્થીઓ બોલ્યા કે મિત્રને નહીં પણ કવિએ તેની પ્રિયતમાને અર્પણ કર્યું છે, કારણ કે તેમાં સૌંદર્યનાં વખાણ આવે છે. તેથી તે પ્રિયતમા જ હોવી જોઈએ. હું મૂંઝવણમાં મુકાઈ ગઈ. મારા ગુરુદેવ દાવરસાહેબ પાસે પહોંચી ગઈ અને આ બાબત વિષે પૂછ્યું. તેઓ કેટલા નિરાભિમાની હતા તે હવે સમજાશે. તેમણે કહ્યું કે મને બરાબર યાદ નથી માટે શેક્સ્પીઅરનાં સૉનેટનું પુસ્તક લાઈબ્રેરીમાંથી શોધીને તપાસ કરી લેવી. મેં તેમની આજ્ઞાનું પાલન કર્યું અને હું સાચી પડી. મેં વિદ્યાર્થીઓને બીજે દિવસે સાચી વાત સમજાવી.

હવે મૂળ વાત પર આવું. મારા અભ્યાસ દરમિયાન એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ.જી.સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ સંયુક્તપણે ચાલતી હતી. પણ પાછળથી કૉલેજોનું વિભાજન થયું. સંયુક્ત કૉલેજોના આચાર્યપદે શ્રી આર. ડી. દેસાઈ હતા. તેઓ હવે એમ. જી. સાયન્સ કૉલેજના આચાર્યપદે નિમાયા અને શ્રી પુરુષોત્તમ માવળંકર એલ.ડી.આર્ટ્સ કૉલેજના આચાર્યપદે નિયુક્ત થયા. મારી પરિસ્થિતિ શ્રી માવળંકર જાણતા હતા. હું એમ.એ.માં બીજા વર્ગમાં પાસ થઈ અને ભાગ્યવશાત તે સમયે કૉલેજના એક અંગ્રેજીના પ્રોફેસર બીજી કૉલેજમાં ગયા. તેમની ખાલી પડેલી જગા પર શરૂઆતમાં મારી ટ્યૂટર તરીકે નિમણૂક કરી અને બે વર્ષ પછી વ્યાખ્યાતાની પોસ્ટ પર પણ નીમી. આમ મારા પર આ કૉલેજ તથા ગુરુઓનો બહુ મોટો ઉપકાર છે.


તે સમયે કૉલેજમાં ફિશપૉન્ડનો કાર્યક્રમ યોજતા. હું જ્યારે વિદ્યાર્થિની હતી ત્યારે એક પ્રસંગે મને પણ ફિશપૉન્ડ મળેલું. અમારા એમ.એ.નો પીરિઅડ લેવા એક પ્રોફેસર ગુજરાત કૉલેજમાંથી આવતા. તેમના વર્ગમાં વિદ્યાર્થીઓ ગમેતેમ બોલતા અને તોફાન કરતા. આ બાબતની જાણ મેં આચાર્ય શ્રી માવળંકરને કરી અને તેમણે તેમાંના કેટલાંક તોફાની તત્ત્વોનાં નામ જાણી લાવવાનું કહ્યું. આ તત્ત્વો જ્યારે તોફાન કરે ત્યારે હું આગળની બેન્ચ પર બેસતી તેથી વારંવાર પાછળ જોઈ તેમને ઓળખી લેતી. આ બાબત પર મને ફિશપૉન્ડ મળ્યું કે, 'તમે વારંવાર પાછળ જુઓ છો તો તમારી આંખના નંબર વધી જશે અને ચશ્માં પહેરવાં પડશે!' આ ફિશપૉન્ડને જ્યારે સમગ્ર કૉલેજના વિદ્યાર્થીઓ એમ.જી.સાયન્સના મેદાનમાં ભેગા થયેલા તેમની સમક્ષ વાંચવામાં આવ્યું. હું આ સાંભળી તરત જ સ્ટેજ પર ગઈ અને કહ્યું કે, 'ફિશપૉન્ડ આપનાર ભાઈ આ ફિશપૉન્ડ આપી પોતાની કાયરતા પ્રકટ કરે છે; કારણ ભારતીય નારી જ્યારે પણ આવો અનિચ્છનીય બનાવ બને છે ત્યારે જ્વાળા ઝરતી આંખોથી તેનો સામનો કરે છે. એટલે આ ભાઈ ગભરાઈ ગયા છે અને મને ફિશપૉન્ડ આપી પોતાની નબળાઈ પ્રકટ કરે છે.' મારો જવાબ સાંભળી તાળીઓના ગડગડાટ થયા અને મને પ્રથમ ઇનામ મળ્યું, જ્યારે અધ્યાપિકા થઈ ત્યારે પણ ફિશપૉન્ડ મળતાં, મને ફૂલનો બહુ શોખ તેથી માથામાં ફૂલનો ગજરો નાખતી. એક વાર મને ફિશપૉન્ડ મળ્યું કે 'તમે અમદાવાદનાં ફૂલ મોંઘાં કરો છો.' તરત જ હું સ્ટેજ પર ગઈ અને કહ્યું કે જે ભાઈએ આ ફિશપૉન્ડ આપ્યું છે તેમને મારી વિનંતી છે કે જ્યારે પણ તેમને ભવાઈમાં સ્ત્રીપાત્ર તરીકે ભાગ ભજવવો હોય ત્યારે મારે ઘેર આવે; કારણ આ ફૂલ બજારનાં નથી પણ મારા બગીચામાં ઊગેલાં ફૂલ છે. આ ભાઈને જણાવું છું કે હું તેમને મફત ફૂલ આપીશ.' એક વખત વળી આવું ફિશપૉન્ડ મળ્યું કે, 'તમારું નામ કમલા છે. આવું જુનવાણી નામ કોણે પાડ્યું?' મારો ઉત્તર હતો કે, 'ભાઈ, તમે ડિગ્રી લઈ નોકરી શોધવા જશો ત્યારે આ નામનો અર્થ સમજાશે. કમલા એટલે 'લક્ષ્મી', અને લક્ષ્મી કમાવા માટે તમારે નોકરી મેળવવા ફરવું પડશે ત્યારે તમને આ શબ્દની મહત્તા સમજાશે.' આમ, ફિશપૉન્ડના કાર્યક્રમમાં મજા આવતી અને નિર્દોષ આનંદ મળતો.

મારી કૉલેજમાં ચાર-પાંચ અંધ વિદ્યાર્થીઓ ભણતા હતા. તેમાંના એક વિદ્યાર્થી નામે શંકરભાઈ. ફરજિયાત અંગ્રેજીના મારા વર્ગમાં ભણતા હતા. પીરિઅડ પૂરો થાય એટલે તેમને જે નંબરના રૂમમાં જવાનું હોય ત્યાં હું તેમનો હાથ પકડી લઈ જતી. બહાર કૉલેજમાં કેટલાક વિદ્યાર્થીઓ ઊભા હોય તે આ જોતા. ત્રણ-ચાર વખત મારે એ કામ કરવું પડ્યું. મેં કોઈ પણ વિદ્યાર્થીને આ કામ ચીંધ્યું નહીં, પણ વિદ્યાર્થીઓ પોતે જ સમજી ગયા અને મને કહે કે હવે તેઓ અંધ વિદ્યાર્થીઓને બીજા વર્ગમાં લઈ જશે. નાનપણમાં વાંચેલી એક વાત મારા મગજમાં હતી તેને મેં મોટી થતાં જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યો. એ વાત હતી કે એક પથ્થર રસ્તા વચ્ચે પડેલો જે કોઈ ઉપાડી બાજુમાં મૂકતું નહીં. ધારું છું કે રાજાએ પોતે જ આ પથ્થર પ્રજાની પરીક્ષા કરવા મૂક્યો હશે. રાજા સંતાઈને જોતો હતો. કેટલાંક લોકોને આ પથ્થરની ઠેસ વાગી, કેટલાંક પડ્યા, કેટલાંકે પથ્થરને ગાળો દીધી પણ કોઈએ ઉપાડ્યો નહીં. છેવટે રાજાએ પોતે એ પથ્થર ઉપાડી બાજુમાં ફેંક્યો. આ વાત મેં વાંચેલી તેથી તેને અમલમાં મૂકવા હું પ્રયત્ન કરતી. હવે પાછા આપણે પેલા અંધ શંકરભાઈ વિષે વાત કરીએ. તેમણે મુખ્ય વિષય બદલ્યો અને અંગ્રેજી વિષય પસંદ કર્યો. મને તેઓ મળવા આવ્યા અને આ વિષે વાત કરી. મેં તેમને પૂછ્યું કે 'હું કઈ બાબતમાં તેમને મદદ કરી શકું?' તેમણે મને કહ્યું કે હું જે પેપર લેતી હતી તેના પ્રશ્નો અને ઉત્તરો મારે લખી આપવા. તેમની પાસે રીડરની સગવડ હતી તેથી મેં તેમને પ્રશ્નો અને ઉત્તર લખી આપ્યા. તેઓ ખૂબ ખુશ થયા અને બી.એ.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરી. ત્યારબાદ ચાર-પાંચ માસ બાદ એક દિવસ મારે ઘેર આવ્યા, હાથમાં પેંડાનું પૅકેટ હતું અને મુખ પર આનંદ હતો. મને તેમણે કહ્યું કે તેઓના લગ્ન થઈ ગયાં અને તેઓ લંડન સ્થાયી થવા જઈ રહ્યા છે. આ સમાચારથી મને ખૂબ આનંદ થયો. આવાં વિદ્યાર્થીઓ મને મળ્યાં હતાં તે કેટલા આનંદની વાત છે. આટલા વર્ષે પણ મને તેઓ ભૂલ્યાં નહોતાં. (ક્રમશઃ)

ફિલ્માકાશ-૪૦

કારદારનું 'બાગબાન' અને બીજી નોંધપાત્ર ફિલ્મો


રજનીકુમાર પંડ્યા



પૂર્ણિમા

૧૯૩૮ની સાલમાં બૉમ્બે ટૉકિઝે એક વધુ નિષ્ફળ ફિલ્મ 'વચન' બનાવી હતી, જે હકીકતે એક પોશાકચિત્ર હતું. એમાં દેવિકારાણી, અશોકકુમાર, એમ.નઝીર, મીરા, મુમતાઝ અલી, પીઠાવાલા, માયાદેવી, કામતાપ્રસાદ અને આગાજાની કશ્મીરી હતાં. સંગીત સરસ્વતીદેવીનું હતું. મુખ્યત્વે અશોકકુમાર અને દેવિકારાણીનાં જ ગાયેલાં ગીતો હતાં. એક-બે ગીતોમાં બીજા સ્ત્રી સ્વરો પણ હતા. પણ એક પણ ગીત કોઈ ખાસ સફળતાને વર્યું નહીં. મજાની વાત તો એ છે કે સંગીતકાર તરીકે સરસ્વતીદેવીનું નામ હોવા છતાં નવમાંથી પાંચ ગીતોની સ્વરરચના ગીતકાર જમુનાપ્રસાદ કશ્યપ 'નાતવાં'એ કરી હતી. ફિલ્મમાં બલવંતસિંહ જેવા ગાયક અભિનેતા હોવા છતાં એમનું એક પણ ગીત નહોતું. ફ્રાંઝ ઑસ્ટીનના દિગ્દર્શનની આ એક નબળી ફિલ્મ ગણી શકાય. પણ આપણે એ ના ભૂલવું જોઈએ કે કોઈ પણ સર્જકની બધી કલાકૃતિઓ ઉત્તમ નથી હોતી. અને આખરે ફિલ્મનિર્માણ કે દિગ્દર્શનનું કામ એક સાહિત્યકારની હોય છે તેવી સ્વપ્રતિભા ઉપર જ નિર્ભર એવી પ્રવૃત્તિ નથી. એમાં ટીમવર્કથી કામ લેવાનું હોય છે. એટલે અનેકોની પ્રતિભા અને બીજાં સંવાદી-વિસંવાદી પરિબળોથી જન્મતું એ એક રસાયણ હોય છે. એટલે યશ-અપયશની અધિકારી કોઈ એક વ્યક્તિ નથી હોતી.

આ દષ્ટિએ જોઈએ તો આ વર્ષમાં આવેલી ફિલ્મ 'બાગબાન'ની ચર્ચા કરવી પડે. વર્તમાન વર્ષે (૨૦૦૩-૨૦૦૪)માં આવેલી અમિતાભ બચ્ચન અને હેમા માલિની દ્વારા અભિનિત પ્રતિબદ્ધ નિર્માતા બી. આર. ચોપરાની 'બાગબાન' ફિલ્મની ચર્ચા આજે ચોગરદમ ચાલી છે અને તે યથાર્થ પણ છે, કારણ કે તેમાં એક તદ્દન નવા જ દષ્ટિકોણની કલાત્મક સંવેદનાપૂર્ણ અભિવ્યક્તિ છે. આપણે એને 'નવા' કરતા પણ વિશેષ તો 'ઑફ-બીટ' વિષય તરીકે ઓળખાવી શકીએ. મા-બાપ અને સંતાનો વચ્ચેના કાળક્રમે નવા નવા ઉન્નત કાળા રંગ પકડતા જતા સંબંધોની એમાં વાસ્તવલક્ષી વાત છે. તે એક વખતનાં લાડકા સંતાનોથી આજે દુઃભાયેલાં વડીલોની વેદના વ્યક્ત કરે છે.



બિમલાકુમારી

જ્યારે ૧૯૩૮ની ફિલ્મ 'બાગબાન' એ જનરલ ફિલ્મ્સ પ્રોડક્શનના બૅનર હેઠળ બનેલી અબ્દુલ રશીદ કારદારની એક ધ્યાનાર્હ ફિલ્મ હતી. (આ એ. આર. કારદાર વિષે પ્રકરણ ૨૧માં વધુ વિગતવાર માહિતી આપી છે તેથી અહીં પુનરાવર્તન કરવાની જરૂર જોતો નથી.) પણ મહેબુબના સાઢુભાઈ એવા કારદાર સંવેદનાપૂર્ણ નહીં, પરન્તુ પ્રભાવ છોડી જનારી સારી ફિલ્મોના નિર્માતા, દિગ્દર્શક તરીકે જાણીતા બન્યા હતા. (એમની પછીનાં વર્ષોની નોંધપાત્ર ફિલ્મોનાં નામ વાચકોની માત્ર સંદર્ભ-સ્મૃતિ ખાતર; 'જાદુ' (૧૯૫૧), 'દર્દ' (૧૯૪૭), 'દાસ્તાન' (૧૯૫૦), 'યાસ્મીન' (૧૯૫૫), 'ચાચા ચૌધરી' (૧૯૫૩), 'દિલે-નાદાન' (૧૯૫૩), 'દિલ્લગી' (૧૯૪૯), 'દુલારી' (૧૯૪૯) 'દિલ દિયા દર્દ લિયા', 'શાહજહાન' (૧૯૪૭) અને બીજી કેટલીક)

'બાગબાન'માં અભિનય કલાકારોનું વૃંદ પણ સારું હતું. વી.નાંદ્રેકર બાળ હીરો હતા. (ઘણા બી.નાંદ્રેકર તરીકે પણ ઓળખે છે.) જ્યારે કારદારની પોતાની અંગત મિત્ર ગણાતી બિમલાકુમારી મુખ્ય સ્ત્રીપાત્રમાં હતાં. સાંગલી નાંદ્રે ગામમાં જન્મેલા નાંદ્રીકર ૧૯૪૨માં તો સત્તર વર્ષની વયે મૅટ્રિક પાસ કરી. તે પહેલાં તો માત્ર બે વર્ષની વયે મૂક ફિલ્મ 'કર્ણ'માં શિશુવયના કૃષ્ણ તરીકે દેખા દીધી હતી. 'બાગબાન'માં એક નિર્દોષ બાળકને જેલમાં જવું પડે છે તેવી કથાની શરૂઆત છે. આ પાત્રમાં નિર્દોષ મોહક ચહેરા-મહોરાવાળા નાંદ્રેકર એકદમ બંધબેસતા લાગતા હતા. આ અતિ નાટકીય વાર્તા ધરાવતી ફિલ્મમાં આપણે

કલ્પી શકીએ તેમ તરુણ વયનો બાળક, જેનું નામ ફિલ્મમાં સરૂપ છે તે જેલમાંથી મુક્તિ પામે છે. પણ તે પહેલા તીવ્ર નાટ્યાત્મક આરોહ-અવરોહ એની કથામાં છે. સરૂપ (નાંદ્રેકર) નાનપણથી જ એક સાધુ (અશરફખાન)ની સંગતમાં આવતાં સાંસારિક સુખોનો ત્યાગ કરે છે. અને પછી અમુક અપરાધના કારણે જેલમાં પણ જાય છે. ત્યાં એના સાથી કેદીઓ એનું માનસપરિવર્તન કરી દે છે. આ તરુણાવસ્થા અને યુવાવસ્થાના સંગમ જેવી ઉંમરે એ જેલના બગીચામાં કામ કરતાં કરતાં જેલ સુપરિટેન્ડેટ સોહનલલા (નઝીર)ની પુત્રી દુર્ગા (બિમલાકુમારી) એના તરફ આકર્ષાય છે. એ પોતાની જીવનકથા આ છોકરાને કહે છે તેમાં પોતાનાં બાળલગ્નનો પતિ હવે અવસાન પામ્યો છે તેની કરુણ કથા સમાયેલી છે. આ દરમિયાન રણજિત (કે. એન. સિંગ) એને વશ કરવાના પ્રયત્નો કરી રહ્યો હોય છે. અને એ એમાં સફળ પણ થાય છે. પણ એમના લગ્નના દિવસે જ એ વાતનો ઘટસ્ફોટ થાય છે કે સરૂપ એ બીજો કોઈ નહીં પણ દુર્ગાનો મરણ પામેલો મનાતો પતિ જ છે. અંતે એ બંનેનાં જ લગ્ન થાય છે. - આ ફિલ્મમાં પ્રમાણમાં ઓછી વયનાં પ્રેમીઓની પ્રેમકથા થોડા સેક્સના સ્પર્શ સાથે વણી લેવાઈ હતી (જે વર્ષો પછી ફિલ્મ 'બૉબી' ૧૯૭૩માં બીજી ઢબે આવી.)

આ સફળ ગણાય તેવી ફિલ્મના દિગ્દર્શક કારદાર હતા અને કલાકારોમાં ઉપર જણાવ્યાં તે ઉપરાંત વાસ્તી, મિર્ઝા મુશર્રફ (એમણે આ ફિલ્મનાં ગીતો પણ લખ્યાં હતાં). રામ અવતાર અને લાલા યાકુબ (ખુરશીદના પતિ) અને સિતારાદેવી હતાં. (આ સિતારાદેવી હજુ આ ૨૦૦૪ની સાલમાં પણ ચોર્યાસી વર્ષની વયે મુંબઈમાં નૃત્યશાળા ચલાવે છે અને જાતે નૃત્ય કરીને પ્રશિક્ષણ આપી રહ્યાં છે.) રસ પડે એવી વાત એ છે કે આ ફિલ્મમાં સંગીત મુશ્તાક હુસૈનનું હતું, જેમના મદદનીશ નૌશાદ હતા. એક ગીત વિખ્યાત ઉર્દુ શાયર હાફીઝ જાલંધરીનું લખેલું હતું. આ એ જ હાફીઝ જાલંધરી કે જેમનું લખેલું અને મલિકા પુખરાજે ગાયેલી બિનફિલ્મી નજમ 'અભી તો મૈં જવાન હૂઁ' સદા જવાન જ રહી છે. આ ફિલ્મમાં એમના ગીતના શબ્દો હતા 'તસવ્વુર મેં ઝુલ્ફો કી રોયા કિયા, મૈં બાલો મેં મોતી પિરોયા કિયા'. કુલ અગિયાર ગીતોમાં ત્રણ ગીતો આપણા મશહુર ગુજરાતી નાટ્યકલાકાર માસ્ટર અશરફખાને ગાયાં હતાં. જેમની મઝાર અમદાવાદમાં બહેરામપુરાના કબ્રસ્તાનમાં છે અને જેને છેલ્લા કોમી રમખાણો દરમિયાન ઠીક ઠીક નુકસાન પહોંચ્યું હતું. અશરફખાનનું આ ફિલ્મનું ગાયેલું, અને તેમના ઉપર જ ચિત્રાંકિત થયેલું ગીત 'બસા લે અપને મનમેં પ્રીત' ઘણું લોકપ્રિય થયું હતું. બીજાં ગીતો બિમલાકુમારી, સિતારા, શારદા પંડિત અને સાથીઓએ ગાયેલાં હતાં. જો કે આ ફિલ્મનાં ગીત-સંગીત એકાદ બે અપવાદને બાદ કરતાં સફળ થયાં નહોતાં. નૌશાદસાહેબના કહેવા મુજબ આ ફિલ્મની એકાદ ધૂન તેમણે સ્વતંત્ર રીતે બનાવી હતી. (માત્ર ઓગણીસ વર્ષની વયે !) પણ તે ધૂન કઈ તે તેઓ યાદ કરી શકતા નથી.

નૌશાદસાહેબે આ વર્ષની બીજી એક ફિલ્મ કે જેનું નામ જરા નવતર લાગે તેવું છે તે ફિલ્મ 'ઈન્ડસ્ટ્રીઅલ ઈંડિયા'માં પણ મુશ્તાક હુસૈનના સહાયક તરીકે કામ કર્યું હતું. આ પણ જનરલ ફિલ્મ્સના નેજા હેઠળ બની હતી. નૌશાદ જેમના સહાયક રહ્યા હતા તે મુશ્તાક હુસૈન ઉપરાંત હરિશ્ચંદ્ર બાલી (સાયગલને સંગીતકાર બોરાલની ઓળખાણ કરાવનારા સંગીતકાર) તથા અનિલ વિશ્વાસનું એમાં સંગીત હતું. આમ, ત્રણ સંગીતકારોએ એનું સંગીતપાસું સંભાળ્યું હતું. આ ફિલ્મમાં આગળ ઉપર પડદાનાં રામ-સીતા તરીકે વિખ્યાત થનારાં પ્રેમ અદીબ અને શોભના સમર્થે ગાયેલાં એક ગીતના શબ્દો હતા : 'એક શાનદાર ડિરેક્ટર થે, જો અકડઅકડ કર ચલતે થે' - જાણકારો કહે છે કે એ શબ્દો શાંતારામને લક્ષમાં રાખીને ડિરેક્ટર મોહન સિંહાએ લખ્યા હતા. આ ફિલ્મના દિગ્દર્શક પણ એ જ હતા. અન્ય કલાકારોમાં કે. એન. સિંગ, મિર્ઝા મુશર્રફ, બેબી ઈંદિરા, વાસ્તી વગેરે હતાં. આ ફિલ્મનું હિંદી નામ રાખવામાં આવ્યું હતું : 'નિરાલા હિન્દુસ્તાન'

આ સાલ ૧૯૩૮માં ગુજરાતીઓએ પણ ઠીક ઠીક આ ઉદ્યોગમાં પગપેસારો કર્યો હતો. એમાં પ્રકાશ પિક્ચર્સના સ્થાપકો વિજય ભટ્ટ અને શંકર ભટ્ટનો તથા સરદાર ચંદુલાલ શાહનો ખાસ નામોલ્લેખ કરવો ઘટે. પ્રકાશ પિક્ચર્સની વિખ્યાત નવલકથાકાર અને વડોદરાના સુબા ર. વ. દેસાઈની નવલકથા 'પૂર્ણિમા' ઉપર આધારિત એ જ નામની ફિલ્મ આ જ વર્ષે આવી. સંગીતકાર શંકરરાવ વ્યાસની પણ આ પહેલી જ ફિલ્મ હતી. દિગ્દર્શક હતા બળવંત ભટ્ટ અને ગીતકાર હતા સમ્પતલાલ શ્રીવાસ્તવ 'અનુજ'. આ ફિલ્મનાં કલાકારો હતાં સરદાર અખ્તર (પાછળથી મહેબુબને પરણ્યાં) ઉપરાંત નૂરજહાં (આપણી વિખ્યાત ગાયિકા અભિનેત્રી નહી) શિરીન, ઉમાકાન્ત, બદરીપ્રસાદ, શંકરરાવ અને બીજા બહુ જાણીતાં નહીં તેવાં નામો. પંદર જેટલાં ગીતો ઉપરાંત સંતકવિ તુલસીદાસ વિરચિત વિનયપત્રિકાનું એક પદ 'જો ગતિ જોગ બિરાગ' પણ આમાં ગેય સ્વરૂપમાં સામેલ કરવામાં આવ્યું હતું. મોટા ભાગનાં ગીતો સરદાર અખ્તરના કંઠમાં હતાં. બે ગીતો ખુદ પ્રો. શંકરરાવ વ્યાસે ગાયેલાં હતાં. તો બે રણજિતના સ્વરમાં હતાં.

માત્ર બંગાળી લોકો જ પોતાની સાહિત્યકૃતિઓ ઉપરથી ફિલ્મો બનાવે છે ને બીજાઓની એ તાકાત નથી. એવું મહેણું

ભાંગવા માટે જ આ ફિલ્મ વિજય ભટ્ટે ર.વ.દેસાઈની કૃતિ ઉપરથી બનાવી હતી તેમ તેમના પુત્ર અને મારા મિત્ર હવે તો સ્વ. અરુણ ભટ્ટ એક વાર કહેતા હતા અને એમણે જ કબૂલ કર્યું કે ઉપરની બીજાઓની માન્યતાને સાચી પાડવા માટે જ આ ફિલ્મ બનાવવામાં આવી હોય તેમ લાગતું હતું. જે સંવેદનપટુતા અને ઊંડાણભર્યા માનવીય ભાવોનું નિરૂપણ બંગાળી સાહિત્યકૃતિઓ ઉપર આધારિત ફિલ્મોમાં જોવા મળતું હતું તેનો આમાં અભાવ હતો. અલબત્ત, વ્યાવસાયિક ધોરણે એ ફિલ્મ સફળ થઈ હતી.

એની વાર્તા ગણિકાજીવન ઉપર કેન્દ્રિત હતી. ર. વ. દેસાઈએ એમાં અનેક પ્રસંગપલટા બતાવ્યા હતા જે ચિત્રાંકનવેળા બહુ કામમાં આવ્યા. ગણિકા રાજેશ્વરી (સરદાર અખ્તર) અને અવિનાશ (રણજિત, જે આગળ ઉપર કૉમેડિયન થયા) નામના ભદ્ર કુટુંબના યુવાનની પ્રેમકહાણી અને એમાં એના મિત્ર રજનીકાંત (ઉમાકાંત દેસાઈ)ના સાથ અને ગણિકાની ઉપર કુદૃષ્ટિ કરનારા કીકા શેઠ અને પરમનાથ શેઠ (અનુક્રમે લલ્લુભાઈ અને શંકરરાવ) જેવાં વિપરીત પરિબળો સામે લડત અને છેવટ રાજેશ્વરી સાથે અવિનાશનું લગ્ન. આ એની કહાણીનો ટૂંકો સાર. પણ જોનારાં એમ કહેતાં હતાં કે નાયકની ભૂમિકા માટે રણજિત કરતા ઉમાકાંત વધુ યોગ્ય હતા. રણજિતમાં સાયગલની બેઠી નકલ સૌને દેખાતી હતી, જે સાથેના ચિત્ર ઉપરથી પણ સ્પષ્ટ થશે.

આમાં સહનાયકની ભૂમિકા ભજવનાર ઉમાકાન્ત હજુ હયાત છે અને મારી પાસે તેમનો પત્રવ્યવહાર પણ છે. આજે નેવું વર્ષ ઉપરના ઉમાકાન્ત દેસાઈ મૂળ સંખેડાના નાગર અને એમણે ખુદ કવિ ન્હાનાલાલની ઉપસ્થિતિમાં તેમના જ નાટક 'જયા-જયંત'માં જયંતની ભૂમિકા એવી સરસ ભજવેલી કે કવિએ એમની પીઠ થાબડેલી. આપણે જે સમયગાળાની વાત માંડી છે તે પછી દસ વર્ષે તેમણે શેણી-વિજાણંદ (૧૯૪૮) ફિલ્મમાં વિજાણંદનો અભિનય કર્યો હતો અને સ્વ. ઝવેરચંદ મેઘાણીએ લખેલાં અને દિલીપ ધોળકિયાએ ગાયેલા ગીત 'વાટલડી જોશોમાં મારી' ઉપર દીના સંઘવી (પછીથી જે દીના પાઠક થયાં)ની સામે અભિનય કરીને પ્રેક્ષકોને રડાવી દીધાં હતાં. તો ૧૯૪૩માં 'રામરાજ્ય'માં લક્ષ્મણની ભૂમિકા ભજવીને સૌનાં દિલ જીતી લીધાં હતાં. વડીલ ઉમાકાંત દેસાઈની વધુ વિગતો જાણવા માગતાં વાચકો રન્નાદે પ્રકાશન (જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧) દ્વારા પ્રકાશિત મારા પુસ્તક 'અક્ષરની આંખે' (કિંમત રૂ. ૬૦)નો લેખ 'અક્ષરો ભૂંસાય તે પહેલાં' વાંચી જુએ. તેમને, ગુજરાતની આ હયાત ગૌરવ જેવી હસ્તીને ૪, કમલાસદન, ફિરોઝ શાહ સ્ટ્રીટ, સાંતાક્રુઝ, મુંબઈ - ૪૦૦ ૦૫૪ ઉપર પત્ર લખીને તેમના સોનેરી સંધ્યાકાળમાં પ્રસન્નતાનો વધુ એક સોનેરી લિસોટો ઉમેરી શકે.

બીજા એક ગુજરાતી જે ઝડપથી ઝગમગતા પ્રકાશમાં આવી રહ્યા હતા તે હતા સરદાર ચંદુલાલ શાહ - એમના રણજીત મુવીટોનનું નિર્માણ 'બાઝીગર' આ વર્ષે એમણે 'બન કી ચિડીયા' નામનું એક સાવ સામાન્ય, નગણ્ય એવું ચિત્ર આપ્યું હતું, જેમાં માધુરી ઈ. બિલીમોરા જેવી સફળ જોડી હતી અને છતાં ફિલ્મ માર ખાઈ ગઈ હતી. જયંત દેસાઈ જેવા કાબેલ દિગ્દર્શકની કળા પણ નબળી વાર્તાને કારણે ફિક્કી રહી હતી અને સંગીતકાર જ્ઞાનદત્ત હતા. (જેમણે પાછળથી સાયગલ અભિનીત 'ભક્ત સુરદાસ'માં શ્રેષ્ઠ સંગીત આપ્યું હતું.) પણ તેમનું એકેય ગીત લોકજીભે ચડનારું બન્યું નહોતું. એક નોંધપાત્ર વાત એ કે તેમાં નિમ્મીના માતા વહીદનબાઈએ ગુજરાતી ગાયક કાંતિલાલ સાથે ગાયેલું એક ગીત 'નદી કિનારે બૈઠ અકેલે' સારું બન્યું હતું. ગીતો પી. એલ. સંતોષીએ લખેલા હતા. જ્યારે બીજી ફિલ્મ 'બાઝીગર' ઘણી સફળ રહી હતી. (ક્રમશઃ)

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૫


ચૈતાલી શાહ

મોન્ટ્રીઅલનું આવાસ-સંકુલ

સન ૧૯૬૭માં કૅનૅડાના મોન્ટ્રીઅલ શહેરમાં સ્થાપત્યના ક્ષેત્રને નવી દિશા બક્ષવા એક્સ્પો'૬૭નું આયોજન થયું હતું. તે વખતે અહીં ઘણાં નવીન અભિગમવાળાં મકાનો પ્રથમ વાર જોવા મળ્યાં હતાં પણ તે સર્વેમાં ત્રણ રચનાઓ મુખ્ય ગણાઈ છે. પ્રથમ તો અમેરિકન સ્થપતિ બકી ફુલર તથા સાડાઓનો ૨૦૦ ફૂટ ઊંચો જિઓડેસિક ગુંબજ, બીજું જર્મનીના સ્થપતિ ફ્રાય ઑટો તથા રોલ્ફ ગુટબ્રોડની ડિઝાઈન પ્રમાણે આઠ થાંભલા પર ટેકવાયેલું ૮૦,૦૦૦ ચોરસ ફૂટનો વિસ્તાર સમાવતું તથા તાણમાં રખાયેલી પારદર્શક વિનાયલમાંથી બનાવાયેલ તંબુ જેવું મકાન તથા ત્રીજું ઇઝરાએલના સ્થપતિ મોશે શાફદીની રચના પ્રમાણે તૈયાર કરાયેલ 'હૅબિટાટ'.

આ અગાઉ ૧૯૫૨ની સાલમાં ફ્રાન્સના સ્થપતિ લ કાર્બુઝીયરે માર્શીલેમાં સંયુક્ત આવાસની પોતાની કલ્પના સાકાર કરી હતી. આ રચનામાં પ્રત્યેક આવાસ બીજા આવાસ જેવો જ દેખાતો જેથી કોઈ પણ આવાસની ઓળખ નહોતી બંધાતી. અહીં સમગ્ર મકાનને ઓળખ મળતી પણ તેના બધા આવાસ 'ચહેરા વિનાના' બની રહ્યા હતા. આ બાબત ઘણાં લોકોને ખટકી હતી, કારણ કે તેમ થવાથી તે આવાસમાં રહેતું પ્રત્યેક કુટુંબ ઓળખ વિનાનું બની જતું તેમ તેઓ માનતાં.

મોન્ટ્રીઅલમાં આ પ્રશ્નના નિરાકરણરૂપે મોશે શાફદી દ્વારા સંયુક્ત આવાસ માટે નવા જ અભિગમવાળી રચના પ્રસ્તુત કરાઈ. આ આવાસ-સંકુલમાં બધાંને 'ગોપનીયતા, શુદ્ધ હવા, સૂર્યપ્રકાશ તથા મૂળભૂત શહેરી સવલતો' મળી રહે તેવી રચના કરાઈ. આ રચનામાં કાયમ માટે રહી શકાય તેવા ૧૫૮ આવાસ બનાવાયા, જો કે શરૂઆતમાં આ સંકુલ ૧૦૦૦ આવાસનો સમાવેશ થઈ શકે તેટલું મોટું બનાવવાનું હતું. આ બધા આવાસો માટે જરૂરિયાત પ્રમાણે જુદા જુદા નકશા તૈયાર કરાયા હતા. આ મકાન ઘણી રીતે સ્થાપત્યના ક્ષેત્રમાં ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે. સૌપ્રથમ તો તેની રચનામાં અકલ્પનીય ખર્ચો આવેલો કેમ કે આમાંનું પ્રત્યેક મકાન પહેલાં જમીન પર આગોતરું તૈયાર કરાયું હતું ને પછી તેને ક્રેઇનથી ઊંચકી તેની જે તે જગ્યાએ 'પ્લગ-ઈન' કરાયું હતું. આ આખી પ્રક્રિયા ખર્ચાળ હતી. પણ શાફદીની સમજ એ હતી કે જ્યારે આવાં મકાન, ઔદ્યોગિક ધોરણે બનાવાશે ત્યારે તે સસ્તાં હશે. અહીં



તો આ મકાન પ્રાયોગિત ધોરણે બનાવાયું હતું. વળી, સ્થપતિએ અહીં 'પ્રત્યેક આવાસ માટે ગોપનીયતા'ની જે વાત કરી હતી તે શક્ય ન હતું; કારણ કે દરેક આવાસમાંથી બીજા કોઈ આવાસની બાલ્કની કે ટૅરેસમાં સહજતાથી દૃષ્ટિ જતી. અહીં જે અર્વાચીન જીવનશૈલીની વાત થતી હતી તે પણ તત્કાલીન જીવનસરણીને અનુરૂપ ન હતી. લ કાર્બુઝિયરની રચનાની સરખામણીમાં અહીં પ્રત્યેક આવાસને ઓળખ મળતી પણ સમગ્ર આવાસ-સંકુલ ચોસલાના ઢગલા જેવું લાગતું.

આ બધી બાબતો સાથે પણ આ મકાનને સ્થાપત્યનું સીમાચિહ્ન ગણી શકાય. વિશ્વમાં આ 'પ્લગ-ઈન' પ્રકારના આવાસવાળું આ એકમાત્ર આવાસ-સંકુલ છે. આના પહેલાં આમ ક્યારેય બન્યું ન હતું અને આના પછી આવું ફરીથી બનાવવાની કોઈએ હિંમત નથી કરી. અહીં એકતા સાથે વૈવિધ્ય છે. અહીં સ્થાપત્ય સંપૂર્ણ રીતે ઇજનેરી જાણકારી પર આધારિત છે તે છતાં તેમાં દૃશ્ય-અનુભૂતિ છે. સંપૂર્ણ મકાનને 'ઔદ્યોગિક ઉત્પાદન' તરીકે બનાવવાનો આ પહેલો પ્રયોગ હતો અને જો એ દિશામાં સમાજ કાર્યરત રહ્યો હોત તો કદાચ આજે જુદા જ પ્રકારનું સ્થાપત્ય આપણને જોવા મળત.

૯૦ ટન વજનનાં કૉંક્રિટના ચોસલા જોડીને બનાવાયેલ આ સંયુક્ત આવાસમાં મકાનને મકાન તરીકે નહીં પણ મકાનની 'સિસ્ટર' તરીકે જોવાના અભિગમને વેગ મળ્યો. આ પ્રકારની વિચારસરણીથી જન-સમાજ માટેના આવાસનો પ્રશ્ન ઉકેલાશે તેમ સ્થપતિનું માનવું હતું. વળી, અહીં મકાનની વિવિધ સપાટીઓને ત્રિપરિમાણીય સ્થાનમાં જુદી જુદી જગ્યાએ મૂકી વિશિષ્ટ દૃશ્ય અનુભૂતિ સર્જવાનો પ્રયત્ન પણ થયો છે. 'ક્યૂબિઝમ'ની ચળવળ શરૂ કરનાર ચિત્રકારોની દૃષ્ટિએ આ મકાન સ્થાપત્યના 'ક્યૂબિઝમ'ની પરાકાષ્ઠા હશે.

(ક્રમશઃ)

લઘુકથા

અધ્યાત્મજ્ઞાનનું નિવાસસ્થાન

બહાદુરભાઈ જ. વાંક

શિષ્યો પ્રત્યેની કરુણાને વશ થઈને ગુરુ બજુવાએ આઠ વર્ષ પછી એકાદ કલાક માટે પોતાનું મૌન તોડ્યું ને શિષ્યો સમક્ષ પોતાનું માર્મિક અને અર્થગર્ભ ચિંતન રજૂ કરતાં ગુરુ બોલ્યા : 'આઠ વર્ષના એકધારા મૌન પછી માત્ર આઠ-દસ મિનિટ બોલવા માટેનો મને અધિકાર પ્રાપ્ત થયો છે. તો મારી વાણીને ધ્યાનપૂર્વક આત્મસાત્ કરવા માટે નમ્ર અનુરોધ કરું છું :

(૧) શબ્દ શું છે, ને તે ક્યાંથી પ્રકટ થાય છે એની મને આઠ વર્ષના મૌન પછી ખબર પડી શકી છે. તમારા મૌનમાંથી પ્રકટેલો તમારો શબ્દ શ્લોકત્વને પામી અર્થવાન બની શકે.

(૨) અધ્યાત્મનું રહસ્ય જાણવું છે ? તો કોઈની પણ સમક્ષ ભાવપૂર્વક તમારું મસ્તક નમાવી દો. નમેલા મસ્તકમાં આખેઆખું આકાશ ઊતરી આવે છે. આકાશ એ પ્રકૃતિનું 'પાવરહાઉસ' છે.

(૩) તરસ લાગ્યા વગર ક્યારેય પાણીનો અર્થ સમજી શકાતો નથી. તરસ લાગે ને પાણી પીધા બાદ પાણીનો અર્થ ન સમજાય તો તમારે માનવું કે હજુ તમને તરસ જ લાગી નથી !

(૪) ધ્યાન એ સૂરજનું અજવાળું છે, જ્યારે એકાગ્રતા એ મીણબત્તીનું કે ટૉર્ચલાઈટનું અજવાળું છે. ધ્યાન ચેતનાને આકાશની જેમ વિસ્તારે છે, જ્યારે એકાગ્રતા ચેતનાને સંકીર્ણ-વામણી બનાવી દે છે. ધ્યાનમાં ઊંડા ઊતર્યા પછી જો તમારામાં પ્રેમ-કરુણાનું પ્રાગટ્ય ન થાય, તમને સમયનો ને અવકાશનો તીવ્રતમ બોધ ન થાય, તમારી બુદ્ધિ તેજસ્વી ન બને અને એકાંતમાં અનુભવેલો અલૌકિક આનંદ અન્યોને વહેંચી દેવાની ઇચ્છા ન થાય તો તમારે માનવું કે તમે ધ્યાનની નહીં, પણ એકાગ્રતાની જ સાધના કરી છે.

(૫) થોડુંક પણ અસત્યનું ઉચ્ચારણ કે હીન-નકારાત્મક ભાવ તમને આખેઆખા બંધ કરી દે છે. સ્વયં પોતાની નજરમાં જ નીચે ઊતરી ગયેલ માણસને પછી આ દુનિયામાં કોઈ પણ ઊંચકી શકતું નથી.

(૬) અન્યની નિષ્કામ સેવા કે અન્યને નિર્વ્યાજ પ્રેમ કરતાં તમને આવડી જાય તો પછી તમારે ધ્યાનમાં બેસવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. નિર્વ્યાજ પ્રેમથી અન્ય તરફ લંબાવેલો તમારો હાથ આકાશને આંબી જાય છે.

(૭) કુંડલિની, ચક્રો કે અતીન્દ્રિય શક્તિઓ જાગૃત કરવાની ચેષ્ટાથી હંમેશાં દૂર રહો. આ બધું સાપની ફેણ સાથે છેડછાડ કરવા જેવું છે. જીવનમાં આગ્રહપૂર્વક કે બળજબરીથી કશું જ ઘટિત થઈ શકતું નથી. સરળતા-સહજતાથી કંઈ પણ પ્રાપ્ત થઈ શકે તો તેને ખુશીથી સ્વીકારી લો.

અહીં મેં જે કાંઈ કહ્યું છે, એ બધું જ મહાપુરુષો દ્વારા જુદી જુદી રીતે કહેવાઈ ગયું છે; એટલે મૌલિકતાનો મારો કોઈ દાવો નથી. હા, હું એટલું જરૂર કહી શકું કે મારો પ્રત્યેક શબ્દ મારા નિજી અનુભવમાંથી પ્રકટ થયો છે.

ગુરુ જેમ જેમ બોલતા ગયા તેમ તેમ શિષ્યો એ બધું જ પોતાની નોટબુકમાં અક્ષરશઃ ઊતારતાં ગયાં. એકમાત્ર આપાજી જ કશું ન કરતાં ચૂપચાપ ગુરુને સાંભળતા રહ્યા.

એટલે ગુરુએ આપાજીને પૂછ્યું : 'બધાની જેમ તું કેમ મારા શબ્દો તારી નોટબુકમાં ઉતારતો નથી ?'

આપાજીએ જવાબ આપ્યો : 'સત્ય ક્યારેય પણ કોઈ કાગળમાં લખી શકાતું નથી, કે નથી કાગળ ઉપર વાંચી શકાતું. એટલે મારા માટે સત્યને સાંભળવું એ જ પૂરતું છે !'

બધા શિષ્યો સામે વેધક નજરે જોતા ગુરુ બોલ્યા : 'હું અહીં જે કાંઈ બોલ્યો, એ તમારામાંથી એકમાત્ર આપાજી જ સાંભળી રહ્યા છે, ને સત્યને આત્મસાત્ કરી શક્યા છે.' અને બધાને આદેશ આપતાં બોલ્યા : 'તમે લખેલાં તમારી નોટબુકનાં પાનાંને હવે ફાડીને કચરાની ટોપલીમાં પધરાવી દો...'

'એમાં નોટબુકનાં પાનાંને શા માટે ફાડી નાખવાં જોઈએ ?' એકીસાથે બધા શિષ્યોએ પૂછ્યું.

ને બજુવા બોલ્યા : 'જ્ઞાનને ક્યારેય પણ નોટબુકનાં પાનાંમાં કે કોઈ પુસ્તકનાં પાનાંમાં સાચવી શકાતું નથી. આ દુનિયામાં અધ્યાત્મજ્ઞાનને સાચવવા માટેની ફક્ત એક જ જગ્યા છે, ને તે છે આપણું લોહી !!' ને ગુરુ બજુવા પાછા ઊંડા મૌનમાં ઊતરી ગયા.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રૉબર્ટ બ્રાઉનિંગ

વિક્ટોરિયન યુગમાં ટેનિસન જો એક મહારથી કવિ હતો, તો બીજો એવો મહારથી કવિ રૉબર્ટ બ્રાઉનિંગ (૧૮૧૨-૮૯)



હતો. એ યુગમાં વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, બૌદ્ધિકતા, સંશયવાદ આદિ મહત્ત્વનાં પરિબળો હતાં, તેમ છતાં રોમેન્ટિક કવિઓના પ્રભાવથી નથી ટેનિસન મુક્ત રહી શક્યો કે નથી રહી શક્યો રૉબર્ટ બ્રાઉનિંગ. ટેનિસન કવિ કીટ્સનાં ઇન્દ્રિયગ્રાહ્ય પ્રકૃતિચિત્રોથી તેમજ વિષાદથી પ્રભાવિત હતો. જેમ કે

Give us long rest or death, dark death, or dreamful ease.

બ્રાઉનિંગ પર શેલીનો ભારે પ્રભાવ હતો. લંડનના એક પરગણામાં ઈ. ૧૮૧૨માં બૅન્કમાં કારકુન તરીકે નોકરી કરતા પિતાને ત્યાં એનો જન્મ. એના દાદા ય એવી જ નોકરીમાં વર્ષો વિતાવી ચૂકેલા હતા. બૅન્કમાં કારકુન પિતા પાસે લલિતકલા - સાહિત્ય, સંગીત આદિની અપેક્ષા રાખી શકાય નહિ તેમ છતાં પુત્રો સમક્ષ કવિતા ગાઈને સંભળાવવાની તેની આદત હતી. એ પુત્ર સમક્ષ શબ્દનું સંગીત અને તેનો મહિમા પ્રકટે એ રીતે કાવ્યગાન કરતો હોવાથી બ્રાઉનિંગને બચપણથી શબ્દસંગીત અને શબ્દના મહત્ત્વની ગડ બેસી ગઈ હતી. શબ્દનાં અનેક પરિમાણો તેને સમજાવા માંડ્યાં હતાં. બ્રાઉનિંગનું વિશેષ સદ્‌ભાગ્ય એ હતું કે એની માતાને સંગીતમાં વિશિષ્ટ કોટિનો રસ હતો. બ્રાઉનિંગનાં કાવ્યોમાં શબ્દોનું સંગીત ધ્યાનપાત્ર બની રહે છે તે તેની માતાના રૂડા પ્રતાપને કારણે. તદુપરાંત આધ્યાત્મિક્તા પણ તેને માતા તરફથી વારસામાં મળી હતી. બ્રાઉનિંગનાં કાવ્યોમાં એ અંગેનું ચિંતન ખાસ ધ્યાનપાત્ર બને છે.

બ્રાઉનિંગ શરૂમાંતો પેકહામ(Peckham)ની ખાનગી શાળામાં અભ્યાસઅર્થે દાખલ થયો. પણ શાળાનાં પુસ્તકોમાંથી એ જે ન પામ્યો તે પિતાનાં છાજલી પર ગોઠવાયેલાં પુસ્તકોમાંથી પામ્યો. બ્રાઉનિંગની જીવનકથાનો લેખક વિલિયમ શાર્પ નોંધે છે કે કોઈક બુકસ્ટૉલ પર પુસ્તકના જથ્થામાં તેને શેલીનાં કાવ્યોનો સંગ્રહ મળી ગયો. શેલીનો ત્યારથી બ્રાઉનિંગ પર પ્રભાવ પડવા માંડ્યો. માતા પાસે હઠ કરીને તે શેલીનાં પુસ્તકો મેળવીને જ જંપ્યો. અને એ પછી આવનારા દિવસોમાં તો શેલી જ એનો કવિ, તત્ત્વવેત્તા અને માર્ગદર્શક બની ગયો.

બ્રાઉનિંગે એકવીસ વર્ષની યુવાનવયે પૉલીન (Pauline - ઈ. ૧૮૩૩) નામની કૃતિ પ્રકટ કરી. એમાં કવિ શેલી પ્રત્યેની એની મોહિની વારંવાર પ્રકટ થતી દેખાય છે. શેલીને એ સૂર્ય સુધી પહોંચાડનાર કવિ તરીકે બિરદાવે છે અને એકરાર કરે છે કે હું પણ ઈશ્વરમાં, સત્યમાં અને પ્રેમમાં શ્રદ્ધાળુ છું. તું હંમેશા મારી સાથે, મારી શોકગ્રસ્ત અવસ્થામાં પણ સાથે જ છે. હું મૃત્યુ પામું ત્યારે પણ તું મારા હૈયામાં હોઈશ.

બ્રાઉનિંગની 'પૉલીન' એ પ્રથમ કૃતિ તરીકે ખાસ ધ્યાનપાત્ર ન બની શકી હોવાં છતાં શેલી પ્રત્યેનો એનો લગાવ કેવો ઉત્કટ હતો તેનો નિર્દેશ આપે છે -

Sun-treader, I believe in God and truth
And love; and as one just escaped from death
Would bind himself in bands of friends to feel
He lives indeed, so I would lean on thee !
Thou must be ever present with me, most in gloom
It such must come, but chiefly when I die.
.... Live thou for ever.

વિક્ટોરિયન યુગના સંશયવાદી અને બૌદ્ધિક વિચારકોનો જ્યારે પ્રભાવ પ્રવર્તતો હતો તે સમયે બ્રાઉનિંગનો આ ચોક્કસ, શ્રદ્ધાના રણકારવાળો નાદ સંભળાય છે :

I believe in God and truth
And love

બ્રાઉનિંગ વિષાદના મૂડને કે નૈસર્ગિક ઇન્દ્રિગ્રાહ્ય ચિત્રોને નહિ પણ એક અનોખા કાવ્યવિષયમાં કલમ ઝબોળે છે. એ ભલે એના યુગમાં કે પછી ય પણ મોટા તત્ત્વચિંતક કવિ તરીકે પ્રતિષ્ઠા પામ્યો ના હોય, પણ એણે કાવ્યોમાં વિવિધ પાત્રો રચીને એમની વિકાસઅવસ્થા નિરૂપી, ગ્રામજનોની બોલીની તાકાત કાવ્યો દ્વારા રજૂ કરી.

શેલીનાં કાવ્ય અને એની શ્રદ્ધાના રંગે રંગાઈને બ્રાઉનિંગે કાવ્યપ્રવૃત્તિ આરંભી પણ એ આરંભિક કૃતિઓને વાચકોનો સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો નહિ. 'પૉલીન' એની શ્રદ્ધાનો પ્રતિઘોષ ભલે પાડતી હોય, પણ એ કવિની પ્રતિભાનું તેજ પ્રકટાવી શકી નથી. કંઈક આત્મકથનરૂપે તે રજૂ થઈ છે. અને સ્વાભાવિક રીતે જ તે ઉપેક્ષા પામી. એણે એમાં બ્લૅન્ક વર્સ પ્રયોજ્યો છે, પણ તેમાં કુમાશ નથી, જરા કઠોર લાગે છે.

ટેનિસનનો ઈ. ૧૮૩૩માં કાવ્યસંગ્રહ Poems પ્રકટ થયો તે જ વર્ષમાં બ્રાઉનિંગની પ્રથમ કૃતિ 'પૉલીન' પ્રકટ થઈ. શેલીની જેમ બ્રાઉનિંગ પ્રકૃતિનાં ચિત્રોને માનવ પાત્રોના સંદર્ભમાં પ્રયોજ્યાં

ખરાં, પણ શેલીની ચાલ પ્રમાણે તે કાયમ ચાલી શકે એવી એની કવિપ્રતિભા નહોતી. બ્રાઉનિંગનો રસ સ્ત્રી અને પુરુષપાત્રોનાં નાટ્યાત્મક ચિત્રણો કરી તેમની માનસિક અવસ્થાનાં પૃથક્કરણ કરવામાં હતો. બ્રાઉનિંગને ય પ્રકૃતિમાં જીવંત રસ હતો જ. એ એની કૅમ્બરવેલ સ્કૂલમાં હતો ત્યારે અને પેકૂહામમાં પણ જંગલોમાં અને ખેતરોમાં રખડવાનો આનંદ માણતો. સંગીત અને કલામાં પણ તેની પ્રગતિ હતી. એનાં કાવ્યોમાં સંગીતનો સ્પર્શ ના થાય તો જ નવાઈ.

કારકિર્દીના આરંભે તેણે ક્યો વ્યવસાય પસંદ કરવો, કલા અને સંગીતક્ષેત્રે પ્રસ્થાન કરવું કે અન્ય કોઈ ક્ષેત્ર આજીવિકા માટે શોધવું તેની તેણે ઠીકઠીક દ્વિધા અનુભવી. પણ છેવટે એનું પલ્લું સાહિત્ય - ખાસ કરીને કાવ્યક્ષેત્ર - તરફ ઝૂક્યું અને એ દિશામાં જ એનાં પગરણ મંડાયાં - ભૌતિક લાભને આ પસંદગીમાં તેણે કોરાણે મૂકી દીધો.

'પૉલીન' પછી તેણે પૅરસેલસ (Paracelsus) ઈ.૧૮૩૫માં પ્રકાશિત કરી. બ્રાઉનિંગમાં કાવ્યપદાર્થ વિશે અપાર કૌતુક હતું. કાવ્ય વિશે તેને ઘણીઘણી તપાસ કરવી હતી. 'પૅરસેલસ'માં એણે કાવ્યને નાટ્યસ્વરૂપે રજૂ કર્યું છે. અલબત્ત, નાટ્ય માટેના શૈલી તે પ્રયોજી શક્યો નથી. તેમ છતાં કાવ્યની પ્રકૃતિ - તેની વિશેષતાઓ અંગે તેણે તેમાં ચાંચ ડુબાડી છે. આમેય શૈલીની થોડીક અણઘડ અસર વરતાય છે.

આ કાવ્યને પણ બહુ જ થોડાં વાચકોએ સારો પ્રતિસાદ આપ્યો. આ કાવ્યમાં પૅરસેલસ નામક એક વિજ્ઞાની સમગ્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો આદર્શ સેવવામાં અને પોતાના મહિમા વિશે જ સભાન રહેવામાં તેની આસપાસના જગતની ઉપેક્ષા કરે છે. કોઈ પ્રત્યે એને સમભાવ નથી. છેવટે એ નિષ્ફળતાને વરે છે ત્યારે પોતે ક્યાં ભૂલ્યો તે સમજાય છે. નાટ્યસ્વરૂપ બ્રાઉનિંગે ભલે આ કાવ્યમાં પ્રયોજ્યું હોય પણ એમાં વિજ્ઞાની પૅરસેલસ અને તેના મિત્રો વચ્ચેના સંવાદો જ ચાલતા રહે છે અને નાટ્યાત્મકતાની ક્ષણ કદી આવતા નથી. બ્રાઉનિંગના ઉપર્યુક્ત 'પૅરસેલસ' કાવ્યને એક મહાન પ્રશંસક તો મળ્યો જ અને તે, નાટકનો એક અભિનેતા મૅકરેડી હતો. બ્રાઉનિંગ સાથે તેનો મેળ મળી ગયો અને તેણે એને માટે એક ટ્રૅજિક નાટક સ્ટ્રૅફૉર્ડ (ઈ.૧૮૩૭) લખ્યું. શુદ્ધ નાટક રચવા તરફનો બ્રાઉનિંગનો એમાં પ્રથમ પ્રયાસ હતો. એમાં ઇંગ્લન્ડના રાજા ચાર્લ્સ પ્રથમના એક પ્રધાન સ્ટ્રૅફૉર્ડ પરનો મુકદ્દમો એ વિષય હતો. મૅકરેડીએ તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પણ બ્રાઉનિંગની કરુણતા એ થઈ કે સ્ટ્રૅફૉર્ડનું કરુણ નાટક પણ પાંચેક વાર ભજવાઈને વિરમી ગયું. આમેય બ્રાઉનિંગનાં નાટકો કયારેય પ્રજાની પ્રશંસા પામ્યાં નથી. એમનાં બાળમૃત્યુ જ થયાં છે. વિક્ટોરિયન યુગમાં બ્લૅન્ક વર્સમાં લખાયેલાં ટ્રૅજિક નાટકો જેમ નિષ્ફળ નીવડ્યાં તે જ પરિણામ બ્રાઉનિંગનાં એ પ્રકારનાં નાટકોનું આવ્યું. વિક્ટોરિયન યુગમાં શેક્સપીઅરની નાટકોની છાયા ઝીલીને બ્લૅન્ક વર્સમાં નાટકો ભલે લખાયાં, પણ શેક્સપીઅરનાં ટ્રૅજિક નાટકોને આંબી શકે તેવી ગુંજાઇશ એકમાં પણ દેખાતી નથી એનું એક કારણ સંભવતઃ એ પણ હોય કે નવલકથાનો ઉદય થયા પછી એનો વિષય અને શૈલીની દૃષ્ટિએ વિકાસ થવા માંડ્યો હતો. એટલે પ્રજાવર્ગનું ધ્યાન નાટકોને બદલે નવલકથા તરફ વિશેષપણે આકર્ષાવા માંડ્યું. તદુપરાંત કેટલીક નવલકથાઓ પણ નાટ્યની છટા ઝીલવા માંડી હતી. જ્યૉર્જ એલિયટના સમયથી આ પ્રક્રિયા શરૂ થઈ હતી. બ્રાઉનિંગની નાટ્યકૃતિઓ માનસશાસ્ત્રીય હતી તો એ યુગની નવલકથાઓ પણ માનસશાસ્ત્રની દિશામાં પ્રગતિ કરી રહી હતી. બ્રાઉનિંગ ઘટનાઓના નિરૂપણને બદલે પાત્રોનાં માનસશાસ્ત્રીય પૃથક્કરણોમાં સવિશેષ રાચતો હતો અને એમાંથી કેટલીક બાબતો વાચકો માટે દુર્બોધ અથવા અગમ્ય બની જતી હતી. એટલે બ્રાઉનિંગ એની નાટ્યાત્મકતાવાળી કાવ્યકૃતિમાં કે ટ્રૅજિક નાટકોમાં પ્રજાવર્ગનો ઉત્સાહ પ્રાપ્ત કરી શક્યો નહિ. (ક્રમશઃ)

મૌલિક એકાંકી અને બાળનાટક લેખનસ્પર્ધા

ગુજરાતી ભાષાના એક વરિષ્ટ નાટ્યકાર, કવિ, સાક્ષર અને 'શરદ'ના તંત્રી સ્વ. યશવંત પંડ્યાનું જન્મશતાબ્દી વર્ષ સંદર્ભમાં ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન દ્વારા, મૌલિક એકાંકી અને મૌલિક બાળનાટકોની લેખનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. નિર્ણાયકોના મતે પ્રથમ ચાર સ્થાન પર આવનાર કૃતિઓના લેખકોને અનુક્રમે રૂ. ૧,૫૦૦, રૂ. ૧,૦૦૦, રૂ. ૭૫૦ અને રૂ. ૫૦૦નાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે.

સ્પર્ધકોએ સુવાચ્ય અક્ષરોમાં ફૂલ્સ્કૅપ કાગળની એક બાજુએ ગુજરાતી ભાષામાં લખેલી અથવા ટાઇપ કરેલી એમની અપ્રકટ તેમજ અન્યત્ર છાપવા કે ભજવવા ન આપેલ કૃતિઓ, તા. ૩૧ ઑક્ટોબર ૨૦૦૪ સુધીમાં અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, ભાવનગર યુનિવર્સિટી, જ્વેલ્સ સર્કલ, ભાવનગર ૩૬૪ ૦૦૨ એ સરનામે, પોતાની પાસે એક નકલ રાખીને મોકલી આપવી. બાળનાટકો પણ એક અંકનાં જ હોવાં જરૂરી છે. બંને સ્પર્ધાઓમાં અલગ અલગ ચાર પારિતોષિકો અપાશે. નિર્ણાયકોનો નિર્ણય સ્પર્ધકોને બંધનકર્તા રહેશે. કૃતિઓની ભજવણી પર સ્વ. યશવંત પંડ્યા જન્મશતાબ્દી સમિતિના હક રહેશે.

કુમાર ચંદ્રકધારકો


ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪)


પુષ્કર ચંદરવાકર('૪૫)


યશોધર મહેતા ('૪૬)


રાજેન્દ્ર શાહ ('૪૭)


બાલમુકુન્દ દવે ('૪૮)


નિરંજન ભગત('૪૯)


વાસુદેવ ભટ્ટ ('૫૦)


બકુલ ત્રિપાઠી ('૫૧)


શિવકુમાર જોશી ('૫૨)


અશોક હર્ષ ('૫૩)


ડૉ. શિવપ્રસાદ ('૫૪)


ઉમાકાન્ત શાહ ('૫૫)


ચં.અ.બૂચ 'સુકાની' ('૫૬)


જયંત પાઠક ('૫૭)


હેમન્ત દેસાઈ ('૫૮)


'ઉશનસ્' ('૫૯)


નવનીત પારેખ ('૬૦)


સુનીલ કોઠારી ('૬૧)


લાભશંકર ઠાકર ('૬૨)


પ્રિયકાંત મણિયાર ('૬૩)


ચન્દ્રકાંત શેઠ ('૬૪)


રઘુવીર ચૌધરી ('૬૫)


ફાધર વાલેસ ('૬૬)


હરિકૃષ્ણ પાઠક ('૬૭)


ગુલાબદાસ બ્રોકર ('૬૮)


ભાનુપ્રસાદ પંડ્યા ('૬૯)


રમેશ પારેખ ('૭૦)


ધીરુ પરીખ ('૭૧)


મધુસૂદન પારેખ ('૭૨)

'કુમારચંદ્રક'નો પુનઃ પ્રારંભ

'કુમાર'નું એક મનોહર પિચ્છ 'કુમાર ચંદ્રક' પણ છે એ વાતની પ્રતીતિ 'કુમાર'નાં વાચકોને કરાવવાની ન હોય. પણ વખતોવખત વાચકવર્ગ પણ બદલાતો રહે છે. તેથી અહીં 'કુમાર ચંદ્રક' વિષેની થોડી માહિતી પ્રસ્તુત કરી છે, જે 'કુમાર'ના વાચકોને ઉપયોગી નીવડશે.

સંસ્કાર અને સાહિત્યના ક્ષેત્રમાં 'કુમાર ચંદ્રક' પણ અન્ય ચંદ્રકોની જેમ પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવે છે. એક દાયકો એવો હતો જ્યારે 'કુમાર'માં લખે તે જ કવિ કે લેખક કહેવાય એવો મત સાહિત્યજગતમાં પ્રવર્તતો હતો. ઈ. ૧૯૪૩માં શ્રી યશવંત પંડ્યાના સહયોગથી 'કુમાર'માં પ્રકટ થતાં શ્રેષ્ઠ લખાણ માટે વર્ષોવર્ષ 'કુમાર રૌપ્યચંદ્રક' આપવાનું નક્કી થયું. આ પ્રથા ઈ.સ. ૧૯૪૪થી ઈ. ૧૯૮૩ સુધી અવિરતપણે અમલમાં રહી. ત્યાર બાદ આર્થિક તેમજ અન્ય કારણોસર 'કુમાર ચંદ્રક' સ્થગિત કરાયો. ત્યાર પછી 'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે સૂરતના શ્રી મુકુન્દભાઈ દેસાઈના દાનરાશિમાંથી ૨૦૦૩થી 'કુમારચંદ્રક' આપવાની જાહેરાત કરી હતી.

હવે આ વર્ષથી હીરાબેન ચૅરિટિ ફાઉન્ડેશનના સહયોગથી 'કુમારચંદ્રક' ફરીથી શરૂ કરવામાં આવ્યો છે. વળી, હર્ષની બાબત એ છે કે હવેથી 'કુમારચંદ્રક' 'રૌપ્ય' નહીં પણ 'કુમારચંદ્રક' સુવર્ણચંદ્રકમાં રૂપાંતરિત થાય છે. ઈ. ૨૦૦૩નો 'કુમાર સુવર્ણચંદ્રક' શ્રી રજનીકુમાર પંડ્યાને એમની લેખમાળા 'ફિલ્માકાશ' માટે આપવાનું જાહેર થયું છે, જેની વિધિવત્ જાહેરાત 'કુમાર'ના એપ્રિલ ૨૦૦૪ના અંકમાં કરવામાં આવી છે. પરંતુ આ પહેલાના 'કુમારચંદ્રક'-ધારકો વિષે વર્તમાન પેઢી કદાચ વાકેફ ના પણ હોય. 'કુમાર'નાં વાચકો 'કુમારચંદ્રક'ના ગૌરવ અને એના ધારકોથી વાકેફ થાય એવા હેતુથી આજ સુધીમાં આ ચંદ્રક ક્યા ક્યા વિષયો માટે કોને કોને અપાયો છે તેની વર્ષવાર યાદી નીચે આપી છે :

૧.	ઈ. ૧૯૪૪	ડૉ. હરિપ્રસાદ દેસાઈ	'રસદર્શન' લેખમાળા માટે
૨.	ઈ. ૧૯૪૫	પુષ્કર ચંદરવાકર	'પિયરનો પડોશી' નાટિકા માટે
૩.	ઈ. ૧૯૪૬	યશોધર મહેતા	'રણછોડલાલ' નાટિકા માટે
૪.	ઈ. ૧૯૪૭	રાજેન્દ્ર શાહ	કાવ્યો માટે
૫.	ઈ. ૧૯૪૮	બાલમુકુન્દ દવે	કાવ્યો માટે
૬.	ઈ. ૧૯૪૯	નિરંજન ભગત	કાવ્યો માટે
૭.	ઈ. ૧૯૫૦	('બાંધગઠરિયાં' માટે શ્રી ચંદ્રવદન મહેતાને આપવો ઠરેલો પણ આ વર્ષનો ચંદ્રક તેમણે સ્વીકારેલો નહિ હોવાથી) વાસુદેવ ભટ્ટને	'આપણી રમતો'ની લેખમાળા માટે
૮.	ઈ. ૧૯૫૧	બકુલ ત્રિપાઠી	હળવા નિબંધો - નિર્બંધિકાઓ- માટે
૯.	ઈ. ૧૯૫૨	શિવકુમાર જોષી	એમની નાટિકાઓ માટે
૧૦.	ઈ. ૧૯૫૩	અશોક હર્ષ	એમના ચરિત્રલેખો માટે
૧૧.	ઈ. ૧૯૫૪	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	'કાયાની કરામત' નામની લેખમાળા માટે
૧૨.	ઈ. ૧૯૫૫	ઉમાકાંત પ્રે. શાહ	'ગુજરાતનાં પ્રાચીન શિલ્પો'ની લેખમાળા માટે
૧૩.	ઈ. ૧૯૫૬	'સુકાની' - ચંદ્રશંકર બુચ	'દેવો ધાધલ' નવલકથા માટે
૧૪.	ઈ. ૧૯૫૭	જયન્ત પાઠક	એમનાં કાવ્યો માટે
૧૫.	ઈ. ૧૯૫૮	હેમન્ત દેસાઈ	એમનાં કાવ્યો માટે
૧૬.	ઈ. ૧૯૫૯	'ઉશનસ્' - ન. કુ. પંડ્યા	એમનાં કાવ્યો માટે
૧૭.	ઈ. ૧૯૬૦	નવનીત પારેખ	'અગસ્ત્યને પગલે પગલે' પ્રવાસલેખો માટે
૧૮.	ઈ. ૧૯૬૧	સુનીલ કોઠારી	કલાપરિચયો તથા વિવેચનો માટે
૧૯.	ઈ. ૧૯૬૨	લાભશંકર ઠાકર	એમનાં કાવ્યો માટે
૨૦.	ઈ. ૧૯૬૩	પ્રિયકાન્ત મણિયાર	એમનાં કાવ્યો માટે
૨૧.	ઈ. ૧૯૬૪	ચંદ્રકાન્ત શેઠ	એમનાં કાવ્યો માટે
૨૨.	ઈ. ૧૯૬૫	રઘુવીર ચૌધરી	એમનાં કાવ્યો માટે
૨૩.	ઈ. ૧૯૬૬	ફાધર વાલેસ	'વ્યક્તિત્વઘડતર'ની લેખમાળા માટે
૨૪.	ઈ. ૧૯૬૭	હરિકૃષ્ણ પાઠક	એમનાં કાવ્યો માટે
૨૫.	ઈ. ૧૯૬૮	ગુલાબદાસ બ્રોકર	પ્રવાસ લેખમાળા 'નવા ગગનની નીચે' માટે
૨૬.	ઈ. ૧૯૬૯	ભાનુપ્રસાદ પંડ્યા	એમનાં કાવ્યો માટે
૨૭.	ઈ. ૧૯૭૦	રમેશ પારેખ	એમનાં કાવ્યો માટે
૨૮	ઈ. ૧૯૭૧	ધીરુ પરીખ	કાવ્યો તેમજ વિવેચન માટે
૨૯.	ઈ. ૧૯૭૨	મધુસૂદન પારેખ	'અંગ્રેજી સાહિત્યનું આચમન' લેખમાળા માટે
૩૦.	ઈ. ૧૯૭૩	કનુભાઈ જાની	'કસુંબલ રંગ' લેખમાળા માટે
૩૧.	ઈ. ૧૯૭૪	મધુસૂદન ઢાંકી	એમનાં લેખો માટે
૩૨.	ઈ. ૧૯૭૫	ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી	'પ્રાચીન સિક્કા'ની લેખમાળા માટે
૩૩.	ઈ. ૧૯૭૬	વિનોદ ભટ્ટ	'વિનોદની નજરે' લેખમાળા માટે
૩૪.	ઈ. ૧૯૭૭	ભગવતીકુમાર શર્મા	એમનાં કાવ્યો તેમજ ટૂંકી વાર્તાઓ માટે
૩૫.	ઈ. ૧૯૭૮	અશ્વિન દેસાઈ	એમની ટૂંકીવાર્તાઓ માટે
૩૬.	ઈ. ૧૯૭૯	શંકરદેવ વિદ્યાલંકાર	'પુષ્પમાળા' નામક લેખશ્રેણી માટે
૩૭.	ઈ. ૧૯૮૦	બહાદુરશાહ પંડિત	'વિચાર વિશેષ' લેખમાળા માટે
૩૮.	ઈ. ૧૯૮૧	હસમુખ બારાડી	'અંગારાની ફાંટ' રેડિયો-નાટિકા માટે
૩૯.	ઈ. ૧૯૮૨	પ્રફુલ્લ રાવલ	'અષ્ટ દિક્પાલો' વિષેની લેખમાળા માટે
૪૦.	ઈ. ૧૯૮૩	ચંદ્રશંકર ભટ્ટ 'શશિશિવમ્'	એમનાં કાવ્યો માટે


કનુભાઈ જાની ('૭૩)


મધુસૂદન ઢાંકી ('૭૪)


ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ('૭૫)


વિનોદ ભટ્ટ ('૭૬)


ભગવતીકુમાર શર્મા ('૭૭)


અશ્વિન દેસાઈ ('૭૮)


શંકરદેવ વિદ્યાલંકાર ('૭૯)


બહાદુરશાહ પંડિત ('૮૦)


હસમુખ બારાડી ('૮૧)


પ્રફુલ્લ રાવલ ('૮૨)


ચંદ્રશંકર ભટ્ટ 'શશિશિવમ્' ('૮૩)


રજનીકુમાર પંડ્યા (૨૦૦૩)

કંકાવટી

આ માસમાં જેમની ૯૩મી જન્મતિથિ છે તેવાં

કર્મશીલ મૃદુલાબહેન સારાભાઈ



૧૯૪૭ના હિંદ-પાકના વિભાજન વેળાએ જે ભીષણ અત્યાચારો થયા ત્યારે હિન્દુ-મુસ્લિમ એવો કશો ભેદભાવ રાખ્યા વગર અપહૃતાં સ્ત્રીઓ અને બાળકોનાં પુનર્વસનનું ભગીરથ કાર્ય હિંમત, હૈયા-ઉકલત અને નિર્ભયતાથી પાર પાડનાર મૃદુલાબહેનને બિરદાવતાં ગાંધીજીએ કહ્યું હતું કે, 'મૃદુલા જેવી સો બહાદુર મહિલાઓ મને મળે તો આખા સમાજનું ક્લેવર હું બદલી નાખું.' પૂ. બાપુ જે વ્યક્તિને (ખાસ કરીને સ્ત્રીને) બિરદાવે ત્યારે તે વ્યક્તિના જીવનને જાણવાનો આપણે પ્રયાસ કરવો રહ્યો. તે વ્યક્તિ છે અમદાવાદના ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈનાં દીકરી મૃદુલાબહેન.

એક જમાનામાં અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર ગણાતું એમાં ત્યાંના શ્રેષ્ઠીઓની કાબેલિયત અને મહેનત રહેલાં હતાં. તેમાંના એક મગનભાઈ કરમચંદ. વ્યાપાર-ઉદ્યોગના વિકાસ અને સમાજના ઉત્કર્ષમાં રસ ધરાવનાર મગનભાઈના કુટુંબના અંબાલાલ સારાભાઈએ પણ કેલિકો મિલ અને બીજા ઉદ્યોગો વડે ગુજરાતના ઉદ્યોગક્ષેત્રે ખ્યાતિ મેળવી એટલું જ નહીં, પણ એ જ કુટુંબના સ્ત્રીવર્ગે પણ ઊંચી કેળવણી મેળવી સમાજોપયોગી કાર્યોમાં રસ લીધો છે. મજૂર મહાજન સંગઠન સાથે શ્રી અનસૂયાબહેન સારાભાઈ, સામાજિક ક્ષેત્રે સરલાદેવી સારાભાઈ અને ઈન્દુમતીબહેનનાં નામો સંકળાયેલાં છે. આવા સુધારક પ્રતિષ્ઠિત અને પ્રગતિશીલ કુટુંબમાં મૃદુલાબહેનનો જન્મ ૬ઠ્ઠી મે ૧૯૧૧ના દિને થયો હતો. ૧૯૨૩ સુધીમાં ભારતી, સુહૃદ, બીના, ગૌતમ, વિક્રમભાઈ, ગીતા અને ગિરા એટલે એમનાં ભાંડરડાં જન્મ્યાં.

અંબાલાલ અને સરલાદેવી બાળકોને સારી કેળવણી મળે તે માટે ઈંગ્લન્ડ ગયાં. પરંતુ ત્યાં ફાવ્યું નહીં. ભારત આવ્યાં અને માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ ઘરમાં જ મળે એવી ગોઠવણ કરી. પોતાનાં બાળકોનું સારી રીતે ઘડતર થાય અને વ્યક્તિત્વ વિકસે તે માટે દેશ-પરદેશના દેશી-વિદેશી નિષ્ણાતોને પણ રાખ્યાં. ભણવા ઉપરાંત ઘોડેસવારી, તરણ, નૃત્ય વગેરે બાબતમાં પણ પ્રોત્સાહન આપ્યું. તેમના ઘરે દેશભક્તો અને વિદ્વાનો મહેમાન બનતા. ગાંધીજી-ટાગોર-નેહરુ જેવાનો નિકટનો પરિચય પણ તેમનામાં નીતિમત્તા અને અભયના ગુણો વિકસાવવામાં કારણભૂત બન્યો. બાળકોના ઉછેરમાં સ્વતંત્ર નિર્ણયશક્તિ અને વિચારશક્તિને લક્ષમાં રાખી, તેમની રસરુચિને અનુકૂળ વિવિધ પ્રકારની તાલીમ આપી. પોતાના વિચારો બાળકો પર ઠોકી ન બેસાડવાનો આગ્રહ તેમજ સુધારક વલણ - આ બંને બાબતોની ઘેરી અસર પડી છે, તે કલાક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે કરેલાં કાર્યો દ્વારા જાણી શકાય છે. આ બાબત વિક્રમભાઈના શબ્દોમાં જોઈએ તો પિતાના અસ્થિવિસર્જન વેળાએ તેમણે કહ્યું હતું :


'Papa used his power to support not for submission.'

મૃદુલાબહેનના ઘરનાં પ્રેરણાદાયી વાતાવરણની તેમજ ગાંધીજી સાથેના આત્મીય સંબંધની અસર બાળકો પર પડે તે સ્વાભાવિક હતું. આ અસરને પરિણામે મૃદુલાબહેને રેશમ-હીરા-મોતી છોડી ખાદી અપનાવી. તેમનામાં સાદાઈ ને નીતિમત્તાના ગુણો વિકસ્યા તેમજ રાષ્ટ્રિય ભાવનાથી પણ રંગાયાં. આથી જ મૅટ્રિક પછી ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયાં. મૃદુલાબહેન જ્યારે ગુજરાત વિદ્યાપીઠમાં હતાં ત્યારે ૧૯૩૦ના દાંડીકૂચના મીઠાના સત્યાગ્રહમાં જોડાયાં. જો કે આ સત્યાગ્રહમાં ગાંધીજીએ સ્ત્રીઓનો સાથ લીધો ન હતો. પણ દારૂની દુકાન પર પિકેટિંગ, વિદેશી કાપડ અને બ્રિટિશ માલનો બહિષ્કાર જેવાં કાર્યો માટે સ્ત્રીઓને બહાર આવવાની હાકલ કરી. આ સત્યાગ્રહમાં જોડાવા માટે કાકા કાલેલકરે (ત્યારે વિદ્યાપીઠના આચાર્ય) પરવાનગી આપી ન હતી, છતાં આ સંગ્રામમાં સૈનિક તરીકે નામ નોંધાવ્યું. તેમજ વાનર અને માંજરસેના ઊભી કરી. પ્રભાતફેરી, શાળા પર ત્રિરંગો ફરકાવવો, સત્યાગ્રહી મીઠું વેચવું, દારૂભરેલી ગાડી રોકવી આવાં રાષ્ટ્રિય કાર્યો ૧૯૩૦માં પકડાયાં નહીં ત્યાં સુધી કર્યાં.

મૃદુલાબહેન બાળપણથી જ સ્ત્રી-પુરુષ સમાનતામાં માનતાં. આથી જ્યારે કૉંગ્રેસ કમિટીમાં યુવકસંઘના સેક્રેટરી હતાં ત્યારે સંકોચ વગર યુવકો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને મીટિંગોમાં ભાગ લેતાં. સ્ત્રીઓને થતા અન્યાયો અને ભેદભાવો તેમને માન્ય ન હતા. આથી જ યુવકસંઘના મંત્રી તરીકે તેઓ એવો ઠરાવ લાવ્યાં હતાં કે સ્ત્રીના નામ આગળ મિસ, મિસીસ, અ.સૌ., ગંગાસ્વરૂપ કે કુમારી જેવાં વિશેષણો લગાડવાની જરૂર શા માટે ? વળી વિધવાએ આભૂષણ-ચાંદલો-રંગીન કપડાંનો ત્યાગ શું કામ કરવાનો ? તેને ઈચ્છા હોય તેવી વેશભૂષા રાખવી જોઈએ. તેમણે આ ઠરાવો પસાર પણ કરાવ્યા. ઉપરાંત લગ્નમાં કન્યાદાન શા માટે ? છૂટાછેડાનો કાયદો ન હોવાથી સિવિલ મેરેજ કરવામાં આવે તો લગ્નવિચ્છેદ સહેલો બને. આમાં એમનામાં સમાજ

અને રૂઢિથી ચીલો ચાતરીને કાર્ય કરવાની હિંમત જોઈ શકાય છે. માત્ર આટલું કરીને એ જંપ્યા એવું નથી; કૉંગ્રેસની સ્થાનિક સમિતિ, ગુજરાત પ્રાંતિક સમિતિ તેમજ ધારાસભામાં પણ સ્ત્રીઓનું સ્થાન તેમણે સ્વીકારાવ્યું હતું. આમ, રાજકીય, સામાજિક ક્ષેત્રે તેમનું પ્રદાન પરિવર્તન લાવનાર હતું.

મૃદુલાબહેને ઓગણીસ વર્ષની ઉંમરથી જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. વિદ્યાર્થીઓ અને યુવકોની પ્રવૃત્તિથી શરૂ કરેલી રાષ્ટ્રિય અને રાજકીય પ્રવૃત્તિ ૧૯૫૨ સુધી જોઈ શકાય છે. આ દરમ્યાન તેઓએ પત્રકારત્વનો અભ્યાસ કરી પત્રકાર અને ડિરેક્ટર તરીકે 'નૅશનલ હેરૉલ્ડ' અને 'ગુજરાત સમાચાર'માં વર્ષો સુધી કામ કર્યું. અખિલ હિંદ મહિલા પરિષદનું બંધારણ ઘડવામાં અગત્યનો ભાગ ભજવ્યો. ૧૯૩૧થી ૧૯૩૩ સુધીમાં જુદા જુદા રાષ્ટ્રિય કાર્યક્રમો હેઠળ ભાગ લેવા બદલ તેમને સાબરમતી-બેલગામ-યરવડા-રાજકોટની જુદી જુદી જેલોમાં રાખવામાં આવ્યાં હતાં. ૧૯૪૧ (અમદાવાદ) અને ૧૯૪૬ (મીરત)માં ફાટી નીકળેલાં કોમી રમખાણોમાં નીડરતાથી ભાગ લઈ શાંતિ સ્થાપી. તે પહેલાં ૧૯૪૫-૪૬માં કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક નિધિના વ્યવસ્થાપક મંત્રી રહ્યાં. તેમની કાર્યદક્ષતા જોઈ નેહરુએ તેમને વર્કિંગ કમિટીનું મંત્રીપદ સોંપ્યું હતું. ઉપરાંત જવાહરલાલના અધ્યક્ષપદ નીચે રાષ્ટ્રિય આયોજનની મહિલા સમિતિના મંત્રી તરીકે પણ કામ કર્યું. કૉંગ્રેસના 'જનરલ સેક્રેટરી'ના પદે પણ હતાં. 'ભારત છોડો' આંદોલનમાં ભાગ લઈ જેલ ભોગવી. છૂટ્યાં પછી પણ ભૂગર્ભમાં રહી રાષ્ટ્ર માટે કામ કરતાં કાર્યકરોને મદદ કરી. ૧૯૪૬-૪૭માં બિહારમાં ફાટી નીકળેલાં




મૃદુલાબહેન પર ગાંધીજીનો પત્ર

તોફાનોમાં ગાંધીજી સાથે 'શાંતિ સૈનિક' બની તેમની પડખે રહ્યાં. આ પહેલાં પણ હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં 'સ્વયંસેવિકા' તરીકે કામ કર્યું. વિનોબાજીની પ્રવૃત્તિઓમાં પણ તેમને રસ. ૧૯૬૫માં વિનોબાજીનાં કાર્યોમાં ભાગ લઈ શાંતિસેનાના સભ્ય બન્યાં હતાં.

રાજકીય ક્ષેત્રે સક્રિય હોવા છતાં પણ રાજકારણ તેમના જીવનનો ગૌણ અંશ રહ્યો. તેમનું મુખ્ય કાર્ય તો જ્યોતિસંઘ અને તેનાં કાર્યો ઉપરાંત તેમની કદી ન વિસરી શકાય તેવી પ્રવૃત્તિને તે ૧૯૪૭ના ભારત-પાક વિભાજન બાદ જે અડગતા, હિંમત, દૃઢ નિર્ણયશક્તિ અને સંગઠનશક્તિથી બાળકો અને અપહૃત સ્ત્રીઓને તેમનાં કુટુંબીઓને સોંપવાનું કાર્ય કમળાબહેનની સાથે કર્યું. તેમણે આ કાર્ય નેહરુ અને ગાંધીજીની રાહબરી હેઠળ પાર પાડ્યું. એ દ્વારા સ્ત્રીશક્તિનું તેમજ સ્ત્રી અબળા નથી એ વાતનું ભાન પુરુષ જગતને કરાવ્યું.

ગાંધીજી સાથે મૃદુલાબહેન



ગાંધી-ઈરવિન કરાર પછી વિદેશી કાપડ-બહિષ્કાર સમિતિ વિખેરી નાખવામાં આવી ત્યારે બાપુજીનો આગ્રહ હતો કે બહેનો પાછી ઘરમાં ગોંધાઈ ન રહે પણ કોઈ રચનાત્મક કાર્યમાં જોડાય. આ કાર્ય તેમણે મૃદુલાબહેનને સોંપ્યું. ત્યારે તેઓ માત્ર ત્રેવીસ વર્ષનાં હતાં. સ્ત્રીવિકાસ ને કોમી એકતા આ વિચારો ગમ્યા, તેમને આ કાર્ય માટેની જવાબદારી પણ બાપુએ સોંપી. અને આમ આ સંસ્થાની ૧૯૩૪માં શરૂઆત થઈ. સમાજના રૂઢિ-રિવાજો અને પુરુષોના હાથે અન્યાય પામતી, શોષાતી, માર ખાતી, વેચાતી દુઃખી સ્ત્રીઓને આશ્વાસન, રક્ષણ, રહેઠાણ અને ઘર ચલાવી શકે તેવું કામ આપવાની આ સંસ્થાની કામગીરી હતી. આ ધ્યેય પૂરું કરવા પાછળ મૃદુલાબહેનની અથાક શક્તિને કારણે અનેક કાર્યકરોને ઘડી સંસ્થાને આગળ લાવવાનો પુરુષાર્થ જોઈ શકાય છે. સ્ત્રીઓને ઘરની બહાર લાવનાર ગાંધીજી; પણ તેને કેળવી, સ્વમાની નીડર અને સ્વાવલંબી બનાવવાનું શ્રેય મૃદુલાબહેનને જાય છે.

જ્યોતિસંઘનાં અનેકવિધ કાર્યો બહેનોને રોજીરોટી આપી સ્વાવલંબી બનાવે છે. સાથે સાથે એ પણ જોઈ શકાય છે કે જ્યોતિસંઘમાં આવેલ દલિત સ્ત્રીઓને રાખવાના, રાહત આપવાના જે પ્રશ્નો ઊભા થયા તેનો ઉકેલ મૃદુલાબહેન સહકાર્યકરો દ્વારા લાવ્યા અને રાહત વિભાગ શરૂ થયો. તેની લગામ ચારુબહેન યોદ્ધાના હાથમાં સોંપી અને વિકાસગૃહ અસ્તિત્વમાં આવ્યું. આ વિભાગની

રાહબરી નીચે પાંચ દાયકામાં લગભગ ૯૫૦૦૦ કેસો ચારુબહેને હલ કર્યા. સ્ત્રી અબળા છે, રક્ષિત છે અને 'ન સ્ત્રી સ્વાતંત્રમર્હતિ' એ સૂત્રનું પાલન કરનાર પ્રાણી છે એ માન્યતા ભૂંસાઈ ગઈ. આજે આ બંને સંસ્થાઓ ગુજરાતમાં સામાજિક વટવૃક્ષ સમી વિકસી મૃદુલાબહેનનું કાર્ય આગળ ધપાવી રહી છે.

જ્યારે મૃદુલાબહેન સિદ્ધિના શિખરે હતાં ત્યારે જ તેઓએ કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવા કમર કસી. ૧૯૫૨થી ૧૯૭૪ સુધી તેઓ કાશ્મીર તેમજ શેખ અબ્દુલ્લાની પડખે ઊભાં રહ્યાં. કાશ્મીર પર તાયફાવાળાઓ દ્વારા પાકિસ્તાને આક્રમણ કરાવ્યું. આ માટેની ચર્ચા-વિચારણા દરમિયાન ભારત સરકારની નીતિ સંબંધમાં મૃદુલાબહેનને મતભેદ થયો અને તેમને નજરકેદમાં રહેવું પડ્યું. ૧૯૩૦-૫૮ સુધી તેમણે કૉંગ્રેસી કાર્યકર્તા તરીકે કામ કર્યું હતું. પણ કાશ્મીર પ્રકરણે તેઓ એકલાઅટૂલા પડી ગયાં. છતાં પોતાને જે સત્ય લાગે તેના માટે મરી ફીટનાર વ્યક્તિઓમાંનાં તેઓ એક હતાં. તેથી જ 'એકલો જાને રે'ના મંત્ર મુજબ છેવટ સુધી કાશ્મીર અને શેખ અબ્દુલ્લાને વળગી રહ્યાં. સત્ય અને અભયને જીવનના અંત સુધી વળગી રહેનાર રાષ્ટ્રિય, રાજકીય અને સામાજિક ક્ષેત્રે સક્રિય રહેનાર જ્યોતિસંઘના આદ્યસ્થાપક મૃદુલાબહેનને અંજલિ આપતાં વિદ્યાબહેન મહેતા લખે છે :

'મૃદુલાબહેન - સારાભાઈ કુટુંબનું અણમોલ રત્ન, સરલાદેવીની વિશેષણોથી પર સુપુત્રી, મહાન દેશભક્ત, સ્ત્રી-સમાજનાં આગેવાન પથદર્શક, કોમી બિરાદરીના 'બહેનજી', સ્ત્રી-ઉત્કર્ષનાં તેમજ અન્યાયો સામે ઝઝૂમનાર અડીખમ યોદ્ધા, જ્યોતિસંઘનાં જ્યોતિર્ધર માત્ર જાણતાં હતાં કે

'Our is not to question why
Our is to do and die'

- જયા દાસાણી

અડકો દડકો

તનીભાઈનું ઈનામ

શ્રદ્ધા ત્રિવેદી

તનીભાઈ છઠ્ઠા ધોરણમાં પહેલા નંબરે પાસ થયા એટલે તેમના દાદાએ સાઈકલ લાવી આપી. તનીભાઈ તો ખુશખુશાલ. બસ, આખો દિવસ... ટ્રીન... ટ્રીન... એમ ઘંટડી વગાડ્યા કરે ને સાઈકલ ફેરવ્યા કરે. રજાઓ પૂરી થઈ એટલે તનીભાઈ સાઈકલ લઈને નિશાળે જવા લાગ્યા. એમણે એક ગીત પણ બનાવી દીધેલું.

તનીભાઈ આવે છે... ટ્રીન... ટ્રીન...
ટ્રીન... ટ્રીન...

આઘા ખસો, આઘા ખસો... ટ્રીન...
ટ્રીન... ટ્રીન... ટ્રીન...

પેટ ભરીને સૌ કોઈ ખાવો... ટ્રીન...
ટ્રીન... ટ્રીન... ટ્રીન... - ને બસ પછી તો તનીભાઈ ગાતાં ગાતાં નિશાળે જવા લાગ્યા. તેમની નવી સાઈકલ જોઈ રિન્કુ, વિપુલ, નેહા, હીરલ તો તનીભાઈની આસપાસ વીંટળાઈ વળ્યાં. રિન્કુ તો તનીભાઈનો ખાસ ભાઈબંધ. ને રહે પણ તેમની પોળમાં જ. એટલે રિન્કુને તો મજા પડી ગઈ. પાછળ બેસે રિન્કુ ને આગળ તનીભાઈ. ને એમ તેમની સાઈકલસવારી પહોંચે નિશાળે.

પહેલાં તો તનીભાઈ જાતે જ લેસન કરતા હતા. પણ હવે થયું એવું કે ઘરમાં કંઈક લાવવાનું હોય તોય તનીભાઈ કહે : 'મમ્મી, લાવ, હું લઈ આવું.' દાદાની દવા લાવવાની હોય તો તનીભાઈ કહે : 'લાવો, હું લઈ આવું.' પપ્પાનું છાપું લાવાનું હોય તોય તનીભાઈ તૈયાર. અરે, રિન્કુને ઘેર પણ કંઈક લાવવાનું હોય તો રિન્કુ આવે તનીને ઘેર ને પછી બેઉ જણ જાય. ક્યારેક કશુંય કામ ના હોય તો છેવટે તનીભાઈ ગામ આખાનો એક આંટો પણ મારી આવે. એટલે તનીભાઈને હવે સમય મળે નહીં. પછી બિચારા લેસન ક્યારે કરે ? વળી હવે તો તે સાતમા ધોરણમાં આવેલા, તેથી લેસન વધારે અપાતું. લેસન વધ્યું ને તનીભાઈનો સમય ઘટ્યો. એક દિવસ તો એવું થયું કે તનીભાઈ લેસન કર્યા વગર જ નિશાળે ગયા. બહેને કારણ પૂછ્યુ. તનીભાઈ શો જવાબ આપે ? બહેને તેમને વર્ગની બહાર કાઢી મૂક્યા. સાંજે છૂટીને રિન્કુ આવ્યો. રિન્કુ કહેઃ 'ચાલ તની, ઘેર જઈએ.' પણ તનીભાઈનું મગજ આજે ફટકેલું હતું. તે તો બોલવા માંડ્યાઃ 'આ બહેન તો જો. એક દહાડો લેસન ના થયું તેમાં શું થઈ ગયું ? હું તો પહેલે નંબરે પાસ થઉં છું. મને આવી શિક્ષા કરવાની ?' રિન્કુ કહેઃ 'તારી વાત સાચી છે. પણ તું બહાર ગયો પછી બહેન કહે, 'સારા વિદ્યાર્થીઓએ તો નિયમિત રહેવું પડે. માટે તેમણે તને શિક્ષા કરી. જેથી બાકીનાં બધાં નિયમિત રહે.' પણ તોય તનીભાઈનો ગુસ્સો ઓછો ના થયો. રિન્કુ કહેઃ 'તની, એક કામ કરીએ. તું મને સાઈકલ પર લાવે છે ને ઘરે લઈ જાય છે. વળી, તું બીજાંનાં કામેય કરે છે. તને સમય ઓછો મળે છે. તો થોડું લેસન હું કરી આપીશ. જા, આજથી બે વિષયનું લેસન હું કરીશ. બાકીનું તું કરજે.' તનીભાઈ તો આ સાંભળી ખુશ થઈ ગયા. એમણે ફટાફટ બે નોટો રિન્કુને આપી દીધી. તે બેઉ જણ ટ્રીન... ટ્રીન... ટોકરી વગાડતા ગયા ઘેર. હવે તો રોજ બે વિષયનું લેસન રિન્કુ કરે ને તનીભાઈને મજા પડે.

એક દિવસ હીરલ કહેઃ 'તની, રિન્કુ તને બે વિષયનું લેસન કરી આપે છે ને, તો હું ય તને એક વિષયનું કરી આપીશ. રિસેસમાં મને સાઈકલ પર બેસાડીને નિશાળના મેદાનમાં આંટો મરાવજેને ! મને સાઈકલ પર બેસવું ખૂબ ગમે છે.' તનીભાઈ તો રાજીના રેડ થઈ ગયા. એમણે તો એ જ દિવસે બપોરે રિસેસમાં હીરલને સાઈકલ ઉપર બેસાડીને આખા મેદાનમાં બે-ત્રણ આંટા મરાવ્યા. હીરલ ખુશખુશાલ. સાંજે જ્યારે શાળા છૂટી કે તનીભાઈએ બે નોટ આપી રિન્કુને ને એક નોટ આપી હીરલને. બીજે દિવસે હીરલ પણ સરસ રીતે લેસન કરીને

નોટ લાવી ને આવતાં વેંત નોટ તનીને આપી દીધી. બસ, હવે તો આય રોજનું થઈ ગયું.

હવે આ વાતની ખબર વિપુલ અને નેહાને પડી કે જો આપણે એક વિષયનું લેસન કરી આપીશું તો તની આપણનેય એક આંટો ફેરવશે. એટલે એક દિવસ તે કહેઃ 'તની, તું હીરલને રોજ રિસેસમાં બે-ત્રણ આંટા ફેરવે છે, તો અમનેય એકાદ આંટો ફેરવને ! અમે ય તારા એક વિષયનું લેસન કરી આપીશું.' તની તો આવું સાંભળી ખુશ થઈ ગયો. એક તો સાઈકલ ફેરવવાની મળે ને બીજું લેસન બીજા કરે તેથી આપણને તો લ્હેર ! તેણે તરત હા પાડી. એટલે હવે એ રિસેસમાં હીરલ, નેહા, વિપુલ એ ત્રણેને એક એક આંટો ફેરવે. ત્રણ આંટા ફરાય એટલામાં રિસેસ પૂરી પણ થઈ જાય. ને સાંજે દરેકને નોટ આપી દે. આમ પાંચ વિષયનું લેસન તેનું થઈ જાય. હવે તો માત્ર બે જ વિષયનું લેસન પોતાને કરવાનું રહે. તે તો ચપટી વગાડતાં થઈ જાય.

એમ કરતાં કરતાં છ માસિક પરીક્ષા આવી. બધાંનો નંબર એક જ ક્લાસમાં આવેલો. તનીભાઈને બે વિષયમાં તો કંઈ તકલીફ ના પડી. પણ પછી... બાકીનાનું શું ? એ ક્લાસમાં ચારેબાજુ જુએ તો રિન્કુય ફટાફટ લખે, હીરલેય લખે, નેહાય લખે ને વિપુલેય લખે. બિચારા તનીભાઈ ! વર્ગમાં સાંભળેલું જેટલું યાદ હતું તેટલું લખ્યું. પણ પછી ? તેમણે જેટલી વાર બીજાં બધાં સામે જોયું તો બધાંય ઊંધું ઘાલીને લખતાં હોય. તનીભાઈનું તો મોં પડી ગયું. પણ થાય શું ? જેમતેમ પરીક્ષા પૂરી થઈ. ને પરિણામ પણ આવ્યું. રિન્કુ તો આ વખતે ખૂબ ખુશ હતો. તે પહેલો આવ્યો હતો. હીરલ ચોથે નંબરે પાસ થઈ હતી. વિપુલને નેહા પણ આઠમે ને નવમે નંબરે આવેલાં. ને તનીભાઈ ? પૂછશો જ નહીં. બે વિષયમાં તો ખૂબ સારા ગુણ આવેલા પણ બાકીના વિષયમાં તો તે માંડ પાસ થયા હતા. પરિણામ લઈ સૌ પોતપોતાના ઘેર ગયાં. રિન્કુનું ઘર પછી આવે, તનીભાઈનું પહેલા આવે. તેથી રિન્કુયે તનીભાઈની જોડે તેમને ઘેર ગયો. દાદાએ બેઉનાં પ્રગતિપત્રક જોયાં. રિન્કુને અભિનંદન આપ્યાં. તેને આઇસક્રીમ ખવડાવ્યો ને તેને ઘેર મોકલ્યોઃ 'રિન્કુ, જા બેટા, ઘેર.. મમ્મી રાહ જોતી હશે.' ને મમ્મીનું નામ પડતાં રિન્કુ ઠેકડો મારીને દોડ્યો ઘેર. દાદા પછી તની પાસે આવ્યા ને તેની બાજુમાં બેઠા. તનીના બરડે હાથ ફેરવી કહેઃ 'તની, કોઈ વાર આવુંય થાય હોં બેટા ! પણ... મને આ ન સમજાયું. ગણિત અને વિજ્ઞાન તો તારા ગમતા વિષયો. બીજાઓને ભણાવે તેવો તું હતો. ને એમાં તારા આટલા ઓછા માર્ક્સ !... કંઈ નહીં. હવે વાર્ષિક પરીક્ષામાં ધ્યાન આપજે, હોં. આ તો પરીક્ષા છે ભાઈ, કોઈ વાર પહેલો નંબરેય આવે ને કોઈ વાર નાપાસેય થવાય. પણ એક વાત ધ્યાનમાં રાખવી. આપણે મહેનતમાં પાછા ન પડવું. તની તને ખબર છે ? મારો તો ક્યારેય પહેલો નંબર આવ્યો નથી. જ્યારે તું તો લાવે છે ને હજીયે લાવવાનો. જો, પહેલો નંબર ના આવે તો ચાલે, પણ તું મહેનત કરતો રહેજે, હોં ! મહેનતુ માણસ ક્યારેક ને ક્યારેક જરૂર કંઈક પ્રાપ્ત કરે છે. તું નાપાસ તો થયો નથી ને ! ચાલ, એ વાત પર આપણે બે આઇસક્રીમ ખાઈએ.' કહી દાદા ફ્રીજમાંથી બે કપ આઇસક્રીમ લઈ આવ્યા. એક પોતે લીધો ને બીજો કપ તનીને આપ્યો. તનીભાઈને આઇસક્રીમ ખાવો ના ગમ્યો. એમની આંખમાંથી તો મોટી લખોટી જેવડાં આંસુ પડવાં માંડ્યાં. દાદાએ આ જોયું. દાદા કહેઃ 'તની, બસ... બસ... બસ... આટલું બધું રડશે તો આપણા ગામનું તળાવ ભરાઈ જશે, હોં ! ને વળી આ આઇસક્રીમમાં પડશે તો તે ય ખારો થઈ જશે. બસ કર. હવે તુંય ખા ને મનેય ખાવા દે.' ને દાદા તો આઇસક્રીમ ખાવા માંડ્યા. ખાતા ખાતા કહેઃ 'જો હું તારે માટે સરસ ઘડિયાળ લાવ્યો છું. મને હતું કે તારો... પણ કંઈ નહીં. ભલેને રિન્કુનો આ વખતે પહેલો નંબર આવ્યો. પણ ઘડિયાળ તો તારું જ, હોં ! વાર્ષિક પરીક્ષાનું ઇનામ ઍડવાન્સમાં જા...' એટલે તનીભાઈ કહેઃ 'ના દાદા, આ ઘડિયાળ નંબર લાવીશ ત્યારે જ લઈશ. ને હવે તમેય જોજોને પહેલો નંબર મારો જ આવશે. આ વખતે તો મેં...' કહી તે અટકી ગયો. દાદાજી સમજી ગયા કે તે કંઈક છુપાવે છે. આઇસક્રીમ પૂરો થયો પછી કહેઃ 'શું થયું હતું આ વખતે ?' એટલે તની કહેઃ 'તે છે ને દાદાજી, મારું લેસન રોજ રિન્કુ, હીરલ, નેહા ને વિપુલ કરતાં હતાં. એટલે એટલા વિષયો તો મારા કાચા જ રહેને ! હવે મને સમજાયું કે એ લોકો પોતાનું લેસન કરે ને મારુંય કરે. એટલે એ મહેનત બેવડી કરે. ને હું જરાય ના કરું. પછી આવું જ પરિણામ આવેને !'

'પણ તારું લેસન એ લોકો શા માટે કરે ?' દાદાએ પૂછ્યું.

'હું તેમને સાઈકલ પર ફેરવું ને એટલે. પણ હવે હું એમને સાઈકલ પર ફેરવીશ તો ખરો પણ મારું લેસન તો હું જ કરીશ.'

દાદા કહેઃ 'વાહ ! તની બેટા ! વાહ ! તું જે આ સમજ્યોને તેનું ઇનામ આ ઘડિયાળ. લે, ચાલ પહેરી લે. ને ચાલ, હવે બીજી વાર આઇસક્રીમ ખાઈએ.' તની કહેઃ 'ના હોં, દાદાજી ! આઇસક્રીમ તો એક જ વાર ખવાય એવું તો તમે જ કહેતા હતા. એટલે એ બીજી વાર નથી ખાવાનો, હોં ! પણ ઘડિયાળ લાવો, હું હમણાં જ પહેરી લઉં.' ને દાદાએ હસતા હસતા ઘડિયાળ તનીને પહેરાવી દીધું. તની અને દાદા બંનેય ખુશખુશાલ હતા ! ❒

સાહિત્યસંપર્ક

'ભાગીરથી'

૨૦૦૩નું સરસ્વતી સમ્માન પ્રાપ્ત કરનાર સંસ્કૃત-કાવ્યકૃતિ

ભોળાભાઈ પટેલ

કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા ભારતીય ભાષાઓમાં પ્રકટ થયેલી શ્રેષ્ઠ સાહિત્યિક રચનાને દર વર્ષે પાંચ લાખ રૂપિયાના 'સરસ્વતી સમ્માન'થી વિભૂષિત કરાય છે. આ સમ્માન ઈ.સ.



૧૯૯૧થી શરૂ કરવામાં આવ્યું છે. પ્રથમ 'સરસ્વતી સમ્માન' હરિવંશરાય બચ્ચનને તેમની ચાર ભાગમાં લખાયેલી આત્મકથાને આપવામાં આવ્યું હતું. ૨૦૦૨ સુધીમાં તેર જેટલા ભારતીય ભાષાના સાહિત્ય-કારોને તેમની ઉત્તમ રચનાઓ માટે આ સમ્માનથી અલંકૃત કરાયા છે. ગુજરાતીમાં સરસ્વતી સમ્માન મનુભાઈ પંચોલી 'દર્શક'ને તેમની નવલકથા 'કુરુક્ષેત્ર' માટે ૧૯૯૭માં પ્રાપ્ત થયું હતું.

એ પછી તાજેતરમાં વર્ષ ૨૦૦૩ના સરસ્વતી સમ્માન માટે ગોવિંદ ચંદ્ર પાંડેની કૃતિ 'ભાગીરથી'ની પસંદગી થઈ છે. ભારતીય જ્ઞાનપીઠનો સરસ્વતી સમ્માન સમકક્ષ અવૉર્ડ હોય કે સ્વયં સરસ્વતી સમ્માન, આજ દિન સુધીમાં પહેલી વાર આવા સર્વોચ્ચ ભારતીય પુરસ્કાર માટે 'સંસ્કૃત' કૃતિની પસંદગી થઈ છે. 'ભાગીરથી'માં વિવિધ છંદોમાં લખાયેલ ૧૬૩ કાવ્યો છે, જે શ્લોકનિબદ્ધ છે.

ગોવિંદ ચંદ્ર પાંડે (૧૯૨૩) ઉચ્ચ કોટિના વિદ્વાન તરીકે જાણીતા છે; મુખ્યત્વે તેઓ ઇતિહાસકાર અને દર્શનશાસ્ત્રના અભ્યાસી છે અને આ ક્ષેત્રમાં તેમનું પ્રદાન મહત્ત્વનું છે. તેમના આ પ્રકારના ગ્રંથોમાં 'બૌદ્ધ ધર્મ કે વિકાસ કા ઇતિહાસ' (૧૯૬૩), 'લેકચર્સ ઑન જૈનિઝમ' (૧૯૭૮), 'એન અપ્રોચ ટુ ઇન્ડિયન કલ્ચર ઍન્ડ સિવિલાઇઝેશન' (૧૯૮૫), 'ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયન કલ્ચર' (૧૯૮૪) આદિ અભ્યાસીઓમાં જાણીતા છે. આ સિવાય પણ તેમના 'ન્યાયબિંદુ' (૧૯૭૧), 'મૂલ્ય-મીમાંસા' (૧૯૭૩), વગેરે દર્શનશાસ્ત્રના ગ્રંથો છે. આ પ્રકારની ઉચ્ચ કોટિની વિદ્વત્તા ધરાવતા ગોવિંદ ચંદ્ર પાંડેની સર્જનાત્મકતા પણ એટલી જ પ્રશંસાર્હ છે. કવિહૃદયના આ પંડિતે હિન્દી ભાષામાં ચાર કાવ્યસંગ્રહો આપ્યા છે - 'અગ્નિબીજ', 'ક્ષણ અને લક્ષણ', 'હેસિકા' અને 'જયા'. આ રચનાઓમાં પ્રશિષ્ટતાનો સંસ્પર્શ છે, એ સાથે એટલો જ આધુનિકતાનો. (અહીં એ ઉમેરી શકાય કે તેમણે 'ગાથા સપ્તશતી'ના 'મહિલાએં' એ નામથી દોહા છંદમાં હિન્દી અનુવાદ આપ્યો છે.)



પરંતુ પોતાની માતૃભાષામાં કવિતા રચવી અને સંસ્કૃત જેવી પ્રશિષ્ટ ભાષામાં કવિતા રચવી તેમાં ફેર છે. એવું નથી કે આજકાલ સંસ્કૃતમાં કાવ્યરચનાઓ નથી થતી, પણ બહુ ઓછી રચનાઓ સમકાલીનતા સાથે અનુબંધ ધરાવતી હોય છે. કવિ તરીકે ગોવિંદ ચંદ્ર પાંડે માટે સંસ્કૃત ભાષા લગભગ તેમની માતૃભાષા હિન્દી જેટલી અનુનેય છે, લવચીક કહીએ તો પણ ચાલે.

વિષયની રીતે જોઈએ તો સરસ્વતી સમ્માનથી પુરસ્કૃત આ કૃતિમાં પરંપરાગત સંસ્કૃત કવિતાની જેમ પ્રકૃતિ કે ઋતુવર્ણનના શ્લોક મળે, પરંતુ સંસ્કૃત કવિતામાં ઘણી વાર નિજી અનુભૂતિની અનુપસ્થિતિ જોવા મળે છે, જ્યારે પાંડેજીની કવિતામાં અનેક સ્થળે વૈયક્તિક અનુભૂતિનો સ્પર્શ છે. એટલે કોકિલ, વસંત કે નિદાઘ (ગ્રીષ્મ)નું કે પ્રાવૃટ્ (વર્ષા), અષાઢનું એ વર્ણન કરતા હોય ત્યારે પ્રથમ નજરે લાગે કે પ્રાચીન સંસ્કૃત કવિતાનું આ અનુરણન હશે, પણ તેમનાં આ પ્રકારનાં વર્ણનોમાં પરંપરા અને સ્વાનુભૂતિનું સંયોજન તેમની કવિ તરીકેની સર્જનાત્મકતા પ્રકટ કરે છે. ક્યારેક તો આ સહસ્રાધિક વર્ષોજૂની અપ્રયુક્ત ભાષામાં આધુનિકતાનો બોધ પ્રકટ થતો જોઈ આજનો વાચક પ્રસન્નતા અનુભવશે.

'ભાગીરથી' સંગ્રહની રચનાઓ વિષયની દૃષ્ટિએ સાત ભાગોમાં વહેંચાયેલી છે : (૧) લોક (૨) કાલઃ (૩) વસંતાનલઃ (૪) ભાગીરથી (૫) શતદલમ્ (૬) દક્ષિણાપથે જયસિંહ (૭) પ્રત્યમ્બિમ્બાં

ગ્રંથમાં સંસ્કૃતરચનાઓની નીચે જ હિન્દીમાં તેની કાવ્યાત્મક પ્રસ્તુતિ છે. પાંડેજીનું આ 'સવ્યસાચીત્વ' આપણને આશ્ચર્ય પમાડે છે.

'ભાગીરથી' સંગ્રહના 'લોકઃ' વિભાગની એક સંસ્કૃત રચનાનું પહેલા સ્વયં પાંડેજીએ કરેલું હિન્દી રૂપાંતર જોઈશું અને પછી મૂળ રચનના : રેલગાડી ઊપડવાનો સમય થયો છે, વિસલ વાગી ગઈ છે, કોલાહલ અને ભીડનું વાતાવરણ છે :

રેલ કી સીટી
બઢતે કોલાહલ ઔર ભીડ કી ઠેલમઠેલ
પાસ ખડી પ્રેમિકા કે સાથ
પ્રેમાલાપ મેં મગન જમાદાર
બાંધ રહા ઝાડૂ ફુર્સત સે.

આ હિન્દી તો મૂળ રચનાનું રૂપાંતર છે, હવે સંસ્કૃતની એ રચના જ જોઈએ. છંદ છે શાર્દૂલવિક્રીડિત. કવિએ રેલગાડીની વિસલ માટે શબ્દ યોજી દીધો છે - 'બાષ્પ-પ્રેરિત-યાન-સીત્કૃતિ'-

बाष्प-प्रेरित-यान-सीत्कृति-चलत्-सम्मर्द -कोलाहले
सामग्री-नत-भारीकावलि-मिलत्-संभ्रान्त - यात्रिव्रजे ।
पार्श्वावस्थित-कान्तया प्रमुदितं संलापमाकल्पयन्
संक्षोभं खलपूपेक्ष्य निरतः सम्मार्जनी-बन्धने ॥

આ એક વિલક્ષણ શબ્દચિત્ર છે, સંસ્કૃત કવિતા માટે તો વિરલ. રેલવે સ્ટેશનનું વાતાવરણ એ જ સંસ્કૃત કવિતા માટે નવી વાત, તેમાંય કુલીઓ અને મુસાફરી કરનારાઓની ઠેલંઠેલી તો ખરી; પરંતુ એવે વખતે એક ઝાડુવાળો આ તમામ કોલાહલ, ભીડ અને દોડાદોડને અવગણીને નિરાંત જીવે ઝાડુ-સાવરણો ઠીક કરતો પ્રસન્ન મનથી પોતાની પ્રેમિકા સાથે વાર્તાલાપ કરી રહ્યો છે.

આ શાર્દૂલવિક્રીડિતમાં છે તો પ્રેમનો વિષય - પણ પરંપરાગત સંસ્કૃત પ્રેમ નિરૂપણથી કેટલો જુદો, એકદમ આજનો. રચનાકારને વિસલ માટે નવો શબ્દ યોજવો પડ્યો છે, અને તેમાં કોઈ વાચકને ભદ્રંભદ્રીય પ્રયોગ કે રઘુવીરી (ડૉ. રઘુવીરે આપણા રઘુવીર ચૌધરીએ નહિ - અંગ્રેજીના હિન્દી પર્યાયો પ્રયોજ્યા છે.) પ્રયોગ લાગે પણ અહીં પાંડેજીની રચનામાં તે સટીક બેસી જાય છે.

સંસ્કૃત કવિતામાં મદોન્મત્ત ગજો - હાથીઓનાં વિવિધરૂપે ચિત્રણ જોવા મળે છે. પ્રતીકો તરીકે પણ કવિઓએ - અપ્રસ્તુત પ્રશંસા જેવા અલંકારોમાં વિનિયોગ કર્યો છે. હાથી હતો રાજસત્તાનું - વૈભવનું પણ પ્રતીક. જગન્નાથ પંડિતનું - 'દિગન્તે શ્રુયન્તે મદમલિન ગજાઃ કરરિનઃ' આદિ ઉપમાન-કલ્પનો તરીકેના વિનિયોગમાં તો આપણને મેઘદૂતનો બીજો શ્લોક જ યાદ આવી જાય - 'આપાઢસ્ય પ્રથમ દિવસે મેઘમાશ્લિષ્ટ સાનું / વપ્રક્રીડાપરિણત ગજ પ્રેક્ષણીયં દદર્શ'. પરંતુ આધુનિક યુગમાં હાથીનું એવું સ્થાન ક્યાં રહ્યું છે ? આપણે પ્રિયકાન્ત મણિયારનું 'હાથી' કાવ્ય (- નગરમાંથી પસાર થતા હાથી વિષે) યાદ આવી જાય. કવિ ગોવિંદ ચંદ્ર પાંડે પોતાની સંસ્કૃત રચનામાં હાથીને સંબોધીને કહે છે કે તને જોઈને આજે તો લિલિપુટિયનો વચ્ચે ગુલિવર ચાલી રહ્યો હોય એવું લાગે છે. સંસ્કૃત રચયિતા માટે તો તદ્દન નવી અને આપણે માટે અનપેક્ષિત સરખામણી :

दृष्ट्वा त्वां गजराज भाव-शबलं चित्रीयते मानसम्
राजानः क्व गताः क्व सम्प्रति सभा यात्राश्च साडम्बराः
दुर्भेद्य क्व महावनं प्रतिभयं ते वा क्व कण्ठीरवाः
लोको लीलिपुटायते गुलिवरो जातोऽसि मन्येऽपरः ॥

'હે ગજરાજ ! તને ચાલતો જોઈને રાજાની સત્તા, રાજવૈભવ, રાજસભાની આજે યાદ આવે છે, એવે વખતે મન વિવિધ ભાવોથી ભરાઈ જાય છે. તું જેનો પ્રતીક હતો તે રાજસત્તા ક્યાં ગઈ, રાજકુળરૂપી દુર્ભેદ્ય મહાવન, શત્રુઓના પ્રતીક સિંહની આકાશ ગજાવતી ગર્જના - આજે એ બધાથી શૂન્ય છે તારી ભૂમિ. તને અહીં વિચરણ કરતો જોઈને લાગે છે કે લિલિપુટ દેશ (વહેંતિયાઆના દેશ)માં જાણે કે ગુલિવર ! આ સરખામણી રચાતી સંસ્કૃત કવિતામાં નવી જાતનો ભાવબોધ સિદ્ધ કરે છે.

સંસ્કૃત કાવ્યની પરંપરાની રીતે કવિએ વસંત, વર્ષા, શરદ, ગ્રીષ્મ આદિ ઋતુઓ કે કોયલ આદિ વિષે રચનાઓ કરી છે, પણ તે ઋતુસંહારની રચનાઓથી ભિન્ન છે. સંગ્રહના 'ભાગીરથી' ખંડમાં ભાગીરથી - ગંગા વિશે રચનાઓ છે, તે જગન્નાથ પંડિતની 'ગંગાલહરી'થી અલગ પ્રકારની છે. નવા વિષયોમાં - 'કાશ્મીરવાતઃ', 'ચિનારઃ', 'મુગલસમ્રાજઃ', 'દક્ષિણાપથે જયસિંહ', 'ચીનપ્રશસ્તિ', 'ક્રિસમસ દિવસઃ', 'કાચગવાક્ષ' જેવાં કાવ્યશીર્ષકો જ કવિની પરંપરાગત સંસ્કૃત કવિતાથી કેવી જુદી ગતિ છે, તેનો નિર્દેશ કરે છે.

કાલિદાસે 'કુમારસંભવ'ના પ્રથમ શ્લોકમાં જ 'દેવાતાત્મા' કહીને જેનો મહિમા કર્યો છે તે હિમાલયને પથ્થરના કંટ્રાટીઓ ઠેરઠેર તોડી રહ્યા છે, તે જોઈ કવિ કલ્પના કરે છે :

મન્યે પારમિતાસ્તિ તસ્ય સહના ધ્યાને ક્ષમા-દાનયોઃ
કવૌપમ્યં નનુ લભ્યતાં કવ મિતદો રાજા વરાકઃ શિવઃ ॥

આખા શ્લોકનું સ્વયં કવિએ કરેલું હિન્દી કાવ્યરૂપાંતર જોઈએ :

સામને ગીલી શિલાઓં કો
કાલી ઓર સફેદ કહીં હરી
પથ્થર કે ઠેકેદારોં સે
શલ્ય કે દ્વારા ઘાવોં કે નિશાન લિયે હુએ.
મૈં સોચતા હૂઁ યહ પહાડી ધ્યાન
ક્ષમા ઓર દાન કી પારમિતા કી
સાધનામેં લગી હૈ
ઈસ કે સામને તોલકર દેનેવાલા બેચારા
શિવિ ક્યા હૈ ?

હિમાલયને વિરૂપ, વિખંડિત થતો જોઈ જેમ વ્યથા છે, તેમ તેના મહિમામય વિશાલ રૂપની વર્ણના પણ કવિ કરે છે.

સંસ્કૃતમાંય આજના સમયમાં કાવ્યો રચાય છે, પ્રણ થોડાંક અપવાદો બાદ કરતાં ભાષાની અનુનેયતા અને પારદર્શિતા ઓછી જોવા મળે. કવચિત્ તો સ્તોત્ર કાવ્યોની પરંપરા જેવું લાગે. એવે વખતે પંડિત કવિ ગોવિંદ ચંદ્ર પાંડેની 'ભાગીરથી' દ્વારા પ્રાપ્ત થતી સંસ્કૃત કવિતા સંસ્કૃતભાષાને જીવંત ભાષાની કોટિમાં તો મૂકી જ દે છે, તે સાથે તેમને એક સિદ્ધ કવિ તરીકે પણ સ્થાપિત કરે છે.

'સરસ્વતી સમ્માન' જેવા શ્રેષ્ઠ સાહિત્યિક સમ્માનથી આ ગ્રંથ પુરસ્કૃત થાય છે, ત્યારે તેના કવિને અભિનંદન આપીએ. ❐

અવલોકન

સ્વરસાધક સાયગલને સંશોધનાંજલિ : જબ દિલ હી તૂટ ગયા

હિંદી ફિલ્મો અને ફિલ્મસંગીતના ઈતિહાસમાં લગભગ ૭૦,૦૦૦થી પણ વધુ ગીતો અત્યાર સુધીમાં બન્યાં છે તેમાંથી ૧૧૦ ગીતો ટકાવારીના હિસાબે કેટલાં નગણ્ય કહેવાય ? પરંતુ એટલી ઓછી સંખ્યામાં ફિલ્મી ગીતો ગાનાર કુંદનલાલ સાયગલ, ૧૮મી જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ થયેલા તેમના મૃત્યુ પછી ૫૭ વર્ષે પણ વિસરાયા નથી.



કે. એલ. સાયગલના પ્રથમાક્ષરી નામથી ફિલ્મઉદ્યોગમાં ખ્યાતિ પામેલા કુંદનલાલ તેમના જીવતાંજીવ અને મૃત્યુ પછી પણ અનેક ગાયક-ગાયિકાઓ માટે પ્રેરણાસ્રોત બની રહ્યા. સુરેન્દ્ર, તલત મહેમૂદ, મુકેશ, મહંમદ રફી, કિશોરકુમાર, સી.એચ.આત્મા, મહેંદી હસન જેવા પ્રતિષ્ઠાવંત ગાયકો પોતાની કારકિર્દીના પ્રારંભે સાયગલના પ્રભાવમાં હતા અને એ વાતનું તેમને આજીવન ગૌરવ રહ્યું. લતા મંગેશકર બાળપણમાં સાયગલથી એટલાં પ્રભાવિત હતાં કે પોતાના પિતા દીનાનાથને તે કહેતાં, 'મારે સાયગલ સાથે પરણવું છે.' નવા ખરીદેલા રેડિયો પરથી સાયગલના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી લતાએ નવોનક્કોર રેડિયો ફેંકી દીધો હોવાનો કિસ્સો પણ જાણીતો છે.

સાયગલનો ચાહકવર્ગ આટલો મોટો અને પેઢીઓ સુધી વિસ્તરેલો હોવા છતાં, તેમના વિશેની દસ્તાવેજી માહિતીમાં નકરી દંતકથાઓ હાથ લાગતી હતી. 'ફિલ્મ ઉદ્યોગના તાનસેન' તરીકે ઓળખાયેલા સાયગલની સાચી જન્મતિથિ અને મૃત્યુતિથિ પણ જ્ઞાત ન હતી. સાયગલને અંજલિ આપવા માટે યોજાતા કાર્યક્રમોમાં ખોટાં ઉચ્ચારણો સાથે ગવાતાં તેમનાં ગીતો પણ સાચાં સાયગલપ્રેમીઓને ખટકતાં હતાં. તેમની જન્મતારીખ ૪થી એપ્રિલ, ૧૯૦૪ ગણાતી હતી. એ ગણતરી પ્રમાણે, ૪થી એપ્રિલ, ૨૦૦૩થી એક વર્ષ સુધી સરકારે સાયગલની જન્મશતાબ્દી ઉજવવાની જાહેરાત કરી. ત્યાર પહેલાં ફિલ્મ સંગીતના પ્રખર સંશોધક અને 'મુકેશ ગીતકોશ', 'ગુજરાતી ફિલ્મ ગીતકોશ', 'ઇન્હેં ના ભૂલાના' (જૂની ફિલ્મી હસ્તીઓનાં ચરિત્રો) જેવા ગ્રંથોના લેખક-સંપાદક, સુરતના હરીશ રઘુવંશીએ સાયગલ વિશે અધિકૃત માહિતી ધરાવતો એક ગ્રંથ બનાવવાનું નક્કી કરી લીધું હતું. હરીશભાઈના પચીસ વર્ષ જૂના મિત્ર અને 'હિંદી ફિલ્મ ગીતકોશ'ના પાંચ ખંડ (૧૯૩૧થી ૧૯૮૦)ના સંપાદક કાનપુરના હરમંદિરસિંઘ 'હમરાઝ' પણ આ મહાકાર્યમાં જોડાયા. તેમના સંયુક્ત પરિશ્રમનું દષ્ટિવંત સંપાદનનું પરિણામ છે : સાયગલે ગાયેલાં તમામ ૧૮૫ ગીતોનો હિંદી અને અંગ્રેજીમાં પાઠ તથા બીજી અનેક અધિકૃત માહિતી તથા દુર્લભ તસવીરો ધરાવતો ૪૭૨ પાનાંનો ગ્રંથ 'જબ દિલ હી તૂટ ગયા' ૩જી એપ્રિલ, ૨૦૦૪ના રોજ 'ગ્રામોફોન ક્લબ'ના




ઉપક્રમે અમદાવાદમાં અને ૪થી એપ્રિલ, ૨૦૦૪ના રોજ સમાંતરે રાજકોટ તથા જમ્મુમાં સંગીતપ્રેમીઓ સમક્ષ લોકાર્પિત થયેલો. આ ગ્રંથમાં સાયગલની પારિવારિક વિગતો, કારકિર્દી, સમકાલીનોએ સાયગલને આપેલી અંજલિ, તેમનાં ગાયેલાં હિંદી-બંગાળી ફિલ્મોની પ્રચારપુસ્તિકાઓનાં મુખપૃષ્ઠ, સંખ્યાબંધ દુર્લભ તસવીરો જેવી મૂલ્યવાન સામગ્રી છે. સાયગલની સાચી જન્મતારીખ ૪થી એપ્રિલ નહીં, પણ ૧૧મી એપ્રિલ હોવાનું પણ બંને સંપાદકોએ જહેમતપૂર્વક શોધી કાઢ્યું છે. દિલ દઈને મહેનત કરવા છતાં સંપાદકોને 'મોહબ્બત કે આંસુ', 'સુબહકા સિતારા', 'ઝિંદા લાશ', 'રાજરાની મીરા', 'ડાકૂ મન્સૂર' અને 'રૂપલેખા' ફિલ્મોમાં સાયગલનાં ગાયેલાં ગીતો વિશેની માહિતી મળી શકી નથી. કોઈ સુજ્ઞ વાચક આ ફિલ્મો અંગે માહિતી આપવા અથવા 'જબ દિલ હી તૂટ ગયા'ની વિશેષ માહિતી માટે હરીશ રઘુવંશી (ફોન : ૦૨૬૧-૨૨૨૫૫૬૧, ઈ-મેઈલ : harish_nr51@hotmail.com) અથવા હરમંદિરસિંઘ હમરાઝ (ફોન : ૦૫૧૨ - ૨૨૮૧૨૧૧, ઈ-મેઈલ :hamraaz18@yahoo.com)નો સંપર્ક કરીને 'સાયગલકોશ' રૂપી સંગીતયજ્ઞમાં સામેલ થઈ શકે છે. - ઉર્વીશ કોઠારી

[જબ દિલ હી તૂટ ગયા (શ્રદ્ધાંજલિ : લે. હરમંદિરસિંગ 'હમરાઝ અનેહરીશ રઘુવંશી, ડબલ ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પ્ર. શ્રીમતી સતીન્દર કોર, 'ડ્રીમલેન્ડ', એચ.આઈ.જી., ૫૪૫, રતનલાલનગર, કાનપુર - ૨૦૮૦૨૨ (યુ.પી.) પૃ. ૪૭૨, કિં. ૮૦૦ રૂ.]

*

'રણમાં તરાપો' : ગઝલ સુધી પહોંચવા માટેનો પ્રયાસ



ગુજરાતી ગઝલસાહિત્ય-જલધિમાં આજકાલ લબર-મૂછિયાથી લઈને નિવૃત્ત કવિઓ પોતાનું વહાણ હંકારી રહ્યા છે ત્યારે જગદીશ ભટ્ટ ગઝલ સુધી પહોંચવા માટે 'રણમાં તરાપો' નામનો સંગ્રહ લઈ આવે છે. જગદીશ ભટ્ટ આમ તો વેદના સાથે ઘરોબો ધરાવતા કવિ છે. મુખ્યત્વે કાવ્યગોષ્ઠિ સાથે સંકળાયેલ આ કવિની કવિતા સાહિત્યનાં અનેક સામયિકોમાં અવારનવાર જોવા મળતી હોય છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'લીલીછમ વેદના' નામે પ્રકટ થયો હતો. ત્યાર બાદ ત્રણેક બાળકાવ્ય સંગ્રહ બાદ કવિ પાસેથી ૧૧૯ ગઝલો સમાવતો ગઝલસંગ્રહ 'રણમાં તરાપો' મળે છે.

ગઝલ એટલે વ્યંગમાં કહેવું હોય તો 'પ્રાસની તુકબંધી કરી

કોઈ શીર્ષક ન મળે તો 'ગઝલ' લખી દેવું તે'. અમદાવાદમાં આવા અગઝલકારો શહેરમાં જેટલાં ચકલાં હોય તેટલા હશે એવું કહી શકાય. વાસ્તવમાં માત્ર છંદ અને કાફિયા-રદીફ સાચવવાથી ગઝલ નથી બની જતી. એ વાતની પ્રતીતિ હજુ સુધી ઘણાં લોકોને નથી થઈ.

જગદીશ ભટ્ટ મોટી વયે ગઝલક્ષેત્રે પ્રવેશ્યા છે એટલે એમની ગઝલો પારંપરિક હોય તો વાંધો નહીં પણ પુખ્ત હોય એવી અપેક્ષા તો રાખી જ શકાય. મુખ્યત્વે રમલ અને રજઝ છંદમાં લખાયેલી ઘણી ગઝલોના રદીફ ધ્યાનાકર્ષક છે. જેમ કે 'આંખમાં રણ વિસ્તરે', 'કોક બહાનું આપજો', 'એક દીવો તરફડે', 'કરો ને સાવ અટકળ નીકળે.'

થોડી ગઝલોમાં શેરિયત પણ જોવા મળે છે. એક ગઝલના મત્લામાં કવિ કહે છે :

રણ સમૂળું પી ગયાંનો વ્હેમ છે
ઝાંઝવાં જંપી ગયાંનો વ્હેમ છે (પૃ. ૩૮)

રણ અને ઝાંઝવાનું પારંપારિક પ્રતીક અહીં ખૂબ સરસ અને નવીન રીતે આવે છે. વધુમાં 'પી' અને 'જંપી' કાફિયા બદલ કવિને ધન્યવાદ. તો એક ગઝલમાં સાવ સરળ તથા સચોટ અભિવ્યક્તિ જોવા મળે છે.

રાત થોડી વેશ ઝાઝા શું કરું ?
લાગણી ચોધાર લો ચાલો હવે (પૃ.૫૨)

પરંતુ આવા ઉત્તમ શેરોની અપેક્ષા આખા સંગ્રહમાં બહુ ઓછી સંતોષાઈ છે. વધુમાં પ્રસ્તુત સંગ્રહમાં મોટા ભાગની ગઝલોમાં કાફિયાદોષ જોવા મળે છે, જે નિવારી શકાયો હોત તો કદાચ સારી ગઝલો બની શકત. તો વળી અન્ય ગઝલોમાં કવિએ મત્લામાં લીધેલી કાફિયાની પ્રતિજ્ઞા પછીના શેરમાં નિભાવી નથી. કાફિયા-રદીફને સાંગોપાંગ નિભાવતી નખશિખ ગઝલો બહુ જૂજ પ્રમાણમાં અહીં જોવા મળે છે. સંગ્રહમાં થોડી ગઝલોમાં છંદદોષ પણ જોવા મળે છે. જેમ કે 'તિમિર'નું લગાત્મક રૂપ 'લગા' થાય પણ કવિએ મોટે ભાગે આ શબ્દને તિમિ + ર એમ 'ગાલ' સ્વરૂપે ખપમાં લીધો છે, જે ખોટું ગણાય. મુખ્યત્વે રમલ અને રજઝ છંદમાં વ્હેતી બે-ત્રણ ગઝલોમાં તો છંદ પરિવર્તન પણ ખૂંચે છે. (જુઓ પૃ. ૩૦,૩૧,૧૦૧,૧૦૮,૧૦૯)

કવિ પુનરાવર્તનથી પણ બચી શક્યા નથી. જેમ કે પૃ. ૬ પરની 'ધ્રાસકો' ગઝલનો રદીફ 'આ રાત ને વેરાનગાં' પૃ. ૮ તેમજ પૃ. ૧૩ પરની ગઝલના મિસરામાં જોવા મળે છે.

ગઝલમાં ભરતીના શબ્દ હોય તેને તાકીદનો દોષ કહેવાય છે. ઘણા ગઝલકારો 'તાકીદ'થી બચી શકતા નથી. અહીં એવોય દોષ પણ ઊડીને આંખે વળગે છે. એક ઉદાહરણ જોઈએ. પૃ. ૧૬ ઉપરની ગઝલ 'ઓરતા'માં ૯ શેરમાંથી ૬ શેરમાં ને/કે/રે જેવા ભરતીના શબ્દો પ્રયોજાયા છે.

ખેર, રણ હોય ત્યાં મૃગજળ પણ હોવાનાં જ. જગદીશભાઈને ગઝલનું બાહ્ય સ્વરૂપ હસ્તગત છે જ અને એથી જ તો તે ગઝલક્ષેત્રે કાર્યરત છે. જો ગઝલની આંતરિક ગૂંથણી અને ગઝલપસંદગી વિષે કવિ જરા વધુ સભાન રહ્યા હોત તો 'રણમાં તરાપો' આસાનીથી તરી શક્યો હોત. તેમ છતાં પ્રસ્તુત સંગ્રહમાંથી પસાર થતાં એવું લાગે છે કે કવિ પાસેથી સાદ્યંત સુંદર રચનાઓ મળશે જ. એવી આશા અસ્થાને નહીં લેખાય.

[રણમાં તરાપો (ગઝલસંગ્રહ) : લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, ડિમાઈ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૮૦.]

*

અગ્નિપરીક્ષા

ભારતના ભાગલા થયા એ પહેલાં અને એ પછી તેને કોમી રમખાણોની ઝાળ સતત દઝાડતી રહી છે. પ્રસ્તુત પુસ્તકમાં સપ્ટેમ્બર ૧૯૬૯માં ફાટી નીકળેલાં કોમી તોફાનોની વાત છે. લેખક હમીદ કુરેશીએ કોમી રમખાણ વખતે અનુભવેલ અને જોયેલ તારાજીની ઘટનાઓ પોતાના શબ્દોમાં રજૂ કરી છે. પોતે મુસ્લિમ છે અને પત્ની હિન્દુ, તેમ છતાં બેઉમાંથી એકેના અસ્તિત્વને આંચ ન આવે એમ આ દંપતી રહ્યું છે. હમીદ કુરેશીને રમખાણો દરમિયાન હિન્દુ મિત્રોએ કરેલી મદદ કોમી એકતાના દર્શન કરાવે છે. એક જગ્યાએ એમણે સરસ નોંધ્યું છે '... કપાળ ઉપરનો કંકુનો



લાલ ચાંદલો એ લોકો જોઈ રહે છે. આઘાપાછા થઈ કાંઈક બોલતા ખસી જઈ રસ્તો કરી આપે છે. અને કપાળમાં શોભી રહેલું એ સૌભાગ્ય-ચિહ્ન મારાં જાન અને માન-આબરૂનું રક્ષક બનેલ હું જોઈ રહું છું. આ ક્ષણે હિન્દુધર્મનું આ સાદું નાનકડું પ્રતીક મોટું વિશાળ થઈ મારે માટે ઢાલરૂપ બન્યું છે. મહાભયંકર જોખમમાં સલામતીનો આ અદ્‌ભુત બંદોબસ્ત ! કયા દિવ્ય તત્ત્વની આ કરામત !' (પૃ.૧૬) - આ પ્રસંગ તેઓ જ્યારે પોતાની દીકરીની બહેનપણીને તોફાનો દરમિયાન ઘરે મૂકવા જાય છે ત્યારનો છે. આવા અનેકાનેક પ્રસંગો પુસ્તકમાં જોવા મળે છે. રમખાણો દરમિયાન કાયદાની બિનકાર્યક્ષમતા વિષેની ઘણી ઘટનાઓ લેખકે નિખાલસપણે નોંધી છે. હિન્દુ કે ઇસ્લામ એ બેઉ કરતા છેવટે તો 'માનવધર્મ' જ મોટો છે એવી પ્રતીતિ થાય એવા સ્વાનુભવોથી લેખક વાચકને માહિતગાર કરે છે. રમખાણો દરમિયાન માત્ર માણસ હોવાની ઓળખ પૂરતી નથી હોતી. હિન્દુ કે મુસ્લિમ હોવું એ જરૂરી બને છે જીવ બચાવવા. આડકતરી રીતે ધાર્મિક ચિહ્નો પણ કેવાં કામ લાગે છે, એવી ઘટનાઓ અને અન્ય પ્રેરક પ્રસંગો વાચકને ભાઈચારા સુધી દોરી જાય છે. એ ખાસ નોંધવું રહ્યું કે તમામ પ્રસંગોમાં બંને વિધર્મી એકબીજાના ધર્મને તો આદરભેર જુએ જ છે - ખાસ કરીને શિક્ષિત મૈત્રીસંબંધોને આવાં રમખાણો નડતાં નથી. અંતે હમીદ કુરેશીએ આપેલ અગ્નિપરીક્ષામાંથી રામ ને રહીમ બેઉ આપણને અને અન્યને બચાવે એવી જ અભ્યાર્થના.

- અશોક ચાવડા

[અગ્નિપરીક્ષા (સ્વાનુભવ) લે. હમીદ કુરેશી, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પૃ. ૯૬, રૂ. ૫૦]

પ્રાપ્ત પ્રકાશનો

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો : *સંભારણાં* (કાવ્યસંગ્રહ) લે. ગોવિંદભાઈ શાહ, પ્ર. શ્રીમતી ચંદનબહેન જી. શાહ, ૭, મુકુન્દ-મનોરમા કૉમ્પ્લેક્ષ, હિંમતલાલ પાર્ક પાસે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૫૦. ચાલ આંખોમાં તરીએ (કાવ્યસંગ્રહ) લે. જ્વલંત વ્હોરા, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૦૪, રૂ.૬૦. તું સમંદર દે મને (કાવ્યસંગ્રહ) લે. જ્વલંત વ્હોરા, પ્ર. શ્રીમતી નયના વ્હોરા, પાર્થિવ હરિહર સોસાયટી પાસે, રાજકોટ-૩૬૦૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, રૂ.૮૮, રૂ.૭૫. પંખીઓ જેવી તરજ (કાવ્યસંગ્રહ) લે. ભરત વિંઝુડા, પ્ર. રંગદ્વાર પ્રકાશન, જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, લૉ ભવનની ઉત્તરે, અમદાવાદ -૩૮૦૦૦૯, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૭૦. આરોગ્ય સંહિતા (આરોગ્યલક્ષી લેખસંગ્રહ) લે. વૈદ્ય અશોકભાઈ તળાવિયા, પ્ર. પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, રાજકમલ ચોક, ફ્રૂટ માર્કેટ, અમરેલી - ૩૬૫૬૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૮, રૂ.૫૫. નિરુપમ શીતલ અજવાસ (કાવ્યસંગ્રહ) લે. સનત ત્રિવેદી, પ્ર. લે. ડૉ. સનત ત્રિવેદી, તૃપ્તિ, ૧૧, નૂતનનગર, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૪, રૂ.૧૨૦. પ્રકંપ (ટૂંકીવાર્તાઓ) લે. રતિલાલ પટેલ, પ્ર. વિનિત આર. પટેલ, 'ઉમા', ૩૧૩, ઉમેદનગર કૉલોની, કૉલેજ રોડ, ભૂજ (કચ્છ) ૩૭૦૦૦૧, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૯૬, રૂ.૬૦. મરૂન જામલી ગુલાબી (ટૂંકીવાર્તાઓ) લે. તારિણીબહેન દેસાઈ, પ્ર. આર. આર. શેઠની કંપની, મુંબઈ-૪૦૦૦૦૨ અને અમદાવાદ - ૩૮૦૦૦૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૪૪, રૂ.૭૫. ત્રીજી ઘંટડી (લેખિકાના અમેરિકા-પ્રવાસ દરમિયાન તેમણે અનુભવેલી ત્યાંની સૃષ્ટિનું વર્ણન) લે. અવંતિકા ગુણવંત, પ્ર. ઉપર મુજબ, કાઉન સાઇઝ, પાકું પૂઠું, રૂ.૨૦૦, રૂ.૯૦. મબલખ આનંદ (સંવાદ સાધતા નિબંધો) લે. સુધીર દેસાઈ, પ્ર. હમેશ મનહર મોદી, રન્નાદે પ્રકાશન, ૫૮-૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૬૮, રૂ.૮૫. હેલો સુયાં ! (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. હરીશ નાગ્રેયા, પ્ર. ઉપર મુજબ, કાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૦૮.

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. : (૧૯૯/૧, ગોપાલભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : *દૃષ્ટાંત કથાઓ*(રમણ મહર્ષિની દૃષ્ટાંત કથાઓ, ધર્મ-ચિંતન) ભાવાનુવાદ-સંકલન : મહેશ દવે, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૧, રૂ. ૪૦. *ઍક્વેરિયમની માછલી*(ટૂંકી વાર્તાઓ) લે. ડૉ. નવીન વિભાકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮૦. *સમજુ થઈને પાછો ફર*(ચિંતન) લે. હરિભાઈ કોઠારી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૦, રૂ.૮૦. *આરતી-આશકા ધર્મ* (સંકલન) : જયા મહેતા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૨, રૂ.૬૦. *વાદળ ઘેર્યા આભમાં*(ટૂંકીવાર્તાઓ) લે. ડૉ. નવીન વિભાકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૪, રૂ.૮૦. *ફ્લાવર વાઝ* (અમેરિકામાં વસતા ગુજરાતી કવિઓની કવિતાનો સંચય) સંપાદન : પ્રીતમ લખલાણી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૯૨, રૂ.૧૨૦. *ખુશ્બુમાં ખીલેલાં ફૂલ હતાં* (પાંચ ગઝલકારોનું ચૂંટેલી કવિતા) સં. સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૬૮, રૂ.૧૧૦. *અમેરિકા ઉવાચ* (અમેરિકામાં વસતા લેખકોની વાર્તાઓનો સંચય) સં. પ્રીતમ લખલાણી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૭૨, રૂ.૧૧૦. *ઝલક તેરા* (પ્રતિભાવ) લે. સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ.૭૦. *કહત કબીર* (કબીરના કાવ્યો પર વિવેચન) સં. સુરેશ દલાલ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૪૩, રૂ. ૧૭૫. *ઉજાગરો* (ગઝલસંગ્રહ) લે. ભગવતીકુમાર શર્મા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ.૬૦. *મનની ગૂંચ ઉકેલો* (સાઇકોથેરાપિના લેખો) લે. ડૉ. મુકુલ ચોકસી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ.૮૦. *સરદારવાણી* (સરદારના ક્વૉટેશન્સ) સં. મહેશ દવે, કાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૭૨, રૂ.૪૦. *કવિતાનો સૂર્ય : રવીન્દ્રચરિત* (રવીન્દ્રનાથ ટાગોરનું ચરિત્ર) લે. મહેશ દવે, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૯૪, રૂ.૧૩૦. *અરુણાચલસ્તુતિ - શ્રી રમણ મહર્ષિ (ધાર્મિક)*સં. તરલા દેસાઈ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ.૮૦. *રૂપેરી પડદાના ચહેરાઓ* (ફિલ્મીલેખો) અનુ. જયા મહેતા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૪૫, રૂ.૧૦૦. *મોતીચારો* (એનેકડોટ્સ) અનુ. ડૉ. આઇ. કે. વિજળીવાળા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૭૦, રૂ.૫૦.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : (રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧)નાં પ્રકાશનો : *લિ. હું આવું છું (ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન) ખંડ : ૧.* સંપાદન : વિનોદ મેઘાણી, હિમાંશી શેલત, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૬૪૬, રૂ.૪૦૦. *લિ. હું આવું છું (ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન) ખંડ : ૨ :* સંપાદન : વિનોદ મેઘાણી, હિંમાશી શેતલ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૭૨૦, રૂ. ૪૫૦. *સ્વપ્નાંતર* (કવિતાસંગ્રહ) લે. સુશીલા ઝવેરી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૩૨, રૂ.૮૦.

એન.એમ.ઠક્કરની કંપની : (૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨)નાં પ્રકાશનો : *તો દોસ્ત હવે સંભળાવ ગઝલ* (ગઝલસંગ્રહ) લે. હેમંત શાહ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૭૮, રૂ.૧૨૫. *પ્રેમ વિષે* (ચૂંટેલી પ્રણય કવિતાઓ) સં. હેમંત ઠક્કર, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૨૨, રૂ.૭૫. *નિશાન્ત* (કાવ્યસંગ્રહ) લે. સોનલ પરીખ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૮૦, રૂ.૭૫. *કમળપૂજા* (કાવ્યસંગ્રહ) લે. સુરેન ઠાકર 'મેહુલ', ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ.૧૫૦. *હતાં ત્યાંના ત્યાં* (પ્રેરણાત્મક લેખો) લે. ધૈર્યબાળા વોરા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ.૧૩૮, રૂ.૧૦૦. (ક્રમશઃ)

❀ કલાવાર્તા ❀

મને જનમ ધર્યાનો લ્હાવો દર્શનનો

(કલાના અવધૂત શ્રી અવનીન્દ્રનાથ ટાગોરની આખરી મુલાકાત)

શાંતિનિકેતનના પ્રસન્ન વાતાવરણમાં એક વર્ષ (૧૯૪૭) વીતી ગયું. શ્રી દાદા મૉશાય (શ્રી અવનીન્દ્રનાથ ટાગોર)નું નામ મારે હૈયે કોતરાઈ ગયું હતું. એમના પરિચયમાં આવેલા શિક્ષકોને મુખે ઘણુંઘણું સાંભળવા મળતું તેથી દાદુ મૉશાય વિષેનું મારું ભાવનામય ચિત્ર સુરેખ બનતું ગયું. અહીંના કલાભવન પ્રદર્શન હૉલમાં તેમનાં અનેક ચિત્રો જોવાનો લાભ મળતો હતો. દેવદર્શને જનારાં લોકોના નિત્યક્રમ પ્રમાણે સવારની પ્રાર્થના પૂરી થતાં જ હું કલા-ભવનમાંનાં ચિત્રોનાં દર્શનાર્થે રોજ એક આંટો તો અચૂક મારું જ. ત્યાર બાદ મારા સ્ટૂડિઓ પર કામે બેસું. પ્રદર્શન હૉલમાં પેસતાં જ જમણી બાજુ પર યોગ્ય સંદર્ભમાં ગોઠવાયેલું શ્રી દાદુ મૉશાયનું ‘જહાંગીર' ચિત્ર નજર સામે પડતું. અને આ જોઈને ‘જહાંગીર'ના સર્જક કલાકારને પ્રત્યક્ષ જોવાની ઉત્કટ ઇચ્છા જાગતી

એક દિવસે સહપાઠી મારા મિત્ર શ્રી હરરાય દેસાઈ સાથે દાદુ મૉશાયના દર્શને કલકત્તા જવાનું અમે નક્કી કર્યું અને કલકત્તાના તેમના રહેઠાણ સંબંધી અન્ય માહિતી માટે અમે ઊપડ્યા અમારા પૂ. માસ્ટર મૉશાય (શ્રી નંદલાલ બોઝ)ને ત્યાં. જઈને કહ્યું કે અમે પૂ. શ્રી અવનીન્દ્રનાથનાં દર્શને જઈએ છીએ. એ વાત જાણી તેઓ ઘણા જ ખુશ થયા. તેમનું યોગ્ય માર્ગદર્શન



લેખમાં આ ચિત્રનો ઉલ્લેખ છે.

અને પૂ. દાદુ મૉશાય પરનો સંદેશો લઈ અમો ત્યાંથી વિદાય થયા.

બીજે દિવસે અમે બંને કલકત્તા જવા ઊપડ્યા. સવારે હાવરા સ્ટેશને પહોંચ્યા. ત્યાંથી અમારા વડીલબંધુ શ્રી શાંતિલાલ મહેતાને ત્યાં ગયા. તેઓ હીરાના વેપારી પરંતુ કલાના ભારે ચાહક અને તેમના નાના ભાઈ રજનીકાન્ત મહેતા શાંતિ-નિકેતનમાં બે વર્ષ માટે કલાભવનમાં હતા. તેથી મુ. શ્રી શાંતિલાલભાઈનું ઘર શાંતિનિકેતનના કોઈ પણ કલાકાર માટે એક રહેઠાણ બની ગયું હતું. મેં તેમને વાત કરી કે અમારે પૂ. દાદુ મૉશાયને મળવા જવું છે. તો અમારા યજમાને બધી વ્યવસ્થા કરી. બીજે દિવસે જેને માટે અમે અધીરા હતા તે મિલનાર્થે અમારું પ્રસ્થાન શરૂ કર્યું. અમારા વડીલબંધુએ કહ્યું હતું કે મોટર અમુક સમય ચાલ્યા બાદ એક ગરનાળું આવે છે અને તે ગરનાળા પર DUNLOPનું મોટું બોર્ડ છે. ત્યાં ઊતરીને ડાબી બાજુએ એક બંગલો આવે છે તે પૂ. શ્રી દાદુ મૉશાયનું મકાન. આ સૂચના મેં મોટર હાંકનારને કહી હતી. જેથી જેવું તે ગરનાળું આવ્યું કે તેણે કહ્યું અહીં તમો ઊતરી જાવ. અમો ત્યાં ઊતર્યા. પરંતુ આ રોડ પર અવરજવર બહુ જ ઓછી હતી. વળી, તે વખતે બંગાળી પણ ભાંગ્યું તૂટ્યું આવડતું જેથી જરા સમય લાગ્યો, પણ મકાન મળી ગયું.

બંગલામાં પેસતાં જ કોઈ રજવાડી ઠાઠનું મકાન હોય તેવું લાગ્યું. જમણી બાજુએ એક નાનું પુકુર (તલાવ) અને બાજુમાં પાતળાં ઊંચાં ઊભેલાં યુકેલીપ્ટસના વૃક્ષ હવાથી આમતેમ ડોલી જાણે અમને આવકાર આપતા હોય તેવાં બાગમાં જોયાં. બગીચામાં આમતેમ નાની મોટી મૂર્તિઓ હતી, અમો આગળ વધ્યા તો આંગણામાં એક કૂતરું સૂતેલું જોયું. મને પહેલેથી જ બીક કે અજાણ્યું કૂતરું હોય તો સંભાળીને જવું, જેથી અમે



થોભ્યા. ત્યાં તો નોકર દોડી આવ્યો. અમારી નજીક આવી બંગાળીમાં કહ્યું, ‘કા કે ચાઈ છો ?' (કોનું કામ છે ?) મેં કહ્યું, ‘અમો શાંતિનિકેતનથી આવ્યા છીએ અને પૂ. દાદુ મૉશાયને મળવું છે.' તો કહે ઊભા રહો. લઈ જઉં છું. એમ કહું ત્યાં સુધી મારો ચંચળ સ્વભાવ રહ્યો નહિ અને તે ઓસરીમાં લટકાવેલાં ચિત્રો પર પટપટ નજર દોડવા લાગી. થોડી વારમાં ચારે દીવાલો પર નજર દોડાવી લીધી. બાજુમાં પૂ. ગુરુદેવની મૂર્તિ પણ જોઈ. ત્યાં તો નોકર કહે ચાલો. જેથી અમો ગુરુદેવની મૂર્તિની સામેનો દાદર હતો તે તરફ તેની પાછળ પાછળ ચાલતા લાગ્યા. હવે મારા આનંદનો પાર ન રહ્યો. આજુબાજુ પૂ. દાદા મૉશાય તેમજ પૂ. માસ્ટર મૉશાયનાં ન જોયેલાં ચિત્રો જોવાં મળ્યાં. તેથી મન વધુ પાગલ બન્યું. દાદરના છ પગથિયાં ચઢ્યાં કે એક મોટું પગથિયું આવ્યું ૪' x ૬'નું દાદરનું મધ્યભાગનું હતું. ત્યાં વળી મેં નાનાં ચિત્રો જોયાં. હું થંભી ગયો. ત્યાં તો નોકરે બીજાં છ પગથિયાં ચઢી બાજુના ઓરડામાં પૂ. દાદુ મૉશાયને કહ્યું કે શાંતિનિકેતનથી કોઈ બે વિદ્યાર્થીઓ આપને મળવા આવ્યા છે. તો પૂ. દાદુએ કહ્યું તેમને મારી પાસે લઈ આવ. ત્યાં તો અમે પણ બાકીનાં છ પગથિયાં પૂરા ચઢી ઓરડા નજીક આવી ગયા.

નોકરે અમને આવી કહ્યું કે તમે અંદર

જાવ. અમો ઓરડામાં પેઠા. સામે એક મોટો પલંગ અને બાજુમાં એક આરામ-ખુરશી હતી. તેના પર પૂ. દાદુ મૉશાય બિરાજેલા હતા. ખુરશીમાંથી ધીરે ધીરે ઊઠવાનો પ્રયત્ન કરતા કરતા કહેવા લાગ્યા. 'આપણે બહાર ગૅલરિમાં બેસીએ.' તેઓ ઊઠ્યા તો ખરા પણ શરીર ધ્રૂજતું હતું. ગાત્રો લબડી ગયાં હતાં, આંખ પરના પોપચાં આંખને ઢાંકી દેતાં હતાં. જેથી આંખને પરાણે પરાણે ઊંચી કરીને ઊભા થયા. મેં કહ્યું, 'ચાલો હું આપને બહાર લઈ જઉં.' તો તેમણે કહ્યું, 'તું મારો હાથ પકડ હું બહાર આવીશ.' બહાર ઓરડાની બાજુમાં એક ખુરશીમાં બેસતાં જ તેમણે કહ્યું, 'આમાર નન્દ કી રકમ આછે ?' (મારો નંદ પૂ. નંદલાલ બોઝ કેમ છે ?) મેં કહ્યું, 'કુશળ છે અને તેમણે પણ આપને પ્રણામ પાઠવ્યા છે.' તેઓ ઘણા ખુશ દેખાતા હતા. ત્યાં ફરી પૂછ્યું, 'તું ક્યા પ્રાંતનો છું ?' મેં કહ્યું, 'ગુજરાતનો' કહે સારું સારું હું પણ ઘણા ગુજરાતીને જાણું છું. તું બંગાળી શીખે છે ને ? મેં કહ્યું, 'હા, ઠીક ઠીક બોલી લઉં છું.' આમ વાતો કરતાં મેં મારી સાથે હાર, શ્રીફળ, કંકુ, ચોખા વગેરે લીધાં હતાં તે કાઢ્યાં ત્યાં તેઓએ કહ્યું, 'આ શું કરે છે ?' મેં કહ્યું, 'કાંઈ નહિ હું આપના સ્વાગત માટે મોગરાનો સુંદર હાર લાવ્યો છું.' એઓ મોટેથી બોલવા લાગ્યા'બહૂમાં બહૂમાં એસો. દેખો આમાર છાત્રેર છાત્ર આમાર જને કી સુંદર હાર એને છે.' ('વહુમા' 'વહુમા' આવો જુઓ મારા નંદના વિદ્યાર્થીઓ મારે માટે કેવો સુંદર સુગંધીદાર હાર લાવ્યા છે !) ત્યાં તો મેં કપાળે કંકુનો ચાંલ્લો કરી હાર પહેરાવ્યો ને હાથમાં શ્રીફળ મૂક્યું. અને તેમની ચરણરજ લઈ પ્રણામ કર્યા. આ જોઈ તેમના આનંદનો પાર ન રહ્યો. મારી સામે પ્રેમથી જુએ. અને હાથમાં હાર લઈ સુંઘે અને ધીરે ધીરે બોલે, 'કી સુંદર' 'કી સુંદર' (કેવો સરસ કેવો સરસ) ત્યાં તો વહુમા આવ્યાં. બહેનને જોતાં જ મારાથી પુછાઈ ગયું આપ... ? તેમણે કહ્યું તને ખબર નથી ? મેં કહ્યું, 'ના' પરંતુ આ બહેનને હું આશ્રમમાં ઘણી વખત મળ્યો હતો. અને તેમના કુટુંબને પણ જાણતો હતો. તેઓ હતાં પૂ. દાદુ મૉસાઈનાં પુત્રવધૂ. તેમનું નામ શ્રીમતી પૂર્ણિમા દી. જેવું નામ હતું તેવા જ ગુણ હતા. તેમણે પૂછ્યું ક્યારે આવ્યો ? કેમ અચાનક આવવું થયું ? મેં કહ્યું, 'હું પૂ. દાદુના દર્શને આવ્યો છું. તો કહે સારું તો હવે તમે બંને જમીને જ જજો.' મેં કહ્યું, 'હું મારા એક મિત્રને ત્યાં ઊતર્યો છું. અને તેઓને ત્યાં મારું જમવાનું બનાવ્યું જ છે. જેથી અહીં જમું તો ત્યાં રસોઈ બગડે.' તો ખેર ! કાંઈ નહિ પણ 'જલપાન' (નાસ્તો) કર્યા વગર તો જવાય જ નહિ. ત્યાં તો પૂ.દાદુ બોલ્યા, હા ખાલી પેટે જવાય નહિ. આમ કહી શ્રી પૂર્ણિમા દી 'જલપાન'ની તૈયારી કરવા અંદરના રૂમમાં ગયાં તે દરમિયાન શ્રી દાદુએ પૂછ્યું, 'તું તારું કામ બતાવવા લાવ્યો છે ? શું કામ કરે છે ? કેવી જાતનું કામ કરે છે ?' જેથી સાથે લઈ ગયો હતો તે મારી ચિત્રપોથી બતાવી. તેઓ ઘણા જ પ્રસન્ન થયા ને કહેવા લાગ્યા, 'ભાલો કોર છો ?' (સારું કામ કરે છે.) 'ભાલો કોર છો ?' (સારું કામ કરે છે.)'

તું આટલું બધુ પ્રેમપૂર્વક મારા માટે લાવ્યો છે પણ હું તને શું આપું ? મેં કહ્યું, 'કાંઈ જોઈતું નથી. હું તો તમારા આશીર્વાદ લેવા જ આવ્યો છું.' તો કહે, 'તે તો છે જ.' અને કહ્યું, 'જો મારા ઓરડામાં જા અને પલંગ નીચે એક પેટી પડી છે તે લઈ આવ.' હુ જઈને પેટી લઈ આવ્યો ને તેમને આપી. તેમણે પેટી ઉઘાડી તો તેમાંથી કુદરતી આકૃતિવાળા લાકડાના ટુકડા નીકળ્યા. આ તેમણે બાગમાંથી ભેગા કર્યા હતા. તેમને મનગમતા રાખતા અને બાકીના પાછા ફેંકી દેતા. આ કુદરતી આકૃતિવાળા લાકડાના ટુકડામાંથી તેઓ બેઠા બેઠા ગમતાં તેવા લાકડાના ટુકડાને જોડી અવનવી આકૃતિ બનાવતા. કોઈ વાર આવી આકૃતિમાંથી ઘોડો, યા વાંદરા જેવી આકૃતિ ઉત્પન્ન થતી અથવા એક બીજા લાકડાને દોરીથી બાંધી કોઈ સુંદર નવી આકૃતિ નિપજાવતા. ઘડપણમાં પણ તેમને નવરા બેસવું ગમતું નહિ, તે આ પ્રવૃત્તિ ઉપરથી જોઈ શકીએ છીએ. આવા લાકડામાંથી બનાવેલાં અનેક રમકડાં જોયાં ને અમને બતાવ્યાં, પણ તેમાંથી કોઈ આપવાનું રુચ્યું નહિ, તેથી તેમણે કહ્યું, 'એટા ભાલો ના, એટા ભાલોના' (આ સારું નથી, આ સારું નથી.) આમ કહી મને પૂછ્યું, 'તું ચાઇનીઝ ઇન્કથી કામ કરે છે ?' મેં કહ્યું, 'હા, મારી પાસે એક ચાઇનીઝ ઇન્કનો ખડિયો ને તૂલી પણ છે.' તો તેઓએ પ્રસન્ન થઈ કહ્યું, 'લાવ હું તેનાથી તને સ્કેચ કરી આપું.' મારું તો રોમ રોમ છલકી ઊઠ્યું. મેં તેમના હાથમાં તૂલી આપી. હાથ જરા કાંપતો હતો. તેથી ઘણી વખત તૂલી ખડિયામાં જતી તો કોઈ વખત બહાર. જો આમ થાય તો હું તેમનો હાથ ઠીક રીતે ખડિયા તરફ મૂકી આપતો હતો. આટલી મુશ્કેલી હોવા છતાં તેમનો સ્કેચ આપવાનો ઉમંગ એટલો તીવ્ર હતો કે ન પૂછો વાત ! તે જ વખતે મારા પરમ મિત્ર શ્રી હરરાય દેસાઈએ પોતાના કૅમરામાં પૂ. દાદુ ને મારો ફોટો ઝડપી લીધો. આ ફોટો મારા જીવનનું એક અમૂલ્ય સંભારણું બની ગયો છે.

આમ, થોડી વારમાં પૂ. દાદુએ ચાઇનીઝ ઇન્કથી એક ટેકરા ઉપર બેઠેલો હોય તેવું ચિત્ર અંકિત કર્યું અને મોટા અક્ષરથી તેમનું નામ લખ્યું. છતાં આ તેમને ગમ્યું નહિ તો કહે, 'એટા ભાલો હોય ના' (આ સારું થયું નથી) તેથી કહેવા લાગ્યા, 'તારી સ્કેચબુક આપ.' જેથી મેં સ્કેચ બુક ને પેન આપ્યાં. તે વખતે તેમણે એક 'ડીમ' (ઈંડા જેવી આકૃતિ બનાવી)

તેમાં તેમણે થોડો ઇન્કથી શેડ આપ્યો. અને પાસે પાણીનો ગ્લાસ પડ્યો હતો તેમાં આંગળી બોળી જ્યાં શેડ કર્યો હતો તેના ઉપર આંગળી ફેરવી તેને સૉફ્ટ કર્યો. તે પછી એક સુંદર બંગાળી કવિતા લખી આપી. કવિતા આ પ્રમાણે હતી :

ફૂલ, ફળ પાતા સબી ઍર મધ્યે રહી લો।
ડીમૅર ભીતરે જૅમોન કાકટા છીલો।
તેમની ભાવ બૂઝે દેખો।

(જેવી રીતે ઈંડામાં રહેલ સૂક્ષ્મ બીજનો વિકાસ થઈ પરિપક્વ થતાં બહારની દુનિયામાં આવતાં સુંદર જીવન પ્રાપ્ત કરે છે. તેવી રીતે જમીનમાં દટાયેલ એક બીજ પૃથ્વી પર વિકસિત થઈ એક સુંદર વૃક્ષરૂપે પ્રકટ થઈ તેના ઉપર ફૂલ, ફળ ને પાન આવી સુંદર ઘટાદાર વૃક્ષ બને છે. તેવી જ રીતે જ્યારે તારો કલાકાર આત્મા બીજરૂપે શાંતિનિકેતનમાં પ્રવેશ્યો અને સમય જતાં ધીરે ધીરે તારો વિકાસ થઈ આ જગતમાં તું એક વૃક્ષ જેમ ફૂલે ફાલે તે ભાવને તું સમજ.)

અને પછી પોતાના પ્રેમભર્યા હસ્તાક્ષરથી તેમનું નામ લખ્યું ને મારા હાથમાં મૂક્યું.

થોડી વાતો ચાલતી હતી ત્યાં તો શ્રીમતી પૂર્ણિમા દી 'જલપાન' લઈને આવ્યાં ને અમે બંને જણાએ પ્રેમથી આરોગ્યો. તે દરમિયાન તેમનાં ચિત્રો ક્યાં ક્યાં છે તે અંગે વાત કરી. ત્યાર બાદ તેમના બેઠક રૂમમાં લઈ ગયા અને બીજાં ચિત્રો દેખાડ્યાં. તેમાંનું એક ચિત્ર હજુ યાદ છે. તે હતું પૂ. નંદલાલ બોઝનું 'અર્જુનને કૃષ્ણનો ઉપદેશ'. તેમાં શ્રી કૃષ્ણ અર્જુનનો રથ હાંકે છે અને ડાબા હાથની એક આંગળી ઊંચી કરેલી છે. તે જોતાં જ આપણને ગીતામાંનો શ્લોક યાદ આવી જાય... યદા... યદા...

હાલમાં પૂ. દાદુ મૉશાયનાં મોટા ભાગનાં ચિત્રોનો સંગ્રહ અમદાવાદના પુણ્યશ્લોક શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈને ત્યાં છે, જે હું શાંતિનિકેતનથી પરત ગુજરાતમાં સ્થાયી થયો ત્યારે જોયાં. જો શ્રી કસ્તુરભાઈના વારસદારો ઇચ્છે તો આ મહાન કલાકારના ચિત્રોની આર્ટ ગૅલરિ અમદાવાદને આંગણે થઈ શકે, જેથી એમના અસંખ્ય ચાહકો એમનો લાભ લઈ શકે.

પૂ. દાદુ મૉશાયની ચરણરજ લઈ અમે બંને મિત્રો અમારા વડીલબંધુને નિવાસસ્થાને આવ્યા. ને બીજે દિવસે શાંતિનિકેતન ગયા. શાંતિનિકેતન આવતાં જ પૂ. નંદબાબુને અમે પૂ. દાદુ મૉશાયની સાથે થયેલી વાતો કહી. તેમણે પૂછ્યું, 'પૂ. દાદુ મૉશાય મને યાદ કરે છે ?' મેં કહ્યું. અમે ગયા કે તરત જ તેમણે પૂછ્યું, 'આમાર નંદ કી રકમ આછે ?' (મારો નંદ કેમ છે ?) આ સાંભળી તેમની પણ આંખ ગુરુનો પ્રેમ જોઈ ભીંજાઈ ગઈ.

વળી તેમણે કહ્યું કે તમે બંને ભાગ્યશાળી છો કે તેમના હસ્તાક્ષરવાળાં ચિત્રો તેમણે તમને આપ્યાં. અહીંથી ઘણા કહે છે કે અમારે પૂ. દાદુના દર્શને જવું છે પણ જઈ શકતા નથી.

આજે ઘણાં વર્ષો બાદ પણ આ મહાન કલાકાર શ્રી દાદુ મૉશાય સાથે થયેલી મીઠી ગોષ્ઠી તેમજ તેમની સાથેનું મધુર મિલન સ્મૃતિપટ ઉપરથી હજુ ખસતું નથી.

- બિહારી બારભૈયા

ખોડીદાસ પરમાર, સદ્‌ગત

કલાશાળાની કોઈ પણ તાલીમ વગર પોતાની કલાને ઘણી ઊંચી કક્ષાએ મૂકનાર એ કલાકારનો જીવનમંત્ર હતો : 'યોગઃ કર્મશુ કૌશલમ્.' ચિત્રકલાની સાધનાને જ તે ભક્તિ માનતા. કોઈ તેમને ધરતીના ચિત્રકાર કહે તો કોઈ લોકકલાના ઉપાસક કહે છે. તે ભાવનગરમાં ૧૯૩૦માં જન્મ્યા. તેમની કલાના આરંભમાં મુ. રવિભાઈ



તેમના કામને જાડું કામ ગણતા. સમયાંતરે તેજ રવિભાઈ કહે છે, 'તમે સૌરાષ્ટ્રની લોકકલાનું તેજ પારખ્યું છે.' શ્રી સોમાલાલ શાહ તેમના ગુરુ. તેમના વર્ગોમાં તેમણે તાલીમ લીધી. કલાની સમજ મળી. કામ કામને શીખવે. તે રીતે સિદ્ધહસ્ત થયા. બંગાળના જેમિની રૉયની જેમ તે કલાના મૂળને પામ્યા, સમજ્યા અને તે રસ્તો સ્વીકાર્યા બાદ પોતાની આગવી કેડી કંડારી.

નાનપણમાં વખતુમાશી ચિત્રો બતાવતાં. બા કપડાં ઉપર આલેખ કરતી તે ખોડીદાસ જોતા. બા અને બહેન ભરતકામ કરે તે જોયા કરતા. ભાભી શાબાબાનો પણ તેમના જીવનમાં ફાળો છે. તેમની કોઠાસૂઝ ને આલેખશક્તિ સારી. કારડિયા રાજપૂતની દીકરીઓ આઠઆનામાં ઘાઘરા પર ચીતર પડાવી જતી. આ બધા એમના કલાસંસ્કારો. મુ. સોમાભાઈ પાસે જતાં એમનું ઘડતર થયું. ૧૯૫૧માં તેમને રાજકોટના 'સૌરાષ્ટ્રના કલામંડળ'ના કલાપ્રદર્શનમાં ત્રીજું ઇનામ મળ્યું.

તેમણે સોમાલાલ શાહના જીવનને ગ્રંથસ્થ કર્યું છે. આ પુસ્તકના ઉદ્‌ઘાટન-પ્રસંગે તે બોલેલાઃ 'હું તો મારા કુંડાળામાં ફર્યો છું.' તે પરંપરાગત ચિત્રકાર હતા. નવા પ્રવાહોમાં જરાય ન પડ્યા. તેમને કલામાં જીવનનો ધબકાર જોઈતો હતો. તેમની કલામાં દ્વિપરિમાણ, સાદગી અને ભૂમિની સોડમ હતી એટલે ટકી. તેમની કલામાં ટેકનિક કરતાં આવિર્ભાવ વિશેષ હતો.



કારડિયા પુરુષનો પહેરવેશ

ભાવનગરવાસી કે કોઈ ચાહક પરદેશથી આવ્યો હોય તો ખોડીદાસનું એકાદ ચિત્ર ખરીદી જાય. આમ, એમની પાસે ચિત્રો રહેતાં નહિ. પરિણામે વનમૅનશો મુશ્કેલીથી કરતા. તેમની કલા વિષે તેમણે સ્પષ્ટ લખ્યું છે, 'લોકસંસ્કૃતિ અને લોક કલાકારીગરીની પરંપરાને ચાહનાર હું લોકાંગીણ પ્રકારનો ચિત્રકાર હોવાથી મારી સર્જનપ્રક્રિયામાં સાંપ્રતકાલીન નવોન્મેષી સર્જકતાનાં રૂપ કરતાં લોકજીવન અને લોકસંસ્કૃતિનાં દર્શિત રૂપો તેમજ મોટીવ્ઝનાં શોભિત રૂપાંકનોનું આલેખ્ય રૂપ નિરૂપાયું છે.' તેમનાં ચિત્રોમાં ફૂલેકું, કૃષ્ણલીલા, હોલિકા ઉત્સવ કે નંદઘેર આનંદ ભયો જોઈએ તો એમ લાગે કે અસંખ્ય પાત્રો ચીતરતાં તેમને થાક નહોતો. જબરી રંગરચના અને રચનાકૌશલ. ચિત્રો જળરંગ, ટેમ્પરામાં થતાં તેથી કદ મધ્યમ.




મિત્રો

ગુરુ કે શિષ્યે કલાને વ્યવસાય ગણ્યો નહોતો. અધ્યાપન અને અધ્યયન સિવાયના સમયમાં ચીતરવું મુખ્ય. તેમના વર્ગમાં ફી નહિ. નંદબાબુને અવનિબાબુ માટે અકથ્ય પૂજ્યભાવ હતો. ખોડીદાસનું પણ તેમ જ હતું. સોમાલાલ ગુજરી ગયા ત્યારે ખોડીદાસે પોતાને ઘેર બેસણું રાખેલું. ખોડીદાસ સોમાલાલના માનસપુત્ર હતા.

ખોડીદાસે લગભગ વીસ પુસ્તકો લખ્યાં છે. સૌરાષ્ટ્રનું લોકભરત. ઊજળાં આહણ (લોકવાર્તાઓ), ધોળમંગળ (લોકગીત), કાનુડાની બાળક્રિડા (સચિત્ર), રાસડાંનો રંગ, બાળકિશોર કથાઓ, લોક સંસ્કૃતિમાં પંખીઓ. ભીંતચિત્ર પર તો પુસ્તક અને અનેક લેખો લખ્યા. લોક-સંસ્કૃતિમાં પાઘડીઓ. એ એમનું છેલ્લું ને અપ્રકટ પુસ્તક છે. પત્ર લખે તો કેટલાં રેખાંકનો થયાં તે લખે. શુભ પ્રસંગે નાનકડું ચિત્ર પાડી રંગભરી શુભેચ્છાઓ મોકલે. તેમના પત્રો મોટા અક્ષરે હોય પણ સંઘરવા જેવા. તે પોતે કદી સિદ્ધિની વાત ન કરે.

તેમનો ટી.વી. ઇન્ટર્વ્યૂ શ્રી જોરાવરસિંહે લીધેલો. બંને પરમ સ્નેહીઓ, દોસ્તો ને વળી વેવાઈ. એ ઇન્ટર્વ્યૂ વખતે એ બધું દર્શિત થયું. મેડલ વગેરે જોઈ ખબર પડી કે કેટલી બધી સિદ્ધિઓ છે. ખોડીદાસ સરળ માણસ, સાદું જીવન, સાધુજીવન પણ કહી શકીએ કદી ટીકાટીપ્પણ ન કરે. તેવી પળોમાં મૌન ધરે. જતાં જતાં કહેતા ગયા કે મહેમાનોને જમાડજો. જીવનભર મિત્ર-મહેમાનને પ્રેમથી તેમને ત્યાં આવકારો મળતો.

કાલિદાસ સમારોહમાં અનેક ચિત્રો પ્રદર્શિત કર્યાં. ઇનામો પામ્યાં, ગુજરાત લલિતકલાના લાખ રૂપિયાનો પુરસ્કાર પામ્યા. ગુજરાત લલિત કલાની ઇમિનન્ટ આર્ટિસ્ટ ફેલોશિપ મળી. ડિપાર્ટમેન્ટ ઑફ કલ્ચર ન્યૂ દિલ્હીની સીનિઅર ફેલોશિપ મળી. ૧૯૯૭માં આઇફેક્સનો કલાશ્રી અવૉર્ડ મળ્યો. ન્યૂ દિલ્હી લલિતકલાએ તેમની રંગીન પ્લેટ (ચિત્ર) પ્રકટ કર્યું. મેઘાણી ફોકલોર અવૉર્ડ પણ પામ્યા. 'ધરતીના ચિત્રકાર ખોડીદાસ પરમાર'માં તેમણે જીવનની અનેક ઘટનાઓ લખી છે. મુ. રવિભાઈ પછી આ કલાકારે પોતાનું જીવન આલેખ્યું. એમને બાળપણમાં 'ગામમાં ઘર નહિ, ને સીમમાં ખેતર નહિ' તેમ હતું, તે ઘણું પામ્યા. તેમની કૃતિઓ મ્યૂઝીઅમ ઑફ માંડર્ન આર્ટ ન્યૂ દિલ્હી નૅશનલ ગૅલરિ. ગુજરાત લલિતકલા કાશ્મીર, સુમતિ મોરારજી ગાંધી સ્મૃતિ ભાવનગર અને અનેક ખાનગી સંગ્રહોમાં છે.



સુવર્ણમૃગ અને રામ

શિક્ષક તરીકેની ને સંશોધક તરીકેની એ સિદ્ધિ કે પોતે પીએચ.ડી. ન હોવા છતાં તે પીએચ.ડી.ના ગાઇડ તરીકે માન્ય હતા. પોતે વર્ષો સુધી ભાવનગરની સામળદાસ કૉલેજમાં હિસ્ટ્રી અને કલ્ચરના પ્રાધ્યાપક રહ્યા. એક વખત જાણ્યું કે ખોડીદાસનું વ્યાખ્યાન છે. (ટાઉનહોલ, અમદાવાદ) હું તે સાંભળવા ગયો. તેમની વાક્‌ધારા અને ઇતિહાસના જ્ઞાનથી પ્રભાવિત થયો. હું તો જાણતો કે ખોડીદાસ એટલે ચિત્રકાર. તેમની વાણીમાં ગાંભીર્ય, જ્ઞાન ને સહજતા હતાં.

જીવનભર તેઓ ભાવનગરના કાળુભા રોડ પરના 'પરમાનંદ ભવન'માં રહ્યા. તેમની ચિરવિદાય પણ ત્યાંથી થઈ. પિતા ભાયાભાઈ પરમાર ત્યાં નોકરી કરતા. ઘોડાગાડી હાંકતા. શેઠ મુંબઈમાં રહે એટલે ખોડીદાસ ને ઘરનાં તે મકાન જાળવે ને રહે. મકાનમાલિકનો કેટલો બધો પ્રેમ સંપાદન કર્યો ! આંબા, બોરસલી, આસોપાલવવાળા વિશાળ કૉમ્પાઉન્ડમાં તે નિસર્ગની નિશ્રામાં જીવ્યા.



બુદ્ધ અને આમ્રપાલી

રાજવી કુટુંબમાં ભણવા પણ જતા. ભાવનગરના અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ખોડીદાસનું અગ્રિમ સ્થાન. એ પણ ગરિમા જાળવે. લેંઘો, ઝભ્ભો ને બંડી એ એમનો કાયમી પહેરવેશ. ખાદીની ચાહના પણ ખરી. જીવનના અંતભાગ સુધી લખ્યું ને ચીતર્યું.

છેલ્લાં બે વર્ષથી તેમની તબિયત કથળી હતી. ૧૩મી માર્ચ ૨૦૦૪ના રોજ પ્રતાપસિંહ જાડેજાએ તેમનો આકાશવાણી રાજકોટ માટે ઇન્ટર્વ્યૂ લીધો. છેલ્લો સવાલ હતો : કેવું મૃત્યુ ગમે ? બસ, તેવી જ રીતે હૃદયના હુમલાથી ચિરવિદાય લીધી. ૩૧મી માર્ચ સવારે કેટલાક પત્રો લખ્યાં. એમાંનો એક પત્ર, છેલ્લો પત્ર મને મળ્યો. ૩૧મી માર્ચ સાંજના ૪-૪૫ વાગે દેહ છોડ્યો. ભાવનગરે જ નહિ ગુજરાતે એક સજ્જન સર્જક ગુમાવ્યો. ઘરના બૃહદ્ પરિવાર ઉપરાંત શિષ્ય-શિષ્યાઓને તેમની વિદાયથી આંચકો લાગ્યો.

– નટુ પરીખ


કલાવૃત્ત

કિશોર વાળાની ચિત્રસૃષ્ટિ

૧૯૩૩માં સૌરાષ્ટ્રમાં બિલખામાં જન્મેલા અને શારીરિક ક્ષતિ હોવા છતાં તેજસ્વી સર્જકપ્રતિભા ધરાવતા કિશોર વાળાએ તેમની ચિત્રકલા અંગેની તાલીમ ૧૯૬૦માં રાજકોટની સૌરાષ્ટ્ર ચિત્રશાળામાં મેળવી અને ૧૯૬૨માં ફેકલ્ટી ઑવ ફાઇન આર્ટ્સ, વડોદરામાં વધુ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવી ૧૯૬૬માં ચિત્રકલા અને ગ્રાફિક્સ વિષય સાથે બી.એ. ફાઈન આર્ટ્સની ઉપાધિ પ્રાપ્ત કરી. આ જ વર્ષે તેમને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનું ઈનામ મળ્યું. પછી તો ૧૯૬૭થી લઈ ૧૯૯૯ સુધીમાં તેમને ગુજરાત ઉપરાંત અન્ય સ્થળે ભરાયેલાં પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો તથા ડ્રૉઈંગ્સ માટે ઈનામો મળ્યાં છે. તેમણે અનેક વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે તથા જૂથ પ્રદર્શનોમાં પણ ભાગ લીધો છે. ગુજરાત લલિત કલા અકાદમીના તેઓ સભ્ય પણ રહી ચૂક્યા છે. તેમની સાથેની કલાવિષયક વાતચીતમાં તેમનું નિખાલસ અને સૌમ્ય વ્યક્તિત્વ પ્રકટ થાય છે. અમદાવાદમાં ભરાયેલા રાષ્ટ્રિય પ્રદર્શનમાં તેમનું ઘોડાનું ચિત્ર પ્રદર્શિત થયું હતું.

તેમના અભ્યાસકાળ દરમિયાનથી 'ઘોડો' તેમના સર્જનનો મુખ્ય વિષય રહ્યો હોવાથી તેમને મતે ઘણા કલાકારો, કલાચાહકો, કલાવિવેચકો ખોટી રીતે તેમને 'ઘોડા'ના ચિત્રકાર કહે છે. હા, ઘોડો આજ પર્યંત તેમના રસનો પ્રધાન વિષય તો રહ્યો છે અને એક તરવરાટભર્યો રેખા અને પોતથી સર્જાયેલો એકરંગીય પશ્ચાદ્‌ભૂની સામેનો ચિત્રાવકાશને ભરી દેતો ભવ્ય સશક્ત ઘોડો ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના ૪૧મા કલાપ્રદર્શનમાં ધ્યાનાકર્ષક રીતે રજૂ થયો હતો. હા, વર્ષો પૂર્વે 'કુમાર'ના ૪૯૪માં અંકમાં તેમનો વડોદરામાં વિદ્યાર્થીકાલ દરમિયાનનો વૂડકટમાં સર્જેલો ઘોડારમાં ઊંચી ગરદને ઊભેલો જોમવંતો, જીવંત ઘોડો પણ એક યાદગાર કૃતિ બની છે. તેમણે ત્રણચાર ઘોડાઓને સાથમાં લાક્ષણિક રીતે દર્શાવી સુંદર, સશક્ત સંરચનાઓ પણ કરી છે. આમ તેમણે તેમનાં ચિત્રોમાં, ડ્રૉઈંગ્સમાં 'ઘોડા'ની વિવિધ





ભાવભંગીઓ, તરવરાટ, ગતિ, ઊર્જા દ્વારા એક વિશિષ્ટ પ્રકારનું રૂપસૌંદર્ય નિષ્પન્ન કર્યું છે. કલાકાર હુસેનથી લઈ અત્યાર સુધીના અન્ય ચિત્રકારોએ પણ 'ઘોડા'ના સર્જન માટે હાથ અજમાવ્યો છે અને તે બધાએ પણ તેમના સ્વભાવગત, વૈયક્તિક, શૈલીગત ઘોડાઓનું સફળ અને નોંધપાત્ર સર્જન કર્યું છે. આ બધા સુખ્યાત કલાકારોના સર્જેલા 'ઘોડા'ની તુલના કરીએ તો એ વાત સ્પષ્ટ થશે કે કિશોર વાળાના 'ઘોડા' પણ તેમની વૈયક્તિક, શૈલીગત વિશિષ્ટતા ધરાવે છે અને એ રીતે તેમને કિશોર વાળાનાં 'સેલ્ફ પોર્ટ્રેટ' કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. 'અશ્વ'ના રૂપસૌંદર્યના સર્જનમાં તેમની કલાત્મક સંવેદના વાચા પામી છે અને સાથે સાથે તેમનું અસંપ્રજ્ઞાત મન પણ અભિવ્યક્ત થયું છે. શું તેઓ 'ઘોડા' જેવા સશક્ત પ્રાણી સ્વરૂપ દ્વારા નિજી જીવનની સતત તપાસ આદરી રહ્યા છે ? તેમના 'ઘોડા'ને માણવાનાં ભલે અન્ય પરિમાણો



હોય તે નિઃશંકપણે સ્વરૂપીય યા રૂપપ્રદ રીતે પ્રભાવક, અસરકારક અને સંતર્પક રહ્યા છે. તેમની 'અશ્વ'ચિત્રણામાં પ્રયોગશીલતા તેમજ કલ્પનાશીલતા પણ દેખાય છે. સામાન્ય રીતે બૉલપેનની મદદ વડે તેઓ રૈખિક સૌંદર્ય પ્રકટ કરે છે. વિષયને અનુરૂપ અને તેને ઉઠાવ આપવા માટેનું પોતસર્જન પણ તેમનાં ચિત્રોની એક આગવી લાક્ષણિક્તા છે.

કિશોર વાળાએ માનવપાત્રો તથા જૈવિક આકારો લઈને પણ ચિત્રો કર્યાં છે, અને તેમાં અમૂર્તતાનાં પણ દર્શન થાય છે. તેમનાં ચિત્રો તેમના ઉદારમતવાદી તથા અંતર્ગત ક્રાંતિકારી સ્વભાવનાં પણ દર્શન કરાવે છે. અનેક જાહેર સંસ્થાઓ તથા ખાનગી સંગ્રહોમાં તેમનાં ચિત્રો સચવાયાં છે. તેઓ સ્વયં અનેક ચિત્રકારોનાં ચિત્રો ખરીદી સંગ્રહ કરે છે. - *બંસીલાલ દલાલ*

કલાસ્મૃતિ

રવીન્દ્રનાથ અને નોબેલ પારિતોષિક

કવિવર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર આપણા દેશના દરેક નાગરિક માટે નમન કરવા યોગ્ય ગૌરવવંતું નામ છે. તેમના દ્વારા રચાયેલ-સ્થપાયેલ વિશ્વભારતી-શાંતિનિકેતન સંસ્થાનું નામ વિશ્વભરમાં



આદરથી લેવાતું આવે છે. તેમના જીવનકાળ દરમિયાન તેઓને મળેલાં ભેટસોગાદો તેમજ પારિતોષિકો અહીંના સંગ્રહાલયમાં સચવાયેલાં છે, જેમાં મહામૂલા અવૉર્ડ સમું નોબેલ પ્રાઈઝ પણ આકર્ષણનું કેન્દ્ર ગણાતું હતું. આ સંગ્રહાલયની દેશ-વિદેશનાં મુલાકાતીઓ ખાસ મુલાકાત લેતાં અને ધન્યતા અનુભવતાં. એક જમાનામાં જગતભરની જ્ઞાનપીઠ સમું ગણાતું વિશ્વભારતી-શાંતિનિકેતન ૫૦ વર્ષ બાદ કેવી પરિસ્થિતિમાં છે તે ગત સપ્તાહોના અખબારી તેમજ દૂરદર્શનના સમાચારોથી સમગ્ર દેશ-દુનિયાએ જાણ્યું. ટાગોરના આ સંગ્રહાલયમાંથી અપ્રાપ્ય કીમતી ભેટસોગાદો ચોરાઈ ગઈ, જેમાં તેમને મળેલો નોબેલ સુવર્ણચંદ્રક મુખ્ય છે. ખેર ! આપણે આ તાજી હકીકતોના ગર્ભમાં ન જતાં તે વખતના નોબેલ પ્રાઈઝના અતીતથી વાકેફ થઈને તેનું મૂલ્ય નવી પેઢી સુધી પહોંચાડીને ધન્ય થઈએ.

સન ૧૯૧૩ની ૧૪મી નવેમ્બરના



થોડા અઠવાડિયાં પહેલાં ચોરાયેલા ટાગોરના નોબેલ પ્રાઇઝ મેડલની બંને બાજુની તસ્વીરો



દિવસે રવીન્દ્રનાથ ટાગોર ઉપર એક ટેલિગ્રામ આવે છે, જેમાં તેઓને તેમના 'ગીતાંજલી' કાવ્યસંગ્રહ માટે 'નોબેલ પ્રાઈઝ' આપવામાં આવે છે. તેમ જણાવાયું આ ઈનામ માટે તેઓ સૌપ્રથમ એશીઅન કવિ છે. ઉપરાંત તેઓ એક બ્રિટિશ રાજના ઓછાયા હેઠળ હોવા છતાં પસંદ કરવામાં આવ્યા છે. ટેલિગ્રામ વાંચ્યા બાદ ગુરુદેવે તેમના આજ્ઞાંકિત સહયોગી શ્રી નેપાલચંદ્રને જણાવ્યું કે, 'લો આ મળેલી રકમ શાંતિનિકેતનના વિકાસના જરૂરી કામકાજમાં વાપરજો.' ટાગોરના નોબેલ પ્રાઈઝ મળ્યાના સમાચાર તે વખતના કલકત્તાના સાંધ્ય દૈનિક 'ધી એમ્પાયરે'



ટાગોરનું નોબેલ પ્રાઇઝ પ્રશસ્તિપત્ર

પ્રસિદ્ધ કર્યા હતાં.

નોબેલ પ્રાઈઝ પ્રશસ્તિપત્રમાંના શબ્દો છે, 'શ્રી રવીન્દ્રનાથ ટાગોરનાં અત્યંત લાગણીસભર, તરોતાજા અને સુંદર પદોની રચના હૃદય હચમચાવી નાખે તેવી છે. તેમાં પણ એક પરદેશી ભાષાને પોતાની રીતે, રચનાત્મક અને ભાવવાહીપણે રજૂ કરવી તે કૌશલ દાદ માગી લે તેવું છે.'

નોબેલ પ્રાઈઝ મળ્યા બાદ ગુરુદેવ સમારંભમાં હાજરી આપવા અને પુરસ્કાર લેવા કોઈક કારણોસર જઈ શકે તેમ નહોતા. તેના જવાબમાં ટાગોરે તે વખતના બ્રિટિશ ચાર્જ-દ-ઍફેર્સ, મિ. ક્લાઇવને સ્ટોકહોમની ગ્રાન્ડ હોટર ઉપર તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૧૩ના રોજ પાઠવેલ પત્ર આ પ્રમાણે છે :

'I beg to convey to the Sweedish Academy my grateful appreciation of the breath of understanding which has brought the distant near. and has madel> a stranger a brother.
'


(સ્વિડિશ ઍકેડેમી પ્રત્યે હું મારા અંતરથી આભારની લાગણી પહોંચાડું છું, કે જેણે દૂરતાને નૈકટ્યમાં પલટાવી છે, અને એક અજાણ્યાને બંધુ બનાવ્યો છે.)

એ લોકો ભુલાઈ ગયાં જેઓ ગુરુદેવના સાંનિધ્યમાં શાંતિનિકેતનમાં ઊંચાં સાંસ્કૃતિક મૂલ્યોની પ્રતિજ્ઞાઓ લઈને જીવન ધન્ય કરતાં હતાં. છેલ્લાં કેટલાંય વર્ષોથી, વિશ્વભારતી-શાંતિનિકેતનમાં સરકારની તુમારશાહીની દખલ થઈ ત્યારથી ઘણીબધી ઉમદા વસ્તુઓ ચોરાતી આવી છે. બધું ભીનું સંકેલાઈ જાય છે. સન ૧૯૭૫થી ૨૦૦૪ સુધીમાં દેશનાં મહા-નગરોની આધુનિક ગંદકી વિશ્વ-ભારતી શાંતિ-નિકેતનને પણ આભડી ગઈ છે અને દેશની સાંસ્કૃતિક પ્રજા કે સંસ્થાઓ તેની સામે લાચાર છે.



ટાગોરને મળેલું પ્રશસ્તિપત્ર જે ચોરાયેલા મેડલીઅન સાથે રાખવામાં આવેલ.

આ સાથે ગુરુદેવ ટાગોરની અંતકાળ સમયની ભાવવાહી તસવીર તેમજ મૂલ્યવાન પ્રશસ્તિપત્ર તથા નોબેલ પ્રાઈઝની તસવીરો જોવી વાચકવર્ગને ગમશે એમ વિચારીને રજૂ કરેલ છે. *- ગજેન્દ્ર શાહ*



માંડુ
દેશાટન- ૬૩



ભારતના મધ્યપ્રદેશમાં આવેલું માંડુ એક ઐતિહાસિક અને દંતકથાઓથી ભરપૂર નગર છે. સદીઓ પહેલાં અહીં સુલતાન-બાદશાહોની હકૂમત હતી. અહીં બાજબહાદુર નામનો સુલતાન થઈ ગયો. પોતાના મહેલથી થોડે દૂર આવેલી એક હવેલીમાં રૂપમતી નામની એક સ્વરૂપવાન સ્ત્રી રહેતી હતી અને સુલતાન તેનાં મોહક ગીતો સાંભળીને તેના તરફ આકર્ષાયો હતો. આથી તે અવારનવાર તેની મુલાકાતે જતો, અને એકબીજાંનાં ગીતો દ્વારા બંનેએ મળવાનું રાખ્યું હતું. અહીં વસતાં લોકોનાં ઘરોમાંથી પસાર થતો બાજબહાદુરનાં ગીતોનો મોહક સૂર બધાંને મુગ્ધ કરી દેતો અને સામે રાણી રૂપમતી પણ એનાથી અધિક મોહક સૂરમાં ગીતો ગાતી. આ બંને પ્રેમીઓની અતિ રોમૅન્ટિક દંતકથા ધરાવતી આ માંડુનગરી છે. અહીંનું સ્થાપત્ય ઘણું મોહક છે અને બંને પ્રેમીઓની નગરી જોવા માટે ઘણાં પર્યટકો અહીં આવે છે. નાનાં-મોટાં લગભગ ૭૦-૭૫ સ્મારકો અહીં આવેલાં છે. તેમાં સુલતાન બાજ-બહાદુરનો મહેલ, રાણી રૂપમતીનો મહેલ, જહાજ મહેલ, હિંડોળા મહેલ તથા હોશંગ શાહનો મકબરો વગેરે જાણીતાં છે. બાદશાહ શાહજહાંએ આ સ્થળની મુલાકાત લીધેલી અને તેને પોતાની બેગમ મુમતાજના મકબરા પર તાજમહેલ બાંધવાની પ્રેરણા અહીંથી મળેલી. હવાઈ કે રેલવે માર્ગે ઇન્દોર પહોંચી બસ મારફત કે ટૅક્સી દ્વારા માંડુ જઈ શકાય છે. રહેવા-ઊતરવા કે મધ્યપ્રદેશ ટૂરિઝમ ડેવલપમેન્ટ કૉર્પોરેશનની હોટેલ ત્યાં નજીકમાં જ આવેલી છે. - કા.વ.રામી




સ્પષ્ટ સઘળું થાય છે જાગ્યા પછી
માગવુ શું જાગૃતિ માગ્યા પછી ?
એક ખટકો જિંદગીભર રહી જશે,
પાછું વાળી ના જુઓ, ત્યાગ્યા પછી.
યા તો કૂદો આંખ મીંચી આ ક્ષણે,
યા તો બસ ઊભા રહો તાગ્યા પછી.

('તો દોસ્ત હવે સંભળાવ ગઝલ'માંથી) - હેમેન શાહ

જાણીતા બાળસાહિત્યકાર જીવરામ જોષીનું નિધન

ગુજરાતી બાળસાહિત્યના સર્જકોમાં ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ અને જીવરામ જોષીનું નામ અગ્ર હરોળમાં લેખાય છે. જીવરામ ભવાનીશંકર જોષીનો જન્મ અમરેલી જિલ્લાના ગરણી ગામે ૬ જુલાઈ ૧૯૦૫ના રોજ થયો હતો. તેમણે ૧૯૩૭માં કાશી રહીને સંસ્કૃત સાથે અંગ્રેજી ભણવાનો પ્રયત્ન કર્યો તેમજ ઘણો સમય સ્વાતંત્ર્ય-સત્યાગ્રહમાં વિતાવ્યો. ગુજરાતી બાળસાહિત્યના ભીષ્મ પિતામહ તરીકે ઓળખાતા જીવરામ જોષીનું ૨૭ એપ્રિલ ૨૦૦૪ને મંગળવારના રોજ અમદાવાદ ખાતે ૯૯ વર્ષની વયે અવસાન થયું છે.



બાળકો અને કિશોરો સાહિત્યમાં રસ દાખવતાં થાય તેવા પ્રયત્નોમાં જીવરામ જોષીનો અમૂલ્ય ફાળો છે. બાળસાહિત્યના વિપુલ સર્જન દરમ્યાન એમણે બાળમાનસમાં રમતાં થઈ જાય તેવાં કાલ્પનિક પાત્રો પણ આપ્યા છે. તેમના સર્જનમાં 'મિયા ફૂસકી'ના ૩૦ ભાગ, 'છકો મકો'ના ૧૦ ભાગ, 'છેલ છબો'ના ૧૦ ભાગ, 'અડુકિયો દડુકિયો'ના ૧૦ ભાગ, 'ગપ્પીદાસ', 'માનસેન સાહસી' ઉપરાંત 'પ્રેરક પ્રસંગવાર્તાવલિ'ના ૨૦ ભાગ, 'બોધમાળા'ના ૧૦ ભાગનો સમાવેશ છે.

જીવરામ જોષીની કલમે અવતરેલ મિયા ફૂસકી, તભા ભટ્ટ અને છકા-મકાનાં પાત્રો બાળકોના માનસમાં એવા તે છવાઈ ગયા હતાં કે બાળકો તેમની કલ્પનાને વાસ્તવિક રૂપ આપીને આ વાર્તાઓ માણતાં. તેમાંય મિયા ફૂસકી અને છકો-મકો તો ટેલિવિઝન પર શ્રેણીના રૂપે પ્રસારિત થઈ ચૂકી છે. તેમના આ સાહિત્યસર્જન માટે તેમને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ માટેનો શ્રી નરસિંહ મહેતા પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

આવા એક માતબર બાળસાહિત્યના સર્જકનું નિધન થતાં ગુજરાતે એક મૌલિક સર્જક ગુમાવ્યાની ખોટ બાળસાહિત્યના ક્ષેત્રે ઘણો લાંબો સમય વર્તાશે.

*

રસી આપવાનાં ભયસ્થાનો : જેટલા રોગો મટે છે તેના કરતા વધુ નવા પેદા થાય છે.

એક અંદાજ મુજબ બાળક છ વર્ષનું થાય ત્યાં સુધીમાં તેને ૨૨ અલગ અલગ પ્રકારની રસીઓ આપવામાં આવે છે. આજે તો પાળેલાં પ્રાણીઓને પણ જાતજાતની રસીઓ આપવામાં આવે છે. આ રસીના ઉદ્યોગથી મલ્ટિનૅશનલ ડ્રગ કંપનીઓ, દલાલો વગેરે અબજો રૂપિયા કમાય છે પણ લોકોને ખરેખર કોઈ ફાયદો થાય છે ખરો ?

અમેરિકાના અનેક ઉપભોક્તા જૂથો એ રસીની બિનહાનિકારતા સામે પ્રશ્નો ઉઠાવી રહ્યાં છે. વર્જિનિયામાં આવેલા નૅશનલ ઈન્ફર્મેશન સેન્ટરનાં અધ્યક્ષ બાર્બરા ફિશર એવો દાવો કરે છે કે બાળકો અને પુખ્ત ઉંમરનાં લોકોમાં જ્ઞાનતંત્રના રોગો, દમ, શીખવાની ખોડ, અત્યંત થાક, રોગપ્રતિકારક શક્તિમાં ન્યૂનતા, સંધિવા, મલ્ટિપલ સ્કલેરોસિસ વગેરે જે બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે તેના માટે મુખ્યત્વે આ રસીઓનો અતિરેક જ જવાબદાર છે. આ સંસ્થાએ માંગણી કરી છે કે વિશ્વભરમાં જ્યાં સરકારો તરફથી જથ્થાબંધ રસીકરણના કાર્યક્રમો ચલાવવામાં આવતા હોય ત્યાં આ રસીની લાંબા ગાળાની અસરોનો પણ અભ્યાસ કરવો જોઈએ.

રસી જોખમી છે તેનો ઈનકાર તો કોઈ તબીબી નિષ્ણાત કરી શકશે નહીં. અછબડાં, પોલિયો, રુબેલ્લા વગેરે રોગોમાં જે રસી આપવામાં આવે છે તેની અંદર જ તે રોગના જીવતા વાઈરસ હોય છે. અમેરિકા માટે એમ કહેવામાં આવે છે કે ત્યાં ઈ.સ. ૧૯૭૯ની સાલથી પોલિયોને દેશવટો આપવામાં આવ્યો છે, પણ આજે ય આ દેશમાં પોલિયોના કેસો તો નોંધાય જ છે અને આ બધા કેસો પોલિયોની રસીને કારણે જ નોંધાયેલા હોય છે. હવે તો અમેરિકાના નિષ્ણાતો પણ પ્રશ્ન પૂછી રહ્યા છે કે અમેરિકામાંથી પોલિયોને જ્યારે નેસ્તનાબૂદ કરવામાં આવ્યો છે ત્યારે હજી રસી આપવાની શી જરૂર છે ? શું તેમને રસીની અસરકારકતા ઉપર વિશ્વાસ નથી ?

રસીના ઉત્પાદન વખતે તેમાં ખતરનાક ભેળસેળ થવાનું જોખમ હંમેશાં ઝળૂંબતું જ હોય છે. બીજા વિશ્વયુદ્ધમાં માણસના લોહીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી પીળા તાવની રસીમાં ભૂલથી હિપેટાઈટિસ વાઈરસ ભળી ગયા હતા. આ રસી યુદ્ધના મોરચે લડતા સૈનિકોને આપવામાં આવી હતી. આ કારણે આશરે ૫૦,૦૦૦ અમેરિકન સૈનિકો હિપેટાઈટિસનો શિકાર બની ગયા હતા. ૧૯૬૦ના દાયકામાં એવી જાણ થઈ હતી કે ઈ.સ. ૧૯૫૫ અને ૧૯૬૩ વચ્ચે વાંદરાની કિડનીમાં જે પોલિયોની રસી પેદા કરવામાં આવી હતી તેમાં એસવી ૪૦ નામનો વાઈરસ હતો, જેને કારણે ફેફસાંનું અને હાડકાંના માવાનું કેન્સર થતું હોવાનું મનાય છે. આ વિષાણુઓ તો માતાપિતા તરફથી બાળકને વારસામાં મળતા હોવાનો ભય પણ સેવાઈ રહ્યો છે.

ઘણી વખત રસીના પ્રયોગો અને તેની ચકાસણી કરવા માટે બાળકોનો ઉપયોગ ગિની પિગ તરીકે કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૮૯-૯૧ દરમિયાન યુગોસ્લાવિયાની એક કંપનીએ બનાવેલી અછબડા માટેની એક રસીની અજમાયશ લૉસ ઍન્જલસમાં રહેતાં ૧૫૦૦ કાળાં, ગરીબ બાળકો ઉપર કરવામાં આવી હતી. આ રસીની ભલામણ 'વિશ્વ આરોગ્ય સંસ્થા'એ પણ કરી હતી, જેને કારણે મૅક્સિકો, હૈતી અને આફ્રિકાનાં હજારો ગરીબ બાળકોને આ રસી આપવામાં આવી હતી. જ્યારે પાછળથી ખયાલ આવ્યો કે આ રસી લેવાને કારણે સેંકડો બાળકો ટપોટપ મરી રહ્યાં છે ત્યારે તે પાછી ખેંચી લેવામાં આવી હતી. આ રસી બાળકની રોગપ્રતિકારક શક્તિનો નાશ કરતી હોવાથી બાળકોનાં મોત થયાં હતાં.

ઈ.સ. ૧૯૯૦ના દાયકામાં મૅક્સિકો, નિકારાગુઆ અને ફિલિપાઈન્સની લાખો ગરીબ મહિલાઓને ધનુરની રસી આપવામાં આવી હતી. આ રસી માત્ર સંતાનો પેદા કરી શકે તેવી સ્ત્રીઓને જ ત્રણ મહિનાના ગાળામાં પાંચ ઈન્જેક્શનના રૂપમાં આપવાની હતી. જ્યારે આ રસી લેનારી અનેક સ્ત્રીઓને યોનિમાંથી રક્તસ્રાવ શરૂ થયો અને કસુવાવડો થવા લાગી ત્યારે ખયાલ આવ્યો કે આ રસીમાં વંધ્યીકરણ અને કસુવાવડ કરનારો એક હોર્મોન મિક્સ કરવામાં આવ્યો હતો. 'વિશ્વ આરોગ્ય સંસ્થા'ઓએ પાછળથી એવો પાંગળો બચાવ કર્યો હતો કે તેઓ વસતિને નિયંત્રણમાં રાખવા માટેની એક રસી વિકસાવી રહ્યા હતા, જેની ભૂલથી ભેળસેળ ધનુરની રસી સાથે થઈ ગઈ હતી !

લોકોએ રસીની હાનિકારક અસરો વિશે ઘણું સાંભળ્યું હશે, પણ હકીકતમાં આ રસીઓનું ઉત્પાદન કેવી રીતે કરવામાં આવે છે એ બાબતમાં ઘણાં લોકો અજ્ઞાન હશે. રસીમાં જે વાઈરસનો ઉપયોગ કરવામાં આવે છે તેનો ઉછેર કરવા માટે વાંદરાની કિડનીનો કે મરઘીના ગર્ભનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

રસી બનાવવા માટે ક્યારેક માનવીના જીવંત કોષોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. હેન્રિટા લેક્સ નામની કાળી અમેરિકન મહિલા છેક ઈ.સ. ૧૯૫૧ની સાલમાં ગર્ભાશયના કેન્સરની મૃત્યુ પામી હતી. તેના ગર્ભાશયમાં કેન્સરની જે ગાંઠ હતી તેના થોડા અંશો એક પ્રયોગશાળાને દાનમાં આપવામાં આવ્યા હતા. આ જીવંત કોષો પ્રયોગશાળામાં અચંબાજનક ઝડપે વૃદ્ધિ પામવા લાગ્યા અને વિભાજિત પણ થવા લાગ્યા.

તે દિવસોમાં પ્રયોગશાળાની બહાર માનવકોષના સંવર્ધનમાં સફળતા નહોતી મળતી એટલે આ કોષોની વસાહત 'હેલા સેલ લાઇન' તરીકે જાણીતી થઈ. આ કોષસમૂહને જીવંત રાખવા માટે તેને ત્રણ મહિનાના ગાયના ગર્ભનો અર્ક અને જીવતી મરઘીના હૃદયમાંથી પ્રાપ્ત કરવામાં આવેલું લોહી ખોરાક તરીકે આપવામાં આવતું હતું. આ કોષોનો ઉપયોગ અનેક પ્રકારની રસીઓ બનાવવા માટે અને કૅન્સર ઉપરના સંશોધનમાં છૂટથી થતો હતો. પાછળથી વિજ્ઞાનીઓને ખબર પડી કે આ 'હેલા ગેલ લાઇન'માં તો મરઘીના અને ગાયના શરીરમાં જોવા મળતા અનેક વાઈરસની ભેળસેળ થઈ ગઈ હતી. ત્યાં સુધીમાં લાખો લોકોને નુકસાન થઈ ચૂક્યું હતું.

અમેરિકાના જે સૈનિકો અખાતી યુદ્ધ લડવા ગયા હતા, તેમને 'ગલ્ફ વૉર ઇલનેસ' નામની ભેદી બીમારી થઈ હતી. આજે ગલ્ફ વૉર લડેલા ૫૦ ટકા અમેરિકન સૈનિકો આ બીમારીનો ભોગ બન્યા છે અને તેમનાં સંતાનોને પણ તેઓ વારસામાં બિમારી આપતા જાય છે. ઘણા તબીબોને શંકા છે કે ગલ્ફ યુદ્ધમાં લડવા ગયેલા અમેરિકન સૈનિકોને અનેક પ્રકારની રસીઓ આપવામાં આવી હતી તેને કારણે જ તેમને આ ભેદી બીમારી લાગુ પડી છે. આજે તો એવી પરિસ્થિતિ છે કે જે અમેરિકન સૈનિકો ડરના કારણે આવી રસીઓ લેવાનો ઇન્કાર કરે તેમને કોર્ટ માર્શલ કરવામાં આવે છે અને લશ્કરમાંથી કાઢી મૂકવામાં આવે છે. પેન્ટાગોન તો આવી કોઈ બીમારીના અસ્તિત્વનો જ ઇન્કાર કરે છે.

ઈ.સ. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં અમેરિકાના કેદીઓને ફ્લુની રસી આપવામાં આવતી હતી. જેલરો તો કહે છે કે આ રસી હકીકતમાં જૈવિક શસ્ત્રોના પ્રયોગ તરીકે જ કેદીઓ ઉપર અજમાવવામાં આવી હતી. હવે તો બર્ડ ફ્લુના ડરને કારણે અમેરિકાના અનેક માબાપો પોતાનાં બાળકોને રસી આપવાનો વિરોધ કરી રહ્યાં છે. આ કારણે કેટલાક સંશોધકો રસી બનાવવા માટે માનવીના જીવંત કોષોનો પણ ઉપયોગ કરી રહ્યા છે. આ માટે તેમણે કૅન્સરના દર્દીની ગાંઠનો જ ઉપયોગ કરવો પડે છે, જેને કારણે રસીનો ઉપયોગ કરનારા તંદુરસ્ત માણસને કૅન્સર થવાનો નવો ભય ઊભો થયો છે.

આજે ભારત જેવા ગરીબ દેશમાં પોલિયોથી લઈ હિપેટાઇટિસ જેવી રસીઓ આડેધડ ભવિષ્યની કોઈ ચિંતા કર્યા વિના, પ્રજાને રસીનાં ભયસ્થાનો પણ જણાવ્યાં વિના આપવામાં આવી રહી છે. આ ઝુંબેશ પાછળ આપણા ગરીબ દેશની સરકાર અબજો રૂપિયાનો વ્યય તો કરે જ છે, પણ સાથે કરોડો નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત પણ રમે છે. અમેરિકામાં રસીવિરોધી જે ઝુંબેશ ચાલી રહી છે તેના મર્મને સમજ્યા વિના જ રસીનો વિરોધ કરનારને આજે સમાજના અહિતચિંતક તરીકે ખપાવી દેવામાં આવે છે. આવતી કાલે આવી જ કોઈ રસીની ગરબડને કારણે જો કરોડો બાળકો કોઈ ભેદી બીમારીનો ભોગ બનશે તો આપણી પાસે તેમાંથી બચવાનો કોઈ રસ્તો હશે ખરો ?

- **માનસી મહેતા** (સમસ્ત મહાજન ફીચર્સ)

*

ગુણકારી ડુંગળી

વિશ્વમાં એવી કોઈ જગ્યા નહીં હોય કે જ્યાં 'ડુંગળી'નો ઉપયોગ ન કરવામાં આવતો હોય. તેની દુર્ગંધના કારણે ઘણાં લોકો તેને પસંદ કરતાં નથી. પરંતુ તેની તે દુર્ગંધમાં જ અનેક ગુણોની સુગંધ રહેલી છે. અને તેથી જ પ્રાચીન કાળથી જ આપણે ત્યાં ડુંગળીનો આહાર સાથે સાથે અનેક રોગોના ઔષધ તરીકે પણ ઉપયોગ થતો આવ્યો છે.

સંસ્કૃતમાં 'પલાંડુ', અંગ્રેજીમાં 'onion' અને લૅટિનમાં 'Allium Cepa' એવાં વિવિધ નામોથી ઓળખાતી ડુંગળીની સફેદ અને લાલ એમ મુખ્ય બે જાતો છે. સફેદ ડુંગળી પ્રમાણમાં વધારે ગુણકારી હોય છે અને ઔષધરૂપમાં તે વધારે વપરાય છે. લાલ ડુંગળીમાં લોહતત્ત્વનું પ્રમાણ વધારે હોય છે. ડુંગળી દરેક ઋતુમાં એકસરખી ઉપયોગી છે. તે શરદી, ઉધરસ, શ્વાસદમ વગેરેમાં રાહત આપે છે. મસ્તિષ્ક અને હૃદય બંને માટે હિતકારી છે. વાયુનું શમન કરનાર હોવાથી વાત-વ્યાધિઓની તે રામબાણ ઔષધિ છે. સસ્તી અને એટલી જ શક્તિદાયક હોવાથી તેને 'ગરીબોની કસ્તૂરી' પણ કહેવામાં આવે છે.

લસણના જેવા જ ગુણોવાળી ડુંગળી ગરમ નથી. તે પાકમાં અને રસમાં તીખી, મધુર, કફ કરનારી, પિત્ત ન કરનારી, વીર્યવર્ધક, પચવામાં ભારે અને વાયુનાશક છે. ડુંગળી વિશે આટલું જાણ્યા બાદ તેના ઉપયોગ વિશે પણ થોડું જાણીએ.

* ભોજન સમયે લીંબુનો રસ નિચોવી સલાડ તરીકે ડુંગળીનો ઉપયોગ કરવાથી મળત્યાગ કષ્ટરહિત થાય છે. કબજિયાત મટે છે. * એક લીલી ડુંગળીને પીસીને દહીં સાથે મેળવીને જમતી વખતે લેવાથી અમ્લપિત્ત - ઍસિડિટીમાં રાહત રહે છે. * બે ચમચી ડુંગળીના રસમાં એક ચમચી પાણી મેળવીને નાના બાળકને દિવસમાં બે વાર આપવાથી પેટના કૃમિ-કરમિયા મળત્યાગ સમયે બે-ત્રણ દિવસમાં જ બહાર નીકળી જાય છે. * રોજ સવાર-સાંજ બે ચમચી ડુંગળીનો રસ એક ચમચી મધ મેળવીને નિયમિત પીવાથી દમ-શ્વાસ રોગમાં રાહત પહોંચે છે. * દોઢ ચમચી ડુંગળીનો રસ અને અર્ધી ચમચી મધ મિશ્રિત કરી સવાર-સાંજ નિયમિત પીવાથી થોડા દિવસમાં જ રક્તપ્રદર અને શ્વેતપ્રદર મટે છે. પચવામાં ભારે અને મરી મસાલાવાળા આહારનો સંપૂર્ણ ત્યાગ કરવો. * ડુંગળીને

ભરીને, દર પંદર દિવસે તાજું અથાણું બનાવીને જમવાના સમયે લેવાથી તે ભોજન પરની અરુચિ દૂર કરે છે. જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. અનિદ્રા મટાડે છે. થાક ઉતારે છે. ખોરાકનું યોગ્ય પાચન કરે છે, અને દસ્ત સાફ લાવે છે. * ગાયનું ઘી બે ચમચી, ડુંગળીનો રસ, આદુનો રસ અને મધ અડધી ચમચી મેળવીને પીવાથી બળ, વર્ણ અને ઉત્સાહ વધે છે. રાત્રે થાકને લીધે થતો પગનો અસહ્ય દુઃખાવો મટે છે. * ડુંગળીના રસમાં શેકેલી હિંગ અને મીઠું મેળવી પીવાથી ઉદરનો વાયુ, આફરો અને પેટનું ભારેપણું દૂર થાય છે. * ડુંગળીનો રસ અને મધનાં બે ટીપાં કાનમાં પાડવાથી કાનનાં સણકા અને રસી - પરુ નીકળતું હોય તો તે બંધ થાય છે. * ડુંગળીને કાપી-છૂંદીને સુંઘાડવાથી અથવા તેના રસના બે-ત્રણ ટીપાં નાકમાં પાડવાથી નસકોરી ફૂટી હોય તો તે બંધ થઈ જાય છે. ('સંદેશ'માંથી સાભાર)

*

કરામતી ગણિતની રમત

આ રમત તૈયાર કરવા માટે આશરે એક ૨૦ x ૨૦ સે.મી.નું કાર્ડ બોર્ડ સફેદ રંગનું તથા પાંચ સિક્કાઓ તથા વીસ નંગ બે સે.મી. આશરે ગોળાઈની કાર્ડ બોર્ડ ટીકડીઓ જોઈએ. આ કાર્ડ બોર્ડ ઉપર આશરે બે સે.મી સમચોરસ પાંચ ખાનાં આડાં તથા પાંચ ખાનાં ઊભાં એ રીતે કુલ પચ્ચીસ ખાનાં દોરો.

૧૬	૧૯	૧૩	૧૫	૭
૯	૧૨	૬	૮	૦
૨૦	૨૩	૧૭	૧૯	૧૧
૨૨	૨૫	૧૯	૨૧	૧૩
૧૯	૨૨	૧૬	૧૮	૧૦

પછી તે દરેક ખાનામાં બાજુમાં બતાવ્યા મુજબના આંકડા લખો. એટલે બોર્ડ તૈયાર થઈ ગયું.

તમારા મિત્રને આ પચ્ચીસ ખાનામાંથી તેને ગમે તે એક ખાનામાં એક સિક્કો મૂકવાનું કહો. તથા તે સિક્કાવાળા ખાનાની હારના દરેક આડા તથા ઊભા ખાનામાં કાર્ડબોર્ડની ટીકડી મૂકવા કહો. ત્યાર બાદ તેને ગમે તે એક ખુલ્લા ખાનામાં બીજો સિક્કો મૂકવા કહો. આ જ પ્રમાણે તેની પાસે ત્રીજો, ચોથો અને પાંચમો સિક્કો મૂકવા તથા તેને લગતી આડીઊભી હારનાં ખાનાંમાં કાર્ડબોર્ડ ટીકડી મૂકવા કહો.


આ ક્રિયા પૂરી થયે પાંચ ખાનાંમાં સિક્કા હશે તથા બીજા વીસમાં કાર્ડબોર્ડ ટીકડીઓ હશે. પછી એક પછી એક, પાંચેય સિક્કાઓ લેતા જાવ અને તેની નીચેનો ઢંકાયેલો આંકડો હોય તે બધાનો સરવાળો કરો. શું આવ્યું ? આપણા 'કુમાર' માસિકને કેટલા વરસ થયાં ? જોઈને મજા ! તમે ગમે તેટલી વાર આ જ પ્રમાણે પ્રયોગ કરી જોજો. આ જ ગણિતની કરામત છે !

(જવાબ માટે જુઓ પાના નં ૩૮૪) - સુરેન્દ્ર જ. રાવલ

*

નાસાનું મિશન માર્સ

જર્મનીમાં મૅક્સ પૅલન્ક ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ કેમેસ્ટ્રીમાં આલ્ફા પાર્ટિકલ એક્સ-રે વિકસાવવામાં આવ્યું છે. આ અદ્યતન ટેક્નોલોજીવાળા મશીનને 'સ્નીફર' નામ અપાયું છે, કારણ કે એ બીજા ગ્રહો પરના પથ્થરો અને માટી હટાવવા મદદરૂપ બને છે. બીજું મોસબોર સ્પેકટ્રોમીટર ફૉર મિનરોલૉજિકલ



એનાલીસીસ પણ ગુટનબર્ગ યુનિવર્સિટી, મૅન્ઝ દ્વારા નાવવામાં આવ્યું છે. બીજાં બધાં મશીનો સાથે મળીને હાલમાં એવો ગ્રહ શોધે છે જ્યાં પાણી અને મનુષ્યજીવનની સંભાવના હતી કે નહીં. એક બીજું NASAનું સ્પેક્ટ્રોમીટર પણ આમાં ભાગ લઈ રહ્યું છે જે ૨૫મી જાન્યુઆરીએ ત્યાં ઊતર્યું હતું.

APXS એ નાના પથ્થરો અને માટીનું નિરીક્ષણ કરવા માટે વપરાતું બહુ ઓછા વજનનું મશીન છે. બીજાં મશીનો માર્સ એક્સપલોરેશન રોવર (MER) દ્વારા ત્યાં મૂકવામાં આવ્યાં છે. APxSનું સેન્સર સાધન પ્રસ્તરણ પ્રયુક્તિના ઉપરના ભાગ સાથે જોડાવામાં આવે છે. એ સેન્સર, જે તે સેમ્પલની ઉપર જ રહે છે. X-Particle અને જે X-Rayને છોડે છે તે ગ્રહણ કરે છે અને તપાસે છે. આનાથી જે તે પદાર્થો માટે જાણકારી મળે છે અને કાર્બન તથા ઑક્સિજનની જાણકારી તો વિસ્તૃત મળે છે. કૅલિબ્રેશનથી બરોબર પ્રમાણ પણ જાણી શકાય છે. બીજા ભાગ જે મશીન સાથે જોડાયેલા છે તેનાથી બીજા બધા ગુણધર્મો પણ ઓળખી શકાય છે. આથી ત્યાં વર્ષોથી પડેલા પથ્થરો અને માટીની રાસાયણિક પદ્ધતિ જાણી શકાય છે. આના માધ્યમથી ત્યાંનું વાતાવરણ અને ત્યાં વર્ષો પહેલાં પાણીનું અસ્તિત્વ હતું કે નહીં તે પણ જાણી શકાય છે. વૈજ્ઞાનિકોની મદદથી ૧૦૦ એવી જગ્યાઓ મળી આવી છે, જ્યાં સુરક્ષા પણ હતી અને કંઈક જાણી શકાય એવું હતું. આનું પરિણામ એ આવ્યું કે બે જગ્યાને પસંદ કરવામાં આવી. ગુસેવ ક્રેટર અને ટેરા મેરીડીઅન પ્લેટ્યુ. અહીં એ પણ જાણવા મળ્યું છે કે ત્યાં વહેતાં પાણીનો સંગ્રહ થતો હતો પણ ત્યાંનું વાતાવરણ આછું હોવાથી બહુ જલ્દી પાણીનું બાષ્પીભવન થઈ જતું હતું. ત્યાં રણ પણ હોવાની શક્યતા છે. એવા હજારો પુરાવા હતા જે સાબિત કરતા હતા કે ઘણાં વર્ષો પહેલાં ત્યાં પાણી હતું.

લીધેલા ફોટામાંથી એવું તારણ આવે છે કે ત્યાં પાણી વહેતું હતું. ગુસેવ ક્રૅટરમાં જમીનના ફોટા જ આ વાતની સાબિતી આપે છે. પાણી સૌથી જરૂરી વસ્તુ છે. જો ત્યાં જીવન હતું તો પાણી તો હોવું જ જોઈએ. ટેરા મેરીડીઅનમાં હેમેટાઇટ નામનો પદાર્થ મળી આવ્યો છે જે સાબિત કરી આપે છે કે ત્યાં પાણી હતું. ❐

અનુસંધાન] હીરાભાઈ હ. ભગવતી [પૃ. ૩૨૦થી

આ ઉપરાંત બીજી અર્ધ સરકારી ઘણી સંસ્થાઓમાં પણ શ્રી હીરાભાઈ મહત્ત્વના હોદ્દા ધરાવતા હતા. એમણે 'કુમાર કાર્યાલય'ને પોતાનું સમજીને તેની પ્રગતિમાં ઘણો ઊંડો રસ લીધો હતો. ઈ. ૧૯૬૦-૬૧થી તેઓ કુમાર કાર્યાલયના ડિરેક્ટરપદે ચૂંટાઈ આવ્યા હતા અને ત્યારથી કુમાર કાર્યાલયને ઊંચે લાવવા તેઓએ ઘણી મહેનત કરી છે. વખત જતાં તેઓશ્રીને કુમાર કાર્યાલયના ચૅરમૅનપદે નિયુક્ત કર્યા હતા. 'કુમાર કાર્યાલય'માંથી 'કુમાર ટ્રસ્ટ' બનાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો રહેલો છે, તેમના છેલ્લા શ્વાસ સુધી તેઓશ્રી 'કુમાર ટ્રસ્ટ'ના ચૅરમૅનપદનો હોદ્દો સંભાળી રહ્યા હતા. 'કુમાર'ને સદાય ધબકતું રાખવામાં, એના સ્થગિતકાળ પછી પુનઃ ચાલુ કરવામાં અને ત્યાર પછી સતત એને સહાય આપતા અને લાવી આપતા. તેઓ સાહિત્યક્ષેત્રે જોડણીશુદ્ધ વ્યાકરણ અને શુદ્ધ છાપકામના ઘણા આગ્રહી હતા. તેમના નવ વર્ષના મસ્કતી કાપડ માર્કેટ મહાજનના પ્રમુખપણા નીચે વર્ષોવર્ષ જનરલ મીટિંગમાં પ્રમુખશ્રીનું ભાષણ થતું અને તે કુમાર કાર્યાલયમાં જ એનું છાપકામ થતું અને ભાષાકીય રીતે તે ભાષણ વ્યાકરણશુદ્ધ થાય તેના તેઓશ્રી ઘણા આગ્રહી હતા. આમ, તેમનો કુમાર કાર્યાલય સાથેનો અદકેરો નાતો હતો. વળી જે જે સંસ્થા કે ટ્રસ્ટોના તેઓ ચૅરમૅન કે પ્રમુખપદે હોય એ સંસ્થાઓને આર્થિક મુશ્કેલી કે બીજી કોઈ પણ મુશ્કેલી ન પડે એ માટે શ્રી હીરાભાઈ ઘણી તકેદારી રાખતા અને તેમનાથી બનતી સર્વ પ્રકારની મદદ કરતા અને કરાવતા.

વયોવૃદ્ધ અવસ્થાના દિવસોમાં પણ તેઓ લાકડીના ટેકા સિવાય ચાલી શકતા હતા. રોજ સવારે ચારેક વાગ્યે વહેલા ઊઠીને દોઢેક કલાક સેવાપૂજા, દેવદર્શન અને મોર્નિંગ વૉક પર જવાનો નિયમ રાખ્યો હતો. ત્રણ સંતાનોના પિતા શ્રી હીરાભાઈએ બે-ત્રણ વર્ષ અગાઉ (મે ૧૯૯૯) જીવનસાથી પ્રભાબહેનનો કાયમી સાથ ગુમાવ્યો હતો છતાંય પુત્ર અને પરિવારનાં સહવાસથી દુઃખ ભૂલી શક્યા હતા. તેમના બે દીકરાઓ પૈકી શ્રી પ્રકાશભાઈ અને એમનો પરિવાર આ દાદાજી સાથે જ નવરંગપુરામાં આવેલા 'વાત્સલ્ય' બંગલામાં રહે છે. જ્યેષ્ઠ પુત્ર અતુલભાઈ મુંબઈ રહે છે. તથા પ્રતિષ્ઠિત પરિવારમાં પરણાવેલાં પુત્રી પૂર્ણિમા મુંબઈમાં નૃત્યશિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

શ્રી હીરાભાઈએ અમેરિકા, ઈંગ્લન્ડ તથા જર્મનીનો પ્રવાસ પણ કર્યો હતો. તેમની આ બધી સામાજિક સેવાઓની કદરરૂપે તેમને ઈ. ૧૯૯૮નો વિશ્વગુર્જરી અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આવા અગ્રણી સામાજિક કાર્યકર અને વ્યાપાર તથા વાણિજ્યક્ષેત્રના પીઢ શ્રેષ્ઠિવર્ય આ માસની તા. ૧૪ મેના રોજ જો હયાત હોત તો તેમના જીવનના આયુનાં ૯૪ વર્ષ પૂરાં કરી ૯૫માં પ્રવેશવાના હતા, પરંતુ શ્રી હીરાભાઈનું અવસાન થતા સમાજે એક ઉત્તમ નાગરિક અને રાહબર ગુમાવ્યો છે.□

અનુસંધાન] વાર્તા એક વસ્તીની [પૃ. ૩૨૫થી

'તું બેસ' નવાબદીન એવા જ અવાજમાં બોલ્યા, 'તું સ્કૂલ શરૂ ન કર. બસ, જલદીથી આજે જ એક ટ્યૂબવેલ કર, ગામનાં લોકો તરસ્યાં બેઠાં છે.'

જમીલ હસ્યો. 'ટ્યૂબવેલ તો કેટલાય દિવસે થાય. પરંતુ આ તમે શું કહી રહ્યો છો. બાબા ?'

'હું જે કંઈ કહી રહ્યો છું તે સાચું છે, બેટા... ગામનાં લોકો, ભેંસો અને ખેતરો...' તેઓ સ્વયં રોકાઈને રડી પડ્યાં.

જમીલ કશું જ નહોતો સમજ્યો. તેને શંકા થઈ રહી હતી કે નવાબદીન ઉંમરની એ સીમાને સમયના પહેલાં જ સ્પર્શી રહ્યા છે. જ્યાં મનુષ્ય બહેકી બહેકી વાતો કરવા માંડે છે. વિચારનો આ દોર લાંબો સમય ન ચાલી શક્યો કે ધડાક દઈને મૌલવી મોહમ્મદ આંગણામાં દાખલ થયો. તેના પગમાં ચંપલ હતાં અને એ પરસેવે રેબઝેબ હતો.

'ચા...ચા' એ તૂટક તૂટક બોલ્યો - 'કૂવો, પાણી... કૂવાનું પાણી.. પાણી' નવાબદીને તેનો ખભો પકડીને ઢંઢોળ્યો - 'શું થઈ ગયું છે તને ?'

એક મિનિટ સુધી મૌલવી સાલેહ મોહમ્મદ મોં ખોલીને શ્વાસ લેતો રહ્યો. પછી બોલ્યો - 'જામિનશાહની હવેલીમાં ધડાધડ કૂવો ખોદાઈ રહ્યો છે. તેણે પોતાના બધા જ માણસો કામે લગાડી દીધા છે. કૂવા પર... એક ટ્યૂબવેલ પહેલેથી છે. બીજો આ કૂવો ખોદાયા પછી લગાવવામાં આવશે. આખું ગામ પાણી પાણી થઈ જશે.'

એક પળ માટે નવાબદીનની આંખોમાં રોશની ઊતરી અને ધીમે ધીમે એમના ચહેરા પર ફેલાઈ ગઈ. તે હસવા માંડ્યો અને પહેલી વાર જમીલને આમ પોતાની બાથમાં સમેટી લીધો, જાણે ફરીથી યુવાન થઈ ગયા હોય ! પૂરજોશ અંદાજમાં એમણે જમીલનું માથું ફરી ચૂમ્યું અને તેનો ગાલ થપથપાવીને કહ્યું, 'તું હવે જઈશ તો નહીં ને ?'

જમીલે ઈન્કારમાં માથું હલાવ્યું. તેના ચહેરા પર પંદર વર્ષ પહેલાંની નિર્દોષતા હતી. વ્યગ્રતાની સ્થિતિમાં હાથ મસળતા અને પગ ઝાટકીને નવાબદીને ફરી કહ્યું, 'તું અંદર જઈને બેસ. અહીં આંગણામાં કેમ ઊભો છું. હું જામિનશાહની હવેલી સુધી જઈ આવું. તને પણ એની મુલાકાત કરાવીશ.' તે ઝડપથી બહાર સરકી ગયો. (ક્રમશઃ)

અનુસંધાન] શામળાજી - ૮ [પૃ. ૩૩૬થી

જણાવ્યું કે આ અલંકારો ભગવાન શામળિયાનાં છે, તેથી તેને ઘરના પટારામાં રાખજો. તે જ દિવસે ભગવાન શામળિયાનાં અલંકારો ચોરાયાંની વાત બહાર આવી. પૂજારી પર ચોરીનો આરોપ મુકાયો. દયાળુ ભગવાને વિચાર્યું કે નિર્દોષ પૂજારી મુશ્કેલીમાં મુકાશે. તેથી આકાશવાણી થઈ કે, 'આ બધું મારી ભૂલથી થયેલું છે. મોતીરામનો પુત્ર ખુશાલ મારો ખાસ મિત્ર છે, રોજ હું તેની પાસે રમવા જાઉં છું, તેથી ઉતાવળમાં મારાથી આભૂષણો ત્યાં ભુલાઈ જવાયાં છે. કુશળબાએ તે તેમના પટારામાં જાળવી રાખ્યાં છે. તે જ રીતે મારી શાલ અને ખેસ પણ વૃક્ષની ડાળી પર લટકે છે. મારું એક પગરખું પણ નાગધરામાં પડી ગયું છે. માટે જાઓ અને બધી જ ચીજો લઈ આવો.' આવી આકાશવાણી સાંભળીને પૂજારી તથા મંદિરના કેટલાક લોકો ટોડલા ગયા અને બધી વસ્તુઓ લઈ આવ્યા. આ ઘટના સંવત ૧૮૪૦માં ઘટેલી. આ વાત શામળાજીના પૂજારીના પુસ્તકમાં લખેલી છે. (ક્રમશઃ)

અનુસંધાન] યુરોપાયન [પૃ. ૩૫૧થી

આ દૃશ્યના પ્રતીકાત્મક અર્થો ઘટાવી શકાય તેમ છે. એક તો, અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધમાં ફ્રાન્સ તેની સાથે હતું. બીજું, ઉભય દેશોની પ્રજા સ્વાતંત્ર્યના મૂલ્યને ઊંચું આંકે છે. ત્રીજું, અમેરિકાના પ્રતીક કરતાં પોતાની ઓળખનું પ્રતીક (એફીલ ટાવર) ફ્રાન્સના પાટનગરમાં ક્યાંય વધુ પ્રભાવશાળી દેખાય છે.


ઇરાક દેશના યુદ્ધ બાબત અમેરિકાની નીતિને ફ્રાન્સે પડકાર આપ્યો, તે આવા તારણને સમર્થન આપે છે. અમેરિકન કૉંગ્રેસે તો પાટનગરના તેના રેસ્તુરાંમાં 'ફ્રેન્ચ ફ્રાઇઝ' ને 'ફ્રીડમ ફ્રાઇઝ' નામ આપવાની વિચારણા પણ કરી. ફ્રેન્ચ વાઇન ન રાખવો. મોટા શહેરોમાં ફ્રેન્ચ હોટેલો પરથી ફ્રેન્ચ ધ્વજ ઉતારી દેવામાં આવ્યા! રમ્સફેલ્ડે ફ્રાન્સ, જર્મનીને 'ઓલ્ડ યુરોપ' ગણીને ઉપહાસ કર્યો હતો, એ આ સંદર્ભમાં સમજી શકાય છે.

ફ્રાન્સ અને બૃહદ્ રીતે પશ્ચિમ યુરોપના દેશો અમેરિકાની સાથે છે, છતાંય તેથી નોખા પણ છે એટલું જ નહિ, આટલાન્ટિક સમુદ્રથી જોડાયેલ હોવા છતાં તેની બે બાજુએ આવેલા, 'આટલાન્ટિક સમાજસંકુલ' તરીકે ઓળખાતા એવા યુરોપ અને અમેરિકા પોતપોતાનું અલગ વ્યક્તિત્વ પણ જાળવી રહ્યા છે. સમગ્ર પરિપ્રેક્ષ્યમાં અમેરિકાના પ્રભાવ કરતાં પોતાના આંગણે-પોતાના સાંસ્કૃતિક પરિવેશમાં પોતાની નિજી ઓળખને તેઓ વધુ મહત્ત્વ આપે છે. સીન નદી વચ્ચેના પેલા ખડક આગળથી દેખાતાં આ બે પ્રતીકો આમ અનેક રીતે અર્થસૂચક બની રહે છે! (ક્રમશઃ)

અનુસંધાન] શુક્રનું અધિક્રમણ [પૃ. ૩૩૩થી

સોવિયેટ સંઘે વેનેરા-૧૫ અને વેનેરા-૧૬ યાનોને એક નવી જ પ્રણાલી જેને સિન્થેટિક એપર્ચર પ્રણાલી તરીકે વિજ્ઞાનીઓ ઓળખે છે તે વાપરીને શુક્રની ૨૫ ટકા જેટલી સપાટીનું ૧-૨ કિલોમીટર જેવી વિભેદન-સ્પષ્ટતા સાથે સર્વેક્ષણ કર્યું. ત્યાર પછી ૧૯૮૯ના મે માસમાં શુક્ર ફરતી ભ્રમણકક્ષામાં મુકાયેલા અમેરિકાના મેગેલેન નામના યાને રેડિયો પ્રણાલી વાપરીને ૧૨૦ મીટર જેવી વિભેદન-સ્પષ્ટતા સાથે વર્ષો સુધી સંપૂર્ણ શુક્રનું સર્વેક્ષણ કર્યું છે. સપ્ટેમ્બર ૧૫, ૧૯૯૦થી મેગેલેને શુક્રનું રેડિયો મૅપિંગ શરૂ કરી મે ૧૫, ૧૯૯૧ના રોજ તેનું એક વર્તુળ પૂરું કરી અને તેના ૮૪ ટકા વિસ્તારને આવરી લીધો. ઑક્ટોબર ૩૧, ૧૯૯૪ સુધીમાં છ વર્તુળો પૂરાં કરી શુક્રના સમગ્ર વિસ્તારને રેડિયો મૅપિંગથી આવરી લીધો. આમ, અંતરિક્ષ વિજ્ઞાનના વિકાસની સાથે શુક્ર અંગેની ઘણી નવી જાણકારીઓ આપણને હવે મળી છે. □

કરામતી ગણિતની રમતનો જવાબ



૧૩
૦૯
૨૩
૧૩
૧૮
૭૬

દરેક વખતે ૭૬ આવશે.

આ અંકનું મુખપૃષ્ઠ

કોણાર્કને નાવિકો બ્લૅક પૅગોડા કહેતા. કોતરણીથી લથબથ એવા આ ભગ્ન સૂર્યમંદિરના બહારના ભાગે આ શિલ્પ ગોખમાં મુકાયું છે. આ શિલ્પ ભરહૂત સાંચીની પ્રણાલીનું છે. ભરહૂતની યક્ષિણી સાંચી અને મથુરામાં વિકાસ પામે છે. અહીં તે પૂર્ણતાએ પહોંચે છે.

કમળની બેઠકમાંથી ઊભું થતું આ શિલ્પ પ્રશિષ્ટ અને સ્થિર છતાં ગતિમંત લાગે છે. મથુરા કે સાંચીની યક્ષીઓ માતૃમૂર્તિઓ છે. તેના મોહક રૂપથી દેવો પણ ચળે એમ કહેવાય છે.

ઓછાં વસ્ત્રો તેના રૂપને પ્રકટ કરે છે. ત્રિભંગ તેને છટા આપે છે. વિશાળ વક્ષસ્થળ અને પાતળી કટી તેને રતિરૂપ આપે છે. તે માતૃકા છે ને રતિ પણ. મુખ પરનું સ્મિત, સૌમ્યભાવ પરા જગતમાં લઈ જાય છે. તેની કટીમેખલા નાભીના સૌંદર્યને ખીલવે છે.

કલાકારનું ટાંકણું અહીં પૂરું સબળ છે. વપરાયેલ બ્રાઉન પર્પલ ટોન શરીરને પોષક છે. પાછળ રહેલ વૃક્ષ ત્રિભંગને ગતિ આપે છે; ને નીચે રહેલું માનવપાત્ર વૃક્ષિકાને ભવ્યતા આપે છે. નારીસૌંદર્યનો મધ્યયુગનો આ એક ઉત્તમ નમૂનો છે. અહીં છે જીવનનું નર્તન અને સૌંદર્ય દ્વારા અંતઃસ્તલમાં ઊભું થતું ઈશ્વરનું સ્વરૂપ. ઈ. ૧૨૪૦ની ઓરિસ્સામાં આવેલા કોણાર્કની આ એક અદ્ભુત શિલ્પાકૃતિ છે.

- નટુ પરીખ

બોલ, બોલાવન, બૈસનો, બીડો તે બહુમાન;
જા ઘર પાંચ બબ્બા નહીં, સો ઘર સદા સમાન.

— તુલસીદાસ

વિદ્વાન આગાસિસને એના મિત્રે એક વાર કહ્યું કે, 'તમારે તમારી વિદ્વત્તાનું ધનરૂપે પૂરું વળતર મેળવવું જોઈએ, અને ઉમેર્યું કે તું ભણેલો છે પણ ગણેલો નથી.' આગાસિસે જવાબ આપ્યો, 'સાંભળ, હું ગણેલો પણ છું. આપણું આયુષ્ય ૭૦-૮૦ વર્ષથી વધારે ખરું ?' મિત્રે કહ્યું કે ના. આગાસિસે આગળ ચલાવ્યું, 'આટલા ટૂંકા આયુષ્યમાં સંપત્તિ મેળવવા પાછળ શક્તિનો વ્યય કરવામાં હું માનતો નથી. આજીવિકા માટે મારી પાસે પૂરતી સંપત્તિ છે. આથી વધુ સંપત્તિ મેળવવા હું મારા જ્ઞાનનો ઉપયોગ કરું તો જીવન તો પૂરું જ થઈ જાય, અને મારા જ્ઞાનમાં કંઈ વધારો થાય નહિ.'

*

આર્થિક સમૃદ્ધિ વધવા છતાં વિશ્વમાં પ્રતિવર્ષ પાંચ વર્ષથી નાની વયનાં એક કરોડ બાળકો મૃત્યુ પામે છે, જેમાંથી અર્ધા તો અપૂરતાં પોષણને લીધે થતી બીમારીને કારણે મરે છે.

*

વનસંપત્તિના વિનાશ તથા કૃષિક્ષેત્રના અનિયંત્રિત વિકાસને કારણે ઉષ્ણ કટિબંધમાં ૧,૧૧૧ જેટલી પક્ષીની જાતિઓ લુપ્ત થવાને આરે છે. વળી, ૯૬૬ જેટલી પક્ષીની જાતિઓમાં પ્રત્યેક જાતિમાં ૧૦,૦૦૦થી પણ ઓછાં પંખી રહ્યાં છે. પરંતુ ૭૭ જેટલી પક્ષીજાતિઓ એવી છે કે જેમાં દરેક જાતિમાં ૫૦ પક્ષીઓ પણ રહ્યાં નથી.

*



'બુટ' અક્ષરાંકનમાં 'બુટ'
(મહેબૂબખાન પઠાણ)

जटिलो मुण्डी लुञ्चिकेशः काषायाम्बरबहुकृतवेषः ।
पश्यन्नपि च न पश्यति मूढ उदरनिमित्तबहुकृतवेषः ॥
કોઈ જટા રાખે છે, કોઈ માથું મૂંડાવે છે, કોઈ કેશલુંચન કરે છે; ભગવાં વસ્ત્રથી વિવિધ પ્રકારના વેષ ધારણ કરે છે. પેટ ભરવા માટે બહુ પ્રકારના વેષ કરવાવાળો મૂઢ આંખ છતાં (કાળનો ખેલ) જોતો નથી.

મધમાખી એક મિનિટમાં સરેરાશ ૨૬૦૦૦ વાર પોતાની પાંખો ફફડાવે છે.

*

કૅટફિશ પોતાના મોંમાં ઈંડાં મૂકે છે !

*

અરડૂસી-વાસાનાં પાંદડાંઓને કચરીને કાઢેલા રસમાં, સૂંઠ, મરી, પીપર, વંશલોચન વગેરે મેળવીને બનાવેલ ચાટણ ખાંસીમાં રાહત આપે છે.

*

વિશ્વમાં સૌથી મોટી બૅન્ક 'બૅન્ક ઑફ અમેરિકા' ગણાય છે.

*

મનુષ્યની આંખ સામાન્ય રીતે એક મિનિટમાં ૨૫ વાર પલકારા મારે છે.

*

સિંહ સાસણગિરના જંગલ સિવાય સમગ્ર એશિયા ખંડમાંથી લુપ્ત થયા છે.

*

૧૭મી મે ૧૯૯૨ના રોજ અમદાવાદના વાડીલાલ આઈસ્ક્રીમ દ્વારા ૪.૫ મીટર x ૧.૫ મીટર x ૧.૩૩ મીટર માપનો આઈસ્ક્રીમ બનાવાયો હતો. ૩૬૨૮ લીટરના આ આઈસ્ક્રીમ પર ૩૬૦ લીટર સ્ટ્રૉબરી, બટર સ્કૉચ, પાઈનેપલ સૉસ અને ૫૦ કિલો કાજુ વાપરવામાં આવ્યાં હતાં. લગભગ ૧૩૩૦૦ જેટલાં લોકોએ આ આઈસ્ક્રીમ બનાવવામાં ૩ કલાક મહેનત કરી હતી.

*



'આપ વચ્ચે ઊભા છો. મને આગળ જવાની જગ્યા કરી આપશો ?'

'મૂરખાઓએ આગળ જવું ન જોઈએ.'

'ઓહ ! એટલે જ તમે વચ્ચે ઊભા છો.'

*

ન્યૂઝીલૅન્ડનો ૪૯ વર્ષનો બ્રૂસ સિમ્પસન પોતાના ગૅરેજમાં ઇન્ટરનેટના માધ્યમથી ખરીદેલાં સાધનોની મદદ દ્વારા ક્રુઝ પ્રક્ષેપાસ્ત્ર તૈયાર કરતો હતો. વળી, એ કઈ રીતે તૈયાર થઈ શકે છે તેની વિગતો પણ વેબસાઈટ પર આપતો હતો. સિમ્પસને કહ્યું કે પોતે આ પ્રક્ષેપાસ્ત્ર આતંકવાદી પ્રવૃત્તિ માટે નહીં, બલકે સ્વનિર્મિત જેટ એન્જિનના પરીક્ષણ માટે તૈયાર કરતો હતો.

કલાકણિકા : ૧૮મી સદીનું કોરિયાના સોક્કુલ-આમ નામક ગુફામંદિરમાંની બોધિસત્ત્વની હાઈ રિલીફ ગ્રેનાઈટની શિલ્પાકૃતિ, જેના પર ચીનના તાંગવંશની અસર સ્પષ્ટ જોઈ શકાય છે.

